ટૉલ્સ્ટૉય કૃત
અનોખી હૃદય-કથા

સંપાદક
ગોપાળદાસ પટેલ

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ. અમદાવાદ-૧૪

ટૉલ્સ્ટૉય કૃત

અનોખી હૃદય-કથા

સંપાદક

ગોપાળદાસ પટેલ

હૃદયપલટો યાને પુનરુત્થાન

[ટૉલ્સ્ટૉય કૃત નવલકથા 'રિઝરેક્શન']

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૦
અમદાવાદ–૫૪

પ્રકાશક
પુ૦ છો૦ પટેલ
મંત્રી, પરિવાર પ્રકાશન સહકારી મંદિર લિ૰
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ – ૫૪

મુદ્રક
[વર્લ્ડ ક્લાસિક મ્યૂઝિયમે ગોઠવેલાં બીબાં ઉપરથી]
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ – ૧૪

પહેલી આવૃત્તિ પ્રત ૧,૦૦૦

કિં. ૨૫.૦૦ જૂન ૧૯૮૪

પ્રકાશકનું નિવેદન

ટૉલ્સ્ટૉય કૃત નવલકથા 'રિઝરેક્શન' વિશ્વસાહિત્યમાં પણ એક મહા-ગ્રંથ તરીકે સ્થાન પામે તેવી છે; – અલબત્ત, મહા-પુરુષ, મહાત્મા – વગેરે શબ્દોમાં આવે છે એ અર્થમાં 'મહા' શબ્દ અહીં સમજવાનો છે.

તેનું વસ્તુ માનવનો હૃદયપલટો અને તેનું પુનરુત્થાન છે. એક રીતે વિચારીએ તો વિશ્વનો હેતુ જ જીવ બદલાઈને શિવ તરીકે પુનરુત્થાન પામે એ નથી? એટલે આ નવલકથા પણ એમ વિશ્વના મહા-હેતુનું નિરૂપણ કરતી હોઈ, સાચા અર્થમાં મહા-કથા છે.

અને છતાં ટૉલ્સ્ટૉય જેવા સફળ કલાકારને હાથે એ મહા-કથા એક સુંદર નવલ-કથા પણ બની રહી છે. આપણા કાવ્યશાસ્ત્રીઓ શાંતરસને પણ એક રસ ગણાવે છે. આ નવલકથા વાંચતાં એ રસ પણ શી રીતે સાહિત્યના એક 'રસ' તરીકે સ્થાન પામી શકે, તેની કલ્પના આવે છે – પ્રતીતિ થાય છે.

એ સુંદર નવલકથા ગુજરાતીમાં વિસ્તૃત સંક્ષેપ રૂપે પ્રકાશિત કરતાં સકારણ આનંદ અને ગૌરવનો અનુભવ થાય છે. ટૉલ્સ્ટૉયનું નામ ગુજરાતી વાચકને સવિશેષ જાણીતું થયું ગાંધીજીના ઉલ્લેખો પછી. ગાંધીજીને ટૉલ્સ્ટૉયના કેટલાય સિદ્ધાંતો રુચ્યા હતા, અને તેમની સાથે તેમનો સારોસરખો પત્રવ્યવહાર ચાલ્યો હતો. આ પુસ્તકમાં ટૉલ્સ્ટૉયે પોતાના કેટલાય મુખ્ય જીવન-સિદ્ધાંતો કથારૂપે વણી આપ્યા છે. અને ટૉલ્સ્ટૉયની કલમની કમાલ છે કે, આપણે વાતમાં આગળ વધીએ છીએ તેની સાથે જ એ સિદ્ધાંતોના પક્ષમાં આપોઆપ વળતા જઈએ છીએ!

આવાં પુસ્તકો વાંચીએ, તે જાણે તીર્થસ્નાન કરવા જેવી અસર આપણા ઉપર કરે છે, અને આપોઆપ આપણું તન-મનનું કોટલું

બદલાઈ આપણું પણ કંઈક પુનરુત્થાન થાય છે. કલા આમ, પ્રચારલક્ષી બને તો કલા ન રહે, 'કલા તો કલા ખાતર જ હોવી જોઈએ,' એવું બુમરાણ આપણે આજકાલ ઘણું સાંભળીએ છીએ. પણ એમ બુમરાણ પાડનારાઓ પણ છેવટે કલાથી 'આનંદ' થાય એમ તો ઇચ્છે છે જ: સુખ કે આનંદ ન મળે તો એ લોકો કલાની ખેવના જ ન કરે. અલબત્ત, એ લોકો ઇંદ્રિય-રસ મુખ્યત્વે સંતોષાય ત્યારે જ આનંદ મળ્યો એમ માને છે. કારણ કે, તેઓ ઇંદ્રિય-જીવન સિવાય બીજા જીવનને જાણતા કે પ્રમાણતા નથી. એટલે ઇંદ્રિય-રસથી બીજા પ્રકારનો રસ ઊભો કરનારી કલાને તેઓ પ્રચારલક્ષી કે એવાં ભળતાં નામો આપીને તુચ્છકારે છે. પરંતુ ઉત્પન્ન થતી વસ્તુ જો ખરેખર 'રસ' જ હોય, તો પછી તેનો પ્રકાર ગમે તે કહો, તેથી તે રસ મટતો નથી – અને વાચકને તો રસ સાથે જ કામ છે! વિવેચકની કલમબાજી સાથે નહિ!

શાંત રસનો આનંદ કેવળ આનંદ છે. માત્ર ઇંદ્રિય-રસના આનંદ કરતાં તે વધુ ઊંડો અને સ્થાયી આનંદ છે, અને તેની અસર પણ તેથી ઊંડી થાય છે – આંતર-બાહ્ય આપણા સમગ્ર અસ્તિત્વને તે તરબોળ કરે છે. અને વિશેષ તો એ કે, એ માણ્યા પછી કૃતાર્થતાનો અનુભવ આપણને થાય છે. માત્ર ઇંદ્રિય-રસ સંતોષતી કળાથી એવો અનુભવ નથી· થતો. અને લાંબે ગાળે એક જાતના પુનરાવર્તનના કંટાળાનો અનુભવ થાય છે એ જુદો!

પણ આ ચર્ચા આ નવલકથાની બાબતમાં કરવાની જરૂર જ નથી. વાચક પોતે જ તેને વાંચ્યા પછી આપમેળે જ એ બધું પામી જશે.

આ નવલકથાનું યથાર્થ રસ-પાન તો 'પાપ અને પશ્ચાત્તાપ' નામની પ્રસ્તાવનામાં શ્રી. મગનભાઈ દેસાઈએ યથાતથ કરાવ્યું જ છે. એક રીતે આ નવલકથાનું કામ હાથમાં લેવાની સૂચના તેમની જ હતી. અને તેને માટે પ્રસ્તાવના રૂપે સુંદર પ્રેરણાત્મક, પ્રવેશક લખી આપ્યો તે માટે તેમના ખાસ ઋણી છીએ.

સંપાદકે પણ ગુજરાતી વાચકને સુવાચ્ય બને એ રીતે આ નવલકથાનું સંપાદન સંક્ષેપમાં કર્યું છે. આ સંક્ષેપથી ત્રણગણી વધુ મોટા કદની એ મૂળ નવલકથામાંથી અગત્યના ભાગો ન છૂટી જાય એ રીતે આ સંક્ષેપ તૈયાર થયો છે. અલબત્ત, એ કેટલો સફળ થયો છે, એ અમારે કહેવાનું ન હોય – વાચકે પોતે જ એ તો નક્કી કરવાનું હોય. ખાસ કરીને જેમણે અંગ્રેજીમાં પણ એ નવલકથા વાંચી હશે, તેઓ તો એ વાતની કદર વિશેષે કરી શકશે.

આ પુસ્તકની સુંદર અને દિલચસ્પ રજૂઆત, યથાયોગ્ય સજાવટ તથા સુઘડ અને સ્વચ્છ છાપકામ માટે સંપાદક અને વિવેચક ઉપરાંત નવજીવન ટ્રસ્ટ, વર્લ્ડ ક્લાસિક મ્યૂઝિયમના સૌ કાર્યકરો, તથા શ્રી. રજની વ્યાસ વગેરેનો આભાર માનવાનો રહે છે. દર વખતની જેમ આ પુસ્તકની બાબતમાં પણ તેઓ સૌએ ખૂબ મમતા દાખવી છે, તેથી એનું પ્રકાશન આમ સારી રીતે થઈ શક્યું છે.

સહૃદય અને ઉત્સાહી વાચકોને આ 'હૃદયપલટો યાને પુનરુત્થાન' નવલકથાથી જે આહ્‌લાદ કે સંતોષ થાય, એ જ છેવટે આ પ્રકાશનની ખરી કૃતાર્થતા હશે.

આ પ્રકાશન દ્વારા મહાત્મા ટૉલ્સ્ટૉયને નમ્ર શ્રદ્ધાંજલિ અર્પવાનો અમને અવસર મળ્યો, તેથી સંતોષ અને આનંદ અનુભવીએ છીએ.

તા. ૨૨–૬–'૮૪

પડવાનો અસુરમાર્ગ તો જાણીતો છે; ચડવાનો રાજમાર્ગ સર્વ ધર્મો, સર્વ પેગંબરોએ તત્ત્વત: એકસરખો જ બતાવ્યો છે: ભૂલ થાય – પાપ થાય, તે તો કાળા માથાના માનવીથી બને; – ચાહે ને તે ગમે તે હોય. પરંતુ તે સુધારવી, પશ્ચાત્તાપપૂર્વક પાપનું પ્રાયશ્ચિત્ત કરવું, તો એ તેને તેમાંથી ઉગારશે, ઉન્નત કરશે. આ પુસ્તકના કથાનકનું બીજ આ છે – પોતાના કર્મની પૂરી જવાબદારી પોતે ઉઠાવવી જોઈએ, તેના માઠા ફળથી સામું જાણે બચવું જોઈએ. આ જ પરમ ધર્મ અહિંસા પણ કહે છે ને?

આ પુસ્તકમાં આ બીજ આમ તેનો નાયક નેખ્લ્યૂદોવ એક પ્રસંગે કહે છે:

". . . પણ, પણ સૌથી અગત્યનું કાટુશા પ્રત્યે આચરેલા પોતાના પાપકર્મનું પ્રાયશ્ચિત્ત શી રીતે કરાય? પોતે તેને એક વખત સાચા દિલથી પ્રેમ કર્યો હતો; તો પછી કુંવારી અવસ્થામાં તેને ભ્રષ્ટ કર્યા બાદ, તેના હાથમાં કેવળ સો રૂબલ પકડાવી દેવાથી શી રીતે તેના પ્રત્યેની જવાબદારીમાંથી મુક્ત થઈ શકાય?" (પૃ૦ ૯૦)

અને એ પાપનું ઋણ ચૂકવવા તે આખું જીવન વલોવી નાખે છે. એક રીતે જોતાં, આ વસ્તુ ટૉલ્સ્ટૉયની પોતાની જીવનયાત્રાની સ્વકથા જેવી જ છે. તેથી કથાવસ્તુ એટલી જોશદાર અને સત્યનિષ્ઠ શૈલીમાં ગૂંથાયું છે કે, તેમાં ક્યાંય ખાસ ખટકો નથી લાગતો. હા, છેવટનો કથાભાગ ઝટ પૂરો થાય છે, પૂર્વભાગ જેવી કલાત્મક પ્રવાહિતા, વચ્ચે જ જાણે સરસ્વતી નદી પેઠે, ઉતાવળની રેતીમાં, અંદર ઊતરી જાય છે. (અને એ વસ્તુની ટીકા વિવેચકોએ કરી છે. ટૉલ્સ્ટૉયની કથા-કલા જેવી પૂર્વની 'એના કેરેનિના' જેવી કથામાં દીપે છે, તેવી આમાં નથી દીપતી, એમ તેઓએ કહ્યું છે.) પરંતુ, તેથી કરીને, આ કથા એના વાચકના હૃદય પર જે પ્રભાવ પાડે છે, એમાં ક્ષતિ નથી આવતી. અને કલા-કૃતિની ફલશ્રુતિ જો આવી મર્મસ્પર્શી ધારી વેધકતા કે સચોટતા હોય,

તો તેમાં આ કથા ઓછી ન ઊતરે. બલ્કે, તેના લાઘવને લઈને તે વધારે તેજીલી બને છે.

છેલ્લે નેખ્લ્યૂદોવને નવું જીવન લાધે છે; તે શું અને કેવું, એ આ કથામાં નથી આવ્યું. અને એ જ એમાં ઉતાવળ લાગે છે. પરંતુ કદાચ એનું વિવરણ ભાગ્યે લાંબું કે પતિત-ઉદ્ધારણ જેવું રસમય બને. છતાં ટૉલ્સ્ટૉય જેવા સમર્થ કલાકાર વિશે એવું તો કેમ જ કહેવાય? તેણે જો આ કથામાં તેમ કર્યું હોત, તો કથા-કલામાં એક અદ્વિતીય દૃષ્ટાન્ત એ બનત. પરંતુ જેવી છે તેવી પણ આ કથા સોંસરી દિલમાં પહોંચે છે. અને તેથી જ ટૉલ્સ્ટૉયનો ચરિતકાર મૉડ સાચું કહે છે કે,

"I will not tell its story; for it is a book not to read about, but to read. It is probably as strenuously moral a novel as was ever written.....

"It is not a book primarily written to please, but one which deliberately aims at infecting the reader with the author's sympathies and antipathies.... but because they ooze out naturally the work retains its full artistic quality in spite of its didactic intent.

"Of necessity the book ends where its hero,—after seeking the evils of army service, of court life, society, the church and the law,—reads the Sermon on the Mount, notes its injunction not to resist him that is evil and begins a new life....

" 'Resurrection' is truly a wonderful book, extraordinarily truthful.... "

"હું એની વાર્તા અહીં કહી જવા માગતો નથી; કારણ કે, એ પુસ્તક એવું નથી કે જેને વિશે વાંચવું જોઈએ; પણ એ પુસ્તક એવું છે, જેને વાંચવું જોઈએ. કદાચ એ પુસ્તક કદી પણ લખાઈ ન હોય એવી જુસ્સાદાર નૈતિક નવલકથા છે....

"એ પુસ્તક કેવળ મનોરંજન માટે નથી લખાયું; પરંતુ એ પુસ્તક તો લેખકની સહાનુભૂતિઓ અને નફરતોનો ચેપ વાચકને

લગાડવાના સીધા હેતુથી લખાયેલું છે... છતાં એ બધું સ્વાભાવિક ક્રમે નીતરી આવતું હોવાથી, એનો બોધાત્મક હેતુ છતાં, એનો કલાત્મક ગુણ કાયમ રહે છે.

"વાર્તાનો નાયક લશ્કરી નોકરીનાં, રાજદરબારી જીવનનાં, સમાજનાં, ધર્મતંત્રનાં અને કાયદાનાં અનિષ્ટોનું દર્શન કરી લીધા બાદ, બાઇબલમાંથી ગિરિપ્રવચનવાળો ભાગ વાંચે છે, અને તેમાં આવતા પાપી પ્રત્યે પણ ક્ષમાભાવ દાખવવાના આદેશની નોંધ લે છે અને પોતે નવજીવન શરૂ કરે છે....

"'રિઝરેક્શન' પુસ્તક એ ખરેખર એક અદ્‌ભુત ચોપડી છે — અસાધારણપણે સત્યનિષ્ઠ છે..."

અને એ જો સાચી કલાનું લક્ષણ હોય, તો આ કથા કલા-દૃષ્ટિએ પણ માગ મુકાવે એવી ઠરે. પરંતુ, કેટલાક તેની બોધાત્મકતાના ગુણને ટોકે છે અને કહે છે કે, 'આ કલા ન હોય.' 'કલાને ખાતર કલા'નો એક સૌંદર્ય-વાદ રસમીમાંસકોમાં ચાલુ છે. ટૉલ્સ્ટૉયે એની સામે 'કલા એટલે શું?' — એ ગ્રંથ લખીને કલાનું જે લક્ષણ નિરૂપણ કર્યું છે, તેનો ઉત્તમ નમૂનો આ તેની કથા છે.

નવલકથાકલાની મીમાંસા ટૉલ્સ્ટૉયના સમયથી અમુક એવી રીતમાં સરતી ગઈ છે કે, તેણે તેને 'ડિકેડન્ટ આર્ટ' (સડતી કળા) કહેલી. કલામીમાંસા અંગેનો આ મુદ્દો ત્યાર પછી દિવસે દિવસે વળી વણસતો જ રહ્યો છે; તેમાં જુનવાણી બોધાત્મક 'નીતિ'નો વિરોધ તો હોય છે, પરંતુ તેની સાથે અને તેની આડમાં અમુક નવી 'નીતિ'ની ગુપ્ત-સુપ્ત હિમાયત પણ ખસૂસ હોય છે. એટલે, ખરું જોતાં, કલાને નામે કહેવાતો વાંધો કથાની બોધાત્મકતા અંગે કરતાં તેના અમુક બોધ કે નીતિ-પ્રકાર પરત્વે, — અને પોતાને પસંદ નીતિ-પ્રકારની દૃષ્ટિથી હોય છે: અને આ પ્રકારને 'નૂતન નીતિધર્મ' ('ન્યૂ મૉરેલિટી') કે નવમતવાદ કહેવાય છે. આ વિશે એક જોવા જેવું વચન, — ઑરવિલ પ્રેસકૉટ નામે એક જાણીતા અમેરિકન કલાવિવેચકનું, — આમ છે:

"In more recent years we have had novels about the 'new morality' which seems to be only the absence of morality: novels which glorify depravity, vice, perversion of every sort, as if those who practise sexual abominations were more interesting, even more human, and somehow more admirable than those who remain decent; novels of despair and hate, of the absurd and of intellectual incoherence. Although some of these fictional aberrations are sincere enough, nearly all of them are crashing bores."

('સ્વરાજ' ૪-૩-'૬૭માંથી)

"તાજેતરનાં છેવટનાં વર્ષોમાં 'નૂતન નીતિધર્મ' ('ન્યૂ મૉરૅલિટી') અંગેની નવલકથાઓ આપણને મળી છે; ખરી રીતે તેમાં નૈતિક તત્ત્વનો અભાવ જ હોય છે. એ નવલકથાઓમાં ભ્રષ્ટાચાર, દુરાચાર, તથા દરેક પ્રકારની વિપરીતતાને બિરદાવવમાં આવે છે; — જાણે કે, કામ-ભોગની બાબતમાં તિરસ્કારપાત્ર વ્યવહારો આપનાવનારાઓ જ સંયમ ધારણ કરનારા સ્વચ્છ લોકો કરતાં વધુ રસપૂર્ણ, વધુ માનવ અને કોઈક પ્રકારે વધુ પ્રશંસાપાત્ર ન હોય! હતાશા અને દ્વેષભરી એ નવલકથાઓ અર્થહીન હોય છે તથા બૌદ્ધિક સુસંગતતાનો લવલેશ તેમાં હોતો નથી. અલબત્ત, એમાંની કેટલીક પાગલ-કલ્પનાઓ સાચા દિલથી રચાઈ હશે, પરંતુ લગભગ બધી જ તદ્દન ત્રાસદાયક કંટાળો આપ-નારી હોય છે."

અધિક સંપત્તિ અને ઐશ્વર્યદાયી વિજ્ઞાનવાદથી ઉશ્કેરાતી કામ-ભોગવૃત્તિ ઇતિહાસના જે જે યુગમાં જે જે પ્રજાને વરે છે, ત્યારે ત્યારે કદાચ તદ્યુગીન સમાજનો સુધારો આ પ્રકારનો જ નવો વળાંક લે છે, એમ નથી લાગતું? ૧૯મા સૈકાનો યુરોપીય સામ્રાજ્યવાદી સમાજ આ વસ્તુનો ભોગ બનતો હતો. એ તેની એબના દ્રષ્ટા તરીકે ટૉલ્સ્ટૉય અદ્વિતીય પુરુષ હતા. તેમના આ દર્શનને નિરૂપતી આ કથા, તેથી જ કરીને, સનાતન પ્રેરણાદાયી બની શકી છે. એનો આ નાનકડો સારાનુવાદ

ગુજરાતી વાચકને મળે છે, એ સારી વાત છે. તે વાંચતાં વાચકને તેમાં આવતાં અપરિચિત રશિયન નામો નડશે; તે સિવાય વાર્તાનો પ્રવાહ સરળ સહજતાથી વહેતો લાગશે. ભાઈ ગોપાળદાસ આ પ્રકારની કથાકલામાં હવે સિદ્ધહસ્ત થઈ ગયા ગણાય. જગત-સાહિત્યની ઉત્તમ કથાકૃતિઓ તે વેગભેર ગુજરાતી વાચકને આપે છે, એ માટે તેમને ને તેમની પ્રકાશક સંસ્થાને મુબારકબાદી.

૨૫–૭–'૬૭ **મગનભાઈ દેસાઈ**

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૫
પાપ અને પશ્ચાત્તાપ — મગનભાઈ દેસાઈ ૯
આ પુસ્તકની કથા ૧૭
પાત્રસૂચિ ૨૧

ખંડ ૧ લો

૧. બંદિની ૩
૨. વેશ્યાનું ઘડતર ૬
૩. પ્રિન્સ નેખ્લ્યૂદોવ ૧૪
૪. અદાલત ૨૦
૫. આરોપનામું ૨૮
૬. પૂછપરછ ૩૩
૭. પહેલી મુલાકાત ૩૮
૮. લશ્કરી માણસનું ઘડતર ૪૪
૯. પ્રેમની પાવકતા ૫૦
૧૦. શ્રેય અને પ્રેય ૫૫
૧૧. પિછાન ! ૬૩
૧૨. કેસ ચાલ્યો ૬૮
૧૩. ફેંસલો ૭૫
૧૪. કોર્ચાગીનાને ત્યાં ૮૨
૧૫. છે પસ્તાવો વિપુલ ઝરણું ! ૮૮
૧૬. સ્ત્રી-કેદીઓ ૯૩
૧૭. નેખ્લ્યૂદોવ આગળ વધે છે ૧૦૩
૧૮. જેલમાં મુલાકાત – ૧ ૧૧૧
૧૯. જેલમાં મુલાકાત – ૨ ૧૧૯
૨૦. અપીલની તૈયારીઓ ૧૨૬
૨૧. એ વાત કદી બનવાની નથી ૧૩૧

૨૨. નેખ્લ્યૂદોવના પ્રયાસો ૧૪૦
૨૩. "હું નહીં જ પીઉં!" ૧૫૧

ખંડ ૨ જો

૧. દ્વિધાનું મનોમંથન ૧૬૦
૨. જમીનદારી વહીવટ ૧૬૬
૩. સંતાનની ભાળ! ૧૭૩
૪. ખેડૂતો ૧૮૧
૫. સબ ભૂમિ ગોપાલકી! ૧૮૯
૬. વકીલને ઘેર ૧૯૭
૭. ઊંચાં ચડાણ ૨૦૧
૮. પિટર્સબર્ગમાં ૨૧૧
૯. મુલાકાતો – ૧ ૨૧૭
૧૦. મુલાકાતો – ૨ ૨૨૩
૧૧. ઉદ્ધારનો સહેલો સુખભર્યો માર્ગ! ૨૨૭
૧૨. દેશની અને સરકારની સેવા! ૨૩૧
૧૩. સજા કાયમ રહી ૨૩૮
૧૪. સત્યનિષ્ઠા ભૂલવાના રાજમાર્ગ ૨૪૫
૧૫. ધર્મપંથના સંરક્ષકો! ૨૫૨
૧૬. બીજો આરોપ ૨૫૫
૧૭. કેદીઓનો કાફલો ૨૬૦
૧૮. સાઇબીરિયા તરફ ૨૭૧

ખંડ ૩ જો

પુનરુત્થાન

૧. નવી અસરો ૨૭૭
૨. ક્રાંતિકારીઓ – ૧ ૨૮૮
૩. ક્રાંતિકારીઓ – ૨ ૨૯૪
૪. આ અને તે! ૩૦૩
૫. મુક્તિ! ૩૧૦
૬. મનોમંથન ૩૧૮
૭. નવ-જીવન ૩૨૨

હૃદયપલટો

[ટૉલ્સ્ટૉય કૃત નવલકથા ‘ રિઝરેક્શન ’]

ખંડ ૧ લો

૧

બંદિની

૧

વસંતની પધરામણી થઈ હતી !

– શહેરના ભાગમાં પણ ! – જ્યાં લાખો લોકોએ પોતાને હાથ ચડેલા જમીનના એ ટુકડાને બગાડવા માટે પોતાનાથી બનતું બધું કરી છૂટવામાં સહેજે કસર રાખી ન હતી : જમીનને નિર્જીવ પથ્થરોથી જડી દીધી હતી, વનસ્પતિનો લવલેશ રહેવા દીધો ન હતો, વૃક્ષોને નિર્મૂળ કરી નાખી પંખીઓ અને પ્રાણીઓને હાંકી કાઢયાં હતાં તથા તમામ હવાને કેરોસીન અને કોલસાની ધુમાડીથી ભરી દીધી હતી.

સૂર્ય હૂંફાળો પ્રકાશ રેલાવી રહ્યો હતો; હવા માદક સુગંધભરી બની ગઈ હતી; ઘાસ જ્યાં ત્યાંથી — પથ્થરોની ફાટો વચ્ચેથી પણ — ડોકિયું બહાર કાઢી હસી રહ્યું હતું; વૃક્ષો ઉપર નવાં પાન ખીલી રહ્યાં હતાં; ફૂલછોડ ઉપર કળીઓ ફૂટવા લાગી હતી, અને કાગડા-ચકલીઓ-કબૂતરો વગેરે પંખીગણ કલ્લોલ કરતો માળા તૈયાર કરવા લાગી ગયો હતો.

પરંતુ માણસોનાં નઠોર-કઠોર હૈયાં વસંતના આ આગમનથી આનંદિત કે આભારવશ થવાને બદલે, કે આસપાસ પ્રવર્તેલ નવજીવન-તાજગી-શાંતિ-સુસંગતિ-પ્રેમ-આનંદમાં ગરકાવ થવાને બદલે, પોતાની જુદી જ પ્રવૃત્તિઓમાં મશગૂલ હતાં. જુઓને, આ શહેરની જેલ-કચેરી જેવા સરકારી મથકે આગલે દિવસે આવેલી એક નોટિસની પંચાતમાં જ સૌ કોઈ મશગૂલ હતું.

એ નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે, તા. ૨૮મી એપ્રિલને દિવસે સવારના નવ વાગ્યે જેલમાંનાં કેદીઓમાંથી ત્રણ જણને, – એક પુરુષ અને બે સ્ત્રીઓ, — (જેમાંની મુખ્ય ગુનેગાર એવી એક સ્ત્રીને જુદી લઈ આવવાની હતી,–) અદાલત સમક્ષ કામ ચલાવવા માટે રજૂ કરવાં.

એટલે આજે ૨૮મી એપ્રિલે સવારના આઠ વાગ્યાથી જેલર આવીને સ્ત્રી-કેદીઓ વાળા ગંધાતા વૉર્ડની ઓસરીમાં આવીને હાજર થઈ ગયો હતો. એક સ્ત્રી-વૉર્ડર પણ તેની પાછળ પાછળ આવીને હાજર થઈ ગઈ.

જેલરે તાળું ઉઘાડી કોટડીનું બારણું ખોલ્યું અને બૂમ પાડીને કહ્યું, "માસ્લોવા! અદાલતમાં જવા માટે તૈયાર થઈ જાય."

જેલના આંગણામાં પવન ભલે ખેતરોમાં પ્રગટેલી વસંતની થોડી તાજગી વહી લાવ્યો હોય; પણ આ ઓસરીની હવા તો ટાઈફૉઈડનાં જંતુઓ, ગટરના સડાની દુર્ગંધ અને ડામરની વાસથી જ ભરેલી હતી.

કોટડીમાંથી હવે સ્ત્રીઓના ગણગણાટનો તથા ફરસ ઉપર ખુલ્લા પગોનાં પગલાંનો અવાજ આવવા લાગ્યો.

જેલરે ફરીથી તાકીદ કરી, "ઉતાવળ કર! કેટલી વાર?" — અને તેના જવાબમાં એક નાનકડી, જુવાન, અને ભરાવદાર વક્ષઃસ્થળવાળી સ્ત્રી બહાર આવી. તેના ચહેરા ઉપર લાંબો વખત બંદીવાસમાં પુરાઈ રહેવાથી જે એક વિશિષ્ટ પ્રકારની ફીકાશની આભા છવાઈ રહે તે દેખાતી હતી; — ભોંયરામાં ભરી રાખેલા બટાકાના ઊગી નીકળતા ફણગાનો રંગ જ જોઈ લો. તેની ટટાર ઊભા રહેવાની તથા ટટાર ચાલવાની છટા એવી અનોખી હતી કે, તેની આકૃતિની સુડોળતા ઝટ સૌ કોઈની આંખે ચડે.

જેલર માસ્લોવાને લઈને બે સૈનિકો સાથે પુરુષ-કેદીઓની ધાંધળ-ભરી કોટડીઓ આગળ થઈને પસાર થતો ઑફિસ તરફ ચાલ્યો. આખે રસ્તે બારણાંનાં બધાં બાકાંમાંથી કેટલીય આંખો માસ્લોવાના તન-બદન ઉપર મંડાઈ રહી.

જેલના દરવાજામાંથી બહાર નીકળ્યા બાદ પણ, અદાલતને આખે રસ્તે, ઘોડાગાડીવાળા, દુકાનદારો, રસોઇયાઓ, કામદારો, સરકારી કારકુનો — સૌ માસ્લોવા તરફ નવાઈભરી આંખે ટીકી-ટીકીને જોઈ રહ્યા.

છોકરાં દૂરથી જ કંઈક બીતાં બીતાં એની [illegible] નજર કરી લેતાં; પણ સાથેના સૈનિકો જોઈ, તેમને જરાક ધા[illegible] [illegible] કે એ બાઈ તેમને કશું નુકસાન નહીં કરી શકે. એક ખેડૂત કોલસા [illegible] આવેલો, તેણે તો પાસે આવી, ભગવાનનું નામ લઈ, માસ્લોવાના [illegible] એક કૉપેક[1] પકડાવી દીધો. માસ્લોવાના મોં ઉપર લાલાશ ફરી [illegible], અને તે કંઈક ગણગણી.

૨

માસ્લોવાની જીવન-કથા અતિ સામાન્ય હતી.

તેની મા, બે કુંવારી જમીન-માલિકણોના ડેરી-ફાર્મ ઉપર કામ કરતી ગામડિયણની કુંવારી દીકરી હતી. માસ્લોવાની કુંવારી માને દર વર્ષે એક બાળક જન્મતું. ગામડાનાં લોકોમાં સામાન્ય રીતે બને છે તેમ, આવાં ન જોઈતાં છોકરાંને જલ-સંસ્કાર કરાવ્યા બાદ, મા પોતાના કામકાજમાં ડખલરૂપ ગણી, ભૂખે જ મરવા દેતી. પાંચ બાળકો આ રીતે મરી ગયાં હતાં. છઠ્ઠું બાળક, જેનો બાપ ભટકતો જિપ્સી હતો, તેની પણ એ જ વલે થઈ હોત; પરંતુ બનવાકાળ તે પેલી બે કુંવારી જમીન-માલિકણોમાંની એક તે દિવસે બધી ડેરી-કામદાર બાઈઓને મલાઈમાં ગોરસાની ગંધ આવતી હોવાથી વઢવા આવી હતી. તેણે એક જુવાન બાઈને ગાયોની કોઢમાં એક નવી જન્મેલી સુંદર બાળકી સાથે સૂતેલી જોઈ. એકદમ તો ગાયના તબેલામાં આવી સુવાવડી બાઈને સૂતેલી જોઈ તેનો મિજાજ ગયો; પણ પછી પેલી નાની બાળકીને જોતાં તેનું હૃદય પીગળી ગયું, એટલું જ નહિ પણ તેની દેવ-મા[2] થવાનુંય તેણે સ્વીકાર્યું. પછી પોતાની દેવ-પુત્રી પ્રત્યેની દયાથી પ્રેરાઈ, તેણે એ બાળકીની માને દૂધ તથા થોડા પૈસા આપવા માંડ્યા, જેથી તે એ બાળકીને ઉછેરી શકે. આમ એ બાળકી જીવી ગઈ.

---

૧. ૧૦૦ કૉપેક = એક રૂબલ = ૨૫ પેન્સ = રૂા. ૨·૧૯ (આજના).

૨. જલ-સંસ્કાર (બૅપ્ટીઝમ) વખતે એ બાળકના ધાર્મિક શિક્ષણ માટે જામીન થનાર સ્ત્રી. પુરુષ હોય તો દેવ-પિતા કહેવાય.

પરંતુ એ બાળકી ત્રણ વર્ષની થઈ ત્યારે તેની મા માંદી પડીને મરી ગઈ; એટલે કુંવારી જમીનદારણોએ એ બાળકીને તેની દાદી પાસેથી પોતાની પાસે લઈ લીધી. કારણ કે, દાદીને તો એ બાળકી ભારરૂપ જ થઈ પડી હતી.

કાળી કાળી આંખોવાળી એ સુંદર બાળકી મોટી થવા લાગી. તેનું રૂપ એવું તો સુંદર નિખર્યું, તથા તેનો અનોખો આનંદ-કલ્લોલ એવો ચાલુ રહ્યા કરતો કે, પેલી બાનુઓ તેના ઉપર બહુ રાજી રહેતી.

એ બે બાનુઓમાંની નાની સોફ્યા ઇવાનોવ્ના મમતાળુ હૃદયની હતી, ત્યારે મોટી મૅરી ઇવાનોવ્ના જરા કઠોર પ્રકૃતિની હતી. સોફ્યા જ માસ્લોવાની દેવ-મા બની હતી. તે એને સારાં સારાં કપડાં પહેરાવતી, તેને લખતાં-વાંચતાં શીખવતી, તથા સારા ઘરની બાનુ બનવાની હોય એમ તેને ઉછેરતી. પણ મૅરી ઇવાનોવ્ના એમ માનતી કે એ છોકરીને કામકાજ કરતાં શીખવવું જોઈએ તથા સારી નોકરડી બને એમ ઉછેરવી જોઈએ. આમ બે વિભિન્ન પદ્ધતિઓ અનુસાર ઊછરતી માસ્લોવા અર્ધી નોકરડી અને અર્ધી બાનુ બની રહી. તેઓ તેને કાટુશા નામથી સંબોધતાં; – એ નામ કાટિકા કરતાં ઓછું સંસ્કારી લાગે, પણ કાટકા જેવું સામાન્ય ન ગણાય.

કાટુશા સીવવા-ભરવાનું કામ કરતી, કમરાઓને સજાવતી-ગોઠવતી, મૂર્તિઓનાં સિંહાસન વગેરે પૉલિશ કરતી, તથા એવું બીજું હળવું કામ કરતી. કોઈ કોઈ વાર તે એ બાનુઓને પુસ્તક વાંચી સંભળાવવાનું કામ પણ કરતી.

તેને પરણવા માટે ઘણા પ્રસ્તાવ આવ્યા હતા; પણ તે પરણવા માગતી ન હતી. કોઈ પણ મજૂરિયાની પત્ની તરીકે જીવન ગાળવું તેને હવે મુશ્કેલ અને અશક્ય લાગતું હતું. સહેલી-સગવડભરી જિંદગીથી ટેવાઈ જઈને તે કઠોર પરિશ્રમભર્યા જીવનથી ડરવા લાગી હતી.

૩

આમ કરતાં કરતાં તે સોળ વર્ષની થઈ, ત્યારે પેલી બે બાનુઓનો ભત્રીજો જે એક તવંગર જુવાન પ્રિન્સ હતો, તથા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો, તે પોતાની ફોઈઓ સાથે રજાઓમાં રહેવા આવ્યો.

કાટુશા પોતાના મન સાથે કશો વિચાર કરી લે, તે પહેલાં તો તેની સાથે પ્રેમમાં પડી ગઈ.

બે વર્ષ બાદ એ જ ભત્રીજો પોતાની રેજિમેન્ટમાં નોકરીએ જોડાવા ઊપડતા પહેલાં ફરી ચાર દિવસ ફોઈઓને ત્યાં રહેવા આવ્યો. ત્યાંથી નીકળતા પહેલાંની આગલી રાતે તેણે કાટુશાને લોભાવીને ભ્રષ્ટ કરી; પછી સો રૂબલની નોટ તેના હાથમાં પકડાવી દઈ, તે ત્યાંથી ચાલ્યો ગયો. પાંચ મહિના બાદ કાટુશાને ખાતરી થઈ કે, પોતે સગર્ભા બની છે.

ત્યાર પછી તો તેને પોતાનું જીવન તેમ જ બીજું બધુંય અકારું થઈ પડયું. તેને હવે પોતાની આગામી બદનામીમાંથી શી રીતે બચી નીકળવું, એના જ વિચાર ઘેરાઈ વળ્યા. પોતાના ચાલુ કામકાજમાં પણ તેનું મન રહ્યું નહિ, અને પોતાની માલિકણો પ્રત્યે પણ તે બેદરકારી અને અવજ્ઞા દાખવતી થઈ ગઈ. એવામાં એક વખત તે પેલી બાનુઓ સાથે જરા વધારે પડતો તોછડો વર્તાવ કરી બેઠી અને તેને તરત જ રુખસત આપવામાં આવી.

ત્યાંથી નીકળીને તે એક પોલીસ-અફસરના ઘરમાં કામે લાગી; પણ ત્યાં તે ત્રણ જ મહિના રહી શકી. કારણ કે, પેલો અફસર પચાસ વર્ષની ઉંમરનો હોવા છતાં તેને પજવવા લાગ્યો. એક વખત એવે પ્રસંગે કાટુશાએ તેને 'હલકટ' 'બદમાશ' એવાં નામોથી સંબોધી એવા જોરથી ધક્કો માર્યો કે તે ગબડી પડયો. તરત જ તેને ત્યાંથી કાઢી મૂકવામાં આવી.

હવે બીજે કયાંક નોકરી શોધવી નકામી હતી; કારણ કે, તેનો પ્રસૂતિનો સમય નજીક આવી રહ્યો હતો. તેથી તે ગામડાગામની એક દાયણ તથા ગેરકાયદે દારૂ વેચનારી બાઈ, જે તેની માસી થતી હતી,

તેને ઘેર જઈને રહી. તેને એક દીકરો જન્મ્યો; પણ એ દાયણ ગામમાં કોઈ તાવમાં સપડાયેલી બાઈની સારવાર કરતી હશે, તેનો ચેપ ઘેર લઈ આવી અને કાટુશા એ ચેપનો ભોગ થઈ પડી. કાટુશાના છોકરાને અનાથ છોકરાંની હૉસ્પિટલમાં ખસેડવો પડયો; અને તેને લઈ જનારી બુઢ્ઢીના જણાવ્યા પ્રમાણે તે છોકરો હૉસ્પિટલમાં પહોંચ્યા બાદ થોડા જ વખતમાં મરી ગયો.

કાટુશા એ દાયણ-માસીને ત્યાં પહેલ પ્રથમ આવી, ત્યારે એકસો-સત્તાવીસ રૂબલ સાથે લઈને આવી હતી: સો તો તેને ભ્રષ્ટ કરનારે આપ્યા હતા; બાકીના સત્તાવીસ તેની કમાણીની બચત હતી. પેલી દાયણ-માસીએ બે મહિના તેને પોતાને ત્યાં રાખ્યા બદલ તથા પ્રસૂતિ કરાવ્યા બદલ ચાલીસ રૂબલ લીધા; પચીસ રૂબલ તેના બાળકને અનાથની હૉસ્પિટલમાં દાખલ કરાવવા માટે આપવા પડયા; ચાલીસ રૂબલ માસીએ ગાય ખરીદવા માટે તેની પાસેથી ઊછીના માગી લીધા; અને વીસેક રૂબલ કાટુશાએ કપડાં, મીઠાઈ અને એવા પરચૂરણ ખર્ચમાં વાપરી નાખ્યા.

૨

વેશ્યાનું ઘડતર

કાટુશા પાસે હવે ગુજારા માટે કશી બચત ન રહી, ત્યારે તેણે ફરીથી નોકરી શોધવા માંડી. શોધતાં શોધતાં એક જંગલવાળાને ત્યાં તેને નોકરી મળી. એ જંગલવાળો પરણેલો હતો છતાં પહેલા જ દિવસથી તેને સતાવવા લાગ્યો. કાટુશા તેનાથી વેગળી રહેવા પ્રયત્ન કરતી; પણ તે બહુ પાકો તથા ધીટ માણસ હતો, અને માલિક હોવાથી તેને ઇચ્છે ત્યાં મોકલી શકતો. છેવટે તેણે તેને સપડાવી જ. એક વખત બંને એક કમરામાં હતાં, ત્યારે જ પેલા જંગલવાળાની બૈરીએ તેમને પકડી પાડયાં. પેલી બૈરી કાટુશા ઉપર તૂટી પડી અને તેને મારવા લાગી. કાટુશા સામી થઈ ગઈ, પણ તેની નોકરી તો ગઈ જ.

કાટુશા હવે શહેરમાં પોતાની બીજી માસીને ત્યાં રહેવા ગઈ. તેનો માસો બૂક-બાઇન્ડર હતો, તથા એક વખત સારી સ્થિતિએ પહોંચ્યો હતો; પણ પછી દારૂની લતે ચડતાં, ઘરાકી ખોઈને, પૈસા હાથમાં આવે એટલે તરત પીઠામાં જઈને પડયો રહેતો. માસી નાનું સરખું ધોબીખાનું ચલાવતી. પણ ત્યાંનું સખત કામ કાટુશાને અનુકૂળ ન આવતાં, તે ઍમ્પ્લૉયમેન્ટ ઑફિસ મારફત એક બાનુને ત્યાં નોકરીએ જોડાઈ. તે બાનુના બે દીકરાઓ પબ્લિક સ્કૂલમાં દિવસે ભણવા જતા. પરંતુ કાટુશા ઘરમાં આવી, ત્યારથી મોટા દીકરાએ ભણવા ગણવાનું છોડી કાટુશાની આસ-પાસ જ ભમવા માંડયું. પરિણામે માએ દોષનો બધો ટોપલો કાટુશાને માથે ઓઢાઢી, તેને નોકરીમાંથી છૂટી કરી.

કાટુશા બીજી વખત ઍમ્પ્લૉયમેન્ટ-ઑફિસમાં નોકરી શોધવા ગઈ ..., ત્યારે ત્યાં ખુલ્લા પુષ્ટ હાથો ઉપર બ્રેસલેટ પહેરેલી તથા ...રી આંગળીઓ ઉપર વીંટીઓવાળી એક બાઈ તેને મળી. કાટુશાને

કિટીવ

નોકરી જોઈએ છે એમ જાણી, તેણે પોતાનું સરનામું તેને આપ્યું અને પોતાને ત્યાં મળવા આવવા કહ્યું. કાટુશા તેને ત્યાં ગઈ, ત્યારે તેણે એક ચિઠ્ઠી લખી પોતાના નોકરને કોઈના ઘર તરફ દોડાવ્યો. સાંજના એક ઊંચો તથા લાંબા સફેદ વાળ તથા દાઢીવાળો એક માણસ આવ્યો અને એકદમ કાટુશાને અડીને જ તેની નજીક બેસી ગયો; તથા તેની સામે ચમકતી આંખે જોઈ રહ્યો. થોડા વખત બાદ પેલી બાનુએ પેલાને બાજુના ઓરડામાં બોલાવીને કહ્યું, “ દેશમાંથી તાજીમાજી આવેલી છે!” તે શબ્દો કાટુશાએ સાંભળ્યા. પછી તે બાનુએ કાટુશાને જ દૂર બોલાવીને કહ્યું, “એ માણસ મોટો લેખક છે, તથા તેની પાસે ખૂબ પૈસા છે; જો એને તું ગમી જઈશ, તો પછી તારે કશી વાતની મણા નહિ રહે.”

અને પેલાને કાટુશા ગમી જ ગઈ; એટલે તેણે તેને પચીસ રૂબલ આપ્યા, તથા પોતે તેને અવાર નવાર મળવા આવશે એમ જણાવ્યું. એ પચીસ રૂબલ તરત જ ખરચાઈ ગયા. થોડા તેને પોતાની માસીને રહેવાના તથા ખાધાખર્ચના આપવા પડયા, અને બાકીના તેણે હેટ, રિબન વગેરે શોભા-શણગારની સામગ્રી ખરીદવામાં વાપર્યા.

થોડા દિવસ બાદ એ લેખકે તેને તેડાવી મંગાવી. પેલાએ તેને બીજા પચીસ રૂબલ આપ્યા અને એક જુદા મકાનમાં રાખી.

હવે એ મકાનની પાસેના મકાનમાં જ એક આનંદી, જુવાન દુકાનદાર રહેતો હતો. કાટુશા થોડી જ વારમાં તેના પ્રેમમાં પડી ગઈ. એટલે કાટુશા લેખકની રખાત તરીકેના કરારમાંથી છૂટી થઈને, તેણે આપેલા ઘરમાંથી નીકળી, એક જુદા મકાનમાં રહેવા ગઈ. ત્યાં પેલા દુકાનદારે તેની સાથે લગ્ન કરવા વચન આપ્યું હતું, પણ તે વેપારધંધાના કામકાજને બહાને તેને કહ્યા વિના જ ચાલ્યો ગયો!

કાટુશા હવે પોતાના મકાનમાં એકલી જ રહેવા ઇચ્છતી હતી, પણ પોલીસોએ તેને જણાવ્યું કે, એમ સ્વતંત્ર વેશ્યા તરીકે તેણે ર[illegible] હશે, તો પીળો પરવાનો મેળવવો પડશે અને અવાર નવાર દાક્તરી [illegible] કરાવતા રહેવું પડશે.

એટલે કાટુશા પોતાની માસી પાસે પાછી ગઈ. પરંતુ તેનાથી માસીના ધોબીખાનાનું સખત મહેનતનું કામ થઈ શકે તેમ ન હતું, એટલે હવે શું કરવું એની ગડભાંજમાં તે પડી હતી, તેટલામાં એક કુટ્ટણી તેને ભેટી ગઈ. થોડા વખત અગાઉથી કાટુશાએ ધૂમ્રપાન કરવાનું શરૂ કર્યું હતું, અને પેલા જુવાન દુકાનદારે તેને દગો દીધો ત્યારથી તો પોતાનું દુઃખ અને મૂંઝવણ ભૂલવા સારુ દારૂ પીવાનું પણ. દારૂના કોઈ સ્વાદથી ખેંચાઈને તે વ્યસન તેણે નહોતું આવકાર્યું; પણ દારૂ પીધા પછી અંતરનો ખટકો અને મૂંઝવણ ભુલાઈ જતાં અને બદલામાં તે વધુ ધૃષ્ટ અને લાપરવા બની જતી. જ્યારે તે સ્વસ્થ હોતી, ત્યારે તો તેને પોતાની સ્થિતિની અને પ્રવૃત્તિની શરમ આવતી અને તે બહુ ગમગીન બની જતી.

પેલી કુટ્ટણી ખાવા-પીવાની સારી સારી ચીજો લઈને તેને મળવા આવતી. કાટુશાની માસીને તે ખૂબ મિષ્ટાન્ન ખવરાવીને ખુશ કરતી અને કાટુશાને ખૂબ દારૂ ઢીંચાવીને. એક વખત કાટુશા એ પ્રમાણે ખૂબ ઢીંચીને ચગી હતી, તે વખતે પેલી કુટ્ટણીએ તેને શહેરના એક જાણીતા મોટા ખાંજરામાં ભરતી થવાનો પ્રસ્તાવ રજૂ કર્યો; તથા ત્યાંનાં સુખ-આરામની લોભામણી વાતો તેને કહેવા માંડી.

કાટુશાને એક બાજુ ખાનગી નોકરીઓમાં પણ પુરુષો દ્વારા છેડતી અને છેવટે બળાત્કારનું ભોગજીવન, અને બીજી બાજુ કાયદેસર-નું જાહેર કામભોગનું જીવન, એ બેમાંથી પસંદગી કરવાની હતી. આ બીજો રસ્તો સ્વીકારવાથી પોતાને સતાવનારી પુરુષજાતને પોતાની ગુલામ બનાવી શકાશે, એમ પણ તેને લાગ્યું; તથા સાથે સાથે પેલી કુટ્ટણીએ વર્ણવ્યા મુજબ રેશમ અને મખમલના સુંદર પોશાકો તથા યથેચ્છ સાજ-શણગાર તથા ખાનપાન, એશઆરામ વગેરે પોતાને મોં-માગ્યાં મળશે, એ વાતથી તે લોભાઈ ગઈ.

તે જ રાતે પેલી તેને કૅબ-ગાડીમાં બેસાડી, કૅરોલીન આલ્બર્ટોવ્ના કિટીવાના જાણીતા ખાંજરામાં લઈ ગઈ.

તે દિવસથી માંડીને કાટુશા માસ્લોવાએ નીતિનિયમ અને ઈશ્વરી કાયદાના ઉલ્લંઘનરૂપ પાપનું જીવન શરૂ કર્યું. અલબત્ત, સરકાર પોતાની પ્રજામાંની હજારો સ્ત્રીઓને કાયદાથી એ જીવન ગાળવાની પરવાનગી આપે છે, અને પોતાની પ્રજાની સુખાકારી માટે એ સ્ત્રીઓને આવશ્યક માને છે. જોકે, એવી દશમાંથી નવ સ્ત્રીઓનો અંત ભયંકર રોગ, જીવલેણ શારીરિક ઘસારો અને મૃત્યુમાં આવે છે, એ જાણીતી વાત છે.

રાતના વિલાસી જાગરણ પછી દિવસના પાછલા પહોર સુધીની ગાઢ ઊંઘ; પછી સોડાવૉટર-કોફી પી પીને આળસભરી સ્થિતિમાં ઓરડામાં ટહેલ્યા કરવું તથા એકબીજી સાથે તડાકા-ફડાકા માર્યા કરવા; પછી વખત થાય એટલે નાહવું-ધોવું, સુગંધ-અત્તરથી તર બનવું, અવનવા પોશાકો બાબત ખાંજરાની માલિકણ સાથે વાદવિવાદો અને તકરારો મચાવવાં તથા પછી લાંબા મોટા અરીસા સામે ઊભા રહી ટાપટીપ કરવી; ત્યાર બાદ સારો સ્વાદુ ખોરાક ખાઈ લઈ, શરીરનો ઘણો ભાગ ખુલ્લો રહે એવા પોશાકો પહેરી, સુંદર શૃંગારસામગ્રીથી તથા દીવાબત્તીથી ઝગમગાટ દીવાનખાનામાં આવવું; પછી મુલાકાતીઓ આવવા માંડે એટલે શરૂઆતની થોડી નાચ-ગાનની પ્રસ્તાવના બાદ નાના-મોટા, ઘરડા-કિશોર, પરણેલા-વાંઢા, વેપારી-ગુમાસ્તા, આર્મેનિયન-યહૂદી-તાર્તર, ગરીબ-તવંગર, રોગી-નીરોગી, નાજુક-કર્કશ, છાકટા-સ્વસ્થ, લશ્કરી-મુલ્કી, વિદ્યાર્થી અને માત્ર છોકરડા — એમ બધા વર્ગોના, બધી જાતિઓના, બધી ઉંમરો અને બધાં શીલ-ચારિત્રોવાળા ઘરાકો સાથે કામ-ભોગ માણવા,– આખી રાત, છેક સવાર સુધી, દારૂ પી-પીને, ધૂમ્રપાન કરી-કરીને!

ત્યાર બાદ પાછી દિવસવ્યાપી ઘોર નિદ્રા!

અઠવાડિયાને અંતે પોલીસ-થાણે જઈ, સરકારે નીમેલા દાકતરોનાં ટીખળો, અડપલાં અને બેશરમી હેઠળ, પશુઓને પણ જે રીતે તપાસતાં શરમ આવે એવી તપાસ કરાવી આવવી — જેથી તેમને પાછું એક અઠવાડિયું આવું જ જીવન ગાળવાની-ગુજારવાની પરવાનગી મળે!

આ રીતે કાટુશા માસ્લોવાનાં સાત વર્ષ વીતી ગયાં. ‍ જીવનના સાતમા વર્ષે, જયારે તે ૨૮ વર્ષની ઉંમરની થઈ ત્યારે કોઈ એવો બનાવ બન્યો જેને કારણે તેને ગિરફ્તાર કરવામાં આવી અને હવે કામ ચલાવવા માટે તેને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી હતી. અલબત્ત, અદાલતમાં રજૂ થતા પહેલાં ત્રણ મહિના તેને ચોર-ડાકુ-ખૂનીઓ ભેગી, કાચી જેલની રૂંધી નાખનારી સડેલી હવામાં પુરાઈ રહેવું પડયું હતું.

૧૨

તે દિ

કાયદાન

પ્રજા

૩

પ્રિન્સ નેખ્લ્યૂદોવ

૧

માસ્લોવા જ્યારે બે સૈનિકો સાથે, લાંબો રસ્તો પગપાળા ચાલવાથી થાકી જઈને અદાલતે પહોંચી, ત્યારે તેને પહેલ-પ્રથમ ભ્રષ્ટ કરનાર પ્રિન્સ ડ્મિટ્રી ઈવાનિચ નેખ્લ્યૂદોવ તો પોતાના મહેલમાં હજુ પથારીમાં જ હતો. પોતાના આલેશાન મકાનના વિશાળ પલંગમાં સૂતો સૂતો, સિગારેટ ફૂંકતો ફૂંકતો તે હજુ વિચાર કરતો હતો કે, ગઈ કાલે થયેલી બીનાઓના અનુસંધાનમાં આજે શું શું કરવાનું છે.

ગઈ કાલની સાંજ તેણે કોર્ચાગીન કુટુંબ સાથે ગાળી હતી. એ એક તવંગર ઉમરાવશાહી કુટુંબ હતું, અને તેમની પુત્રી સાથે તે પરણવાનો છે, એવું બધાં જ માનતાં હતાં. એ વિચાર આવતાં તેણે ઊંડો નિસાસો નાખ્યો અને હાથમાંનું સિગારેટનું ઠૂંઠું ફેંકી દઈ, ચાંદીની ડબ્બીમાંથી બીજી સિગારેટ લેવાનો વિચાર કર્યો. પરંતુ તરત પાછો વિચાર બદલી, તે પથારીમાંથી ઊઠીને ઊભો થયો અને ડ્રેસિંગ-રૂમમાં જઈ, મોં સાફ કરી, ત્રીજા ઓરડામાં જ્યાં નાહવાની વ્યવસ્થા હતી ત્યાં નાહી આવ્યા બાદ, સુંદર કીમતી કપડાં પહેરી, તૈયાર થઈ ગયો અને જમવાના ઓરડા તરફ જઈ પહોંચ્યો.

ત્યાં સુંદર ટેબલ ઉપર નાસ્તાની વાનીઓ તૈયાર હતી. તે ખાતાં ખાતાં, એણે ટેબલ ઉપર જ પાસે મૂકવામાં આવેલ છાપું તથા ટપાલમાં આવેલા કાગળો ઉપર નજર નાખી.

પ્રિન્સ ટપાલના કાગળો ઉઘાડીને વાંચવાની તૈયારીમાં હતો, એવામાં મધ્યમ ઉંમરની એક સ્ત્રી તેની પાસે આવી. તે આગ્રાફેના પેટ્રોવ્ના હતી:

મિટિંગ રાખી છે.

પ્રત્યાઘાતીએ · તરમાં જ સદ્ગત થયેલી માતાની તહેનાત-બાનુ. પ્રિન્સની પ્રિન્સ મૃત્યુ પછી તે હવે આ ઘરમાં ગૃહ-વ્યવસ્થાપિકાનું કામ સંભાળતી હતી. જુદા જુદા વખતે થઈને આગ્રાફેના પેટ્રોવ્નાએ નેખ્લ્યૂદોવની માતા સાથે પરદેશમાં દશેક વર્ષ ગાળ્યાં હોઈ, દેખાવે અને રીતભાતે તે એક લેડી જેવી જ બની રહી હતી. છેક નાનપણથી જ તે આ ઘરમાં આવેલી હતી; અને પ્રિન્સ છેક નાનો હતો ત્યારથી તેને સંભાળતી આવી હતી.

તેણે આવીને પ્રિન્સને તેના હુલામણા નામે સંબોધીને જણાવ્યું, "પ્રિન્સેસ તરફથી ચિઠ્ઠી આવી છે,– મા તરફથી કે દીકરી તરફથી, એ તો ખબર નથી."–એટલું કહી તે જરા અર્થસૂચક હસી.

એ હસવાનો અર્થ પ્રિન્સ સમજી ગયો. આગ્રાફેના પણ માનતી હતી કે પ્રિન્સ જરૂર પ્રિન્સેસ કોર્ચાગીના સાથે પરણશે જ.

પ્રિન્સે એ સુગંધીદાર ચિઠ્ઠી ખોલી અને વાંચી —

"તમારી યાદદાસ્ત તાજી કરાવવાની મોટી જવાબદારી માથે લઈને હું તમને યાદ દેવરાવું કે, આજે ૨૮મી એપ્રિલે તમારે જૂરીના સભ્ય તરીકે અદાલતમાં હાજર થવાનું છે. એટલે અમો લોકો સાથે ચિત્ર-ગૅલરીમાં તમારાથી નહિ આવી શકાય. જો કે, ઝટ વચન આપી બેસવાની તમારી ટેવ મુજબ, તમે ગઈ કાલે તો અમારી સાથે આવવાના સોગંદ ખાઈ લીધા છે! અલબત્ત, ત્રણસો રૂબલ દંડ ભરીને તમે જૂરી તરીકે હાજર રહેવાની ફરજમાંથી મુક્તિ મેળવી શકો; પરંતુ ત્રણસો રૂબલનો ઘોડો ખરીદવાનો હતો તેની તમે હમણાં જ ના પાડી હતી, એ હું જાણું છું. આ બધું તમે કાલે રાતે છૂટા પડયા ત્યાર બાદ મને યાદ આવ્યું; એટલે અદાલતમાં જવાનું ન ભૂલવા માટે તમને આ ચિઠ્ઠી લખી નાખું છું.

—પ્રિન્સેસ એમ. કોર્ચાગીના"

"તા૦ ક૦ મમા તમને આગ્રહ કરીને જણાવે છે કે, મોડી રાત સુધી તમારી જગા અનામત રાખવામાં આવશે. એટલે તમે અદાલતનું

કામ પરવારો ત્યારે ગમે તેટલું મોડું થયું હોય તો આવશો. — એમ. કે.”

નેખ્લ્યૂદોવે મોં કટાણું કર્યું. પ્રિન્સેસ કોર્ચાગીના બે મહિનાથી ત... ઉપર પોતાની જાળ નાખી રહી હતી તથા તે જાળને વધુ ને વધુ સક્કસ કરતી જતી હતી. છતાં, જુવાનીની ઉંમર વિતાવી ગયેલા પુરુષો ખૂબ જ પ્રેમમાં ન પડયા હોય, તો લગ્નની બાબતમાં સામાન્ય રીતે જેવો સંકોચ અનુભવે છે તે ઉપરાંત, નેખ્લ્યૂદોવને લગ્નનો આ પ્રસ્તાવ એકદમ રજૂ ન કરવાનાં બીજાં પણ કારણ હતાં. દશ વર્ષ પૂર્વે માસ્લોવાને તેણે લોભાવીને પછી તજી દીધી હતી એ કારણ તો નહોતું; કારણ કે, એને તો તે તદ્દન ભૂલી જ ગયો હતો; ઉપરાંત લગ્ન ન કરવા માટે એ ઘટનાને તેણે યોગ્ય કારણ તરીકે સ્વીકાર્યું પણ ન હોત. ખાસ કારણ તો બીજું જ હતું: બીજી એક પરિણીત સ્ત્રી — મૅરી વાસિલ્યેવ્ના — સાથે તેને સંબંધ થયો હતો; અને જો કે અત્યારે તે સંબંધને તે પોતે તૂટી ગયેલો માનતો હતો, છતાં પેલી તેને મુક્તિ ન આપે, ત્યાં સુધી કોઈ બીજી સ્ત્રીને તે લગ્નનો પ્રસ્તાવ રજૂ કરી શકે તેમ નહોતું.

નેખ્લ્યૂદોવ સ્ત્રીઓથી શરમાતો; અને એની એ શરમે જ તેને સપડાવવાની ઇચ્છા પેલી ધૃષ્ટ પરિણીત સ્ત્રીમાં ઊભી કરી હતી. વાત એમ બની હતી કે, ચૂંટણી-ટાણે નેખ્લ્યૂદોવ એ જિલ્લામાં ગયો હતો ત્યારે ત્યાંના સરપંચની એ પત્નીએ તેને લોભાવીને ગેરકાયદે સંબંધમાં બાંધી લીધો હતો. જોકે, નેખ્લ્યૂદોવને એ બધું જરાય પસંદ ન હતું, છતાં તે એ સ્ત્રીની ઇચ્છાને વશ થયો હોઈ, હવે એ સ્ત્રીની સંમતિ વિના તે સંબંધને તોડી નાખવાની હિંમત કરી શકે તેમ નહોતું.

૨

પ્રિન્સના જમવાના ટેબલ ઉપર પડેલા કાગળોમાં એ સ્ત્રીના પતિનો કાગળ પણ હતો. તે જે જિલ્લાનો સરપંચ હતો, તે જિલ્લામાં નેખ્લ્યૂદોવની મોટામાં મોટી જાગીર આવેલી હતી. આ પત્ર તો તેણે પ્રિન્સને એટલું જણાવવા લખ્યો હતો કે, મે માસના અંત ભાગમાં એક

મિટિંગ રાખી છે. તેમાં શાળાઓ અને રસ્તાઓ અંગે થનારી ચર્ચાઓમાં પ્રત્યાઘાતીઓ તરફથી વિરોધ થવાનો સંભવ હોઈ, પોતાને ટેકો કરવા પ્રિન્સ જરૂર હાજર રહે.

સરપંચ લિબરલ પક્ષનો હતો અને આસપાસના પ્રત્યાઘાતી પ્રવાહો સામે એકલો ઝૂઝી રહ્યો હતો. બહારના ઝઘડાઓમાં તે એટલો બધો પરોવાયેલો રહેતો કે, તેને પોતાના ઘરમાં જે કરુણતા સરજાઈ હતી, તેનું ભાન જ નહોતું.

નેખ્લ્યૂદોવને તરત જ વિચાર આવ્યો કે, સરપંચની પત્નીને પોતે એક અઠવાડિયા અગાઉ લખેલા નિર્ણયાત્મક પત્રનો તેના તરફથી જ્યાં જવાબ ન મળે, ત્યાં સુધી તેનાથી ત્યાં જઈ શકાય નહિ. તે પત્રમાં નેખ્લ્યૂદોવે પોતાનો અપરાધ કબૂલ કર્યો હતો, તથા તે બદલ એ જે માગે તે વળતર આપવાની પોતાની તૈયારી બતાવી હતી; પરંતુ સાથે સાથે તેણે જાહેર કર્યું હતું કે, તે બે વચ્ચેનો બધો સંબંધ તો હવે પૂરો થાય છે. અને તેના હિતમાં જ પોતે એમ કરવા તત્પર થયો છે, એમ પણ તેણે જણાવ્યું હતું.

આ કાગળનો હજુ જવાબ આવ્યો ન હતો. એને એ સારી નિશાની ગણતો હતો. કારણ કે, જો તે સ્ત્રીને પણ એ સંબંધ તોડી નાખવા ન હોત, તો અગાઉ કર્યું હોત તેમ, તે તરત જ તેની પાસે દોડી આવી હોત અથવા પત્રથી તેણે ઝટપટ જવાબ વાળ્યો હોત. નેખ્લ્યૂદોવે એવી વાત પણ સાંભળી હતી કે, હાલમાં કોઈ અફસર તેના તરફ ખાસ લક્ષ આપી રહ્યો હતો.

૩

બીજો કાગળ તેની જાગીર ઉપરના કારભારીનો હતો. તેણે પ્રિન્સને જણાવ્યું હતું કે, તેમની સદ્ગત માતાની જાગીરનો વિધિસર કબજો લેવા તેમણે જાતે એક વખત જાગીર ઉપર આવી જવું પડશે; ઉપરાંત તેમણે એ પણ નક્કી કરવું પડશે કે, ભવિષ્યમાં એ જાગીરનો વહીવટ તેમનાં માતુશ્રી જીવતાં હતાં ત્યારે જેમ ચાલતો હતો તેમ જ ચાલવા દેવો છે

કે પછી અત્યારે ખેડૂતોને જે કંઈ જમીન સાંથે અપાય છે તે બધી પણ પોતાને હસ્તક લઈ, પોતે જ મજૂરો વડે ખેતી કરાવવી છે. કારભારીએ એમ પણ જણાવ્યું હતું કે, એ રીતે વહીવટ કરવાથી આવક જરૂર વધારે થાય.

નેખ્લ્યૂદોવને આ પત્ર વાંચી એકી સાથે ખુશી તેમ જ નાખુશી થઈ; – ખુશી એ કારણે કે, પોતાને હસ્તક એટલી મોટી જાગીર હતી; અને નાખુશી એટલા માટે કે, વિદ્યાર્થી અવસ્થામાં હર્બટ સ્પેન્સરના* સિદ્ધાંતોનો તે અનુયાયી બન્યો હતો. અને એ સિદ્ધાંતો મુજબ, જમીનને ખાનગી મિલકત ગણવી એ અન્યાય છે, એમ પણ માનવા લાગ્યો હતો. યુનિવર્સિટીમાં અભ્યાસકાળે તેણે પોતે પણ એ વિષય ઉપર નિબંધો લખ્યા હતા, એટલું જ નહિ પણ, પોતાના પિતા તરફથી વારસામાં મળેલી ૫૦૦ એકર જમીન તેણે ખેડૂતોને વહેંચી દીધી હતી.

હવે પોતાની માતાની જાગીર પણ તેને વારસામાં મળી હોઈ, તેનું શું કરવું તેનો નિર્ણય તેણે કરવાનો હતો: કાંતો તેણે દશ વર્ષ પહેલાં પોતાના પિતાની જમીન જેમ છોડી દીધી હતી, તેમ આ જમીન પણ જતી કરવી; અથવા તો પોતાના આ બધા વિચારો ભૂલભરેલા કે મૂર્ખામીભરેલા છે એમ સ્વીકારી લેવું!

તે આ જમીન ઉપરનો હક છોડી દઈ શકે તેમ નહોતું; કારણ કે હવે તેને એ સિવાય આવકનું બીજું સાધન રહ્યું નહોતું; તથા સરકારી નોકરી તેને ગમતી ન હતી. ઉપરાંત તેને એવી એશઆરામભરી ટેવો પડી ગઈ હતી કે, જેમાંથી ઝટ છૂટા થવું તેને માટે સહેલું નહોતું. તેનો જુવાનીનો જુસ્સો ઓસરી ગયો હતો, અને સાથે સાથે અસાધારણ કે અવનવું એવું કંઈ કરી છૂટવાની તેની તમન્ના પણ શાંત પડી ગઈ હતી. છતાં જમીન-માલકી અંગે સ્પેન્સરના 'સોશ્યલ સ્ટેટિક્સ' ગ્રંથ-માંથી તેણે અપનાવેલા વિચારો, કે જેમનું વધુ સચોટ સમર્થન તેને

---

* ઇંગ્લૅંડનો ફિલસૂફ (૧૮૨૦-૧૯૦૩); વિકાસવાદના સિદ્ધાંતને તેણે બધી બાબતોમાં લાગુ કરીને વિચારણા ચલાવી હતી.

હેન્રી જ્યૉર્જનાં* પુસ્તકોમાંથી મળ્યું હતું, તે વિચારો ફગાવી દેવા એ પણ તેને માટે સહેલું ન હતું.

તેથી, કારભારીના આ કાગળથી તેને નાખુશી પણ થઈ હતી.

૪

નાસ્તો પરવારી, પ્રિન્સ, અદાલતમાંથી આવેલો સમન્સ જોઈ, પોતાને અદાલતમાં ક્યારે હાજર રહેવાનું છે એ નક્કી કરવા પોતાના અભ્યાસગૃહમાં ગયો. પ્રિન્સેસની ચિઠ્ઠીનો જવાબ પણ લખી આપવાનો હતો. વચ્ચે પોતાના 'સ્ટુડિયો'માંથી પસાર થતી વખતે તેણે ઘોડી ઉપર પોતે ચીતરવા માંડેલું અને અધૂરું રહેલું ચિત્ર જોયું. તરત જ, તેને ચિત્રકળામાં પોતે સાધેલી બહુ ઓછી પ્રગતિ યાદ આવતાં, તેનું મન ખિન્ન થઈ ગયું. સાત વર્ષ પહેલાં લશ્કરી કામગીરી છોડી દઈ, તેણે કળાની બાબતમાં પોતાની વિશિષ્ટ લાયકાત જોઈને, બીજી બધી પ્રવૃત્તિ-ઓને હેઠ માની, આ સ્ટુડિયો ભારે ખર્ચે તથા દિલ દઈને સજાવ્યો હતો.

સમન્સ જોતાં તેને માલૂમ પડયું કે, અદાલતમાં તેને અગિયાર વાગ્યે હાજર થવાનું હતું.

પછી પ્રિન્સેસની ચિઠ્ઠીનો જવાબ લખવા તે બેઠો. એ જવાબ તેને બહુ વધારે પડતો 'ઉષ્માભર્યો' થઈ ગયેલો લાગ્યો; એટલે તેણે તેને ફાડી નાખ્યો. પછી તેણે બીજી ચિઠ્ઠી લખી, તે તેને બહુ 'ઠંડી' લાગી; અને નાહકનું પ્રિન્સેસને ખોટું લાગી બેસશે એમ માની, તેણે તેને પણ ફાડી નાખી. પછી તેણે બટન દાબીને ઈલેક્ટ્રિક-બેલ વગાડી, નોકરને બોલાવ્યો અને પ્રિન્સેસના માણસને મોઢામોઢ સંદેશો કહી દેવા જણાવ્યું કે, પોતે અદાલતનું કામ પરવારી જરૂર તેમને ત્યાં આવવા પ્રયત્ન કરશે.

અલબત્ત કોઈની ચિઠ્ઠીનો જવાબ મોઢામોઢ કહેવરાવવો, એ શિષ્ટતા ન કહેવાય.

પછી તેણે એ જ નોકરને, અદાલતમાં જવા પોતાને માટે ઘોડા-ગાડી તૈયાર રાખવા પણ જણાવ્યું.

---

* અમેરિકાનો અર્થશાસ્ત્રી (૧૮૩૯-૯૭); તેનું મુખ્ય પુસ્તક 'પ્રોગ્રેસ ઍન્ડ પૉવર્ટી' છે. જમીન ઉપર એક જ વેરો નાખવાથી રાજ્યનું બધું ખર્ચ નીકળી રહેવું જોઈએ, એમ તે માનતો.

૪
અદાલત
૧

નેખ્લ્યૂદોવે અદાલત આગળ આવી, જૂરીના સભ્ય તરીકે પોતાને ક્યાં જવાનું છે, તે પૂછ્યું. પટાવાળાએ ફોજદારી અદાલતનું બારણું બતાવી દીધું.

જૂરી-સભ્યો માટેના ઓરડાના બારણે વાતો કરતા ઊભેલા બે જણ ઉપરાંત બીજા પણ દશેક સભ્યો હાજર થઈ ગયા હતા. તેઓના મોં ઉપર સરકારી-અદાલતી-જાહેર કામકાજ માટે પોતાને તેડાવ્યા હોવાનો સંતોષ સામાન્યપણે વ્યાપી રહેલો દેખાતો હતો; જોકે પોતાનો કામધંધો છોડીને આવવું પડયું હોઈ, કેટલાક કચવાટ પણ કરતા હતા.

નેખ્લ્યૂદોવને જેઓ ઓળખતા હતા, તેઓ તો તેની સામે હોંસભેર રજૂ થઈ ગયા; અને જેઓ તેને ઓળખતા ન હતા, તેઓ તેનું ઓળખાણ કરવાની મળેલી તકનો લાભ લેવા તત્પર થઈ ગયા.

અદાલતનો પ્રેસિડન્ટ આવીને પોતાના ખાનગી કમરામાં ડંબ-બેલ્સની થોડી કસરત કરવા લાગ્યો હતો. તે પરિણીત હતો, પણ શિથિલ ચારિત્ર્યનો હતો; તેની પત્ની પણ તેવી જ હતી. એટલે બંને જણ સંપીને એકબીજાના માર્ગમાં આડે આવતાં નહિ. આજે સવારે જ, પ્રેસિડન્ટને, તેના ઘરમાં પહેલાં ગવર્નેસ તરીકે કામ કરી ગયેલી સ્વિસ પ્રેમિકા તરફથી પત્ર મળ્યો હતો કે, તે દક્ષિણ રશિયામાંથી પિટર્સબર્ગ આવવા નીકળી છે, અને 'હૉટલ ઈટાલિયામાં'માં સાંજના પાંચથી છ દરમ્યાન તેની રાહ જોશે. એટલે પ્રેસિડન્ટ આજનું અદાલતનું કામ વેળાસર – અને બને તો વધુ વહેલું પતવી દઈ, પેલીની પાસે પહોંચી જવા તત્પર થઈ ગયો હતો.

અદાલતમાં પ્રેસિડન્ટ સાથે બેસનાર ચીડિયા મોંવાળા તથા સોનાનાં ચશ્માંવાળા બીજા ન્યાયાધીશે પ્રેસિડન્ટના ખાનગી કમરામાં આવી, ખાસો અણગમો વ્યક્ત કરતાં જણાવ્યું, "આજે પણ મૅથ્યૂ નિકિટિચ હજુ નથી આવ્યા!"

"એ હંમેશ મોડું જ કરે છે.' પ્રમુખે જવાબ આપ્યો.

"એમને શરમ પણ નથી આવતી," પેલાએ સિગારેટ કાઢતાં કહ્યું.

જોકે આ ભાઈસાહેબની ચીડનું મુખ્ય કારણ એ હતું કે, આજે સવારે તેમનાં પત્ની સાથે તેમને ચડભડાટ થયો હતો. પત્નીએ મહિનાની બાંધેલી ખર્ચની રકમ વહેલી ખર્ચી કાઢી હતી, અને વિશેષ રકમ ઍડવાન્સ તરીકે માગી હતી. આ ભાઈસાહેબે આપવા ના પાડી, એટલે પત્નીએ તેમને આજે ઘેર ભોજન પણ નહિ મળે એવી ધમકી આપી હતી. ભાઈસાહેબ એ ચિંતામાં જ પ્રેસિડન્ટ તરફ જોઈને સ્વગત ગણગણ્યા, "હું સારી રીતે નૈતિક જીવન ગાળું છું તેનું આ પરિણામ છે; આ મહાશય લહેરથી મરજીમાં આવે તેમ વર્તે છે, તો કેવા આનંદી અને સુખી રહે છે!"

સેક્રેટરી કંઈક કાગળિયાં લઈને આવતાં પ્રેસિડન્ટે તેને પૂછ્યું, "આજે કયો કેસ પહેલો લેવાનો છે?"

"ઝેર દઈને હત્યા કર્યાનો લઈએ તો?"

"ભલે; એ જ કેસ પહેલો રાખો. હજુ મૅથ્યૂ નિકિટિચ નથી આવ્યા. પણ પબ્લિક પ્રોસિક્યૂટર તો આવ્યા છે ને?"

"હાજી."

"તો તેમને ખબર આપો કે, આપણે ઝેરવાળો કેસ હાથમાં લઈએ છીએ; એટલે તૈયાર રહે."

સેક્રેટરીએ જઈને પબ્લિક પ્રોસિક્યૂટરને તે પ્રમાણે ખબર આપી. પબ્લિક પ્રોસિક્યૂટરે ઝેરવાળા કેસ અંગે કશી તૈયારી કરી ન હતી. વાત

એમ બની હતી કે, આગલી રાત તેણે એક મિત્રની વિદાય-પાર્ટીમાં પત્તાં રમીને તથા દારૂ ઢીંચીને ગાળી હતી. છેક સવારના પાંચ વાગ્યે જ તે ઘેર પાછો આવ્યો હતો. એટલે અત્યારે ઝટપટ ઝેરવાળા કેસનાં બને તેટલાં કાગળિયાં વાંચી લેવા તે પોતાના ખાનગી કમરામાં દોડી ગયો.

૨

છેવટે, બાકી રહેલા ન્યાયાધીશ મૅથ્યૂ નિકિટિચ આવી પહોંચ્યા. તેમને જઠરની શરદીની તકલીફ રહેતી હોઈ, દાક્તરે શરૂ કરાવેલી નવી સારવાર લેવા રહેતાં મોડું થઈ ગયું હતું. તે આવી ગયા એટલે અદાલતનો છડીદાર જૂરીવાળા ઓરડામાં જઈ, જૂરી-સભ્યો આવી ગયા છે કે નહિ તેની પૂછપરછ કરી લઈ, આવેલા સૌને અદાલતના ખંડમાં દોરી લાવ્યો.

ત્યાર બાદ છડીદાર ‘ નામદાર કોર્ટ ’ને એટલે કે પ્રેસિડન્ટ તથા બીજા બે ન્યાયાધીશોને વિધિસર જાહેરાત સાથે લઈ આવ્યો. મૅથ્યૂ નિકિટિચ ગંભીર વિચારમાં પડી ગયા હોય એમ ધીમે ધીમે પ્લૅટફૉર્મનાં પગથિયાં ચડવા લાગ્યા. વાત એમ હતી કે, એમને જુદા જુદા પ્રશ્નો ઊભા કરી, તેમના જવાબો વિચિત્ર રીતે મેળવવાની ટેવ હતી. જેમકે, અત્યારે તેમણે પ્રશ્ન ઊભો કર્યો હતો કે, દાક્તરની નવી સારવારથી તેમની શરદી મટશે કે કેમ; અને તેનો જવાબ તેમણે એ રીતે વિચારી લીધો હતો કે, બારણાથી પોતાની ખુરશીએ પહોંચતાં પગલાંની જે સંખ્યા થાય, તે જો ત્રણે ભાગી શકાય તેવી હશે, તો જરૂર તેમનો રોગ મટી જશે! તેમણે છવ્વીસ પગલાં તો ગણ્યાં; પણ પછી છેલ્લા પગલામાં કસર રાખી એક નાનું સત્તાવીસમું પગલું તેમણે ઉપજાવી કાઢ્યું, અને પોતાનો રોગ મટશે એવી ખાતરી કરી લીધી!

અદાલતનો અને ન્યાયાધીશોનો ઠાઠ ભવ્ય હતો. ન્યાયાધીશોને પોતાને જ એ વાતનું સારી પેઠે ભાન હતું. પબ્લિક પ્રોસિક્યૂટર ન્યાયાધીશો સાથે જ અદાલતના ઓરડામાં આવ્યો હતો. તે એ પદ ઉપર

હમણાં જ નિમાયો હતો અને આ પહેલાં ચારેક કેસોમાં જ તેણે કામગીરી બજાવી હતી. તે બહુ મહત્ત્વાકાંક્ષી માણસ હતો અને તેને આગળ વધવાની તમન્ના હોઈ, પોતે લીધેલા દરેક કેસમાં સજા થાય એવું જ કરવાનો તેનો પ્રયત્ન રહેતો.

પ્રેસિડન્ટે થોડા કાગળો જોયા પછી અને થોડાક પ્રશ્નો સેક્રેટરીને પૂછી લીધા બાદ, કેદીઓને રજૂ કરવા હુકમ કર્યો.

તરત જ ખુલ્લી તરવારો સાથેના બે લશ્કરી-પોલીસો ત્રણ કેદીઓને સાથે લઈ અદાલતના ઓરડામાં દાખલ થયા,— એક પુરુષ અને બે સ્ત્રીઓ. બે સ્ત્રીઓમાં એક માસ્લોવા હતી. તે અદાલતના ખંડમાં દાખલ થઈ કે તરત બધા પુરુષોની આંખો તેની ચમકતી કાળી આંખો અને ઉન્નત વક્ષઃસ્થળ તરફ જ વળી. અરે અદાલતનો જે પહેરેગીર હતો તે પણ તે દાખલ થઈ ત્યારથી માંડીને તે પોતાની જગાએ જઈને બેઠી ત્યાં સુધી તેના તરફ જ તાકી રહ્યો.

૩

પછી અદાલતનું કામકાજ શરૂ થયું. જૂરીના જે સભ્યો ગેરહાજર હતા તેમની પાસેથી કેટલો દંડ લેવો, અથવા તેમણે જે કારણો દર્શાવ્યાં હોય તે મંજૂર રાખવાં કે કેમ, તથા અનામત જૂરી-સભ્યોમાંથી ખૂટતા રહેતા સભ્યોની નિમણૂક વગેરે કામો પતી ગયા બાદ, પ્રેસિડન્ટે પાદરીને જૂરીના સભ્યોને સોગંદ લેવરાવવા વિનંતી કરી.

આ પાદરી ૪૬ વર્ષથી એટલે કે આ ફોજદારી અદાલત શરૂ થઈ ત્યારથી આ જ કામ કરતો આવ્યો હતો. પોતે હજારો લોકોને આ રીતે સોગંદ લેવરાવ્યા છે, અને પોતાની ઘરડી ઉંમર છતાં હજુ તે પોતાના ચર્ચ, દેશ અને કુટુંબના હિતમાં એ કામ કરવાનું જારી જ રાખશે, એવી તેની બડાશ હતી. પોતાના કુટુંબ માટે એક મકાન ઉપરાંત, વ્યાજ લાવતાં ત્રીસેક હજાર રૂબલનાં કાગળિયાં પાછળ મૂકતા જવાની એની ધારણા હતી.

અલબત્ત, બાઇબલમાં સોગંદ લેવાની સ્પષ્ટ મનાઈ કરવામાં આવી છે, છતાં બાઇબલને નામે જ સોગંદ લેવરાવવાનું કામ આ પાદરી કરતો હતો!

જૂરીના સભ્યોનો સોગંદવિધિ પત્યો પછી તેમને પોતામાંથી એક મુખિયો પસંદ કરવા પ્રેસિડન્ટે કહ્યું. તે મુજબ બધા જૂરી-સભ્યો બીજા કમરામાં જઈને એક જણને મુખિયો ચૂંટી લાવ્યા. પછી પ્રેસિડન્ટે તેમને સૌને જૂરીના હકો, જવાબદારીઓ, ફરજો વગેરે અંગે વિધિસર ભાષણ આપ્યું. ત્યાર પછી તેણે પેલા કેદીઓમાંથી સિમોન કાર્ટિકિનને ઊભો થવા ફરમાવ્યું.

'નામ ?'

'સિમોન પેટ્રોવ કાર્ટિકિન.'

'વર્ગ ?'

'ખેડૂત.'

'ગામ, જિલ્લો, ધર્મ-પરગણું, પ્રાંત ?'

'તુલા પ્રાંત, ક્રાપિવેન્સ્કી જિલ્લો, કુપ્યાન્સ્કી પરગણું, બોર્કી ગામ.'

'ઉંમર ?'

'તેત્રીસ.'

'ધર્મ ?'

'રશિયન, ઑર્થોડૉક્સ.'

'પરિણીત ?'

'ના, સાહેબ.'

'ધંધો ?'

'હૉટલ મૉરિટાનિયામાં નોકરી.'

'પહેલાં કદી સજા થઈ છે ?'

'ભગવાન ભગવાન કરો! ના, સાહેબ, કદી નહિ.'

'આરોપોની નકલ મળી છે ?'

'હા, સાહેબ.'

'બેસી જાઓ.'

પછી પ્રેસિડન્ટે બીજા કેદીનું નામ દીધું – 'યુફેમિયા ઇવાનોવ્ના બૉચ્કોવા!'

તેને પણ એ જાતની જ પ્રશ્નોત્તરી કરવામાં આવી. બૉચ્કોવા ૪૩ વર્ષની ઉંમરની હતી, કૉલોમ્ના શહેરની વતની હતી; અને તે પણ હોટલ મૉરિટાનિયામાં નોકરી કરતી હતી. તેને પહેલાં કદી સજા થઈ નહોતી, અને આરોપોની નકલ મળી હતી.

પછી ત્રીજા કેદીનું નામ પોકારવામાં આવ્યું. એ જુવાન સ્ત્રી-કેદીને સૌંદર્ય-પ્રેમી પ્રેસિડન્ટે પહેલેથી જોઈ હોવાથી, તેના પ્રત્યે તે સવિશેષ હળવો અવાજ કરીને બોલ્યો –

'તમારું નામ?' અને પછી તેથી વધુ ધીમો અવાજ કરીને તેણે હળવેથી કહ્યું, 'તમારે ઊભા થઈને જવાબ આપવા પડશે.'

માસ્લોવા ઝટપટ ઊભી થઈ, અને પોતાના વક્ષઃસ્થળનો ઉભાર બરાબર દેખાય તેમ ટટાર ઊભી રહી. પછી તેણે પ્રેસિડન્ટ તરફ પોતાની હસતી કાળી આંખોથી જોયું.

'તમારું નામ શું?'

'લુબૉવ.'

તરત નેખ્લ્યૂદોવના કાન સરવા થઈ ગયા, અને તેણે ચશ્માં ચડાવીને તે સ્ત્રી-કેદી તરફ જોયું. જોતાંવેંત તે ચોંકી ઊઠ્યો અને ગણગણ્યો, 'અશક્ય! લુબૉવ! એ શી રીતે હોઈ શકે?'

'પણ અહીં તો તમારું નામ લુબૉવ નથી જણાવ્યું; એમ કેમ?' પ્રેસિડન્ટે પૂછ્યું.

બંદિની ચૂપ રહી.

'તમારું જલ-દીક્ષા વખતે પાડેલું નામ શું છે?' બીજા ન્યાયાધીશે ગુસ્સે થઈને પૂછ્યું.

'પહેલાં મને કાટેરિના કહેતા.'

નેખ્લ્યૂદોવને હવે ખાતરી થઈ ગઈ કે, એ તે જ છે. એ જ કિશોરી, જે પોતાની માશીઓની અર્ધી સગીર અને અર્ધી નોકર હતી, જેની સાથે તે એક વખત પ્રેમમાં પડ્યો હતો, જેને પોતે સાચેસાચ પ્રેમ કરતો હતો, અને ઉન્મત્ત કામાવેશમાં આવી જઈ જેને તેણે ભ્રષ્ટ કરી હતી તથા પછી તજી દીધી હતી; — એટલું તો શું ફરીથી યાદ પણ કરી ન હતી.

'બાપીકું નામ?'

'હું ગેરકાયદે સંતાન છું.'

'તો પણ દેવ-પિતાના નામ ઉપરથી કંઈક નામ હશેને?

'હા, મિખાયલોવ્ના.'

નેખ્લ્યૂદોવનો શ્વાસ હવે રૂંધાતો જતો હતો. તે ચિંતામાં પડી ગયો કે, કયા ગુનાસર આને પકડવામાં આવી હશે?

'કૌટુંબિક નામ, ઉપનામ?'

'મારી માના ઉપનામથી મને માસ્લોવા કહેતાં.'

'વર્ગ?'

'મેશ્ચાન્કા' (શહેર-વાસી કામદાર).

'ધર્મ?'

'ઑર્થોડૉક્સ.'

'ધંધો?'

માસ્લોવા ચૂપ રહી.

'તમારો ધંધો શો હતો?'

'હું એક સંસ્થામાં હતી.'

'કઈ જાતની સંસ્થામાં?' બીજો ન્યાયાધીશ તડૂક્યો.

'તમે પોતે જ જાણો છો, વળી,' એમ કહી તે થોડું હસી, અને પ્રેસિડન્ટ સામે જોઈ રહી.

એની એ નજરમાં એવું કંઈક અસામાન્ય — એવું કંઈક ત્રાસ-જનક અને કરુણાપાત્ર હતું કે, પ્રેસિડન્ટ પણ જરા છોભીલો બની ગયો.

'પહેલાં કદી સજા થઈ છે?'

'ના.'

'આરોપોની નકલ મળી છે?'

'હા.'

'બેસી જાઓ.'

પછી સાક્ષીઓને બોલાવવામાં આવ્યા. પછી નિષ્ણાત તરીકે અદાલતમાં રજૂ થનાર ડૉક્ટરને બોલાવવામાં આવ્યો.

ત્યાર બાદ સેક્રેટરીએ મોટે અવાજે આરોપો વાંચી સંભળાવવા માંડ્યા.

૫

આરોપનામું

સેક્રેટરીએ અદાલત સમક્ષ વાંચવા માંડેલું આરોપનામું ટૂંકમાં આ પ્રમાણે હતું:—

"૧૮૮–ની ૧૭મી જાન્યુઆરીને દિવસે આ શહેરની હૉટલ મૉરિટાનિયાના માલિકે પોલીસને ખબર આપી કે, તે હૉટલમાં સાઈબીરિયાના થેરાપોન્ત સ્મેલ્કોવ નામના વેપારીનું અચાનક મૃત્યુ થયું છે.

"ચોથા જિલ્લાના સ્થાનિક પોલીસ ડૉક્ટરે તપાસ કરીને સર્ટીફિકેટ આપ્યું કે, વધારે પડતો દારૂ પીવાથી હૃદયની દીવાલ ફાટી જઈને એનું મૃત્યુ થયું છે. સ્મેલ્કોવના શરીરને પછી દફનાવી દેવામાં આવ્યું.

"પરંતુ ચાર દિવસ બાદ તિમોખિન નામનો તેનો સહ-નગર-વાસી તથા સોબતી સાઈબીરિયન વેપારી પિટર્સબર્ગથી પાછો ફર્યો, ત્યારે તેને પોતાના મિત્રનું મૃત્યુ જે સંજોગોમાં થયું હતું તે તપાસતાં વહેમ ગયો કે, સ્મેલ્કોવનું મૃત્યુ કુદરતી કારણોથી નથી થયું, પણ તેની રોકડ રકમ તથા હીરાની વીંટી કાઢી જનાર માણસોએ તેને ઝેર આપીને તેનું મૃત્યુ નિપજાવ્યું છે. તેની મિલકતની મરણોત્તર બનાવવામાં આવેલી યાદીમાં એ રકમ તથા વીંટીની નોંધ ન હતી. તેણે એ મુજબ પોલીસને ખબર આપતાં તપાસ શરૂ કરવામાં આવી, અને તેમાં નીચેની વિગતો બહાર આવી:—

"૧. સદરહુ સ્મેલ્કોવ પાસે બૅંકમાંથી ઉપાડેલા ૩૮૦૦ રૂબલ હતા; એ વાતની હૉટલ મૉરિટાનિયાના માલિકને, તેમ જ આ શહેરનો વેપારી સ્ટારિકોવ,– જેની સાથે આ શહેરમાં આવ્યા બાદ સ્મેલ્કોવે

કંઈક લેવડ-દેવડ કરી હતી, તેના કારકુનને – એમ બે જણને ખું. કે, એ પરંતુ સ્મેલ્કોવના મૃત્યુ બાદ સીલ કરવામાં આવેલા તેના પોર્ટમેન્ટોમાં ગે થેલીમાંથી માત્ર ત્રણસો બાર રૂબલ અને ૧૬ કૉપેક જ નીકળ્યા હતા.

“૨. સદરહુ સ્મેલ્કોવે તેના મૃત્યુ અગાઉનો આખો દિવસ અને આખી રાત લૂબકા નામની વેશ્યા સાથે ગાળ્યાં હતાં; તે વેશ્યા આ હૉટલમાં તેની ઓરડીમાં બે વખત આવી હતી.

“૩. સદરહુ સ્મેલ્કોવની હીરાની વીંટી વેશ્યા લૂબકાએ પોતાની માલિકણને વેચી દીધી હતી.

“૪. હૉટલની સરભરા-બાઈ યુફેમિયા ઈવાનોવ્ના બૉચ્કોવાએ સ્મેલ્કોવના મૃત્યુને પછીને દિવસે બૅંકમાં પોતાના કરન્ટ-ખાતામાં અઢારસો રૂબલ જમા કરાવ્યા છે.

“૫. વેશ્યા લૂબકાના જણાવ્યા પ્રમાણે હૉટલના નોકર સિમૉન કાર્ટિંકિને તેને કશોક પાવડર બ્રાન્ડીમાં ભેળવીને પેલા વેપારી સ્મેલ્કોવને પાઈ દેવા આપ્યો હતો, અને તેણે તે પ્રમાણે તેને પિવરાવી દીધો હતો. પૂછપરછ વખતે લૂબકાએ જણાવ્યું છે કે, તે જે ખાંજરામાં ‘કામ’ કરે છે, ત્યાં એ સ્મેલ્કોવ આવ્યો હતો ત્યારે તેણે પોતે લૂબકાને તેના પોર્ટમેન્ટોની ચાવી આપીને થોડા પૈસા લઈ આવવા હૉટલ મૉરિટાનિયામાં મોકલી હતી. લૂબકાના જણાવ્યા મુજબ, બૉચ્કોવા અને કાર્ટિંકિનને સાક્ષી રાખીને તેણે એનો પોર્ટમેન્ટો ઉઘાડયો હતો અને તેમાંથી સ્મેલ્કોવના કહ્યા મુજબના ચાલીસ રૂબલ કાઢયા હતા – વધુ કાંઈ કાઢયું ન હતું. પછી તેણે પેલાંઓની રૂબરૂમાં જ એ પોર્ટમેન્ટોનું તાળું ફરી વાસી દીધું હતું.

“લૂબકા, આગળ એમ પણ જણાવે છે કે, ચાલીસ રૂબલ લઈ ...ગી તે થોડા સમય બાદ સ્મેલ્કોવ સાથે હૉટલમાં પાછી આવી ...ને પી...લ્કોવ તેની સાથે અતિ પાશવિકતા દાખવી રહ્યો હતો. એટલે મ... ત્રાસ...ાલીપણામાંથી બચવા, સિમૉન કાર્ટિંકિનની સૂચનાથી, ઘેનમાં

ા તેણે આપેલો પાવડર એણે બ્રાન્ડીમાં ભેળવીને સ્મેલ્કોવને ‌.વરાવી દીધો, જેથી તે ઊંઘી જાય અને પોતે તેના ત્રાસમાંથી છૂટે.

"હૉટલમાં આવતાંની સાથે જ સ્મેલકોવે તેને સતાવવાનું શરૂ કર્યું હોઈ, તેણે પાછી ચાલી જવા ધમકી આપેલી, ત્યારે સ્મેલ્કોવે તેને મારી હતી. એટલે તે રડી પડી હતી અને ગુસ્સે થઈ ત્યાંથી પોતાની સંસ્થાએ પાછી ચાલી જતી હતી, તે વખતે તેને મનાવી લેવા સ્મેલ્કોવે પોતાની વીંટી તેને આપી હતી. બીજી કશી રોકડ રકમ સ્મેલ્કોવે તેને આપી ન હતી.

"ઊલટ-તપાસમાં યુફેમિયા બૉચ્કોવા એમ જણાવે છે કે, સ્મેલ્કોવ-ની ઉચાપત થયેલી રોકડ રકમ બાબત તેને કશી માહિતી નથી. તે પોતે તો સ્મેલ્કોવના કમરામાં ગઈ પણ ન હતી. આખો વખત લૂબકા જ તેના કમરામાં હતી. કંઈ પણ ચોરાયું હોય, તો તે લૂબકા જ્યારે સ્મેલ્કોવની ચાવી લઈને પૈસા લેવા હૉટલમાં આવી, ત્યારે તેણે જ ઉપાડી લીધું હોવું જોઈએ."

આ વખતે માસ્લોવાએ ચોંકીને બૉચ્કોવા સામે જોયું.

સેક્રેટરીએ આગળ ચલાવ્યું — "બૅંકમાં બૉચ્કોવાએ જમા કરાવેલા અઢારસો રૂબલની પહોંચ બતાવીને, એ પૈસા તે ક્યાંથી લાવી એમ તેને પૂછવામાં આવતાં તેણે જણાવ્યું કે, એ તો અઢાર વર્ષની તેની પોતાની અને સિમૉન, કે જેની સાથે પોતે પરણવાની છે, તેની કમાણીની ભેગી રકમ છે.

"સિમૉન કાર્ટિંકિનને પહેલાં જ્યારે પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે કબૂલ કર્યું હતું કે, ખાંજરામાંથી સ્મેલ્કોવની ચાવો લઈને આવેલી માસ્લોવાના કહ્યાથી તેણે અને બૉચ્કોવાએ એ પૈસા ચોર્યા હતા અને પછી માસ્લોવા સાથે ત્રણે જણે સરખા વહેંચી લીધા હતા. તેણે એમ પણ કબૂલ કર્યું કે, તેણે સ્મેલ્કોવને ઘેનમાં નાખવા શહેરનો પાવડર માસ્લોવાને આપ્યો હતો. પરંતુ બીજી વખતની સ્મેલ્કોવે વેળા તે આ બધું જ નામુક્કર ગયો. તેણે એ પૈસાની ચોરી ક

માસ્લોવાને પાવડર આપ્યાની ઘસીને ના પાડી તથા જણાવ્યું કે, એ બધું માસ્લોવાએ એકલીએ જ કર્યું હતું. બૅંકમાં મૂકેલી રકમ અંગે પણ તેણે બૉચ્કોવાએ કહ્યા પ્રમાણે જ ખુલાસો કર્યો કે, એ બધા પૈસા અઢાર વર્ષની નોકરી દરમ્યાન તેમને બંનેને ઘરાકો તરફથી મળેલી બક્ષિસોનાં નાણાં છે.

"પછી વધુ તપાસ માટે જરૂર જણાતાં સ્મેલ્કોવના શરીરને કબરમાંથી બહાર કાઢવામાં આવ્યું અને આંતરડાંની તપાસ કરાવવામાં આવી. તે તપાસમાં જણાઈ આવ્યું કે, સ્મેલ્કોવનું મૃત્યુ ઝેર વડે થયું છે."

પછી સાક્ષીઓએ આપેલી માહિતીનું વર્ણન આવ્યું. ત્યાર બાદ આરોપનામામાં છેવટના જણાવવામાં આવ્યું હતું :—

"વેપારી સ્મેલ્કોવ અઠંગ દારૂડિયો તથા ભારે સ્ત્રી-કામી હતો. કિટીવાના ખાંજરામાંની લૂબકા નામની વેશ્યા ઉપર તે ખાસ મોહિત થઈ ગયો હતો. અને તે કિટીવાના ખાંજરામાં હતો તે વખતે જ, એટલે કે ૧૭મી જાન્યુઆરી, ૧૮૮ — ના દિવસે, પોતે ઑર્ડર કરેલી મિજબાનીની ચીજોની કિંમત આપવા તેણે એ લૂબકાને પોતાના પોર્ટમેન્ટોની ચાવી આપીને તેમાંથી ચાલીસેક રૂબલ કાઢી લાવવા હૉટલ મૉરિટાનિયામાં પોતે ભાડે રાખેલા કમરામાં મોકલી હતી. હૉટલ મૉરિટાનિયા પહોંચીને માસ્લોવા તેના કમરામાંથી પૈસા કાઢતી હતી, તે વખતે જ તેણે બૉચ્કોવા અને કાર્ટિકિન સાથે સ્મેલ્કોવના બધા પૈસા અને જરઝવેરાત ચોરી લઈ અંદર અંદર સરખે ભાગે વહેંચી લેવાની સંતલસ કરી અને પછી તેમણે તેમ કર્યું પણ ખરું."

આ જગાએ માસ્લોવા ફરીથી ચોંકીને બેઠકમાંથી જરા ઊભી થઈ ગઈ.

"માસ્લોવાના ભાગમાં હીરાની વીંટી આવી; તથા સાથે કદાચ [illegible]ની રોકડ રકમ પણ. તે તેણે ક્યાંય છુપાવી દીધી છે, અથવા તો [illegible]ે પીધેલ અવસ્થામાં હોઈ, ખોઈ નાખી છે. પોતાનો ગુનો છુપાવવા [illegible]ે ત્રણે સાગરીતોએ નક્કી કર્યું કે સ્મેલ્કોવને હૉટલના કમરામાં

મ

સમજાવીને પાછો લાવવો અને ત્યાં તેને કાર્ટિકિન પાસેનું આર્સેનિક — ઝેર પિવડાવી દેવું. આ હેતુથી માસ્લોવા કિટીવાના ખાંજરામાં પાછી ગઈ અને ત્યાંથી સમજાવીને સ્મેલ્કોવને હૉટલ મૉરિટાનિયામાં લઈ આવી. સ્મેલ્કોવ હૉટલમાં પાછો આવ્યો એટલે માસ્લોવાએ કાર્ટિકિને આપેલો પાવડર બ્રાન્ડીમાં ઓગાળી, તેને પીવા આપી દીધો, અને એ રીતે તેનું મૃત્યુ નીપજ્યું.

"તેથી કરીને આ ત્રણે જણ ઉપર, ભેગાં મળી સ્મેલ્કોવનું મૃત્યુ નિપજાવવાનો, તેના ૨૬૦૦ રૂબલ ચોરી લીધાનો અને પછી પોતાનો ગુનો છુપાવવા માટે તેને મારી નાખવાને ઇરાદે તેના પીણામાં ઝેર ભેળવી તેની હત્યા કર્યાનો આરોપ મૂકવામાં આવે છે.

"પીનલ કોડની ૧૪૫૫મી કલમ હેઠળ આ ગુનો આવે છે. માટે એ ત્રણેને ડિસ્ટ્રિક્ટ કોર્ટ સમક્ષ જૂરી વડે કામ ચલાવવા રજૂ કરવામાં આવ્યાં છે."

નેખ્લ્યૂદોવ આ આરોપનામું સાંભળી, આભો થઈ ગયો; તે વિચારવા લાગ્યો કે, દશ વર્ષ અગાઉ પોતે જેને એક ભલી ભોળી ફૂટડી છોકરી માનતો હતો, તેણે ખરેખર આ બધું કર્યું હશે ખરું?

૬

પૂછપરછ

આરોપનામું વંચાઈ રહ્યું, એટલે પ્રેસિડન્ટે પોતાના બે સાથીઓ સાથે કંઈક મસલત કરી લઈને, પ્રથમ સિમૉન કાર્ટિકિનને, તથા પછી યુફેમિયા બૉચકોવાને, આરોપનામામાં જણાવેલ ગુના તેમણે કરેલા છે કે નહિ, એ પૂછયું. બંનેએ એ ગુના કર્યા હોવાની ઘસીને ના પાડી; તથા પોતાના સમર્થનમાં તે બીજી વાતો ઉમેરવા જતાં હતાં; પણ પ્રેસિડન્ટે 'યોગ્ય વખતે પછીથી જણાવજો' એમ કહીને તેમને બોલતાં બંધ કર્યાં.

માસ્લોવાને પણ તે પ્રમાણે પૂછવામાં આવતાં, તેણે જુસ્સામાં આવી જઈને જણાવ્યું, "મેં કશો ગુનો કર્યો નથી; મેં સ્મેલ્કોવના પોર્ટમેન્ટોમાંથી કશું ચોર્યું નથી; અને વીંટી તો સ્મેલ્કોવે પોતે મને આપી હતી."

"તો ૨૬૦૦ રૂબલ ચોર્યા હોવાની તમે ના પાડો છો?"

"મેં જણાવ્યું જ છે કે, મેં ચાલીસ રૂબલ ઉપરાંત કશું એના પોર્ટમેન્ટોમાંથી કાઢયું ન હતું;— અને તે ચાલીસ રૂબલ પણ આ બેને સાક્ષી રાખીને કાઢયા હતા."

"અને સ્મેલ્કોવને પીણામાં પાવડર આપ્યાની પણ તમે ના પાડો છો?"

"મેં પાવડર તો આપ્યો જ હતો. પરંતુ આ બેએ કહ્યું હતું કે, એ માત્ર ઘેનની દવા જ છે, અને તેનાથી કશું નુકસાન નહિ થાય. તેથી વધુ કશું કરવાનો મને વિચાર પણ ન હતો, મેં ઈચ્છયું પણ ન હતું.

......અને ઈશ્વર મારા સાક્ષી છે કે, આવી હત્યા કરવાનું તો મેં કદી કલ્પ્યું જ ન હતું."

"ઠીક; તો હવે જે કંઈ બન્યું હતું તે બધું સાચેસાચું કબૂલ કરી દો. કોઈના દબાણ વિના સાચી વાતની પૂરી કબૂલાત તમે કરી દેશો, તો તેથી તમને લાભ જ થશે."

"હું હૉટલમાં આવી, અને મને સ્મેલ્કોવનો કમરો બતાવવામાં આવ્યો. તે બહુ પીધેલી અવસ્થામાં હતો. હું તરત જ પાછી ચાલી જવા લાગી; પણ તેણે મને ન જવા દીધી."

"પછી?"

"પછી? પછી તો મારે નિરધારેલ સમય સુધી તેની સાથે રહેવું પડયું. ત્યાર બાદ હું સંસ્થાએ પાછી ગઈ."

પણ આ જગાએ પબ્લિક પ્રોસિક્યૂટર કોણી ટેબલ ઉપર ટેકવી વિચિત્ર રીતે ઊભો થયો. પ્રેસિડન્ટે તે જોઈ, તેને પૂછયું, "તમારે કંઈ પ્રશ્ન પૂછવો છે? પૂછો."

"હું એટલું પૂછવા માગું છું કે, આ બંદિની સિમૉન કાર્ટિકિનને પહેલેથી ઓળખતી હતી?"

પ્રેસિડન્ટે એ પ્રશ્ન માસ્લોવાને ફરી કહી સંભળાવ્યો, (અદાલતમાં એ રીતે પ્રેસિડન્ટ મારફતે જ પ્રશ્નો પૂછી શકાય —) એટલે માસ્લોવાએ જવાબ આપ્યો —

"સિમૉનને? હા; પહેલેથી ઓળખતી હતી."

"કેવી રીતે?"

"હૉટલના મહેમાનો ઇચ્છે ત્યારે તે મને તેડવા આવતો. એ સિવાય બીજું કાંઈ જ ઓળખાણ ન હતું."

"પણ બીજી છોકરીઓને મહેમાનો માટે તેડી લાવવાને બદલે બંદિનીને જ તે શા માટે તેડી લાવતો?"

"એ તો હું શું જાણું? જે છોકરી તેને ગમે તેને તે બોલાવી જતો હશે."

પ્રોસિક્યૂટર, 'હવે વધુ કંઈ નથી પૂછવું,' એમ કહી બેસી ગયો.

"પછી શું થયું?" પ્રેસિડન્ટે હવે પ્રોસિક્યૂટરે પૂછેલા પ્રશ્નો માસ્લોવાને પૂછવાનું પડતું મૂકી પોતા થકી તેને આગળ પૂછવા માંડયું.

"બસ, સંસ્થાએ પાછી આવીને, સ્મેલ્કોવે આપેલા મારા મહેનતાણાના પૈસા મેં માલિકણને આપી દીધા અને પછી હું માંડ ઊંઘવા લાગી હોઈશ એટલામાં બર્થા મને ઉઠાડવા આવી. તેણે કહ્યું, 'તારો વેપારી ફરીથી આવ્યો છે, તેની પાસે જા.' મારો ફરીથી જવાનો વિચાર ન હતો, પણ મૅડમે મને હુકમ કર્યો એટલે હું ઊઠી. સ્મેલ્કોવે સંસ્થાની બધી છોકરીઓને પોતાની તરફથી દારૂ પાવા માંડયો. દારૂ થઈ રહ્યો એટલે તેણે વધુ દારૂ મંગાવ્યો પણ તેની પાસે પૈસા બાકી રહ્યા ન હતા. અને તેને ઉધાર ધીરવાનો મૅડમને વિચાર ન હોઈ, સ્મેલ્કોવે મને તેના પૈસા કયાં હતા અને તેમાંથી કેટલા લાવવાના, એ બધું સમજાવી, તેના પોર્ટમેન્ટોની ચાવી મને આપીને તેના ઉતારે મોકલી. હું હૉટલના તેના કમરામાં ગઈ; અને સિમૉન કાર્ટિંકિન અને બૉચ્કોવાને સાક્ષી રાખી, તેમના દેખતાં ચાર નોટો મેં પોર્ટમેન્ટોમાંથી કાઢી."

તરત પ્રોસિક્યૂટર કોણી ઉપર ઊભો થઈ ગયો. તેણે પૂછયું, "પણ એ ચાલીસ રૂબલ કાઢતી વખતે, અંદર બીજા કેટલા રૂબલ હતા તે બંદિનીએ જોયું હતું ખરું?"

માસ્લોવા પ્રોસિક્યૂટરને જોતી ને કંપવા લાગતી. તેને અંતઃસ્ફુરણાથી એમ લાગતું કે, એ માણસ તેનો હિતેચ્છુ નથી, અને તેને નુકસાન કરવા જ ધારે છે.

"મેં ગણી જોયા ન હતા; પણ સો-સો રૂબલની કેટલીક નોટો અંદર હતી, એમ મને દેખાયું હતું ખરું."

"ઠીક તો પછી તમે એ ચાલીસ રૂબલ લઈને પાછાં તમારે મુકામે આવ્યાં, ખરું? પછી?" પ્રેસિડન્ટે પૂછયું.

"પૈસા હાથમાં આવ્યા એટલે મૅડમને ચૂકવી દઈ પછી સ્મેલ્કોવ મને પાછો તેની સાથે તેને ઉતારે – હૉટલમાં લઈ આવ્યો."

"પછી પેલો પાવડર તેના પીણામાં તમે ક્યારે આપ્યો?"

"હું બહુ થાકી ગઈ હતી, છતાં સ્મેલ્કોવ મને સહેજેય છોડતો ન હતો. એટલે મેં બહાર ઓસરીમાં નીકળી સિમોનને કહ્યું, 'આ મને છોડતો નથી; અને હું એટલી બધી થાકી ગઈ છું!' તેણે જવાબ આપ્યો, 'અમે બધાં પણ એનાથી કંટાળ્યાં છીએ. અમે તો તેને પીણામાં ઘેનની દવા પિવરાવી દેવાનાં હતાં, જેથી એ ઊંઘી જાય. તું જ હવે એ પિવરાવી દેને, એટલે તારોય છૂટકો થાય.' મને એમ કરવામાં કશો વાંધો ન લાગ્યો. એટલે તેણે આપેલું પડીકું લઈ હું અંદર ગઈ. મને જોઈ એટલે પેલાએ સૂતાં સૂતાં જ બ્રાન્ડી માગી. મેં ટેબલ ઉપરથી બૉટલ લઈ, બે ગ્લાસ ભર્યા: એક તેને માટે અને એક મારે માટે. તેને માટેના ગ્લાસમાં પેલું પડીકું મેં ભેળવી દીધું, અને તે પ્યાલો તેને પીવા આપ્યો."

"તો આ વીંટી તેણે તમને ક્યારે આપી?"

"તે મને ફરીથી તેને ઉતારે લઈને આવ્યો ત્યાર પછી થોડા વખત બાદ જ. હું મારે મુકામે પાછી ચાલી જવા માગતી હતી, એટલે તેણે ગુસ્સે થઈ મારા માથામાં મુક્કો માર્યો; તેથી મારા વાળમાં પહેરી રાખેલો કાંસકો ભાગી ગયો અને મને ખૂબ વાગ્યું. એટલે હું ગુસ્સે થઈ ગઈ, અને મેં કહ્યું, 'હું તો જાઉં છું.' એટલે તેણે મને મનાવવા તેની આંગળી ઉપરની વીંટી ઉતારી આપી; પછી હું રોકાઈ ગઈ."

પ્રોસિક્યૂટરે હવે પોતાની ટેવ મુજબ કોણી ઉપર થોડા ઊભા થઈ કહ્યું, "બંદિની પેલા વેપારી સ્મેલ્કોવના કમરામાં કેટલો વખત રહી હતી, તે મારે પૂછવું છે."

માસ્લોવાએ ફરી પાછી ત્રાસીને પબ્લિક પ્રોસિક્યૂટરના મોં તરફથી પ્રેસિડન્ટના મોં તરફ જોઈને જવાબ આપ્યો, "એ તો મને યાદ નથી."

"સ્મેલ્કોવનો કમરો છોડ્યા પછી બંદિની હૉટલના બીજા કોઈ કમરામાં ગઈ હતી, ખરી?"

"હા, હું સ્મેલ્કોવના કમરાની પાસેના એક ખાલી કમરામાં ગઈ હતી."

"શા માટે?" પબ્લિક પ્રોસિકયૂટરે જુસ્સામાં આવી જઈ, તેને જ સીધું પૂછી નાખ્યું.

"થોડો આરામ કરવા, અને મારે માટે કૅબ-ગાડી મંગાવી હતી તે આવે ત્યાં સુધી રાહ જોવા."

"અને તે વખતે કાર્ટિકિન ત્યાં આવ્યો હતો કે નહિ?"

"આવ્યો હતો."

"શા માટે?"

"સ્મેલ્કોવની થોડી બ્રાન્ડી વધી હતી, તે અમે બંનેએ થઈને પૂરી કરી."

"બંનેએ થઈને, કેમ? વાહ, અને કાર્ટિકિન સાથે કંઈક વાતચીત પણ થઈ હશે, નહિ?"

"શાની વાતચીત?" માસ્લોવા હવે એકદમ ઘૂરકી ઊઠી; "મેં કશી વાતચીત નહોતી કરી. તમારે જે કરવું હોય તે કરો; હું ગુનેગાર નથી! બસ એથી વધારે હું કંઈ કહેવા માગતી નથી."

આ અરસામાં, પેટમાં ગરબડવાળા ન્યાયાધીશ મૅથ્યૂ નિકિટિચને કંઈક બેચેની જેવું લાગવા માંડતાં, પ્રેસિડન્ટે અદાલતનું કામકાજ દશ મિનિટ માટે સ્થગિત કરી દીધું.

અદાલતનો ઓરડો ખાલી થઈ ગયો. નેખ્લ્યૂદોવ પણ જૂરી-સભ્યોના કમરામાં જઈ, કંઈક વિચારમાં પડી જઈને બારી પાસે બેસી ગયો.

૭

પહેલી મુલાકાત

નેખ્લ્યૂદોવને ખાતરી થઈ ગઈ કે, તે કાટુશા જ હતી. કાટુશા એટલે —

૧

નેખ્લ્યૂદોવ યુનિવર્સિટીમાં ત્રીજા વર્ષમાં હતો, અને ઉનાળાની રજામાં જમીન-ભોગવટાના હક વિષે નિબંધ તૈયાર કરવા માગતો હતો. દર વર્ષે તે ઉનાળાની વૅકેશન, મૉસ્કો નજીક પોતાનાં માની મોટી જાગીર ઉપર, પોતાનાં મા અને બહેન સાથે ગાળતો; પરંતુ આ વર્ષે તેની બહેન પરણી ગઈ હતી, તથા તેનાં મા સારા પાણીના સ્થળે પરદેશ ગયાં હોવાથી, તેણે આ વૅકેશન પોતાની ફોઈઓ સાથે ગાળવાનું નક્કી કર્યું. ફોઈઓને નેખ્લ્યૂદોવ ઉપર બહુ મમતા હતી; કારણ કે, તે જ એમનો વારસદાર પણ હતો; તથા નેખ્લ્યૂદોવને પણ પોતાનો નિબંધ લખવાની દૃષ્ટિએ તેમનું ધાંધળ વિનાનું, સાદું અને જૂની-ઢબનું જીવન વધુ અનુકૂળ થઈ પડે તેમ હતું.

આ જ વર્ષે તેણે સ્પેન્સરનું ‘ સોશયલ સ્ટેટિક્સ ’ પુસ્તક વાંચ્યું હતું, અને જમીન-માલકી વિષેના સ્પેન્સરના વિચારોની તેના ઉપર ખાસ અસર પડી હતી. તેના પિતા બહુ તવંગર ન હતા, પરંતુ તેની માતા દહેજમાં દશ હજાર એકર લઈને આવી હતી. તે એવું માનતો થયો હતો કે, જમીન ઉપર ખાનગી માલકી-હક ધરાવવો એ નરી ક્રૂરતા અને અન્યાય છે. અને નેખ્લ્યૂદોવ એવી પ્રકૃતિનો માણસ હતો, જેને

ઉપર બરાબર
અંતરાત્માના અવાજને અનુસરવા જતાં જે કંઈ ત્યાગ ક
આપભોગ આપવો પડે, તે હંમેશ આનંદદાયક જ થઈ પડે;
-જેથી
તેણે મન સાથે નક્કી કર્યું હતું કે, પોતે જમીન ઉપરના માલક
તાં
જતા કરશે, અને પિતા તરફથી વારસામાં મળેલી બધી જમીન ખેડૂતોને
જ વહેંચી દેશે!

આ જમીન-માલકીના પ્રશ્ન ઉપર જ તે નિબંધ તૈયાર કરવા માગતો હતો.

ફોઈઓને ત્યાં તેનો કાર્યક્રમ આ મુજબ હતો – સવારના ત્રણ વાગ્યે વહેલા ઊઠી, ટેકરીની તળેટીમાં આવેલી નદીએ નાહવા જવું. પછી કૉફી પી લઈ, નિબંધ અંગે વાંચવા-લખવા બેસી જેવું. ઘણી વાર તે વાંચવા-લખવા બેસી જવાને બદલે, સવારના પહોરમાં, ખેતરમાં અને જંગલોમાં ફરવા નીકળી પડતો. ભોજન પહેલાં તે આવીને બગીચામાં ક્યાંક સૂઈ જતો. ભોજન દરમ્યાન ફોઈઓને વાતચીત વગેરેની સોબત આપતો; પછી તે ઘોડેસવારી કરવા જતો કે નદીમાં હોડી હંકારવા જતો. સાંજના તે ફોઈઓને કંઈક વાંચી સંભળાવતો, અથવા તેમની સાથે ગંજીફાથી 'પેશન્સ' બાજી રમતો.

ઘણી વાર રાતે પથારીમાં પેસી જવાને બદલે, – ખાસ કરીને ચાંદની રાતે – પોતાનાં વિવિધ સ્વપ્નો અને કલ્પનાઓમાં રાચતો તે બગીચામાં ટહેલ્યા કરતો – ઘણી વાર તો પ્રાતઃકાળ થવા આવે ત્યાં સુધી!

વૅકેશનનો પહેલો મહિનો તો આમ આનંદ-આરામ-શાંતિમાં ગયો. તે દરમ્યાન, ફોઈઓની અર્ધી-સગીર અને અર્ધી નોકરડી એવી પેલી ફૂટડી, કાળી આંખોવાળી, અને ઝડપી પગલાં ભરતી કાટુશા તરફ તેનું ખાસ લક્ષ ગયું ન હતું. નેખ્લ્યૂદોવ હજુ ઓગણીસ વર્ષનો હતો અને પોતાની માની દેખરેખ હેઠળ ઊછર્યો હોઈ, સ્ત્રી પ્રત્યેના આકર્ષણની બાબતમાં નિર્દોષ – નિષ્કલંક હતો. તેનાં સ્વપ્નોમાં કોઈ સ્ત્રી આવી હશે તો પણ તેની પત્ની તરીકે જ.

નાળામાં, સ્વર્ગારોહણ-પર્વને દિવસે, તેની ફોઈઓનો એક પોતાના કુટુંબ સાથે – એટલે કે, બે યુવાન દીકરીઓ, નિશાળે જતો છોકરો, તથા ખેડૂત-કુટુંબમાંથી આવેલો અને તેમની સાથે રહેતો એક કલાકાર, એટલાં જણને લઈને – એ દિવસ તેમની સાથે ગાળવા માટે આવ્યો. ચા-પાણી પત્યા પછી બધાં જુવાનિયાં ઘાસ કાપી લીધેલા બીડમાં 'વિધવા'ની રમત રમવા ગયાં, અને તેમાં કાટુશા પણ સામેલ થઈ. દોડાદોડ કરતાં કરતાં અને કેટલીય વાર ભિલ્લુઓ બદલ્યા બાદ, નેખ્લ્યૂદોવે કાટુશાને પકડી પાડી; એટલે તે હવે તેનો ભિલ્લુ બની.

પેલા યુવાન ખેડૂત કલાકારનો હવે એ બેને પકડવાનો દાવ આવ્યો; પણ તે બોલી ઊઠયો, "એ બે જણ ઠોકર ખાઈને ગબડી ન પડે, ત્યાં સુધી તેમને પકડવાં અશકય છે!"

કાટુશા હસતાં હસતાં બોલી: "લો, એ કેવી વાત છે! તમે અમને ન પકડી શકો એમ? તમારા ટૂંકા મજબૂત ધિંગા પગથી?"

કલાકારે હવે દાવ શરૂ કરવા 'એક, બે, ત્રણ' એમ મોઢેથી બોલી ત્રણ તાળીઓ પાડી; અને પછી પેલાં બે દિશા બદલી શકે એ માટે પોતે પીઠ ફેરવીને ઊભો રહ્યો.

કાટુશાએ પોતાનું હસવાનું રોકી, ચૂપકીથી દિશા બદલી લીધી, અને પછી નેખ્લ્યૂદોવનો હાથ પોતાના નાનકડા હાથમાં દબાવી, પોતે ડાબી દિશામાં દોડી અને નેખ્લ્યૂદોવ જમણી દિશાએ દોડયો.

થોડુંક દોડયા પછી નેખ્લ્યૂદોવે પાછા વળીને જોયું તો કલાકાર કાટુશા પાછળ દોડતો હતો. કાટુશા ખૂબ ઝડપથી દોડતી હતી. આગળની બાજુ ઝાડવાંનું એક ઝુંડ હતું. કાટુશાએ પોતાના માથા વડે નેખ્લ્યૂદોવને એ ઝુંડ પાછળ આવી જવાની નિશાની કરી. કારણ કે, એક વખત ફરીથી જો તે બંને એકબીજાનો હાથ પકડી લે, તો પછી પેલા કલાકારના પીછામાંથી તેઓ મુક્ત બની જાય. નેખ્લ્યૂદોવ નિશાની સમજી ગયો અને તરત એ ઝુંડ પાછળ દોડી ગયો. પરંતુ તેને ખબર ન હતી કે વચ્ચે ઘાસથી ઢંકાયેલી એક નાની ખાડી હતી. નેખ્લ્યૂદોવ તેમાં ગબડી

પડયો. ઘાસ ઝાકળથી ભીનું થઈ ગયું હતું. તે તેને હાથ ઉપર બરાબર કરડયું, પણ તે હસતો હસતો તરત ઊભો થઈ ગયો.

કાટુશાએ તેની તરફ દોડી આવીને તેનો હાથ પકડી લીધો – જેથી કલાકારનો પીછો ટળે. પછી છૂટા હાથે પોતાના વાળ સમા કરતાં કરતાં તેણે ખુશનુમા હાસ્ય સાથે નેખ્લ્યૂદોવ તરફ જોઈને કહ્યું, "ઘાસ હાથે બરાબર કરડયું છે ને?"

"વચ્ચે ખાડી હતી એની મને ખબર ન હતી," નેખ્લ્યૂદોવ પણ હસતો હસતો તથા તેનો હાથ પોતાના હાથમાં પકડી રાખીને બોલ્યો. પેલી હવે સહાનુભૂતિના ભાવથી તેની નજીક આવી, અને નેખ્લ્યૂદોવ કશી ખબર પડે તે પહેલાં તેના તરફ નીચો નમ્યો. પેલી નિર્દોષ ભાવે તેના સામું જોઈ રહી હતી તે વખતે નેખ્લ્યૂદોવે તેનો હાથ જોરથી દબાવી તેના હોઠ ઉપર ચુંબન કરી લીધું.

"વાહ? આ શું?" એમ કહેતી, તેના હાથમાંથી પોતાનો હાથ છોડાવી, કાટુશા દૂર દોડી ગઈ.

૨

આ ઘટના પછી નેખ્લ્યૂદોવ અને કાટુશા વચ્ચે એકબીજા પ્રત્યે ખેંચાયેલાં યુવાન-યુવતી તરીકેનો વિચિત્ર-શુદ્ધ-નિર્દોષ સંબંધ શરૂ થયો.

કાટુશા જ્યારે તેના કમરામાં આવે, અથવા જ્યારે કાટુશાનો સફેદ ઉપરણો દૂરથી પણ તેની નજરે પડે, ત્યારે નેખ્લ્યૂદોવની નજરે બધી વસ્તુઓ જાણે ઉજ્જવળ બની ઊઠતી: સૂર્ય દેખાય ત્યારે બધી વસ્તુઓ વધુ રસ-આનંદ-અને-મહત્ત્વ-ભરી બની રહે છે તેમ.

કાટુશા સામે હોય ત્યારે જ તેને એવું લાગતું એમ નહોતું; – કાટુશા હયાત છે એટલા ખ્યાલ માત્રે જ તેનું અંતર આનંદથી છલકાવા લાગતું. મૂંઝવણમાં પડાય એવું કે ખિન્ન થઈ જવાય એવું કશુંક બને – અરે, નિબંધનું કામ સંતોષકારક રીતે આગળ નથી ચાલતું એવો વિચાર આવે, ત્યારે પણ, માત્ર કાટુશાને યાદ કરે કે નેખ્લ્યૂદોવનાં બધાં ગમગીનીનાં વાદળ તરત જ વીખરાઈ જાય!

કાટુશાની પણ એવી જ સ્થિતિ હતી. કાટુશાને ઘરમાં ખૂબ કામકાજ કરવાનું રહેતું; પરંતુ તે ગમે તેમ કરી વાંચવાનો થોડો ઘણો સમય કાઢતી અને નેખ્લ્યૂદોવ તેને દસ્તયેસ્કી અને તુર્ગનીફની વાર્તાઓ વાંચવા આપતો. ઓસરીમાં, વરંડામાં, વાડામાં કે પોતાનાં ફોઈની બુઢ્ઢી નોકરડી માત્રોના પાવ્લોવ્નાના કમરામાં – જ્યાં તે અવારનવાર ચા પીવા જતો, ત્યાં બધે તે બંને સામસામાં ભેગાં મળે, ત્યારે કંઈક વાતચીત પણ કરી લેતાં. માત્રોના પાવ્લોવ્નાની હાજરીમાં જે વાતચીત થતી તે ઘણી આનંદભરી હોતી; પરંતુ તેઓ એકલાં પડે ત્યારે વાત વણસી જતી – તેમની આંખો તેમનાં મોં જે વાત બોલતાં તે કરતાં તદ્દન જુદી તથા વધુ અગત્યની વાતો કહેવા માંડતી; તેઓના હોઠ ધ્રૂજી ઊઠતા અને તેઓને કશી બાબતનો એવો ભય લાગતો કે તેઓ એકદમ છૂટાં પડી જતાં.

ફોઈઓ નેખ્લ્યૂદોવ અને કાટુશા વચ્ચેના આ સંબંધો જોઈ ચોંકી ઊઠી અને તેમણે નેખ્લ્યૂદોવની મા પ્રિન્સેસ હેલેના ઇવાનોવ્નાને પત્ર લખી આ વાતની ખબર પણ આપી. ફોઈ મૅરી ઈવાનોવ્નાને એવો ડર હતો કે નેખ્લ્યૂદોવ કાટુશા સાથે અનિચ્છનીય સંબંધ બાંધશે. પરંતુ તેમનો એ ડર પાયા વિનાનો હતો; કારણ કે, નેખ્લ્યૂદોવનો કાટુશા પ્રત્યેનો સંબંધ પવિત્ર હતો – કાટુશા સાથે કશા અજુગતા શારીરિક સંબંધનો ખ્યાલ માત્ર આવતાં તે ભય-ત્રાસથી ચોંકી ઊઠતો. ત્યારે બીજી ફોઈ સોફાયા ઈવાનોવ્નાને એવો ડર હતો કે, નેખ્લ્યૂદોવ જેવો દૃઢનિશ્ચયી જુવાનિયો એક વખત કાટુશા પ્રત્યે પ્રેમભાવથી ખેંચાશે તો પછી તેના કુળનો કે તેના હોદ્દાનો વિચાર કર્યા વિના તેને પરણવાનું જ નક્કી કરી બેસશે. તેનો આ ડર કંઈકે પાયાદાર કહેવાય. નેખ્લ્યૂદોવને જો કાટુશા માટેના પોતાના પ્રેમનું તે વખતે ભાન હોત, તથા કોઈએ તેને મનાઈ કરી હોત કે, આવી કુળ કે પ્રતિષ્ઠા વિનાની છોકરી સાથે કોઈ હિસાબે તેનાથી લગ્ન ન થઈ શકે, તો જરૂર તે એવા નિશ્ચય ઉપર પહોંચ્યો હોત કે, પોતે જો ખરેખર તે છોકરી ઉપર

પ્રેમ કરતો હોય, તો એવાં કુળ-ખાનદાનનાં કારણોએ તેની સાથે લગ્ન કરતા રોકાવું એ સર્વથા અનુચિત જ કહેવાય!

પરંતુ ફોઈઓએ એને સીધી તો કશી જ વાત કરી નહિ; એટલે જ્યારે નેખ્લ્યૂદોવ રજા પૂરી થયે વિદાય થવા લાગ્યો, ત્યારે ફોઈઓની પાછળ આંખમાં આંસુ સાથે ઊભેલી કાટુશા તરફ જોઈને તે બોલ્યો —

"આવજે કાટુશા! તેં આટલા દિવસ જે ભાવ બતાવ્યો, તે માટે આભાર."

કાટુશાએ પણ પોતાના ખુશનુમા મધુર અવાજે જવાબ આપ્યો, "આવજો, પ્રિન્સ ડિમ્ટ્રી ઈવાનિચ." અને પછી તરત પોતાનાં ધસી આવેલાં આંસુ છુપાવવા તે બીજા કમરામાં દોડી ગઈ.

-
નુ
એ
મા

૮

લશ્કરી માણસનું ઘડતર

૧

એ પ્રથમ મુલાકાત પછી નેખ્લ્યૂદોવ બે વર્ષથી પણ વધુ સમય લગી ફરીથી કાટુશાની ભેગો થઈ શક્યો નહીં. જ્યારે તે ફરીથી ભેગો થયો, ત્યારે તો તેને લશ્કરમાં અફસરના હોદ્દા ઉપર બઢતી મળી હતી અને મોરચે પહોંચેલી પોતાની ટુકડી સાથે જોડાવા તે ઊપડ્યો હતો.

રસ્તામાં થોડા દિવસ ફોઈઓ સાથે ગાળવા તે તેમને ત્યાં આવી પહોંચ્યો. પરંતુ ત્રણ વર્ષ પહેલાં ઉનાળાની રજાઓમાં તે આવ્યો હતો તેના કરતાં અત્યારે તે જુદો જ માણસ બની રહ્યો હતો. તે વખતે તો તે નિખાલસ, નિઃસ્વાર્થ જુવાનિયો હતો, જે કોઈ પણ સારા પ્રયોજન માટે તરત સ્વાર્થત્યાગ કરવા તૈયાર થઈ જાય. પરંતુ અત્યારે તો તે ભ્રષ્ટ, આત્મકેન્દ્રીય, 'પૉલિશ્ડ' ઈશ્કી-ટટ્ટુ બની ગયો હતો, જેને માત્ર પોતાના સુખભોગની જ પરવા હતી. પહેલાં સ્ત્રીઓ તેને ગૂઢતામાં વીંટળાયેલી જગતની અનોખી કૃતિઓ લાગતી હતી; હવે પોતાના કુટુંબની સ્ત્રીઓ અને મિત્રોની પત્નીઓ બાદ કરતાં, સ્ત્રીમાત્ર તેને કામ-ભોગનાં મનોરંજક સાધનરૂપ જ દેખાતી હતી. પહેલાં પૈસાની તેને જરૂર પડતી નહિ; કારણ કે, તેની માતા તેને જેટલ પૈસા વાપરવા આપતી તેના ત્રીજા ભાગ જેટલી રકમનો પણ ત ઉપયોગ કરતો નહીં; પણ હવે તો તેની માતા તેને મહિને પંદરસે

રૂબલ આપતી, તે પણ તેને પૂરતા થતા નહિ, અને તે બદલ મા સાથે ક્યારની તેને થોડી ચડભડ થઈ ચૂકી હતી.

પહેલાં તે પોતાના સૂક્ષ્મ અંતરાત્માને 'હું' માનતો; હવે પોતાના સ્થૂળ, નીરોગી, બળશાળી પ્રાણી-શરીરને તે 'હું' માનતો થયો હતો.

આ ભયંકર ફેરફાર થવાનું કારણ એ હતું કે, તેણે હવે પોતાની સમજને અનુસરવાનું છોડી, બીજાઓની સમજને અનુસરવાનું શરૂ કર્યું હતું. અને એમ કરવાનું કારણ એ હતું કે, પોતાની સમજને – પોતાના અંતરના અવાજને – અનુસરવું એ તેને વધુ મુશ્કેલ લાગવા માંડયું હતું; કારણ કે, તેમ કરવા જવામાં તેને પોતાના પ્રાણી-શરીર અર્થાત્ ઇંદ્રિયોની માગણીઓની સતત વિરુદ્ધ જવું પડતું; ત્યારે બીજાઓને અનુસરવામાં તો એ પ્રાણી-શરીરની કામનાઓને જ વશ થવાપણું રહેલું હતું. ઉપરાંત, અંતરાત્માને અનુસરવામાં આસપાસના બધાઓની ટીકાઓ કે નિંદા વેઠવાની તેને થતી; ત્યારે બીજાઓને અનુસરવામાં તો તેમની સંમતિ આપોઆપ જ મળી ગયેલી હોતી.

પહેલાં જ્યારે જ્યારે તે પોતાની જરૂરિયાતોને મર્યાદિત રાખવા ઇચ્છતો, જૂનો ડગલો પહેરવાનું ચાલુ રાખતો, તથા દારૂ નહોતો પીતો, ત્યારે બધા તેને 'વિચિત્ર' કે 'ધૂની' માણસ માનતા; પણ જ્યારથી તેણે શિકાર-પાર્ટીઓ પાછળ મોટી રકમો ખર્ચવાનું શરૂ કર્યું, તથા પોતાને માટે સુંદર અને ભવ્ય અભ્યાસગૃહ સજાવ્યું, ત્યારે દરેક જણ તેની રસ-વૃત્તિનાં વખાણ કરવા લાગ્યું, તથા તેને ઉત્તેજન આપવા લાગ્યું.

પહેલાં જ્યારે તે શુદ્ધ તથા ઇંદ્રિયનિગ્રહી રહ્યો હતો તથા પરણતા સુધી તેવો જ રહેવા માગતો હતો, ત્યારે તેનાં મિત્રો તેની તબિયતને નુકસાન થશે એવી ચિંતા કર્યા કરતાં; પરંતુ હવે જ્યારે તેણે તેના એક મિત્રની ફ્રેંચ પ્રેમિકાને ભોળવી લીધી, ત્યારે એ વાત જાણીને તેની મા પણ તેને સાચો 'મરદ' બનતો જોઈ રાજી થઈ હતી.

એ જ પ્રમાણે, જ્યારે તે પુખ્ત ઉંમરનો થયો ત્યારે જમીન ઉપર અંગત માલકી-હક ધરાવવો અન્યાયી માનીને, તેણે પિતા પાસેથી વારસામાં મળેલી નાની જાગીરને એ ખેડનાર ખેડૂતોને વહેંચી દીધી, ત્યારે તેની મા તથા તેનાં કુટુંબીઓ ભારે નિરાશ થયાં હતાં; તથા તેને એમ કહીને વારંવાર ટોકતાં કે, જે ખેડૂતોને તેણે જમીન આપી દીધી હતી, તે બધા તવંગર થવાને બદલે દારૂનાં પીઠાંમાં પડી રહી, ઊલટા આળસુ તથા વધુ કંગાળ બની ગયા હતા. પરંતુ જ્યારે નેખ્લ્યૂદોવ અંગરક્ષક-ટુકડીમાં ભરતી થયો અને પોતાના બીજા ખાનદાન સાથીઓ સાથે એટલા બધા પૈસા મોજશોખમાં ઉડાવવા લાગ્યો કે, તેની માતાને પોતાનાં મૂડી-મુદ્દલમાં હાથ નાખવો પડયો, ત્યારે પણ, પોતાનો પુત્ર ‘લાયક’ સોબતમાં વહેલી ઉંમરથી પુરુષાતન દાખવતો થયો, તે બદલ તેને આનંદ જ થયો.

અલબત્ત, શરૂઆતમાં તો નેખ્લ્યૂદોવને પોતાના અંતરના અવાજને રૂંધવા જતાં મુશ્કેલી પડી હતી, તથા બળતરા જેવું પણ થયા કરતું; પરંતુ પછી દારૂ અને ધૂમ્રપાન એ બેની મદદથી તે એ ખટકાને ઓળંગી ગયો અને પછી તો ભારે આરામ અનુભવવા લાગ્યો.

લશ્કરી જીવન સામાન્ય રીતે જુવાન માણસને ભ્રષ્ટ કરે છે. તેને પૂરેપૂરા આળસમાં પોતાનો વખત ગાળવાનો હોય છે; બુદ્ધિયુક્ત તથા ઉપયોગી કશું કામ કરવાનું હોતું નથી. માનવ તરીકેનાં તેનાં આવશ્યક કર્તવ્યોનું સ્થાન, તેની ટુકડી, ગણવેશ અને તેના ધ્વજની ઇજ્જત માટેનાં માની લીધેલાં કર્તવ્યો લે છે. એક બાજુ બીજાં માણસો ઉપર તેને સર્વતોમુખી સત્તા મળે છે, ત્યારે બીજી બાજુ પોતાનાથી ઊંચા હોદ્દાવાળાઓ પ્રત્યે તેને કેવળ જડ આજ્ઞાંકિતતા દાખવવાની હોય છે.

પરંતુ લશ્કરી જીવનની આ સામાન્ય ભ્રષ્ટતા સાથે જ્યારે વિપુલ ધન-સંપત્તિથી થતી ભ્રષ્ટતા ઉમેરાય, (કારણ કે, ખાસ શાહી પસંદગીની ગાર્ડ્ઝની રેજિમેન્ટમાં બધા અફસરો તવંગર તથા ખાનદાન કુટુંબના હોય છે,) ત્યારે તો આ ભ્રષ્ટતા સીધી કટ્ટર આત્મકેન્દ્રીયતામાં પરિણમે છે.

તેને આખો વખત સુંદર વર્દી પહેરીને (– જે વર્દી બીજાઓ જ સારી રીતે સીવી આપતા તથા તેને સાફસૂફ રાખતા), ચકચકિત હથિયારો સાથે (– કે જે હથિયારો પણ બીજાઓ જ બનાવતા તથા સુંદર ચકચકિત કરીને તેના હાથમાં મૂકતા), સુંદર ઘોડા ઉપર બેસીને (– કે જે ઘોડાને પણ બીજાઓ જ ઉછેરીને, પલોટીને તથા ખવરાવી-પીવરાવીને તેને માટે તૈયાર રાખતા,) પરેડ કરવાનો જ ધંધો હતો. તેના જેવા બીજા સોબતીઓ સાથે તે તલવારની પટાબાજી ખેલતો, બંદૂકો ફોડતો તથા બીજાઓને તેવું જ કરવાનું શીખવતો. ઝાર બાદશાહે તથા તેમના દરબારીઓએ ખાનદાન જુવાનો માટે આ જ ધંધો મંજૂર રાખ્યો હતો તથા એમ કરનારા તેઓને ઉપરથી શાબાશી અને મબલક ધન્યવાદ મળતાં.

આ ઉપરાંત લશ્કરના અફસરોને બીજું જે અગત્યનું કામ કરવાનું રહેતું, તે એ કે, અફસરોની કલબોમાં જઈ સારું સારું ખાવું, ખાસ કરીને ખૂબ ખૂબ ઢીંચવું, તથા પછી થિયેટરોમાં, નૃત્ય-ગૃહોમાં અને સ્ત્રીઓની સોબતમાં વખત ગાળવો. એમ મહાલ્યા પછી પાછા ફરીથી ઘોડા ઉપર તરવારો ચમકાવતા અને ખદડૂક ખદડૂક કરતા બરાકોમાં પાછા આવવું અને ફરીથી એ જ રીતે દારૂ, ગંજીફો અને સ્ત્રીઓ પાછળ વખત અને પૈસા ઉડાવવા.

આ જાતનું જીવન બીજાઓ કરતાં લશ્કરી માણસોને વધુ ભ્રષ્ટ કરે છે. કારણ કે તેઓ સિવાયના બીજા માણસો તો આવું જીવન ગાળવા જાય તો અંતરમાં શરમિંદા બન્યા વિના ન રહે. પરંતુ લશ્કરી માણસો તો આવા જીવનમાં જ ગર્વ અનુભવતા હોય છે; ખાસ કરીને લડાઈના વખતમાં તો તેઓ એમ જ માને છે અને કહે છે કે, ‘અમારે ઈમાં અમારાં જીવન હોમવા જ તત્પર રહેવાનું હોય છે, એટલે ાનમાં આમ આનંદ માણી લેવો અમારે માટે ક્ષમ્ય કહેવાય એટલું ાહિ પણ આવશ્યક ગણાય!’

નેખ્લ્યૂદોવ ત્રણ વર્ષની ગેરહાજરી બાદ ફોઈઓની ફરીથી મુલાકાતે આવ્યો, ત્યારે તેનું ઘડતર આ પ્રમાણે થઈ ચૂકયું હતું.

૨

તુર્કો સાથે લડાઈ જાહેર થઈ હતી, અને નેખ્લ્યૂદોવની રેજિમેન્ટ કયારની મોરચા ઉપર પહોંચી ગઈ હતી. નેખ્લ્યૂદોવની ફોઈઓની જાગીર રસ્તામાં જ આવતી હોવાથી, નેખ્લ્યૂદોવને તેમણે આગ્રહપૂર્વક પોતાને ત્યાં થોડુંક રોકાવા આમંત્ર્યો.

નેખ્લ્યૂદોવને પણ પોતાની આનંદી તથા વાત્સલ્યભરી બુઢ્ઢી ફોઈઓને મળવાનું મન હતું, અને સાથે સાથે પોતાના નવા જુસ્સામાં ફોઈઓની પેલી મીઠડી કાટુશાને મળવાનું પણ મન હતું.

માર્ચના અંતમાં ગૂડ-ફ્રાઈડેને દિવસે જ તે ફોઈઓને ત્યાં આવ્યો. તે વખતે વરસાદ ધોધમાર વરસતો હતો અને તેના શરીર ઉપર એક તાંતણો પણ કોરો રહ્યો ન હતો. સ્લેજ-ગાડી*નો ઘંટ સાંભળીને કાટુશા જ સામી આવશે, એમ તે માનતો હતો; પરંતુ નેખ્લ્યૂદોવે જોયું કે, બાજુના બારણાએથી નીકળી આવેલી નોકરડીઓમાં કાટુશા ન હતી. મુખ્ય બારણા આગળ પણ તે ન આવી. ત્યાં પણ ઘરનો મુખ્ય નોકર ટિખોન જ ઊભેલો હતો. તેની ફોઈ સોફાયા તેના આવ્યાનો અવાજ સાંભળી બહાર ઓસરીમાં સામી દોડી આવી – મૅરી ફોઈની તબિયત જરા અઠીક હતી.

સોફાયાફોઈએ તેને ભાવપૂર્વક ચુંબન કર્યું; પણ નેખ્લ્યૂદોવનાં ભીનાં કપડાંને કારણે તે ભીની થઈ ગઈ. નેખ્લ્યૂદોવે એ બદલ ફોઈની ક્ષમા માગી; પણ તેમણે તો નેખ્લ્યૂદોવની તબિયતની ફિકર કરીને તેને જલદી જલદી પોતાના કમરામાં જઈ કપડાં બદલી લેવા જણાવ્યું અને કાટુશાને બૂમ પાડીને જલદી ગરમાગરમ કૉફી તૈયાર કરી લાવવા કહ્યું.

" આ લાવી," એવો નેખ્લ્યૂદોવને પરિચિત અને વહાલો અવાજ બાજુમાં કયાંકથી સંભળાયો. અને કાટુશા ઘરમાં છે, એ જાણતાં)

---

* પૈડાં વિના, બરફ ઉપર લપસીને ચાલતું વાહન. (ઘોડા વગેરેથી)

નેખ્લ્યૂદોવને જાણે સૂર્ય વાદળ નીચેથી બહાર નીકળી આવ્યો હોય એવો આનંદ થયો.

નેખ્લ્યૂદોવે ટિખોનની મદદથી ભીનાં કપડાં ઉતારી નાખ્યાં અને પછી કોરાં કપડાં પહેરવાનાં શરૂ કર્યાં; તેટલામાં જ બારણા બહાર પોતાને જાણીતાં એવાં પગલાં સંભળાયાં અને એવો જ પરિચિત એક ધીમો ટકોરો. કાટુશા વિના કોઈ એ રીતે ચાલે નહિ તથા ટકોરો મારી જાણે નહિ!

નેખ્લ્યૂદોવે તરત પોતાનો મોટો ઓવરકોટ શરીર ઉપર ઢાંકી દઈ, બારણું ઉઘાડતાં હસીને કહ્યું, "આવ!"

ફોઈઓએ નેખ્લ્યૂદોવ માટે મોકલેલો નવો જ રૅપર તોડેલો સુગંધી સાબુ તથા ટુવાલ આપવા કાટુશા આવી હતી.

નેખ્લ્યૂદોવને જોઈને કાટુશાને જે અદમ્ય આનંદ થયો તે દબાવવા જતાં તેણે પોતાના ભીડેલા હોઠ, ટેવ મુજબ, જરા મરડચા. મોઢા ઉપર શરમના લાલ લાલ શેરડા સાથે તે મહાપરાણે બોલી, "કેમ છો, ડ્મિટ્રી ઇવાનિચ?"

"ગૂડ-મૉર્નિંગ! તું કેમ છે?" નેખ્લ્યૂદોવે પણ શરમના શેરડાવાળા મોંએ કહ્યું; "જીવતી તથા ભલચંગી તો છે ને?"

"ભગવાનની દયા છે, હું ભલી-ચંગી છું. આ તમારો માનીતો ગુલાબી સાબુ, તમારાં ફોઈબાઓએ મોકલાવ્યો છે," એમ કહી તેણે સાબુ ટેબલ ઉપર મૂકીને બંને ટુવાલો ખુરશીની પીઠ ઉપર ભરવી દીધા.

"મારી પાસે બધું જ છે; પરંતુ આટલી બધી કાળજી રાખવા બદલ મારી ફોઈઓનો મારા વતી આભાર માનજે! અહીં આવતાં મને તેથી જ કેટલો બધો આનંદ થાય છે!"

કાટુશા જવાબમાં સહેજ હસીને બહાર ચાલી ગઈ.

૯

પ્રેમની પાવકતા

૧

નેખ્લ્યૂદોવની ફોઈઓ તેને હંમેશાં મમતાપૂર્વક ચાહતી. પરંતુ આ વખતે તો તે યુદ્ધમોરચે જતો હોઈ, તેઓએ દાખવવા માંડેલી માયા-મમતાનો પાર ન રહ્યો.

નેખ્લ્યૂદોવ એક દિવસ અને રાત જ અહીં રહેવાનું નક્કી કરીને આવ્યો હતો; પરંતુ કાટુશાને જોતાં જ તેણે ઈસ્ટર તહેવાર પૂરો થાય ત્યાં સુધી ફોઈઓ સાથે જ રહેવાનું કબૂલ કર્યું. તરત તેણે પોતાના મિત્ર શ્નોનબૉકને તાર કરીને અહીં જ તેડાવી લીધો. નહીં તો, પહેલાંની ગોઠવણ મુજબ, નેખ્લ્યૂદોવ તેને ઓડેસ્સામાં ભેગો થવાનો હતો.

કાટુશાને નેખ્લ્યૂદોવે જોઈ તેની સાથે જ તેના દિલમાં તેના પ્રત્યેની પહેલાંની વૃત્તિઓ જાગી ઊઠી હતી. પહેલાંની પેઠે જ હવે પણ તે હૃદય ધડકી ઊઠયા વિના તેનું સફેદ ઉપરણું જોઈ શકતો નહીં, કે તેનો બોલવાનો-હસવાનો-કે-પગલાંનો અવાજ આનંદવિભોર બન્યા વિના સાંભળી શકતો નહિ. તેની કાળી આંખો સામે જોતાં – અને ખાસ કરીને તે સ્મિત કરતી હોય ત્યારે – તેનામાં એક પ્રકારનો મધુર ભાવ ઊછળી આવતો. તેઓ બંને જ્યારે અચાનક સામસામી ભેગાં થઈ જતાં, ત્યારે કાટુશા કેટલી બધી શરમાઈ જતી, એ જોઈને તો નેખ્લ્યૂદોવ એક પ્રકારની મીઠી ઉત્તેજના જ અનુભવતો.

તેને ખાતરી થઈ ચૂકી હતી કે, પોતે કાટુશાના પ્રેમમાં છે. પરંતુ પહેલાં તો એ પ્રેમ તેને મન એક ગૂઢ પવિત્ર ચીજ હતી અને પોતાના

અંતરમાં ગુપ્ત રીતે પણ કાટુશા પ્રત્યેનો પ્રેમ તે કબૂલ રાખી શકયો ન હોત. તે વખતે તે દૃઢપણે માનતો કે, પ્રેમ તો એક જ વાર થઈ શકે –એટલે કે જેની સાથે લગ્ન કરવાનું હોય તેની સાથે.

નેખ્લ્યૂદોવમાં, દરેક માણસની પેઠે, જાણે બે સત્ત્વો રહેલાં હતાં: એક આધ્યાત્મિક સત્ત્વ હતું, જે પોતાને માટે પણ એવો જ આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે કે જે બીજાં બધાંના આનંદમાં પરિણમે; ત્યારે બીજું હતું છેક પાશવિક સત્ત્વ, જે માત્ર પોતાના સુખને માટે બાકીની આખી દુનિયાના સુખનો ભોગ આપી દે. અને પિટર્સબર્ગના તથા લશ્કરી કંપના જીવને તેનામાંના એ પશુને જ ઉપર આણી દીધું હતું; તેની નીચે પેલું આધ્યાત્મિક સત્ત્વ તો સદંતર કચરાઈ-છૂંદાઈ ગયું હતું.

પણ તેણે જ્યારે કાટુશાને જોઈ, ત્યારે ત્રણ વર્ષ પહેલાં તેના પ્રત્યે જે પવિત્ર ભાવનાઓ તે ધારણ કરતો હતો, તે જ ભાવનાઓ તેના અંતરમાં પ્રગટી આવી અને તેના અંતરમાંના પેલા આધ્યાત્મિક સત્ત્વે ઝટ દઈને માથું ઊંચું કર્યું. પરિણામે ઈસ્ટર સુધીના બે આખા દિવસ સુધી તેના અંતરમાં વણકથ્યું વણપ્રીછ્યું એક ઘમસાણ મચી રહ્યું.

તેના અંતરમાં વારંવાર અવાજ ઊઠયા કરતો કે, તેણે અહીંથી ચાલ્યા જવું જોઈએ; અહીં ફોઈઓને ત્યાં વધુ રોકાવાનું કંઈ જ કારણ નથી; અને તેમ કરવાનું પરિણામ સારું નહિ આવે. પરંતુ તેના અંગેઅંગમાં એવો આનંદ ઊભરાતો હતો કે, તેણે આ અવાજ પ્રત્યે લક્ષ જ ન આપ્યું.

૨

ઈસ્ટરની આગલી રાતે પાદરીઓ વગેરે ફોઈઓને ઘેર આવ્યા અને ત્યાં પૂજાવિધિ થયો. નેખ્લ્યૂદોવ ફોઈઓ અને નોકરો સાથે એ વિધિમાં હાજર રહ્યો. બારણા પાસે ઊભી રહેલી અને પાદરીઓ માટે ધૂપિયાં લાવેલી કાટુશા તરફ તે આખા વિધિ દરમ્યાન સતત જોઈ રહ્યો હતો. પછી મધરાત થઈ ન હોવા છતાં પાદરીઓને અને પોતાની ફોઈઓને ઈસ્ટર-ચુંબન કરી લઈ તે સૂવા ચાલ્યો ગયો.

મોડી રાતે પૂજાવિધિ પૂરો થયા બાદ બુઢ્ઢી નોકરડી માત્રેના પાવ્લોવ્નાને ઈસ્ટર-કેક તથા ક્રીમ-ચીઝનો પ્રસાદ કરાવી લાવવા દેવળ તરફ જતી જાણીને, તેને પણ દેવળે જવાનું મન થઈ આવ્યું; અને તે પણ થોડી વાર બાદ ઘોડા ઉપર બેસીને ઊપડયો. જોકે, અંધારામાં બરફ તથા ખાબોચિયાંવાળા રસ્તે થઈને જવાનું હોવાથી ઘોડો માત્ર ચાલવાની ગતિએ જ તેને લઈ જવો પડયો.

દેવળ બહાર ઊભેલા ખેડૂતો મૅરી ઈવાનોવ્નાના ભત્રીજાને ઓળખી ગયા. તરત તેમણે તેના ઘોડાને કોરી જમીન આગળ દોરી લીધો તથા નેખ્લ્યૂદોવ ઊતર્યો એટલે ઘોડાને યોગ્ય જગાએ સંભાળપૂર્વક બાંધી દીધો. પછી તેઓ નેખ્લ્યૂદોવને દેવળ તરફ દોરી ચાલ્યા.

દેવળ માણસોથી ભરાઈ ગયું હતું. જમણી બાજુએ ખેડૂતો ઊભા હતા, ડાબી બાજુએ સ્ત્રીઓ ઊભી હતી. સૌની નજર પૂજાવિધિ તરફ જ હતી. નાનાં છોકરાં પોતાનાં મા-બાપ કરે તેમ ડોકું નમાવી નમસ્કાર કરતાં હતાં.

નેખ્લ્યૂદોવ સૌની આગળની બાજુએ ચાલ્યો આવ્યો. દેવળની મધ્યમાં ખાનદાન ગણાતાં કુટુંબોનાં માણસો ઊભાં હતાં. તેમની પાછળ તેણે માત્રેના પાવ્લોવ્નાને કિનારી ભરેલી શાલ ઓઢીને ઊભેલી જોઈ; કાટુશા પણ તેની પાસે જ ઊભી હતી, – સાદો પણ સુંદર પોશાક પહેરીને.

નેખ્લ્યૂદોવને લાગ્યા વિના ન રહ્યું કે, પોતે આવ્યો છે એની કાટુશાને ખબર પડી ગઈ છે – જો કે તે આડું જ જોઈ રહી હતી. પૂજાવિધિ પૂરો થતાં સૌ કોઈ બોલી ઊઠયાં, ‘ઈશુ ખ્રિસ્તનો જય!’* અને નેખ્લ્યૂદોવે વેદી તરફ જતાં કાટુશા આગળ થઈને પસાર થતી વેળાએ તેને કશું કહેવાનું ન હોવાથી કહેવા ખાતર એટલું જ કહ્યું,

* ઈશુખ્રિસ્તનું પુનરુજ્જીવન થયું – કબરમાંથી ફરી ઊઠયા – એવા અર્થનું મૂળ વાકય છે.

"ફોઈએ મને એમ કહ્યું હતું કે, પૂજા પૂરી થયા પછી જ તે પોતાના ઉપવાસનાં પારણાં કરશે."

કાટુશાના મધુર મુખ ઉપર લાલ લોહી ધસી આવ્યું – જેમ તે જ્યારે જ્યારે નેખ્લ્યૂદોવ સામે જોતી ત્યારે થતું. તેણે આનંદ ઊભરાતી પોતાની આંખો ઊંચી કરીને નેખ્લ્યૂદોવ સામું જોઈને મધુર સ્મિત સાથે કહ્યું, 'હા, મને ખબર છે!'

તે જ ઘડીએ મંદિરનો કર્મચારી એક વાસણમાં પવિત્ર જળ લઈને જતો હતો. તેણે નેખ્લ્યૂદોવને જોઈ, તેની સાથે પોતાનું શરીર ન ઘસાય તેવો આદરભાવ દાખવવા, સામે ઊભેલ વ્યક્તિ સાથે વધારે ઘસાઈને તે ચાલ્યો. એ વ્યક્તિ કાટુશા હતી અને પેલો તેને જોયા વિના કે ઓળખ્યા વિના ઘસાઈને ચાલ્યો ગયો, તે જોઈ નેખ્લ્યૂદોવને નવાઈ લાગી.

આ બધું – અરે આખું જગત કાટુશા માટે નહિ, તો બીજા શાને માટે હતું? બીજા કોઈ તરફ લક્ષ ન અપાય તે ચાલે, પણ કાટુશા તરફ લક્ષ ન આપે, એ કેમ બને?

૩

સૌ કોઈ હવે "ઈશુખ્રિસ્તની જય!" બોલતા બોલતા એક-બીજાને ઈસ્ટર-ચુંબન કરવા લાગ્યા. આ પ્રસંગે ગરીબ-તવંગર એવા ભેદ સૌ કોઈ ભૂલીને વર્તતું;– એ પવિત્ર વાતાવરણમાં સૌ ઈશ્વરનાં એક સમાન સંતાન છે, એવો ભાવ જ પ્રવર્તતો. જેને દાન આપવામાં આવતું એ ભિખારી પણ દાન આપનારને ઈસ્ટર-ચુંબન કરતા.

બહાર નીકળતાં બુઠ્ઠી માત્રોના પાવ્લોવ્નાએ પણ નેખ્લ્યૂદોવને જોઈ તેની સામે પોતાના હોઠ ધર્યા અને કહ્યું, "ઈશુખ્રિસ્તનો જય!"

સામા 'ઈશુખ્રિસ્તનો જય!' કહીને નેખ્લ્યૂદોવે તેને ચુંબન કર્યું. પછી તેણે કાટુશા તરફ જોયું. તે તો શરમથી લાલ લાલ થઈ ગઈ; પણ તેની નજીક તો આવી જ અને બોલી, "ઈશુખ્રિસ્તનો જય! દિમિટ્રી ઇવાનિચ!" નેખ્લ્યૂદોવે સામા 'ઈશુખ્રિસ્તનો જય' કહીને તેને

બે વખત ચુંબન કર્યું; અને ત્રીજું ચુંબન આવશ્યક છે કે નહિ, એ બાબતનો જાણે થોડો વિચાર કરી લીધો હોય તેમ થોડું થોભીને ત્રીજું ચુંબન પણ કર્યું.

કાટુશાના અંતરનો ભક્તિભાવ અને પ્રેમભાવ અત્યારે સહસ્ર ધારાએ તેના નિર્દોષ મુગ્ધ અંતરમાંથી ઊભરાઈ રહ્યો હતો.

અને નેખ્લ્યૂદોવ પણ અત્યારે કાટુશાના નિર્દોષ નિર્મળ પ્રેમ-પ્રકાશમાં તરબોળ થઈને પાવન થઈ ઊઠયો.

શ્રેય અને પ્રેય

૧

દેવળમાંથી પાછા આવ્યા બાદ નેખ્લ્યૂદોવે ફોઈઓ સાથે ઉપવાસનાં પારણાં કર્યાં અને રેજિમેન્ટમાં જોડાયા બાદ પડેલી ટેવ મુજબ થોડો દારૂ પીધો. પછી તો પોતાના કમરામાં જઈને પહેરેલે કપડે જ તે સૂઈ ગયો અને ઘસઘસાટ ઊંઘવા લાગ્યો.

અચાનક બારણે ટકોરો પડવાથી તે જાગી ઊઠ્યો. તે સમજી ગયો કે એ 'તેનો' ટકોરો છે. તે તરત જ આંખો ચોળતો, આળસ મરડીને ઊભો થઈ ગયો.

"કાટુશા, તું છે કે? અંદર આવ," તેણે કહ્યું. પેલીએ બારણું ઉઘાડ્યું.

"જમવાનું તૈયાર છે."

"ઠીક હું આવી પહોંચું છું," એમ કહી તેણે વાળ ઓળવા કાંસકો હાથમાં લીધો.

કાટુશા ચાલી જવાને બદલે એક મિનિટ ત્યાં જ ઊભી રહી. નેખ્લ્યૂદોવે એ જોયું એટલે તેણે તરત હાથમાંનો કાંસકો મૂકી દઈ, તેની પાસે જવા એક પગલું ભર્યું. તે જ ક્ષણે કાટુશા ઓચિંતી ઉતાવળે પગલે બહારના પૅસેજમાં પાથરેલી શેતરંજી ઉપર થઈને ચાલી ગઈ.

"હું કેવોક ગધેડો છું!" નેખ્લ્યૂદોવે વિચાર્યું; "મેં તેને અટકાવી કેમ નહિ?" અને તરત તેણે તેની પાછળ દોડીને તેને પકડી પાડી.

તે અત્યારે તેની પાછળ શા માટે પડયો, એનો તેને કશો ખ્યાલ ન હતો. તેને એટલું જ લાગ્યું હતું કે, કાટુશા જ્યારે પોતાના કમરામાં આવી ત્યારે કંઈક કરવું જોઈતું હતું, જે એવે પ્રસંગે સામાન્ય રીતે કરવામાં આવે છે; અને કાટુશાની બાબતમાં તેમ કરવાનું રહી ગયું હતું.

"કાટુશા જરા થોભ તો!"

"શું કામ છે?" તેણે ઊભા રહીને જવાબ આપ્યો.

"કાંઈ નહિ, માત્ર –" અને એમ કહી, પોતાની સ્થિતિના માણસો સામાન્ય રીતે કેમ વર્તે છે, તે યાદ લાવી, તેણે પોતાનો હાથ જરા બળપૂર્વક તેની કમરે વીંટી દીધો.

પેલી સ્થિર ઊભી રહી અને તેની આંખોમાં આંખો પરોવી જોવા લાગી.

"નહિ, નહિ, દિમિટ્રી ઇવાનિચ, એમ ન થાય," એટલું કહેતાં તો શરમનાં માર્યાં તેની આંખમાં આંસુ આવી ગયાં. તેણે નેખ્લ્યૂદોવનો હાથ પોતાના કઠણ મજબૂત હાથ વડે વછોડી નાખ્યો. નેખ્લ્યૂદોવે તેને જવા દીધી, પણ તે ખૂબ મૂંઝાઈ ગયો – શરમિંદો બની ગયો. તથા પોતાની જાત ઉપર તેને ભાર તિરસ્કાર આવ્યો.

નેખ્લ્યૂદોવે જો શાંતિથી વિચાર કર્યો હોત, તો તેને જણાઈ આવ્યું હોત કે, આ મૂંઝવણ અને શરમ તેના અંતરના શુભ સંસ્કારોનું પરિણામ હતી. પરંતુ તેણે તો એને પોતાની અણઘડતા અને મૂર્ખાઈ જ માની લીધી; અને બીજા બધા વર્તે છે તેમ જ પોતે વર્તવું જોઈએ એમ વિચારી, તે તરત કાટુશા પાછળ દોડયો, અને તેને બળપૂર્વક પકડીને તેની ડોક ઉપર તેણે ચુંબન કરી લીધું.

તેનું આ ચુંબન તેણે પહેલવારકું રમત વખતે ઝુંડ પાછળ કરેલા ચુંબન કરતાં કે આજે જ વહેલી સવારે દેવળમાં કરેલા ચુંબન કરતાં તદ્દન જુદા પ્રકારનું હતું: આ તો ધગધગતું ઝેરી ચુંબન હતું અને કાટુશાને પણ તેમ લાગ્યા વિના ન રહ્યું.

"આ શું કર્યું ?" એમ તે બોલી ઊઠી; — જાણે તેની કશી અમૂલ્ય ચીજ હંમેશને માટે નંદવાઈ ગઈ હોય.

અને તરત જ તે ત્યાંથી દોડી ગઈ.

૨

નેખ્લ્યૂદોવ હવે ભોજનના કમરામાં આવી પહોંચ્યો. તેની ફોઈઓ સુંદર કપડાં પહેરી, કુટુંબ-ડૉકટર અને એકાદ પડોશી સાથે ક્યારની ત્યાં આવીને બેઠેલી હતી.

બાકીનું બધું જેમનું તેમ હતું, પણ નેખ્લ્યૂદોવના અંતરમાં તો એક તોફાન ઘૂઘવી રહ્યું હતું. આજુબાજુ શું બોલાતું હતું, તે જાણે એ સાંભળી શકતો જ ન હતો. પોતાને પુછાયેલા પ્રશ્નોનો પણ તે જેમ તેમ જવાબ આપી દેતો હતો.

તેના મનમાં તો કાટુશાને ચુંબન કરતી વખતે પોતાને થયેલી લાગણીનો ઓઘ જ ઊછળી રહ્યો હતો. કાટુશા જ્યારે ભોજનના કમરામાં આવી, ત્યારે પણ, આસપાસ જોયા વિના જ તેનું સાંનિધ્ય તે આખા શરીરે — રૂંવે રૂંવે અનુભવી રહ્યો. પરાણે જ તે તેના તરફ નજર કરતો રોકાઈ રહ્યો.

ભોજન બાદ તે તરત પોતાના કમરામાં ચાલ્યો ગયો. લાંબો વખત તે ભારે ઉશ્કેરાટમાં જ પોતાના કમરામાં ટહેલતો રહ્યો. કોઈ પણ ક્ષણે કાટુશા પોતાના કમરામાં આવશે એવી આશા અને અપેક્ષા તેના અંગેઅંગમાં પ્રજ્વલિત થઈ ઊઠી. તેનામાં રહેલું પશુ અત્યારે જોરથી વીફરી ઊઠયું હતું.

આખો દિવસ તેણે કાટુશા તરફ નજર રાખ્યા કરી. પણ ક્યાંય તેને એકલીને તે ભેગો થઈ શક્યો નહિ. જાણે કાટુશા જ પ્રયત્નપૂર્વક તેને ટાળી રહી હતી. પરંતુ સાંજને વખતે કાટુશાને નેખ્લ્યૂદોવના કમરાની પાસેના કમરામાં ડૉકટરને માટે પથારી તૈયાર કરવા આવવું પડયું — કારણ કે, ડૉકટર આજની રાત અહીં જ રોકાઈ ગયા હતા.

નેખ્લ્યૂદોવે જેવી તેને નજીકના કમરામાં પેસતી જોઈ, કે તરત તે તેની પાછળ પાછળ ગુપચુપ દાખલ થયો. કાટુશા ઓશિકાની ખોળ ચડાવતી હતી. નેખ્લ્યૂદોવને પાછળ આવેલો જાણી ગઈ હોય તેમ તેણે અચાનક પાછળ નજર કરી, અને નેખ્લ્યૂદોવ સામે જોઈને તે થોડુંક હસી. પણ કેવું કરુણ હાસ્ય! કોઈ છળેલું પ્રાણી પોતાના શિકારીને પાસે જોતાં જેમ દયાજનક રીતે હસે, તેમ જ.

કાટુશાના એ હાસ્યથી નેખ્લ્યૂદોવને તરત જ લાગી આવ્યું કે, પોતે ખોટું કરી રહ્યો છે. કાટુશા માટેનો તેનો પહેલાંનો નિર્મળ પ્રેમ તેને યાદ આવ્યો, અને પોતાની એ પ્રિય સખીને આમ સતાવવી ન જોઈએ, એમ પણ તેને લાગ્યું. પરંતુ તરત જ રેજિમેન્ટમાં ઘડાયેલો તેનો બીજો અંતરાત્મા પોકારી ઊઠયો – "જોજે મૂર્ખ, આવી સોનેરી તક હાથમાંથી રખે જવા દેતો! પ્રેમ-સુખ તો આમ જ છીનવી લેવાનું હોય!"

તરત જ તેણે મક્કમતાથી આગળ વધી કાટુશાને કમરેથી પકડી લીધી અને તેને પલંગ ઉપર જ પરાણે બેસાડીને પોતે તેની પાસે બેસી ગયો.

"દ્મિટ્રી ઈવાનિચ, ભાઈસાહેબ! મને જવા દો; મને કશું ન કરશો." કાટુશા દયામણે અવાજે આજીજી કરતી બોલી ઊઠી; "માત્રોના પાંવ્લોવ્ના અહીં હમણાં જ આવી પહોંચશે."

આમ કહી તે બળાત્કારે તેની પકડમાંથી છટકીને ઊભી થઈ ગઈ. અને ખરેખર કોઈ એ કમરાના બારણાની લગોલગ આવી જ પહોંચ્યું હતું.

"ઠીક, તો હું રાતે તારી પાસે આવીશ; તું એકલી જ હોઈશને?" નેખ્લ્યૂદોવે તેના કાનમાં ધીમેથી કહ્યું.

"એટલે શું? કદી નહિ, કદી નહિ." તે પોતાના મોંથી જ બોલી; પરંતુ લાગણીના આવેશથી કંપતું તેનું શરીર બીજી જ વાત કહેતું હતું.

માત્રેના પાવ્લોવ્ના જ બારણા આગળ આવી પહોંચી હતી. ડૉક્ટરને માટેનો કંબલ તે લઈ આવી હતી. તેણે નેખ્લ્યૂદોવને અંદર જોઈને તેની તરફ ઠપકાભારી આંખે જોયું અને બીજો નકામો કંબલ લઈને આવવાને બહાને કાટુશાને ત્યાં ને ત્યાં ઊધડી લેવા માંડી.

નેખ્લ્યૂદોવ ચૂપચાપ કમરાની બહાર નીકળી ગયો. તે સમજી ગયો હતો કે, કાટુશાને બહાને માત્રેના પાવ્લોવ્ના તેને જ ઠપકો આપી રહી છે. પણ હવે તેને એ વતીનું કશું લાગી આવે તેમ રહ્યું ન હતું; અત્યારે તો કાટુશાના શરીરનો શિકારી જ તેના આખા શરીરમાં ઊભો થઈ રહ્યો હતો. તે માત્ર એટલું જ ગણગણ્યો કે, બીજી વધુ યોગ્ય તક ઝડપી લેવાની જ વાર છે.

આખી સાંજ દરમ્યાન પાગલની પેઠે તેણે આમ તેમ ઘૂમ્યા કર્યું; – થોડી વાર તે એની ફોઈના કમરામાં જાય, થોડી વાર પાછો પોતાના કમરામાં પાછો આવે; અને થોડી વાર બહાર પ્રવેશ-દ્વાર આગળ જાય. આખો વખત કાટુશા એકલી ક્યાં ભેગી થાય તેનો જ વિચાર તે કર્યા કરતો હતો.

પણ કાટુશા તેને ટાળ્યા કરતી હતી; અને માત્રેના પાવ્લોવ્ના તેની ઉપર સખત નજર રાખી રહી હતી.

૩

રાત પડી ચૂકી. ડૉક્ટર પોતાના કમરામાં આવીને સૂઈ ગયા. ફોઈઓ પણ સૂવા માટે પોતાના કમરામાં ચાલી ગઈ હતી. માત્રેના પાવ્લોવ્ના હાલ તુરત તેમની તહેનાતમાં જ રહેશે એમ માની, નેખ્લ્યૂદોવ સીધો બહારના પ્રવેશ-દ્વાર આગળ આવ્યો.

બહાર અંધારું, ભેજ અને ગરમી હતાં. વસંતનું બરફને ઓગાળ-નારું કે બરફ ઓગળવાથી ઊપજેલું ધુમ્મસ સારી પેઠે જામેલું હતું. નેખ્લ્યૂદોવ પગથિયાં ઊતરી બહારની બાજુએથી ઘૂમીને નોકરડીઓના કમરાની પાછલી બારી આગળ આવી પહોંચ્યો. સોએક ડગલાં દૂર

ટેકરીની તળેટી આગળથી વહેતી નદીમાં બરફ તૂટવાનો વિચિત્ર અવાજ આવતો હતો.

નેખ્લ્યૂદોવે બારીના કાચમાંથી અંદર જોયું, તો કાટુશા એકલી નાના દીવાના અજવાળામાં વિચારમાં પડીને ટેબલ ઉપર નજર સ્થિર કરીને બેઠી હતી. તેના મોં ઉપર વેદનાનાં – અંતરમાં ચાલતા ઘમસાણનાં ચિહ્ન ચોખ્ખાં દેખાતાં હતાં. પરંતુ નવાઈની વાત એ છે કે, કાટુશાના મોં ઉપર વેદનાનાં આ ચિહ્નો જોઈ, તેના તરફ દયા-માયા ઊપજવાને બદલે નેખ્લ્યૂદોવની વાસના જ વધુ પ્રદીપ્ત થઈ.

તેણે હવે બારીએ ટકોરો માર્યો. કાટુશા એકદમ છળી ઊઠીને ઊભી થઈ ગઈ. તેનું આખું શરીર – તેનો આખો ચહેરો ભયંકર ત્રાસની લાગણીથી લેપાઈ ગયો હતો. તેણે હાથના પંજાની છાજલી કરીને કાચની બહાર જોવા પ્રયત્ન કર્યો.

નેખ્લ્યૂદોવને ઓળખીને તે થોડું હસી. પણ એ હાસ્ય અંતરના આનંદભર્યું ન હતું – પણ કેવળ ભય-ભર્યું હતું.

નેખ્લ્યૂદોવે તેને બહાર આવવા નિશાની કરી. પણ તેણે ડોકું હલાવીને ના પાડી. નેખ્લ્યૂદોવ કાચ પાસે મોં લાવીને બૂમ પાડીને તેને સમજાવવા જતો હતો, તેટલામાં કાટુશા અચાનક પોતાના કમરાના બારણા તરફ વળી. કોઈએ તેને અંદર બોલાવી હતી, એ સ્પષ્ટ સમજાતું હતું. નેખ્લ્યૂદોવ તરત બારી આગળથી ખસી ગયો.

નેખ્લ્યૂદોવ ઘરના બીજા ખૂણા તરફ ચાલ્યો ગયો. રસ્તામાં બેએક ખાબોચિયાંમાં તેનો પગ પડયો. થોડી વાર તે બાજુ ટહેલ્યા પછી તે પાછો પેલા કમરાની બારીના કાચ પાસે આવ્યો. કાટુશા એકલી જ ટેબલ આગળ દ્વિધામાં પડી ગઈ હોય તેમ બેઠેલી હતી. શું કરવું તે જાણે તે નક્કી કરી શકતી નહોતી.

પરંતુ નેખ્લ્યૂદોવનો બારીના કાચ ઉપર ટકોરો સાંભળતાં જ એ તરફ જોયા વિના જ સીધી કમરાની બહાર દોડી અને ઘરનું તે તાલી; બારણું ઉઘાડી, બહાર નીકળી. હતું.

નેખ્લ્યૂદોવ ગણતરીથી તેની ત્યાં જ રાહ જોતો ઊભો હતો. તરત તેણે તેને બાથમાં ભીડી દીધી. કાટુશા પણ તેને જોરથી વળગી પડી અને મોં ઊંચું કરી તેણે તેના ચુંબનનો જવાબ પોતાના હોઠથી આપ્યો.

પણ એટલામાં તરત જ ઘરનું મુખ્ય બારણું ફરીથી ઊઘડવાનો અવાજ આવ્યો અને માત્રેના પાવ્લોવ્નાએ ગુસ્સાભર્યા અવાજે બૂમ પાડી, "કાટુશા!"

તે તરત જ નેખ્લ્યૂદોવના હાથમાંથી છૂટી થઈને ઘરમાં દોડી. બારણું બંધ થયું અને થોડી વારમાં પહેલાં જેવી જ નીરવ શાંતિ આખા ઘરમાં છવાઈ ગઈ.

નેખ્લ્યૂદોવ આગલે બારણે થઈને ઘરમાં પાછો દાખલ થયો. પણ તેને ઊંઘ ન આવી. તેને જાણે એક ભયંકર ઉન્માદ જ વ્યાપી ગયો હતો. થોડી વારે બધાં જંપી ગયાં હશે એમ માની તે કાટુશાના કમરા તરફ ખુલ્લે પગે અવાજ ન થાય તેમ ગયો. માત્રેના પાવ્લોવ્નાનો કમરો કાટુશાના કમરાની બાજુમાં જ હતો. તેનાં નસ્કોરાંનો અવાજ બહારથી સંભળાતો હતો.

નેખ્લ્યૂદોવ હવે કાટુશાના બારણા આગળ પહોંચી ગયો. તેણે ધીમેથી 'કાટુશા' એમ અવાજ કર્યો.

કાટુશા અંદર જાગતી જ બેઠી હોવી જોઈએ. કારણ કે, પેલો ધીમો અવાજ સાંભળતાં જ તે બારણા પાસે આવી.

"આ બધું શું કરો છો? ફોઈબા જાગી જશે અને જાણી જશે તો?"

પણ નેખ્લ્યૂદોવ આ શબ્દોનો એટલો જ અર્થ સમજ્યો કે, 'હું તમારી જ છું.' અને કદાચ એ અર્થ સાચો પણ હતો.

"બારણું ઉઘાડ, અને મને એક મિનિટ જ અંદર આવવા દે. હું વિનંતી કરું છું." નેખ્લ્યૂદોવે કહ્યું.

કાટુશાએ જવાબ ન આપ્યો, પણ તેનો હાથ ઉલાળાને શોધતો હોય એમ લાગ્યું અને થોડી વારમાં જ બારણું ઊઘડ્યું.

નેખ્લ્યૂદોવે અંદર પેસી તરત જ કાટુશાને આખી ને આખી ઉપાડી લીધી.

"ભાઈસાહેબ! આ શું કરો છો?" કાટુશા કરગરતી રહી; પણ નેખ્લ્યૂદોવ તેની વાત સાંભળ્યા વિના તેને પોતાના કમરામાં ઉપાડી લાવ્યો.

*. *. *. *.

જ્યારે કાટુશા નેખ્લ્યૂદોવના ઓરડામાંથી બહાર નીકળી, ત્યારે તે આખે શરીરે ધ્રૂજતી હતી તથા ચૂપ થઈ ગઈ હતી. નેખ્લ્યૂદોવે તેને જે કહ્યું તેનો તેણે કશો જવાબ ન આપ્યો.

નેખ્લ્યૂદોવ હવે ફરીથી ઘરના પ્રવેશ-દ્વારે પહોંચી, ટહેલતો વિચાર કરવા લાગ્યો કે, એ બધું શું બની ગયું? એ એક મજા હતી કે મોટું કમનસીબ?

નીચેની નદી તરફથી બરફ તૂટવાનો નિસાસાભર્યા ઘોઘરો અવાજ આવતો હતો. ધુમ્મસની કિનાર ઉપરથી ઝાંખો ચંદ્ર આજુબાજુના અંધારાને વધુ ઘેરું બનાવતો હતો.

થોડી વાર પછી નેખ્લ્યૂદોવને તરત જ બીજો વિચાર સ્ફુર્યો કે, આવું તો બધાના જ જીવનમાં બને છે — દરેક જણ એમ જ કરે છે.

અને તે પાછો પોતાના કમરામાં આવીને સૂઈ ગયો અને ઘસ-ઘસાટ ઊંઘી ગયો.

૧૧

પિછાન !

૧

બીજે દિવસે, નેખ્લ્યૂદોવનો ખુશમિજાજી અને દેખાવડો મિત્ર શ્રાનબૉક ત્યાં આવી પહોંચ્યો. તેના મળતાવડાપણાથી, તેના લા-જવાબ જુસ્સાથી, ઉદારતાથી, તથા નેખ્લ્યૂદોવ સાથેની તેની નિકટતા-ભરી મૈત્રીથી તે તરત જ નેખ્લ્યૂદોવની ફોઈઓનું અંતર જીતી ગયો.

અલબત્ત, બુઠ્ઠી ફોઈઓ શ્રોનબૉકની ઉદારતાની પ્રશંસા કરવા લાગી, પરંતુ મનમાં ને મનમાં તેઓ મૂંઝાઈ પણ રહી. તેણે દરવાજે આવેલા એક ભિખારીને રોકડો એક રૂબલ કાઢી આપ્યો; નોકરોને ટીપ તરીકે પંદર રૂબલ વહેંચી દીધા; અને સોફ્રાયા ફોઈના કૂતરાને પંજામાં કંઈક વાગ્યું અને લોહી નીકળવા લાગ્યું, ત્યારે તરત તેણે પોતાનો સુંદર મોંઘો રૂમાલ ફાડીને તેનો પાટો બનાવી ત્યાં બાંધી દીધો. (સોફ્રાયાને તેવા રૂમાલોની કિંમતની ખબર હતી: ડઝનના ઓછામાં ઓછા પંદર રૂબલ !)

ફોઈઓએ આ જાતના પૈસાની બાબતમાં પરવા વિનાના માણસોને કદી જોયા ન હતા; તેમ જ તેઓ જાણતી પણ ન હતી કે ભાઈસાહેબ શ્રોનબૉકને બે લાખ રૂબલનું દેવું જ હતું અને કદી એ દેવું પાછું વાળવાનો તેમને ખ્યાલ જ ન હતો ! એટલે પચીસેક રૂબલ આમ કે તેમ વપરાય કે બચે એની તેમને દરકાર જ ન હતી.

શ્રોનબૉક એક જ દિવસ રોકાયો, અને તે તથા નેખ્લ્યૂદોવ એ રાતે જ યુદ્ધમોરચે જવા ચાલી નીકળવાના હતા. તેમની રજા પૂરી થઈ ગઈ હોવાથી તેઓ એક ઘડી પણ વધુ રોકાઈ શકે તેમ નહોતું.

વિદાયને દિવસે નેખ્લ્યૂદોવના અંતરમાં બે જુદી જુદી લાગણીઓ ઊથલપાથલ મચાવી રહી હતી: એક તો પોતાની શારીરિક વાસના કંઈક તૃપ્ત કર્યાનો સંતોષ અને બીજી બાજુ કંઈક અતિશય ખોટું કર્યાનો ડંખ, કે જેનો કંઈકે ઉપાય કરવો જોઈએ – પેલીને ખાતર નહીં તો પોતાને જ ખાતર પણ.

નેખ્લ્યૂદોવ એવી ભૂમિકાએ પહોંચી ચૂકેલો હતો કે, જ્યારે તેને પોતા સિવાય બીજા કોઈનો તો વિચાર સરખોય ન આવે. એટલે તેની મૂંઝવણ એટલી જ હતી કે, પોતાનું દુર્વર્તન બહાર પડી જાય, તો ફોઈઓ તેને વિષે શું ધારે? કાટુશા અત્યારે કેવી સિઝાતી હશે, કે તેનું થશે, એનો તો તેને વિચાર જ આવતો ન હતો.

શ્રોનબૉક ચાલાક માણસ હતો; તેને આવા કશાકની ગંધ આવી ગઈ હતી. કાટુશાને જોઈને જ તે બોલી ઊઠયો, "ઠીક, ઠીક, દોસ્ત નેખ્લ્યૂદોવ, હવે હું સમજ્યો કે તને તારી બુઢ્ઢી ફોઈઓ તરફ આટલું બધું હેત શાથી ઊભરાઈ આવ્યું કે જેથી તું લગભગ આખું અઠવાડિયું તેમને ત્યાં રોકાઈ ગયો! મને એમાં કશી નવાઈ નથી લાગતી – તારી જગાએ હું હોઉં તો પણ એમ જ કરું: છોકરી ખરેખર ફૂટડી છે!"

નેખ્લ્યૂદોવને કાટુશા સાથે મન ભરીને પ્રેમ કરી લેવાય તે પહેલાં જ ચાલ્યા જવાનો રંજ તો મનમાં થયો; પરંતુ સાથે સાથે તેને એવી નિરાંત પણ લાગી કે, એ સંબંધ તેનાથી વધુ લંબાવી શકાય તેમ તો નહોતો જ, એટલે આમ તરત જ એ લપમાંથી છૂટવાનું થયું, એ સારું જ થયું.

છતાં, તેણે કાટુશાને કંઈક પૈસા આપી જવાનો વિચાર કર્યો; કાટુશાને જરૂર પડશે એ કારણે નહીં; પણ તેના જેવા સદ્‌ગૃહસ્થે કોઈ સ્ત્રીનો ઉપયોગ કર્યા પછી તેની કિંમત ચૂકવી દેવી જોઈએ, એમ તેને લાગતું હતું.

એટલે વિદાય થવાને દિવસે નેખ્લ્યૂદોવે ફાવે તેમ કરીને કાટુશાને અણધારી જ આંતરી પાડી.

કાટુશા તેને આમ ઓચિંતો સામો આવેલો જોઈ, શરમિંદી થઈ ગઈ અને તેને બાજુએથી ટાળીને ચાલી જવાનો પ્રયત્ન કરવા લાગી. પરંતુ નેખ્લ્યૂદોવે તેને થોભાવીને કહ્યું, "હું ગૂડ-બાય કહેવા આવ્યો છું," અને પછી તેના હાથમાં સો રૂબલની નોટવાળું પરબીડિયું મૂકવા તેણે પ્રયત્ન કર્યો.

કાટુશા એનો ઇરાદો સમજી ગઈ; તેણે તરત જ ભમરો ચડાવીને, ડોકું ધુણાવીને તેનો પરબીડિયાવાળો હાથ ધકેલી મૂક્યો.

"લઈ લે; તારે લેવું જ જોઈએ!" એમ કહી તેણે તે પરબીડિયું તેના ગળુબંધમાં ખોસી દીધું અને પછી તરત તે પોતાના કમરા તરફ પાછો દોડી ગયો.

કમરામાં આવ્યા પછી પણ તેનું મન ઘણું મૂંઝાયેલું રહ્યું; પણ પછી તેને વિચાર આવવા માંડયા: "હું બીજું શું કરી શકત પણ? દરેક જણને આમ જ નથી થતું? શ્રૉનબૉક જ તેની ગવર્નેસની વાત નહોતો કરતો? કાકા ગ્રીશાનું પણ શું હતું? અને મારા બાપુજીનું પણ? તેમને જાગીર ઉપર રહેતા હતા ત્યારે ખેડૂત-બાઈથી પેલો મિટિંકા નામનો ગેરકાયદે પુત્ર નહોતો થયો? — જે હજુ પણ જીવે છે! અને દરેક જણ એમ જ કરતું હોય,... તો પછી એમ માનવું જ જોઈએ કે, એનો કશો ઉપાય જ નથી! દરેકને એમ થવાનું જ."

આમ તેણે પોતાના મનને સમજાવવાનો ઘણો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ વ્યર્થ. જે કંઈ બની ગયું હતું તેની યાદદાસ્ત તેના અંતરમાં ચચર્યા જ કરતી હતી.

છેવટે તેણે એ બધાનો એક ઉપાય શોધી કાઢયો, અને તે એ આખી વસ્તુને ભૂલી જ જવાનો! અને એમાં તે સફળ પણ નીવડયો. કારણકે, યુદ્ધનો મોરચો, નવા મિત્રો, અને મોરચા ઉપરનું જીવન — એ બધું તેને એ ભૂલવામાં સારી રીતે મદદગાર નીવડયાં. અને વખત જતાં તો એ આખો પ્રસંગ તેને છેક જ વિસ્મૃત થઈ ગયો.

* * * * *

યુદ્ધ પત્યા બાદ, એક જ વખત તે પોતાની ફોઈઓને મળવા ગયો હતો, ત્યારે તેને સાંભળવા મળ્યું કે, પોતે છોકટના ત્યાં આવ્યો હતો ત્યાર બાદ થોડાક મહિને જ કાટુશા ફોઈઓનું ઘર છોડી ગઈ હતી. ફોઈઓએ ઉમેર્યું કે, તે તેની માની પેઠે કુંવારી અવસ્થામાં જ સગર્ભા થઈ ગઈ હતી અને ક્યાંક જઈને તેણે છોકરાને જન્મ પણ આપ્યો હતો. પરંતુ પછીથી, ફોઈઓની જાણ મુજબ, તે તદ્દન આડે રસ્તે ચડી ગઈ હતી અને ધંધેદારી વેશ્યા બની ગઈ હતી.

ફોઈઓએ કાટુશાના વર્તનના દોષનો બધો ટોપલો તેની માની ભ્રષ્ટતા ઉપર જ નાખ્યો, તે ઉપરથી નેખ્લ્યૂદોવને ખાતરી થઈ ગઈ કે, પોતાના ઉપર કોઈને કશો વહેમ ગયો નથી. અથવા તો પોતાને કોઈ દોષિત ગણતું નથી.

એને એકદમ તો કાટુશાને તથા તેના સંતાનને શોધી કાઢવાનો વિચાર આવ્યો; પરંતુ કાટુશા યાદ આવતાં જ તેને મનમાં એવું તીવ્ર દુ:ખ થયું તથા શરમ આવી કે, તેણે તેને શોધવાનો આવશ્યક પ્રયત્ન કર્યો જ નહિ; ઊલટું ફરીથી એ આખા પ્રસંગને ભૂલી જવાનો જ પ્રયત્ન આદર્યો.

૨

પણ આજે અદાલતમાં અચાનક કાટુશાને જોઈને નેખ્લ્યૂદોવના અંતરમાં પોતાના દુર્વર્તનના અને તે બદલ કરવા જોઈતા પ્રાયશ્ચિત્તના વિચારો ફરી ઊભરાઈ આવ્યા. દશ દશ વર્ષ સુધી આવા મહાપાપનો ભાર અંતર ઉપર રાખીને પોતે શી રીતે જીવી શક્યો, તેની જ એને શરમ આવવા લાગી.

જોકે, અત્યારે પણ તેને ભારોભાર ડર તો લાગતો જ હતો કે, કાટુશા તેને ઓળખી કાઢે, અને તેણે આચરેલા પાપથી જ પોતાની આવી માઠી વલે થઈ એવું જાહેર કરી દે, તો બધાની વચ્ચે તેની કેવી ફજેતી થાય?

પછી અદાલતનું કામ શરૂ થતાં સાહેદોનો સોગંદવિધિ શરૂ થયો. ત્યાર બાદ પ્રથમ ખાંજરાની માલિકણ કિટીવા સિવાયનાં બાકીનાં સાહેદોને બહાર લઈ જવામાં આવ્યાં.

કિટીવાએ જર્મન ઉચ્ચારણ સાથે જુબાની આપવી શરૂ કરી: હૉટલનો નોકર સિમૉન એક તવંગર સાઇબીરિયન વેપારી માટે એક છોકરી લેવા આવ્યો; પોતે સિમૉનને બરાબર ઓળખતી હતી; બધી છોકરીઓમાંથી તેણે પોતે જ પસંદ કરીને લુબૉવને (કાટુશાને) સિમૉન સાથે મોકલી હતી; થોડા વખત બાદ લુબૉવ પેલા વેપારી સાથે પાછી આવી; પેલો વેપારી ખૂબ 'ચગેલો' હતો; આવીને મારે ત્યાંની બીજી છોકરીઓને પણ દારૂ પાવા માંડયો અને તેમની સાથે મજા કરવા માંડી; પછી તેની પાસે પૈસા ખૂટી ગયા એટલે તેણે લુબૉવને પોતાને ઉતારે વધુ પૈસા લઈ આવવા પોતાના પોર્ટમેન્ટોની ચાવી આપીને મોકલી, — લુબૉવ ઉપર કોણ જાણે તે બહુ ખુશ હતો.

માસ્લોવા (કાટુશા) ના વકીલે તેને કાટુશા વિષેનો અભિપ્રાય પૂછયો એટલે કિટીવાએ તરત જવાબ આપ્યો, "શ્છેક ઝ શરૂષ; બ્હઉ ભણેલી અણે ટૉપટીપ શ્છે. સ્પારા ખુટુંભ મ્હાં ઊચ્છરેલી શ્છે અને ફ્રાંઝ વાંચ્છી શખે શ્છે. બ્હઉ હ્રાઝાની ચ્છોખરી શ્છે."

માસ્લોવાએ તેના આ અભિપ્રાય બદલ તેના સામી કૃતજ્ઞતાભરી નજર કરી, અને સાથે સાથે જૂરીના સદ્‌ગૃહસ્થો તરફ જોવા જતાં જ તેની નજર નેખ્લ્યૂદોવ ઉપર પડી. તરત તેનો ચહેરો ગંભીર અને કઠોર થઈ ગયો. નેખ્લ્યૂદોવ પ્રયત્ન કરવા છતાં તેના ઉપરથી નજર ખસેડી શકયો નહિ.

માસ્લોવા નેખ્લ્યૂદોવને ઓળખી ગઈ. તેણે એક નિસાસો દબાવી દીધા બાદ પ્રેસિડન્ટ તરફ પોતાની નજર ફેરવી લીધી.

નેખ્લ્યૂદોવે પણ નિસાસો નાખ્યો; અને આ બધી અદાલતી કારવાઈમાંથી પોતાનો ઝટ છુટકારો થાય તો સારું, એમ મનોમન ઇચ્છવા લાગ્યો.

૧૨

કેસ ચાલ્યો

૧

નેખ્લ્યૂદોવ આ મુકદ્દમો જલદી પતે એમ ગમે તેટલું ઇચ્છતો હોવા છતાં મુકદ્દમો લંબાયે જ ગયો. સાહેદીઓ અને છેવટે નિષ્ણાતની જુબાની થયા પછી, પબ્લિક પ્રોસિક્યૂટર અને બચાવપક્ષના બંને વકીલોએ કેવળ પોતાની અગત્ય બતાવવા સારુ જ તેમને પ્રશ્નો પૂછયા. ત્યાર બાદ, પ્રેસિડન્ટે જૂરીના સભ્યોને આ કેસના અગત્યના પુરાવા તરીકે રજૂ કરવામાં આવેલ વસ્તુઓ – પેલા વેપારીની વીંટી, ઝેરનું પૃથક્કરણ કરેલી ટેસ્ટ-ટ્યૂબ વગેરે – તપાસી જોવા વિનંતી કરી.

પણ એટલામાં પબ્લિક પ્રોસિક્યૂટરે વચ્ચે ઊભા થઈને વિનંતી કરી કે, સ્મેલ્કોવના શબની તપાસનો ડાકટરે આપેલો અહેવાલ પ્રથમ વાંચી સંભળાવવામાં આવે.

પ્રેસિડન્ટને પોતાની સ્વિસ પ્રિયતમાને મળવા જવાની ઉતાવળ હતી; તથા તે જાણતો હતો કે, આ બધું વાંચી સંભળાવવાનો ઉપયોગ કેવળ સૌને થકવવાનો અને ભોજનનો સમય દૂર ધકેલવાનો જ છે; પરંતુ પબ્લિક પ્રોસિક્યૂટર માગણી કરે, તો તેને તેવી માગણી કરવાનો હક છે એમ તે જાણતો હોવાથી, તેણે તે અહેવાલ વાંચી સંભળાવવા સંમતિ આપી.

શબની બાહ્ય તપાસની વિગતોનાં ૨૭ ફકરાઓવાળાં ચાર પાન ભરેલાં હતાં. અને તે ઉપરાંત આંતરિક તપાસના વર્ણનના પૂરા તેર ફકરા જુદા!

છેવટે ડાકટર આ બધી તપાસ ઉપરથી શા નતીજે પહોંચ્યા હતા તે વાકય આવ્યું —

'સ્મેલ્કોવનું મૃત્યુ તેના પેટમાં દારૂ સાથે દાખલ થયેલા ઝેરથી થયું હોવાનો મોટો સંભવ હતો. કયા ઝેરથી એ મૃત્યુ નિપજાવવામાં આવ્યું હતું તે, તેના જઠરની અત્યારની સ્થિતિ ઉપરથી નક્કી કરવું મુશ્કેલ છે.'

આ અહેવાલ વાંચવાનું કામ પૂરો એક કલાક ચાલ્યું હતું. તે પૂરું થયું એટલે પ્રેસિડન્ટે પબ્લિક પ્રોસિકયૂટર તરફ કરીને પૂછયું, "હવે અંદરના અવયવોની તપાસનો અહેવાલ વાંચવાની જરૂર નથી, એમ હું માનું છું." પણ પબ્લિક પ્રોસિકયૂટરે પ્રેસિડન્ટ તરફ જોયા વિના કઠોર અવાજે કહ્યું, 'એ વાંચવામાં આવે એવી મારી માગણી છે.'

ન્યાયાધીશોનાં મોં ખિન્ન થઈ ગયાં. પરંતુ પબ્લિક પ્રોસિકયૂટર પોતાના બધા હક ઉપર અડીખમ રહેવા માગતો હતો, એટલે સેક્રેટરીએ એ અહેવાલ પણ વાંચવા માંડયો. જુદા જુદા અવયવોને કયા નંબરનાં પાત્રોમાં મૂકવામાં આવ્યા હતા, તેનું વર્ણન હવે શરૂ થયું. એ વર્ણન થોડુંક આગળ વધ્યું, એટલે પ્રેસિડન્ટે પોતાની બેન્ચના સભ્યો સાથે એક મંત્રણા કરી લીધી અને તેમની સંમતિ મળતાં જ જણાવ્યું —

"અદાલત આ રિપોર્ટ વાંચવો બિનજરૂરી માને છે."

તરત જ સેક્રેટરી આગળ વાંચતો અટકયો, અને પબ્લિક પ્રોસિકયૂટરે નાટકી અદાથી ગુસ્સે ભરાઈ કંઈક નોંધ કરી લીધી.

પછી જૂરીના સભ્યો અગત્યના પુરાવા તરીકે રજૂ કરેલી વીંટી વગેરે વસ્તુઓ જોવા ઊઠયા.

૨

પ્રેસિડન્ટે હવે પબ્લિક પ્રોસિકયૂટરને પોતાનું વક્તવ્ય શરૂ કરવા જણાવ્યું. પ્રકૃતિથી એ બહુ બેવકૂફ માણસ હતો: ઉપરાંત શાળાકીય અભ્યાસ દરમ્યાન તેણે સુવર્ણ-ચંદ્રક પ્રાપ્ત કર્યો હોઈ, અને યુનિવર્સિટીમાં રોમન કાયદો ભણતી વખતે લખેલા એક નિબંધ બદલ તેણે ઇનામ

મેળવેલું હોઈ, તે વધારે પડતો આત્મ-વિશ્વાસુ તથા આત્મ-સંતુષ્ટ બની જતાં તેની બેવકૂફીમાં વધારો થયો હતો.

તેને બોલવાનું કહેવામાં આવતાં, તે બહુ ધીમેથી ઊભો થયો અને પછી નાટકીય અદાથી ચોતરફ નજર કરી લઈ, તેણે દાક્તરી અહેવાલો વંચાતા હતા તે દરમ્યાન તૈયાર કરી લીધેલ ભાષણ ઝાડવા માંડયું —

"— જૂરીના સદ્‌ગૃહસ્થો, આપ સૌની સમક્ષ અત્યારે જે કેસ રજૂ કરવામાં આવ્યો છે તે, જો મને કહેવા દો તો, બહુ બહુ રીતે વિશિષ્ટતા-ભર્યો છે."

પબ્લિક પ્રોસિકયૂટરને મતે તેનું વ્યાખ્યાન હંમેશ જાહેર અગત્ય ધરાવતું હોવું જોઈએ. તેથી કોઈ પણ ગુનાની પાછળ રહેલા માનસ-શાસ્ત્રીય રહસ્યમાં ઊંડા ઊતરી, સમાજને થયેલા જખમો ખુલ્લા કરવા, એ તેણે અપનાવેલા સિદ્ધાંતોમાંનો એક હતો.

"જૂરીના સદ્‌ગૃહસ્થો, આપની સમક્ષ રજૂ થયેલો ગુનો, મને કહેવા દો તો, આપણા સૈકાનો અંત — અરે પ્રલય સૂચવતો ગુનો છે; અને આપણો આજનો સમાજ ભ્રષ્ટતાની જે પરાકાષ્ઠાએ પહોંચ્યો છે, તેનાં બધાં તત્ત્વો તેમાં મોજૂદ છે."

અને આમ તેણે પૂરો સવા કલાક ભાષણ ઠોકયે રાખ્યું.

વૈજ્ઞાનિકોએ જે જે નવા ખ્યાલો તે વખતે પ્રચલિત કરવા માંડયા હતા — વારસાગત ગુનાહિતતા, વિકાસવાદ, જીવનસંઘર્ષ, હિપ્નો-ટિમ, અને સમાજની પતનોન્મુખતા ઈ૦ — તે બધાનો ઉલ્લેખ તેણે તેના ભાષણમાં કર્યો.

તેની વ્યાખ્યા પ્રમાણે વેપારી સ્મેલ્કોવ એક સાચો, ખડતલ, ધિંગો રશયિન નાગરિક હતો. છેક જ ભ્રષ્ટ થયેલાં માણસોના હાથમાં પડી, પોતાના વિશ્વાસુ ઉદાર સ્વભાવને કારણે તે નાશ પામ્યો હતો.

સિમોન કાર્ટિંકિન સિદ્ધાંત વિનાનો, અભણ, અધાર્મિક માણસ હતો; યુફેમિયા તેની રખાત હતી, જે વારસાગત કારણોનો ભોગ બનેલી

હતી. (તેનાં માબાપ કોણ હતાં તે એ જાણતી નહોતી.!) અધોગતિ અને ભ્રષ્ટતાની બધી નિશાનીઓ તેનામાં ઉઘાડી દેખી શકાતી હતી.

પરંતુ આખા કિસ્સાનો મુખ્ય સૂત્રધાર માસ્લોવા હતી. "એ આપણા જમાનાની અધોગતિની પરાકાષ્ઠાનું છેક જ નિકૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. એ ભણેલી છે, લખતાં વાંચતાં જાણે છે, એટલું જ નહિ પણ, તેની શેઠાણીના કહ્યા મુજબ, ફ્રેંચ ભાષા પણ જાણે છે. પરંતુ તે એનો બાપ કોણ હતો તે જાણતી નથી. એવું ભ્રષ્ટતામાં પેદા થયેલું એ સંતાન પોતામાં ગુનાનાં મૂળ તત્ત્વો વારસાગત રીતે જ ધારણ કરે છે. તે સારા ખાનદાન કુટુંબમાં ઊછરી હતી તથા કેળવણી પામી હતી, તથા પ્રમાણિક મહેનત કરીને પોતાનું ગુજરાન ચલાવી શકતી હતી. પણ ના; તેની અંદરનાં ગુનેગાર તત્ત્વોથી પ્રેરાઈ, તે પોતાની હિતેચ્છુ, ઉપકારક માલિકણ બાનુઓનો આશરો છોડી, પોતાની ગંદી વાસનાઓ તૃપ્ત કરવા એક ખાંજરામાં દાખલ થાય છે. અને ત્યાં પોતાની કેળવણીને કારણે તથા ખાસ તો પોતામાં રહેલા એક ગૂઢ આકર્ષણને કારણે, જે આકર્ષણને ચાકોટ જેવા વિદ્વાન સંશોધકો હિપ્નોટિક અસર એ નામે ઓળખાવે છે, – તે બહુ આગળ પડતી છોકરી બની રહે છે. પોતાની એ બધી આવડતો અને આકર્ષણશક્તિનો પ્રયોગ કરી, આપણા આ કેસના નાયક સ્મેલ્કોવને તે પોતાની જાળમાં સપડાવે છે, અને તેણે મૂકેલા વિશ્વાસનો દુરુપયોગ કરી, પ્રથમ તેના પૈસા પડાવી લે છે, અને પછી નિર્દયપણે તેનું ખૂન કરી નાખે છે."

પછી પાછા જૂરીના સભ્યો તરફ ખાસ નજર કરીને પ્રોસિક્યૂટરે આગળ ચલાવ્યું, "જૂરીના સદ્‌ગૃહસ્થો, આપના હાથમાં આ ગુનેગારોનું ભાવી જ રહેલું નથી; પરંતુ આખા આપણા સમાજનું ભાવી રહેલું છે. કારણ કે આપ લોકો જે ચુકાદો આપશો, તેના વડે આપણા સમાજની કારમી અધોગતિ પ્રત્યેની મજલ થોભશે, ધીમી પડશે, કે વેગવાન બનશે. આ ગુનાનું રહસ્ય બરાબર પામી જઈને, તથા માસ્લોવા જેવા ભયંકર ગુનેગારો તરફથી સમાજને જે હરહંમેશનો કાયમી ખતરો છે

તે સમજી લઈને, સમાજને એ બધાના ચેપથી બચાવવો, તથા આપણા સમાજનાં નિર્દોષ નીરોગી તત્ત્વોને એ ચેપના ખતરામાંથી—અરે સદંતર વિનાશમાંથી ઉગારી લેવાં, એ આપ લોકોના હાથમાં છે."

૩

પબ્લિક પ્રોસિક્યૂટર બોલી રહ્યા પછી કાર્ટિંકિન અને બૉચ્કોવાના બચાવ માટેનો વકીલ ઊભો થયો. બંનેએ ૩૦૦ રૂબલ આપવાના કરીને તેને રોકયો હતો. તેણે એ બંનેને નિર્દોષ જાહેર કરીને દોષનો બધો ટોપલો માસ્લોવાને માથે જ ઓરાડયો. માસ્લોવા સ્મેલ્કોવના કમરામાં પૈસા લેવા ગઈ, ત્યારે તેણે આ બે જણને હાજર રાખ્યાં હતાં, એવા માસ્લોવાના કથન ઉપર જરાય વિશ્વાસ ન મૂકવા તેણે જૂરીના સભ્યોને વિનંતી કરી; કારણ કે માસ્લોવા પોતે તો સ્મેલ્કોવને ઝેર આપનાર સિદ્ધ થયેલ ગુનેગાર છે. તેના બોલવા ઉપર વિશ્વાસ રખાય જ શી રીતે? એટલે તેણે કાર્ટિંકિન અને બૉચ્કોવાને પૈસા ચોરવાના ગુનામાંથી મુક્તિ આપવા જોરદાર ભલામણ કરી; તથા તેમ ન થઈ શકે તો ઝેર દેવાના ગુનામાં તો તેમને સાગરીત ન જ ઠરાવવાં, એવો આગ્રહ કર્યો.

અને પબ્લિક પ્રોસિક્યૂટરને કેવળ એક ગોદો મારવા ખાતર જ તેણે ઉમેર્યું કે, વારસાગત ગુનાહિતતા બાબત મારા વિદ્વાન મિત્રે જે છટાદાર ઉલ્લેખો કર્યા છે, તે આ કિસ્સામાં તો જરાય લાગુ પડે તેમ નથી; કારણ કે, બૉચ્કોવા કયાં માબાપનું સંતાન છે, એ કોઈ જ જાણતું નથી.

પબ્લિક પ્રોસિક્યૂટરે તરત ગુસ્સાભરી નજર તેના પ્રત્યે નાખી, કંઈક નોંધ કરી લીધી.

હવે માસ્લોવાના વકીલનો બોલવાનો વારો આવ્યો. તેણે પોતાનું બચાવનું વ્યાખ્યાન જરા ખચકાતાં ખચકાતાં શરૂ કર્યું. માસ્લોવાએ પૈસા ચોર્યા હોવાથી બાબતનો ઇનકાર કરવાનો પ્રયત્ન કરવાને બદલે તેણે એક જ બાબત ઉપર ભાર મૂકયો કે, માસ્લોવાનો ઇરાદો સ્મેલ્કોવને ઝેર દેવાનો હરગિજ ન હતો; તેણે તો તે ઊંઘી જાય અને પોતાને વધુ પજવતો બંધ

થાય એ ઈરાદાથીજ કાર્ટિકિને આપેલો પાવડર તેને પાઈ દીધો હતો.

સાથે સાથે તેણે જરા ઉત્તેજનાભર્યા સ્વરે કહ્યું કે, માસ્લોવાને વ્યભિચારના જીવનમાં પ્રથમ દોરી જનાર કોઈ ભ્રષ્ટ બેજવાબદાર પુરુષ જ હશે ને? એ ખરો ગુનેગાર તો શિક્ષા વગર છટકી ગયો છે. માસ્લોવા પોતે પહેલેથી આવી ન હતી; તેને તો બીજા હરામખોર પુરુષની વાસનાના જ શિકાર બનવું પડયું છે—અને પોતાના અધ:પાતનું પરિણામ પણ એકલીએ જ વેઠવું પડયું છે. વકીલ હવે પુરુષોની ઉદ્દંડતા અને સ્ત્રીઓની અસહાયતા બાબત કંઈક વિશેષ બોલવા ગયો કે તરત પ્રેસિડન્ટે તેને ટોકયો અને કેસની વિગતોને જ વળગી રહેવા જણાવ્યું.

જ્યારે તેણે બોલવાનું પૂરું કર્યું, ત્યારે પ્રોસિકયૂટર બંને વકીલોને જવાબ આપવા ઊભો થયો. પહેલા વકીલે બૉચ્કોવાનાં માબાપ અજ્ઞાત હતાં તેથી વારસાગત ગુનેગારીનો સિદ્ધાંત તેને લાગુ પડતો નથી એમ જણાવેલું, તેના જવાબમાં તેણે કહ્યું કે, વિજ્ઞાને વારસાગતતાના નિયમો એટલા બધા નિશ્ચિતપણે સાબિત કર્યા છે કે, આપણે માબાપ ઉપરથી સંતાનનો ગુનો સાબિત કરી શકીએ. તેમ જ સંતાનના ગુના ઉપરથી માબાપની ગુનાહિતતા પણ સાબિત કરી શકીએ. ઉપરાંત માસ્લોવાના વિદ્વાન વકીલે તેને ભ્રષ્ટ કરનાર પુરુષનો જે ઉલ્લેખ કર્યો હતો તે કાલ્પનિક જ હતો; એટલું જ નહિ, વસ્તુતાએ તો માસ્લોવાએ જ પોતાની હિપ્નોટિક આકર્ષણ-શક્તિથી કેટલાય પુરુષોને પોતાના શિ[illegible]ની બનાવ્યા હશે, તે કોણ કહી શકે? આટલું કહી, તે કંઈ ભારે વિ[illegible]ઓ મેળવ્યો હોય, એવી મુખમુદ્રા સાથે બેસી ગયો.

. કરવાનો

૪

ન, તો તેમને

પછી આરોપીઓને પોતાના બચાવમાં બોલવું હ[illegible] છે. ઉપરાંત જો પરવાનગી આપવામાં આવી. બૉચ્કોવાએ તો પો[illegible]જી બાબતમાં ન માને, લીધો હોવાની ઘસીને ના પાડી અને બધો દો[illegible] બીજી બાબતમાં બિન-ઢોળ્યો. સિમૉન કાર્ટિકિને પોતાના [illegible]ગાવમાં

વારંવાર એક જ વાતનું રટણ કર્યા કર્યું કે, "પોતે નિર્દોષ છે, અને આ અન્યાય થાય છે."

માસ્લોવાએ પોતાના બચાવમાં કશું જ બોલવા ના પાડી. જ્યારે પ્રેસિડન્ટે તેને જણાવ્યું કે, તે કંઈ પણ બોલી શકે છે, ત્યારે તેણે પોતાની આંખો ઊંચું કરી તેના સામું જ જોયું, અને પછી પોતાની પાછળ શિકારી કૂતરા પડ્યા હોય તેવા પ્રાણીની પેઠે ચોતરફ અદાલતના કમરામાં છળેલા જેવી નજર નાખી, અને પછી માથું નીચું ઢાળી દઈ, મોટેથી ડૂસકાં ખાતી તે રડી પડી.

૧૩

ફેંસલો

૧

કેદીઓને કહેવાનું બધું સાંભળી લીધા પછી, જૂરીના સભ્યોને ફેંસલા સંબંધી કયા પ્રશ્નો કેવી રીતે પૂછવા તેનું સ્વરૂપ નક્કી કરવામાં આવ્યું. છેવટે એ પ્રશ્નો ઘડી કાઢવામાં આવ્યા અને પ્રેસિડન્ટે જૂરીના સભ્યો સમક્ષ સમારોપ કરતાં જણાવ્યું —

" તમારે બધા ગુનાઓના પ્રકારો જુદા જુદા સમજવા જોઈએ અને તે રીતે જુદા જુદા વર્ણવવા જોઈએ. જેમકે, ચોરી તાળા-કૂંચીમાં રહેલી વસ્તુની છે કે, તાળા-કૂંચી વગરની ચીજની, એ સ્પષ્ટપણે જુદું તારવવું જોઈએ. ઉપરાંત 'ખૂન' એટલે જેને પરિણામે માણસનું મૃત્યુ નીપજે તે; એટલે ઝેર આપવાથી માણસનું મૃત્યુ નીપજ્યું હોય, તો તે પણ 'ખૂન' થયું જ કહેવાય. ઉપરાંત ખૂન અને ચોરી બંને ભેગાં જ થયાં હોય, તો એ ગુનો ખૂન સાથે ચોરીનો ગણાય."

પ્રેસિડન્ટને પોતાની સ્વિસ પ્રેમિકાને મળવા જવાની ઉતાવળ હતી, છતાં તે એક વાર બોલવા લાગ્યો એટલે રોજની ટેવને કારણે એ પોતાની જાતને રોકી શક્યો નહિ. તેણે જૂરીને સમજાવવા માંડ્યું કે, જો તેઓ આરોપીઓને અપરાધી માને, તો તેઓને અપરાધી જાહેર કરવાનો તેમને હક્ક છે. અને જો તેઓ તેમને અપરાધી ન માને, તો તેમને નિરપરાધી જાહેર કરવાનો પણ તેમને એટલો જ હક છે. ઉપરાંત જો તેઓ એક બાબતમાં તેમને ગુનેગાર માને, પણ બીજી બાબતમાં ન માને, તો તેમણે તેમને એક બાબતમાં ગુનેગાર, પણ બીજી બાબતમાં બિન-

ગુનેગાર જાહેર કરવા. અલબત્ત આ બધો અધિકાર તેમને છે ખરો, પણ તેમણે તે બુદ્ધિપૂર્વક વાપરવો. પછી તે ઉમેરવા જતો હતો કે, તેમને પૂછવામાં આવેલા પ્રશ્નનો જો તેઓ હકારમાં જવાબ આપશે, તો તે પ્રશ્નમાં પુછાયેલી બધી બાબતો તેમણે મંજૂર રાખી એમ ગણાશે. તેથી પ્રશ્નમાંથી જે બાબત તેમને મંજૂર ન હોય તે બાબત તેમણે જુદી તારવી આપવી જોઇએ; પણ પછી ઘડિયાળ સામું જોઈને તે બોલી ઊઠયો, "તમે બધા બુદ્ધિશાળી લોકો છો, એટલે આ બધું ફોડવાર તમને જણાવીએ નહીં, તો પણ તમે સમજી જ જશો."

૨

પછી જૂરીના સભ્યોને પૂછવામાં આવેલા પ્રશ્નોનું કાગળિયું તેમને આપી, તેમને આપસમાં ચર્ચા કરી, જવાબો નક્કી કરવા જુદા કમરામાં મોકલવામાં આવ્યા.

ત્યાં પછી સિગાર-સિગરેટના ધુમાડા વચ્ચે જૂરીના સભ્યોમાં ચર્ચા શરૂ થઈ. માસ્લોવાના સૌંદર્યથી પ્રભાવિત થયેલા એક જણે માસ્લોવાને નિર્દોષ ગણીને, તેને ખોટી રીતે આ બધામાં સંડોવવામાં આવી છે, એમ જાહેર કર્યું. બીજાઓએ તેણે સિમોન અને બૉચ્કોવાની સાંતલસમાં રહી સ્મેલ્કોવના પૈસા તથા વીંટી ચોરી લીધાં હોવાની વાત ઉપર ભાર મૂકયો. આમ સામસામી લાંબી ચર્ચા ચાલ્યા પછી જૂરીના ફોરમૅને અદાલતે આપેલા પ્રશ્નો એક પછી એક લઈ તે દરેક પ્રશ્ન દીઠ નિશ્ચિત જવાબ આપવાનો સૌને આગ્રહ કર્યો.

પહેલો પ્રશ્ન એ હતો કે, સિમોન કાર્ટિકિને બીજાઓ સાથે સાંતલસમાં રહીને સ્મેલ્કોવના પૈસા પડાવી લેવાના હેતુથી તેનું મૃત્યુ નિપજાવવા ઝેર વાળી બ્રાન્ડી પિવરાવી હતી કે નહિ, તથા પછી સ્મેલ્કોવનું મૃત્યુ થયે તેની ૨૬૦૦ રૂબલ જેટલી રકમ તથા હીરાની એક વીંટી ચોરી લીધાં કે નહિ?

એ પ્રશ્નનો જવાબ તો બધાએ લગભગ સર્વસંમતિથી 'અપરાધી' આપ્યો - અર્થાત્ સિમોન કાર્ટિકિન, તેમને મતે ચોરીનો તથા ઝેર મૃત્યુ નિપજાવવાનો એમ બંને અપરાધો કરનાર ગુનેગાર હતો. કારીગરોની સહકારી મંડળીનો એક સભ્ય,' જે આ જૂરીના સભ્યોમાં હતો, તે દયામાયાવાળો હોઈ, બધા જ ગુનેગારોને છોડી મૂકવાની તરફેણ જ કરવા માગતો હતો. તેણે એકલાએ જ વિરુદ્ધમાં મત આપ્યો.

બીજો પ્રશ્ન એ હતો કે, બૉચ્કોવા પણ ઉપર પ્રમાણેના બંને ગુનાઓની ગુનેગાર હતી કે કેમ? એને તો બધા જૂરી-સભ્યોએ પૂરતા પુરાવાઓ ન હોવાથી 'નિર્દોષ' જાહેર કરી. અલબત્ત, માસ્લોવા ઉપર ખુશ થઈ ગયેલો એક જૂરી-સભ્ય બધા ગુના બૉચ્કોવાને જ ઓરાડાવા માગતો હતો, જેથી માસ્લોવા નિર્દોષ છે એમ ઠરે; – તેણે એકલાએ વિરુદ્ધમાં મત આપ્યો.

પછી ચોથો પ્રશ્ન બૉચ્કોવા અંગે હોઈ, અહીં પહેલો વર્ણવી લઈએ. તે એ બાબતનો હતો કે, બૉચ્કોવા જો પહેલા પ્રશ્નમાં જણાવેલા ગુનાઓ માટે ગુનેગાર ન હોય, તો પછી, સ્મેલ્કોવના પોર્ટમેન્ટોને ઉઘાડવા માટે ચાવી લાવી, તે ઉઘાડી, તેમાંથી તેણે ૨૬૦૦ રૂબલ ચોરી લેવાનો ગુનો કર્યો છે કે નહિ?

આ પ્રશ્નનો જવાબ બધાએ 'ગુનેગાર' એવો આપ્યો. માત્ર પેલા સહકારીમંડળીના સભ્યે, બૉચ્કોવા ઉપર દયા બતાવવા અદાલતને ભલામણ કરવાનો આગ્રહ કર્યો અને તે ભલામણ સૌએ મંજૂર રાખી.

ત્રીજો પ્રશ્ન એ હતો કે, માસ્લોવાએ પહેલા પ્રશ્નમાં જણાવેલા ચોરી તેમ જ ખૂનના ગુનાઓ કરેલા છે કે નહિ? એ બાબતમાં ભારે મતભેદ પડ્યો. એક વખત તેને નિર્દોષ ઠરાવવાના નિર્ણય તરફ ઝોક વળ્યો; બીજી વખત તે ગુનેગાર ઠરાવવા તરફ. છેવટે ફોરમૅનને મોડું થતું હોવાનું કારણ બતાવી [illegible] તે એક નિર્ણય જલદી જાહેર કરી દેવા આગ્રહ રાખ્યો.

જૂરીના સભ્યો પણ હવે થાકયા હતા તથા જલદી અદાલતમાંથી છુટકારો થાય એવું ઇચ્છતા હતા.

નેખ્લ્યૂદોવને માસ્લોવાનો જેટલો અનુભવ હતો, તેટલા ઉપરથી તેને ખાતરી હતી કે, તે ચોરી તથા ઝેર એ બંને ગુનાઓની બાબતમાં નિર્દોષ હતી; પરંતુ માસ્લોવા સાથે પોતાનો સંબંધ હોવાની વાત ખુલ્લી પડીને પોતાની ફજેતી ન થાય એવું તે ઇચ્છતો હોવાથી, તે ચૂપ રહ્યો. છતાં, માસ્લોવા ગુનેગાર ઠરી, તેને સજા થાય એવું પણ ન બને એમ તે ઇચ્છતો હતો. એટલે એક જૂરી-સભ્યે જ્યારે એમ કહ્યું કે, માસ્લોવા પાસે ભલે સ્મેલ્કોવની ચાવી હતી, પણ તેના ચાલ્યા ગયા પછી હૉટલના નોકરો સિમૉન અને બૉચ્કોવાએ બીજી ચાવી લઈને એ પોર્ટમેન્ટો ઉઘાડયો હોય અને બાકીની રકમ ચોરી લીધી હોય, એમ કેમ ન બને? ત્યારે તે ખુશ થયો અને તે બાબતમાં તેણે હાર્દિક સંમતિ દર્શાવી.

"બરાબર છે!" પેલો માસ્લોવાનો પ્રશંસક સભ્ય પણ બોલી ઊઠયો.

"અને માસ્લોવા પૈસા લઈને કરે પણ શું? કારણ કે તે તો ખાંજરાની બાઈ હતી અને તેને તો બધી કમાણી તેની માલિકણને જ સોંપી દેવી પડે!" પેલા જૂરી-સભ્યે ઉમેર્યું.

"ખરી વાત! ખરી વાત!" પેલો આશક જોરથી પોકારી ઊઠયો.

"એટલે માસ્લોવા સ્મેલ્કોવની ચાવી લઈને આવી અને સ્મેલ્કોવે મંગાવેલા પૈસા લઈ ગઈ, એ જોઈને જ હૉટલનાં પેલાં બે નોકરોને એ પોર્ટમેન્ટો ઉઘાડી અંદરના પૈસા કાઢી લેવાનો વિચાર સ્ફુર્યો હોવો જોઈએ."

"તદ્દન સાચી વાત! તદ્દન સાચી વાત!"

"અને સ્મેલ્કોવે પોતાની ચાવી સોંપવા જેટલો વિશ્વાસ જેની ઉપર દાખવ્યો, તેને પોતાની હીરાની વીંટી ખુશ થઈને બક્ષિસ આપી હોય, એમ પણ કેમ ન મનાય?"

એટલે ચોરીના ગુનામાંથી તો માસ્લોવાને સૌએ મુક્ત કરી દીધી. અને આમ પૈસા ચોરવાનો હેતુ જ ન રહ્યો, તો પછી માસ્લોવા સ્મેલ્કોવને ઝેર શા માટે આપે? એમ પેલા આશકે દલીલ કરી.

પણ ફોરમૅને સામી દલીલ કરી કે, તેને બ્રાન્ડી પિવરાવ્યાનું માસ્લોવા પોતે કબૂલ રાખે છે, એનું શું?

'પણ તેણે તો સ્મેલ્કોવને ઘેનમાં નાખવાની દવા પાવાનો જ ઇરાદો રાખ્યો હતો'— એવી સામી દલીલ થઈ. અને જેમણે સ્મેલ્કોવના પૈસા ચોર્યા હોય, તેઓ જ, પૈસા ચોરાયાની બુમરાણ સ્મેલ્કોવ ન ઉઠાવે તે માટે તેને મારી નાખવા, ભોળી માસ્લોવાએ ઘેનમાં નાખવાની દવા માગી હોય ત્યારે ઝેરની પડીકી જ તેને પકડાવી દે, એમ બનવું જ સ્વાભાવિક છે, એવો ખુલાસો પણ ઉમેરવામાં આવ્યો.

છેવટે મોડું થતું હોવાથી, અને આ ચર્ચાનો અંત આવે એમ ન લાગવાથી, ફોરમૅને સૌને પૂછ્યું, "તો આપણે એમ કહીએ કે, તે ભૂકી-મિશ્રિત દારૂ પાવાની ગુનેગાર છે, પણ તેનો ચોરીનો ઇરાદો ન હતો, તથા તેણે ચોરી કરી નથી?"

"પણ તો પછી તેને 'નિર્દોષ' જાહેર કરવામાં શો વાંધો છે?" સહકારી-મંડળીના સભ્યે જણાવ્યું.

"પણ આ ઉપરથી પણ એ જ નતીજો નીકળશે ને? તેનો ઇરાદો ચોરી કરવાનો નહોતો તથા તેણે ચોરી પણ કરી નથી, એટલે તે ગુનેગાર પણ નથી— એ ઉઘાડું જ છે ને?" ફોરમૅને સમજાવ્યું.

બધી ચર્ચા એવી ગૂંચવાડાભરી ચાલી તથા એવું ધાંધળ મચી રહ્યું કે, છેવટે કોઈને એમ ઉમેરવાનું ન સૂઝ્યું કે, ઝેર દેવાના ગુનાની બાબતમાં પણ સ્મેલ્કોવને બ્રાન્ડીમાં ભૂકી પાઈ દેવા પૂરતી જ તે 'ગુનેગાર' હતી, પરંતુ તેનો ઇરાદો જીવ લેવાનો ન હતો. નેખ્લ્યૂદોવ પોતે પણ એટલો ઉશ્કેરાઈ ગયો હતો કે, તેને પણ આ વાત ન સૂઝી.

૭૯

૩

પ્રેસિડન્ટે પણ કેસનો સમારોપ કરતી વખતે બધી જાતના વિકલ્પો જૂરીના સભ્યોને દર્શાવ્યા હતા. પણ એકલો આ વિકલ્પ જ ઉમેરવાનો છોડી દીધો હતો કે, તે સ્મેલ્કોવનું ઝેરવાળો દારૂ પાઈને મોત નિપજાવવાની બાબતમાં ગુનેગાર હોઈ શકે, પણ તેનો ઇરાદો તેનો જીવ લેવાનો ન હોય. જૂરી-સભ્યોના જવાબ મળી જતાં જ પ્રેસિડન્ટે પોતાની બાજુમાં બેઠેલા સભ્યને ટકોર કરી, "આ મૂર્ખાઓ જુઓને કેવો નિર્ણય લઈ આવ્યા છે? તેઓએ ચોરી કરવાનો ઈરાદો નહોતો એમ જણાવ્યું છે, પણ તે પ્રમાણે મોત નિપજાવવાનો ઈરાદો નહોતો એ વાત ઉમેરવાનું તેઓ ભૂલી ગયા છે. એટલે માસ્લોવા તેમને મતે નિર્દોષ હોવા છતાં તેને સાઇબીરિયામાં દેશનિકાલની સજા થશે! તો આપણે ૮૧૭ મી કલમનો ઉપયોગ કરી, જૂરીના અભિપ્રાયને અન્યાયી ઠરાવી ફગાવી દેવો કે નહિ?"

બીજા બે ન્યાયાધીશોમાંથી પેટના દરદીએ સામે પડેલા છાપા ઉપરના આંકડાનો સરવાળો કર્યો અને નક્કી કર્યું કે, તે જો ત્રણે ભાગી શકાય તેવો આવે, તો પ્રેસિડન્ટની વાત કબૂલ રાખવી. એ સરવાળો ત્રણે ભાગી ન શકાયો, છતાં તેણે પ્રેસિડન્ટની વાત કબૂલ રાખવાની તરફેણમાં મત આપ્યો – કેવળ દયાભાવથી પ્રેરાઈને.

પણ ત્રીજા ન્યાયાધીશે તો કઠોરતાથી જણાવ્યું કે, "જૂરીના સભ્યો સામાન્યપણે ગુનેગારોને છોડી મૂકવાનું વલણ ધરાવે છે, એવી ટીકા છાપાંમાં આવ્યા કરે છે. પણ જૂરીના સભ્યો જેને ગુનેગાર ઠરાવે તેને હવે ન્યાયાધીશો છોડી મૂકવાનું વલણ અપનાવશે, તો કેવી ખરાબ ટીકા થશે?"

પ્રેસિડન્ટે હવે ઘડિયાળ સામે જોયું, અને તેને પોતાની સ્વિસ પ્રેમિકા યાદ આવી. છેવટે તેણે ફોરમૅન સામે જોઈને તેને જૂરીના જવાબો મોટેથી વાંચી સંભળાવવા જણાવ્યું.

ત્યાર બાદ તે અનુસાર પબ્લિક પોસિક્યૂટરે દરેક ગુનેગાર કઈ કલમ હેઠળ સજાપાત્ર બને છે તે જણાવ્યું.

અદાલત હવે ફેંસલો વિચારવા માટે ઊઠીને બીજા કમરામાં ગઈ.

દરમ્યાન જૂરીના પેલા સભ્યે નેખ્લ્યૂદોવને કહ્યું, "આપણે કેવા ગમાર છીએ? છેવટે આપણે માસ્લોવાને બિચારીને સાઇબીરિયામાં ધકેલીને જ જંપ્યા!"

"કેમ, કેમ?"

"'કેમ' તે એમ કે, આપણે ઝેરવાળી બાબત માટે એટલું ઉમેરવાનું ભૂલી ગયા કે, 'ગુનેગાર' ખરી, પણ મોત નિપજાવવાનો ઇરાદો નહોતો. અદાલતના સેક્રેટરીએ મને હમણાં જ જણાવ્યું કે, પ્રોસિક્યૂટર માસ્લોવાને સાઇબીરિયામાં પંદર વર્ષ દેશનિકાલની સજા કરાવશે."

જૂરીના બધા સભ્યો હવે ફોરમૅનને ઘેરી વળ્યા. તેણે એટલો જ જવાબ આપ્યો કે, "પણ હું શું કરું? તમે સૌએ જે જવાબ મંજૂર રાખ્યા, તે જ મેં લખ્યા છે. કોઈએ તે ઘડીએ તો વાંધો લીધો નહોતો!"

"પણ હજુ આપણે એ વસ્તુ સુધારી લઈએ તો?" નેખ્લ્યૂદોવે પૂછ્યું.

"ના, ના; એ તો બધું હવે પૂરું થઈ ગયું."

અને એની વાત સાચી હતી. કારણ કે, અદાલતે આવીને ફેંસલો સંભળાવી જ દીધો –

સિમોન કાર્ટિકિન તથા માસ્લોવાની તમામ મિલકત જપ્ત કરવામાં આવે; અને તેમને સાઇબીરિયામાં સખત મજૂરી કરવા મોકલી દેવામાં આવે — કાર્ટિકિનને આઠ વર્ષ એને માસ્લોવાને ચાર વર્ષ. બૉચ્કોવાના બધા ખાસ વૈયક્તિક કે મળેલા હકો ડૂલ કરવામાં આવે અને ત્રણ વર્ષની જેલ. દાવાનું ખર્ચ ત્રણે અપરાધીઓ પાસેથી સરખે હિસ્સે વસૂલ કરવું; અને તેમની પાસે પૂરતી મિલકત ન હોય, તો સરકારી તિજોરી ખાતે એ નાખવું. પ્રત્યક્ષ પુરાવાઓ તરીકે રજૂ થયેલી વસ્તુઓ વેચી નાખવી; વીંટી પાછી આપવી; અને કાચનાં વાસણ ફોડી નાખવાં.

કાર્ટિકિન અને બૉચ્કોવા તો સજા સાંભળી શાંત રહ્યાં. પણ માસ્લોવા ચીસ પાડી ઊઠી, "હું નિર્દોષ છું! હું નિર્દોષ છું! આ તો પાપ છે – અન્યાય છે! હું ગુનેગાર નથી."

૧૪
કોર્ચાગીનાને ત્યાં
૧

નેખ્લ્યૂદોવ હવે પ્રેસિડન્ટને મળવા માટે દોડી ગયો. અદાલત-ના દરવાજા પાસે જ તે ભેટી ગયો.

"હમણાં જ જે કેસ ચલાવવામાં આવ્યો, તેની બાબતમાં હું થોડાક શબ્દો આપને કહેવા માગું છું!"

"જરૂર, જરૂર, પ્રિન્સ નેખ્લ્યૂદોવ; તમારી કાંઈ પણ સેવા બજાવતાં મને ખૂબ આનંદ થશે."

"માસ્લોવાની બાબતનો જવાબ ઘડવામાં જૂરી-સભ્યોની જરા ગફલત થઈ ગઈ છે. જૂરી-સભ્યોના માનવા પ્રમાણે ઝેર દીધાનો ગુનો તેણે કર્યો નથી, છતાં તેને સાઇબીરિયામાં સખત મજૂરીની સજા થઈ છે."

"અદાલતે તો તમે આપેલા જવાબો અનુસાર સજા કરી છે,— જો કે તમારા જવાબો પરસ્પર વિરોધી હતા, એ વસ્તુની જાણ મને તરત જ થઈ ગઈ હતી." પરંતુ આટલું બોલવા દરમ્યાન જ પ્રેસિડન્ટને તરત યાદ આવ્યું કે, જૂરીને ખુલાસો કરતી વખતે પોતે પણ એ વાત સમજાવવાનું ભૂલી ગયો હતો કે, 'ગુનેગાર' એવો ચુકાદો આપવાનો અર્થ સાથોસાથ હેતુપૂર્વક ખૂન કર્યું છે એવો જ થાય;— સિવાય કે, 'મોત નિપજાવવાના હેતુ વિના' એટલા શબ્દો સાથે ઉમેર્યા હોય. સ્વિસ પ્રેમિકાને મળવા જવાની ઉતાવળમાં તેણે એટલી વાત પડતી મૂકી હતી, અને જૂરી-સભ્યો પોતાની મેળે એટલું તો સમજી લેશે, એમ માની લીધું હતું.

"અપીલ માટેનું કારણ તો હંમેશ શોધી શકાય છે. તમે આ બાબતમાં કોઈ વકીલની સલાહ લો."–એમ કહી તેણે દરવાજા તરફ આગળ વધવા માંડયું.

"પણ આ તો બહુ ભયંકર વસ્તુ છે."

"જુઓને, માસ્લોવા માટે બે વિકલ્પો જ શકય હતા: કાં તો તેને તદ્દન નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવી, અથવા સાઈબીરિયા મોકલવી. એ બેની વચ્ચે તો કશો જ વિકલ્પ નથી. તમે લોકોએ જો 'મોત નિપજાવવાના હેતુ વિના' એટલા શબ્દો ઉમેર્યા હોત. તો તેને છોડી જ મૂકવામાં આવત."

"ખરી વાત; મારી પણ એ ગફલત થઈ ગઈ અને તેનું કશું બહાનું મારાથી આપી શકાય તેમ નથી."

"બધી વાત એ મુદ્દા ઉપર જ આવીને થોભે છે, સમજ્યા ને?" પ્રેસિડન્ટ હવે ઘડિયાળમાં જોઈ, પોતાની પ્રેમિકાના સંકેત વચ્ચે પોણો કલાક જ બાકી રહ્યો હોઈ, ઉતાવળે ચાલતો ચાલતો બોલ્યો.

૨

પ્રેસિડન્ટ સાથે થયેલી વાતચીત તથા બહારની ખુલ્લી હવાને કારણે નેખ્લ્યૂદોવ હવે જરા સાંસતો થયો. તેણે ઝ્ટપટ સક્રિય બની, પોતાનાથી થયેલી ગફલત સુધારી લઈ, માસ્લોવાને તેની આકરી સજામાંથી બચાવી લેવાનો નિરધાર કર્યો. પોતાની જાણના બે મુખ્ય ઍડવોકેટોમાંથી ફૅનેરિન તેને અદાલતમાં જ મળી ગયો. તે કંઈક બહાર જવાની ઉતાવળમાં જ હતો; પરંતુ પ્રિન્સ નેખ્લ્યૂદોવે માગણી કરતાં જ તે તેને પોતાના કમરામાં લઈ ગયો.

"મારી પ્રથમ વિનંતી એ છે કે, આ બધી વાત આપણી બે વચ્ચે જ રહેવી જોઈએ: હું એ બાબતમાં કશો રસ લઈ રહ્યો છું, એ વાત બહાર આવવી ન જોઈએ." નેખ્લ્યૂદોવે કહ્યું.

"અલબત્ત, એમ જ થશે."

"આજે હું જૂરીના સભ્ય તરીકે અદાલતમાં હાજર રહ્યો એ કેસમાં એક નિર્દોષ બાઈને સાઇબીરિયામાં સખત મજૂરીની કરવામાં આવી છે. મારે એ બાબતમાં ઉપલી અદાલતમાં ર કરાવવી છે."

"અર્થાત્ સેનેટમાં જ ને?"

"હા, હા; તો તમે એ કેસ હાથમાં લો; જે કંઈ ખર્ચ થશે હું જ આપીશ."

"એ બધું તો પછી નક્કી કરી લેવાશે," ફેનેરિન હસતો હસ બોલ્યો; "અત્યારે તો કેસની હકીકત શી છે, તે મને ટૂંકમાં કહો."

નેખ્લ્યૂદોવે અદાલતમાં જે કંઈ બન્યું હતું તે કહી સંભળાવ્યું.

"ઠીક; તો હું આવતી કાલે એ કેસના કાગળો જોઈ કાઢીશ. તમે મને ગુરુવારે મળજો—છ વાગ્યા પછી; એટલે હું મારો જવાબ તમને આપી દઈશ. પણ, અત્યારે હવે મને પરવાનગી આપો તો હું જાઉં; મારે જરા અગત્યનું કામ છે."

૩

પોતે માસ્લોવાના બચાવ માટે કંઈક કરવા માંડ્યું છે, એવા ખ્યાલથી નેખ્લ્યૂદોવને કંઈક શાંતિ વળવા માંડી. પરંતુ રસ્તે ચાલતાં તેને કાટુશા (માસ્લોવા) સાથેના બધા પૂર્વ-પ્રસંગો એક પછી એક યાદ આવતા ગયા; અને પોતે તેને દીધેલા દગાની વાત યાદ આવતાં ફરી પાછો તે ખિન્ન થઈ ગયો. કેવી રીતે એ બધું ભૂલવું, એનો વિચાર તે કરતો હતો, એટલામાં કોર્ચાગીન-કુટુંબનું નિમંત્રણ તેને યાદ આવ્યું. તરત તેણે એક ઘોડાગાડી ભાડે કરી લીધી અને થોડી વારમાં તે તેમના મોટા મકાનના દરવાજે આવી પહોંચ્યો.

ભોજનના વિશાળ કમરામાં આખું કુટુંબ તથા નિમંત્રિત મહેમાનો ભોજન કરવા બેસી ગયાં હતાં. માત્ર કોર્ચાગીનાની મા સોફાયા વાસિલ્યેવ્ના પોતાના કમરામાં જ ભોજન લેવા બેઠી હતી. તે હવે

ખે ભોજન કરવા બહાર આવતી નહિ; તે ભલી અને તેનો પ્રેમી બાબતઃ ભલો !

બુઢ્ઢા કોર્ચાગીને નેખ્લ્યૂદોવને આવેલો જોઈ, રાજી થઈને તેને ાર આપ્યો તથા જણાવ્યું, "વાહ, વખતસર જ છો; હજુ હમણાં અમે શરૂઆત કરી છે."

તેને નેખ્લ્યૂદોવ કોર્ચાગીનાની પાસે ખાલી રખાયેલી ખુરશી ઉપર બેસી મોકા. તેનું ભાણું તરત જ તૈયાર કરી દેવામાં આવ્યું.

' મે નિમંત્રિત બૅન્ક-ડિરેક્ટરે નેખ્લ્યૂદોવ સામે જોઈને હસતાં હસતાં છોપૂછ્યું, "કેમ પ્રિન્સ, તમે ગુનેગારોને છોડી મૂકવાનું અને નિર્દોષોને જા ફરમાવવાનું કામ કરી આવ્યા ને?" શહેરના એક પ્રત્યાઘાતી બછાપાએ જૂરી-સભ્યોથી અપાતા ચુકાદાઓની ટીકા કરતાં વાપરેલા એ શબ્દો હતા.

મિસી (નેખ્લ્યૂદોવની વિવાહિતા કોર્ચાગીના) તરત જ વચ્ચે બોલી ઊઠી, "તેમને જરા જમવા તો દો! આપણે તો ક્યારનું શરૂ કરી ચૂક્યાં છીએ."

નેખ્લ્યૂદોવ, પોતે કાટુશા પ્રત્યે કરેલા અપરાધના વિચારો ભૂલવા જ અહીં આવ્યો હતો. અહીંના શિષ્ટ વૈભવ અને નાજુક ખુશામતના વાતાવરણની તેના ઉપર હંમેશ સારી અસર થતી. પરંતુ આજે તેને અહીંનો બધો વ્યવહાર જાણે અકારો લાગતો હતો, અને તેને વાતચીત-માં ભળવાનું મન જ થતું નહોતું.

છતાં તેણે શિષ્ટાચાર ખાતર મિસીને પૂછ્યું, "તો પછી તમે ચિત્ર-ગૅલરી જોઈ આવ્યાં કેમ?"

"ના, ના, અમે એ પ્રોગ્રામ પડતો જ મૂક્યો. તેને બદલે અમે ટૅનિસ રમવા ગયાં હતાં, બહુ મજા આવી."

"ટૅનિસ બહુ નીરસ રમત છે," બૅન્ક-ડિરેક્ટર વદ્યા; "અમે નાના હતા ત્યારે 'લાપ્તા' રમતા, એ વધુ મજેદાર રમત હતી."

મિસી તરત જ બોલી ઊઠી, "તમે ટેનિસ રમ્યા જ નથી, એટલે તમને એની મજાની શી ખબર? એ રમતનો આનંદ તો વર્ણવ્યો જાય તેવો નથી."

પછી તો એ મુદ્દા અંગે જે ચર્ચા શરૂ થઈ, તેમાં બધાં જ મોટેરાં ભળ્યાં. માત્ર નાનેરાં તથા ગવર્નેસ વગેરે ચૂપ રહ્યાં.

પરંતુ ચર્ચા ચાલતી ચાલતી લાંબી તથા છેવટે કડવી થવા લાગી; એટલે બુઢ્ઢા કોર્ચાગીન હાથમાં નૅપકિન લઈને ઊભા થયા. તેમની પછી બીજાં બધાં પણ ઊભાં થઈ ગયાં.

મિસીએ નેખ્લ્યૂદોવને પૂછી લીધું, "તમારો એ રમત વિષે શો મત છે, વારુ?"

નેખ્લ્યૂદોવનું ચિત્ત પહેલેથી આ બધી ચર્ચા તરફ હતું જ નહિ. એટલે તેણે જેમ તેમ જવાબ આપ્યો, "ખરે જ મેં આ બધા અંગે કદી કશો વિચાર જ કર્યો નથી."

"પણ તમે મમાને મળવા તો આવશો જ ને?" મિસીએ પૂછ્યું.

નેખ્લ્યૂદોવને તેની પાસે જવાનું મન ન હતું, પરંતુ શિષ્ટ કુટુંબમાં મળવા આવ્યા બાદ મૂંજી જેવા બની રહેવું એ પણ સારું ન કહેવાય; એટલે તે તરત તેની સાથે તેની માના કમરા તરફ ચાલ્યો. પરંતુ મોટા ડ્રૉઈંગ-રૂમ વચ્ચે આવતાં જ ત્યાં તે સ્થિર થઈને ઊભો રહ્યો.

મિસી પરણી જવા બહુ ઉત્સુક હતી; તથા નેખ્લ્યૂદોવ પણ પોતાના ખાનદાનને લાયક મૂરતિયો હતો, એટલે તેને ખાતરી હતી કે, તેણે એને પરણવું જ જોઈએ. તે હવે ઝટપટ એ બાબતનો નિકાલ લાવી દેવા, એટલે કે નેખ્લ્યૂદોવને મોંએથી એ વાત કઢાવવા માગતી હતી.

તેણે તરત જ પૂછ્યું, "કેમ, આજે શું બન્યું છે, જેથી તમે આમ મૂઢ થઈ ગયા છો?"

નેખ્લ્યૂદોવને અદાલતનો કિસ્સો યાદ આવતાં જ તેનું મોં ગંભીર તથા લાલ લાલ થઈ ગયું.

"હા, હા, કંઈક બન્યું છે ખરું; જરા અસામાન્ય એવી ગંભીર બાબત બની છે."

"તો શું બન્યું છે, તે મને કહી દો જોઉં."

"હમણાં નહિ; અત્યારે કહેવા મહેરબાની કરીને આગ્રહ ન કરતાં—" હજુ એ વસ્તુ મારા મનમાં જ એવી ગોટાયા કરે છે–"

"ઓહો, તમે મને નહીં જ કહો, કેમ?" પેલીએ રૂઠી જઈને કહ્યું. જાણે નેખ્લ્યૂદોવે તેની 'મરજી'ને તો પ્રમાણવી જ જોઈએ!

"ના હું નહી કહી શકું." નેખ્લ્યૂદોવ બોલી ઊઠયો. જો કે મનોમન તે સમજી ગયો કે, આમ બોલીને કશી અગત્યની વાત પોતે છુપાવે છે, એવો અંદેશો તે પેલીના મનમાં નાહક ઊભો કરી રહ્યો છે.

"ઠીક, ત્યારે મા પાસે તો ચાલો!" એમ કહી તે આગળ થઈ; પણ તેના સખત ભિડાયેલા હોઠ ઉપરથી તથા ફૂલેલાં નસકોરાં ઉપરથી નેખ્લ્યૂદોવ સમજી ગયો કે, તે આંખમાં ઊભરાઈ આવેલાં આંસુ રોકવાનો પ્રયત્ન કરી રહી છે.

મિસીને નાહક આમ દુભવવા બદલ નેખ્લ્યૂદોવને મનમાં ખેદ થયો તથા શરમ પણ આવી; પરંતુ તે જાણતો હતો કે, પોતે સહેજ પણ નબળાઈ બતાવશે, તો પેલી એને ચોટી જ પડશે. અને આજે ખાસ કરીને એને એ વાતનો વિશેષ ડર લાગતો હતો.

૧૫

છે પસ્તાવો વિપુલ ઝરણું

૧

નેખ્લ્યૂદોવ ઘર તરફ પગપાળો ચાલવા લાગ્યો ત્યારે તેના મનમાં નરી ઘૃણા અને શરમનો ભાવ ઊભરાઈ રહ્યો હતો. અને ઘેર પહોંચ્યા પછી પણ ડ્રૉઇંગ-રૂમમાં પિતાની સાથે પોતાની માતાનું યૌવન-કાળનું અર્ધનગ્ન તૈલચિત્ર જોતાં તે ભાવ શાંત થવાને બદલે ઊલટો વધ્યો. ત્રણ મહિના અગાઉ એ જ સ્ત્રી (ફોટામાંની મા) સુકાઈને લાકડું થઈ ગયેલી તથા મડદા જેવી વિચિત્ર અસહ્ય ગંધથી ગંધાતી આ ઓરડામાં જ પડેલી હતી .

માતાના ચિત્રની અર્ધખુલ્લી છાતી, તથા આરસપહાણના કંડારી કાઢ્યા હોય તેવા ખુલ્લા ખભા અને ડોક જોઈ તેને એવી જ એક બીજી અર્ધનગ્ન સ્ત્રીની જોયેલી આકૃતિ યાદ આવી — મિસીની જ! તે બૉલ-નૃત્યમાં જવા ખાસ પોશાક પહેરીને તૈયાર થઈ હતી અને નેખ્લ્યૂદોવ પોતાને તે પોશાકની અર્ધનગ્ન સ્થિતિમાં જુએ તે માટે તેણે તેને કંઈક બહાનું કાઢી પોતાના કમરામાં બોલાવ્યો હતો. તે વખતના તેના સુંદર ખભા અને હાથ તેને યાદ આવ્યા,– પણ કેવળ ઘૃણાની સાથે. સાથે જ તેના પિતા તેને યાદ આવ્યા: કેવો તેમનો શંકાભર્યો ભૂતકાળ, અને તેમની પાશવિક ક્રૂરતાઓ! અને તરત જ મિસીની મા પણ તેને યાદ આવી. છેક જ વગોવાયેલા ચારિત્ર્યવાળી.

અને તે મોટેથી બોલી ઊઠ્યો : “ શરમ છે ! લ્યાનત છે ! ”

તેને મનમાં વિચાર આવ્યો કે, તેણે આ બધી જાળ-જંજાળમાંથી છૂટા થઈ જવું જોઈએ: કોર્ચાગીન કુટુંબ સાથેનો આ મિથ્યા સબંધ તેણે તોડી નાખવો ઘટે; તે જ પ્રમાણે પેલા સરપંચની પત્ની મૅરી વાસિલ્યેવ્નાનો પણ. પોતાની માતા તરફથી વારસામાં મળેલી જાગીરની પંચાતમાંથી પણ તેણે યોગ્ય રસ્તો કાઢીને નીકળી જવું રહ્યું.

પણ સૌથી પહેલાં પેલા ઍડવોકેટ ફૅનેરિનને મળીને માસ્લોવાને છોડાવવાનું કામ તેણે પતવવું જોઈએ! પછી પોતે નિરાંતે કૉન્સ્ટંટિનોપલ તથા રોમ તરફ થોડા દિવસ જાણે ખુલ્લી હવામાં ફરવા ઊપડી જશે. દરમ્યાન કળાનો પોતાના શોખનો વિષય પણ ફરી હાથ ધરી શકાશે. જોકે, અત્યારે હવે પોતે સાચો કળાકાર છે, એવું તેને લાગતું ન હતું!

પરંતુ માસ્લોવાની યાદ આવતાં, પોતે જ્યારે ફોઈઓને ત્યાં તેને છેવટના મળ્યો હતો તે પ્રસંગ નેખ્લ્યૂદોવને યાદ આવ્યો. કેવું પશુ તે વખતે પોતાના ઉપર સવાર થઈ બેઠું હતું! અને તેને ભ્રષ્ટ કર્યા પછી પોતાને ઘેરી વળેલાં ખેદ અને હતાશા પણ તેને યાદ આવ્યાં. આગલી રાતે દેવળમાં ઈસ્ટર-પૂજા વખતે પોતે નજીકથી જોયેલું કાટુશાનું નિર્દોષ યુવાન મોં તેને યાદ આવ્યું; તે વખતે પોતે તેને કેવા નિર્મળ પ્રેમથી ચાહતો હતો! પણ પછી પોતે તેની કેવી વલે કરી મૂકી? અને પોતાની પણ?

પોતે જુવાનીમાં કેવો નિશ્ચિત, ખુલ્લા દિલનો અને અનેક મહત્ત્વાકાંક્ષાવાળો માણસ હતો? પણ હવે કેવો મૂર્ખ, જડ, પોકળ, નિર્માલ્ય અને સ્વચ્છંદી થઈ રહ્યો છે?

પણ, પણ,—આ બધામાંથી શી રીતે નીકળી જવું? પેલા સરપંચની પત્ની મૅરી વાસિલ્યેવ્ના સાથેના ગેરકાયદે સંબંધમાંથી કેવી રીતે છૂટા થવાય, જેથી પોતે તેના પતિ અને તેનાં સંતાનોની આંખમાં આંખ મિલાવીને સીધેસીધું જોઈ શકે?

મિસીની જાળમાંથી શી રીતે છૂટા થવાય, જેથી તેની સાથેના પ્રેમનું જૂઠાણું લંબાવ્યા કરવું ન પડે?

માના વારસા તરીકે મળેલી જમીનને શી રીતે વગે કરવી, જેથી પોતાના કબજામાં એ બધી રાખી મૂકવાના અન્યાયમાંથી છુટાય ?

પણ, પણ, સૌથી અગત્યનું તો કાટુશા પ્રત્યે આચરેલા પોતાના પાપકર્મનું પ્રાયશ્ચિત્ત શી રીતે કરાય? પોતે તેને એક વખત સાચા દિલથી પ્રેમ કર્યો હતો; તો પછી કુંવારી અવસ્થામાં તેને ભ્રષ્ટ કર્યા બાદ, તેના હાથમાં કેવળ સો રૂબલ પકડવી દેવાથી શી રીતે તેના પ્રત્યેની જવાબદારીમાંથી મુક્ત થઈ શકાય ?

અને પોતે ફોઈઓને ત્યાંથી વિદાય થતી વખતે કાટુશાને પરાણે સો રૂબલ આપવા ગયો તે વખતનું કાટુશાનું ખેદભર્યું મોં તેને યાદ આવ્યું. અને તે જ વખતે તેને પોતાની જાત પ્રત્યે પારાવાર ધૃણા છૂટી. કાટુશાનું એ વખતનું મોં તેને શું જણાવતું હતું? – કે આવો આખરી કોટીનો પ્રેમ બતાવીને છેવટે તેને એક સામાન્ય બજારુ સ્ત્રી – વેશ્યા જેવી ગણી કાઢી ? અત્યાર સુધી પોતાને મિસી તથા તેનાં માતાપિતા પ્રત્યે શાની ધૃણા છૂટી હતી, તે હવે નેખ્લ્યૂદોવને સમજાઈ ગયું! ખરી રીતે તેને પોતા પ્રત્યે જ ધૃણા છૂટી હતી.

૨

નેખ્લ્યૂદોવના જીવનમાં પહેલાં પણ આવા પસ્તાવાના અને શુદ્ધ થઈ ફરી નવેસર જિંદગીનું પાનું બદલવાના અનેક પ્રસંગો આવી ગયા હતા. તેવે વખતે તે કેટલાક કડક નિયમો વિચારી કાઢતો અને તેમાં પોતાના જીવનને બરાબર જકડી દેતો. પરંતુ દરેક વખતે થોડા સમય બાદ પાછાં દુનિયાનાં પ્રલોભનો તેને ઘેરી વળતાં.

પણ, આ વખતે નેખ્લ્યૂદોવને શુદ્ધ થઈ જિંદગીનું નવું પાનું ફેરવવાની વાત અશક્ય લાગી. પોતાના અંતરાત્માના અવાજથી પોતે કેટલો બધો દૂર નીકળી ગયો હતો – કેટલો બધો ઊલટે માર્ગે વળી ગયો હતો, તેનું તાદૃશ દર્શન થતાં તે કંપી ઊઠયો.

પણ એ હતાશાને ઓઠે જ તેના અંતરમાંથી બીજો વિરોધી અવાજ ઊઠવા લાગ્યો — "એવો પ્રયત્ન ફરી ફરીને કરવા જવું અને

નિષ્ફળ નીવડવું, તેના કરતાં એ પ્રયત્ન છોડી દેવો જ શો ખોટો? અને બધા માણસો આ બાબતમાં સરખા જ છે! દરેક જણ આવું આવું કેટલુંય છુપાવીને — ઢાંકીને ફરતો હોય છે, અને છતાં બેફિકરાઈથી નિરાંતે જીવન જીવતો હોય છે — અરે માણતો હોય છે! તો પછી તું પણ એમ બેફિકર થઈ જા, એટલે આ બધી મૂંઝવણ આપોઆપ ટળી જશે!"

પણ નેખ્લ્યૂદોવ તેના છેક ઊંડા અંતરેથી હલમલી ઊઠયો હતો. હવે એમ સહેલાઈથી પેલો વિરુદ્ધ અવાજ તેને ખેંચી જાય એમ રહ્યું નહોતું. તેણે દાંત કચકચાવીને નક્કી કર્યું કે, પોતે ગમે તેમ કરીને સીધે માર્ગે જ ચઢાણ આદરશે; અને પાછલાં કર્મોની જવાબદારી અદા કરવા પોતાને જે કરવું પડશે — જે વેઠવું પડશે, તે બધું જરૂર માથે ચડાવશે.

"બસ મારે મારા જીવનને જકડી રહેલા અસત્યમાંથી મુક્ત થવું જ છે. હું મિસીને કહી જ દઈશ કે, હું તો સ્વચ્છંદી, દુરાચારી માણસ છું; મારાથી તેને ન જ પરણી શકાય. હું મેરી વાસિલ્યેવ્નાને પણ કહી દઈશ......પણ તેને મારે શું કહેવાનું છે? હું તેના પતિને જ કહી દઈશ કે મેં તેની સાથે કેવો દગો ખેલ્યો છે. હું મને મળેલા વારસાને પણ જે રીતે ખેડૂતોને વહેંચી દેવો જોઈએ, તે રીતે વહેંચી દઈશ. હું કાટુશાને પણ કહીશ કે, હું બદમાશ છું, અને હવે તે પાપના પ્રાયશ્ચિત્ત તરીકે, તને આ સજામાંથી છોડાવી — તારી સાથે લગ્ન કરી, તને જીવનભર મારી આંખો ઉપર રાખીશ...તને હવે દુઃખી નહિ થવા દઉં — હું તારી માફી માગું છું — તારાં ચરણોમાં પડીને!"

...અને તે જ વખતે તેની આંખોમાંથી ડળક ડળક આંસુ ટપકવા તેને વધારે જોરથી પોકારી ઊઠયો, "પરમ પિતા! પ્રભુ! મને ખાસ કરીને તો પેલોઅંતરમાં નિવાસ કરો! મને આ બધાં અસત્યો- ી જાઓ!"

અને એમ નીચા નમી પ્રાર્થના કરતી વખતે તેને એમ લાગ્યું કે, જાણે પરમાત્મા તેના અંતરમાં આવી તેને આશ્વાસન આપી રહ્યા છે, તેને બળ પૂરી રહ્યા છે, તેને શુદ્ધ કરી રહ્યા છે.

અને તેને તરત ખાતરી થઈ ગઈ કે, કોઈ પણ મનુષ્ય જે કંઈ શુભ કર્મ કરી શકે, તે બધું પોતે પણ કરી શકે તેમ છે.

માનવ અંતરમાં પરમાત્માનું આગમન એવું મંગળમય — પાવનકારી હોય છે.

ી બીજો વિરોધી
ને કરવા જવું અને

૧૬

સ્ત્રી-કેદીઓ

૧

માસ્લોવા પોતાની જેલખાનાની કોટડીએ પહોંચી, ત્યારે સાંજના છ વાગી ગયા હતા. પગે ચાલવાની ટેવ ન હોવાથી આજે પથરાળ રસ્તા ઉપર થઈને દશેક માઈલની જા-આવ કરવાથી તેના પગ સારી પેઠે દુ:ખવા લાગ્યા હતા. તે ખૂબ ભૂખી પણ થઈ હતી. અદાલતમાં, કેસના પહેલા તબક્કામાં, સૈનિકો જ્યારે ભોજન કરતા હતા, ત્યારે તેને ભૂખનો ડંખ બરાબર સતાવવા લાગ્યો હતો, પણ એમની પાસે ભીખ માગીને ખાવામાં તેને શરમ લાગી. ત્રણ કલાક બાદ તો તેની ભૂખ મરી ગઈ, અને તેને માત્ર અશક્તિ જ લાગવા માંડી.

તે અરસામાં જ તેણે નહીં ધારેલી એવી સજા તેને ફટકારવામાં આવી.

પ્રથમ તો તેણે એમ માન્યું કે, પોતે ખોટું સમજી હશે. પોતાને સાઈબીરિયામાં સખત મજૂરીની સજા થાય, એવું તે માનતી જ ન હતી. પણ જજોને અને જૂરીના સભ્યોને એ સજાનો હુકમ જાણે સ્વાભાવિક હોય તેમ અવિચલિત રીતે સાંભળતા જોઈ, તેને ખૂબ ગુસ્સો આવ્યો અને તે મોટેથી બૂમ પાડી ઊઠી કે, પોતે નિર્દોષ છે. પછી જ્યારે તેણે જોયું કે, તેણે પાડેલી બૂમને પણ સ્વાભાવિક જ ગણી લેવામાં આવી છે, તથા તેનાથી અદાલતની કારવાઈને સહેજ પણ આંચ આવી શકે તેમ નથી, ત્યારે તે હતાશ થઈને રડવા લાગી.

તેને વધારે ખરાબ તો એ લાગ્યું કે, અદાલતના બધા માણસો-ખાસ કરીને તો પેલો પ્રેસિડન્ટ તે જાણે કોઈ સ્વર્ગની દેવી હોય એમ

તેની સામે પ્રશંસાભાવથી જોયા કરતો હતો. કેસ શરૂ થતા પહેલાં અને વચ્ચે પડતી છૂટીઓમાં કેદીઓના કમરામાં તે બેઠી હોય ત્યારે બધા જ ખુલ્લા બારણામાંથી તેની સામે જોયા કરતા તથા તે તરફ થઈને જવાનું કે કમરામાં પેસવાનું બહાનું ઊભું કરી, તેનાં દર્શન કરી જતા. એ જ લોકોએ તેને અપરાધી ઠરાવીને, સાઇબીરિયાની કપરી સજા ફટકારી હતી!

અને છતાં, પોતાને ગળા સુધી ખાતરી હતી કે, પોતે તદ્દન નિર્દોષ હતી!

પ્રથમ ખૂબ રડયા બાદ, તે ધીમે ધીમે શાંત થઈ — મનથી અને શરીરથી મૂર્છા જ ખાઈ ગઈ. હવે તો પોતાના જેલના કમરામાં તેને પાછી ક્યારે લઈ જાય છે, એની જ એ રાહ જોવા લાગી. તેને હવે સિગરેટ પીવાની તલપ પણ ઊપડી.

એ જ ઘડીએ બૉચ્કોવા અને કાર્ટિકિનને એ કમરામાં લઈ આવવામાં આવ્યાં.

બૉચ્કોવા માસ્લોવાને જોઈને તરત તડૂકી — "કેમ રે, અપરાધણ! તું તારો બચાવ કરવા ગઈ અને અમારી વિરુદ્ધ બોલવા ગઈ, તેમાં શું લાભી? ફુવેડ, રાંડ! તને સજા થાય એ જ દાવની હતી! સાઇબીરિયા જઈશ એટલે તારો બધો તોર ઊતરી જશે, ફિકર ન કરીશ!"

માસ્લોવાએ એટલો જ જવાબ આપ્યો, "જુઓ, હું તમને લોકોને કંઈ કહેતી નથી; તો તમે પણ ચૂપ રહો, એટલે થયું."

થોડી વારમાં બૉચ્કોવા અને કાર્ટિકિનને પાછા બહાર લઈ ગયા એટલે માસ્લોવાને જરા નિરાંત વળી. એટલામાં અદાલતના નોકરે આવીને તેને ત્રણ રૂબલ આપ્યા.

"તમારું નામ માસ્લોવા ને? એક બાનુએ તમારે માટે મોકલ્યા છે."

"બાનુએ? કઈ બાનુએ?"

આ પૈસા લઈ લો, એટલે બસ. વધારે પૂછપરછ કરવાની જરૂર નહિ."

વાત એમ બની હતી કે, ખાંજરાની માલિકણ કિટીવાએ અદાલતમાંથી ઘેર જતાં પહેલાં, અદાલતના છડીદારની પરવાનગી લઈને એ પૈસા માસ્લોવાને મોકલ્યા હતા.

પૈસા મળ્યા એટલે માસ્લોવાની સિગાર ફૂંકવાની તલપ હવે વધી ગઈ. આસપાસથી આવતી સિગારની ધૂણી તે આતુરતાથી પોતાનાં નસકોરાંમાં ખેંચવા લાગી. પરંતુ અદાલતનો સેક્રેટરી કેદીઓને લઈ જવાનું કહે, ત્યારે જ તેઓથી બહાર નીકળાય; અને સેક્રેટરી તો કેટલાક ઍડવોકેટો સાથે સેન્સરે રદ કરેલા એક લેખ બાબતની ચર્ચામાં પડીને કેદીઓની વાત ભૂલી જ ગયો હતો!

છેવટે પાંચ વાગ્યે માસ્લોવાને જવા દેવામાં આવી. દરવાજા બહાર નીકળતાં જ તેણે એક પહેરેગીરને ૨૦ કૉપેક આપ્યા અને બે નાની રોટીઓ તથા થોડીક સિગરેટો પોતાને લાવી આપવા જણાવ્યું. પહેરેગીરે હસીને એ પૈસા લીધા અને માસ્લોવાએ માગેલી વસ્તુઓ તેને લાવી આપી, તથા વધેલા પૈસા પ્રમાણિકપણે પાછા આપ્યા. પરંતુ જાહેર રસ્તા ઉપર થઈને જતાં કેદીને સિગારેટ પીવા દેવાય નહિ, એટલે માસ્લોવા જેલખાને પહોંચી, ત્યાં સુધી તેની તલપ અધૂરી જ રહી.

જેલખાનાને દરવાજે રેલગાડીમાં બહારથી આવેલા કેદીઓની ખાસી ભીડ જામી હતી. જ્યારે એ નવા કેદીઓ દરવાજા પાસેના કમરામાં દાખલ થઈ ગયા, ત્યારે માસ્લોવાનો અંદર જવાનો વારો આવ્યો. તેઓ બધા માસ્લોવાને જોઈને આંખો મિચકારવા લાગ્યા, ડચકારા વગાડવા માંડ્યા, તથા પ્રેમ-સંબોધનો અને બીભત્સ ઈશારાઓથી તેને નવાજવા લાગ્યા.

એક જણો તો સાંકળો ખખડાવતો ઠેકડો ભરી તેની પાસે જ આવ્યો અને તેને ભેટી પડયો. “વાહ, વાહ, પ્યારી, તારા આશકને ભૂલી ગઈ કે શું? આમ છંછેડાય છે શાની?”

માસ્લોવાએ તેને ધક્કો માર્યો. પાછળ ઈન્સ્પેક્ટરનો આસિસ્ટંટ હતો તેણે પેલા કેદીને ધમકાવ્યો; તથા માસ્લોવાને અહીં કેમ ઊભી છે, એમ પૂછયું.

માસ્લોવા તેને જવાબ આપવા ગઈ કે, પોતાને હમણાં જ અદાલતમાંથી લાવવામાં આવી છે; પરંતુ તે એટલી બધી થાકી ગઈ હતી કે, તેને એટલો જવાબ આપવાનું પણ મન ન થયું.

૨

માસ્લોવાએ સિગારેટનું ખોખું રોટીની વચ્ચે દબાવી દીધું હોવાથી, તપાસ વખતે તે કોઈના જોવામાં ન આવ્યું. તેને હવે સ્ત્રીઓના વૉર્ડમાં તેની મૂળ જગાએ પૂરી દેવામાં આવી.

તે કમરો ૨૧ ફૂટ લાંબો અને સોળ ફૂટ પહોળો હતો. કમરાની બે-તૃતીયાંશ જગા, સૂવાની પાટોથી રોકાઈ ગઈ હતી. બારણાંની સામી ભીંતે એક મૂર્તિ ટિંગાવેલી હતી. ડાબી બાજુએ ડામરથી કાળી કરેલી ફરસ ઉપર એક ગંધાતું મળ-મૂત્રનું ટબ હતું.

કમરામાં ત્રણ બાળકો સાથે પંદરેક જણ હતાં. હજુ દિવસનું અજવાળું હતું. બે સ્ત્રીઓ જ સૂઈ ગઈ હતી: એક ક્ષયરોગી બાઈ, જે ચોરી કરવા બદલ પકડાઈ હતી તે; અને બીજી એક અર્ધપાગલ બાઈ, જેની પાસે પરવાનો ન હોવાથી એને પકડવામાં આવી હતી.

બીજી બાઈઓમાં ખાસ ઉલ્લેખ કરવા જેવી તો પડછંદ કોરાબ્લેવા હતી, જેને પોતાના પતિનું કુહાડો મારીને ખૂન કરવા બદલ પકડવામાં આવી હતી; — તેનો પતિ તેની દીકરી સાથે હળવાનો પ્રયત્ન કરતો હતો. તેને સાઈબીરિયામાં સખત મજૂરીની સજા થઈ હતી. તે આ કોટડીની બાઈઓની આગેવાન જેવી હતી; તથા છુપાવીને સૌને દારૂ વેચવાનો ધંધો ચલાવતી હતી.

બીજી ગણાય થિયોદોસિયા. તે બહુ જુવાન હતી, ઉપરાંત ગોરી-ગુલાબી-સુંદર પણ. સોળ વર્ષની ઉંમરે તેની મરજી વિરુદ્ધ તેને પરણાવી હોવાથી, પતિને પહેલી રાતે જ ઝેર દેવાનો પ્રયત્ન કરવાના ગુનાસર તેને પકડવામાં આવી હતી. પરંતુ કેસ ચાલીને તેને સજા થાય તે દરમ્યાન તેને જામીન ઉપર છોડવામાં આવી હતી; તે આઠ મહિના દરમ્યાન તે પોતાના પતિ સાથે હળી ગઈ હતી, એટલું જ નહિ પણ, તેનાં

સાસરિયાં પણ તેના ઉપર એટલાં માયા-મમતા ધરાવતાં થઈ ગયાં હતાં કે, તેઓએ તેની સામેનો કેસ પાછો ખેંચી લેવા ખૂબ ખૂબ પ્રયત્નો કર્યા હતા. પરંતુ તેનેય સાઈબીરિયામાં સખત મજૂરીની સજા થઈ હતી.

ત્રીજી એક ચાલીસેક વર્ષની બાઈ હતી, તેને એક ધાવણું બાળક હતું. જુવાનીમાં તે ઘણી સુંદર હોય એવું અત્યારે પણ દેખાઈ આવતું હતું— જોકે, તે ઘણી ફીકી પડી ગઈ હતી તથા તેનાં ડાચાં બેસી ગયાં હતાં. તેનો ગુનો એટલો જ હતો કે, તેના જુવાન ભાણાને * ગામમાંથી ગેરકાયદે રીતે (એમ ખેડૂતો કહેતા હતા) ભરતી કરીને ઉપાડી જતા હતા, ત્યારે જે ધાંધળ થયું, તેને અંગે પકડવામાં આવેલાંઓમાં તેની આ માસી પણ હતી. કારણકે, તેણે સૌથી પહેલી પેલા અફસરના ઘોડાની લગામ પકડી હતી.

બીજી એક ભલા મોંવાળી ઘરડી બાઈ, મેન્શોવા પણ પથારીમાં બેઠી બેઠી એક ધિંગા ચાર વરસના છોકરાને પકડવાનો પ્રયત્ન કરવાનો દેખાવ કરતી હતી. પેલો જાડિયો દોડાદોડ કરતો હતો અને હસતો હસતો ડોસીને ઠિંગો બતાવતો હતો. તે બુઢ્ઢીને અને તેના જુવાન છોકરાને આગ લગાડવાના ગુનાસર પકડવામાં આવ્યાં હતાં. ડોસી બહુ શાંતિથી રહેતી હતી; તેને ચિંતા માત્ર તેના છોકરાની હતી; પણ કોઈ ખાસ તો ઘેર પાછળ રહેલા પોતાના પતિ – ડોસાની, જે બિચારો જણ તેની સંભાળ રાખનાર ન હોવાથી શું કરતો હશે – એવી ફિકર તે કર્યા કરતી.

રેલવે ફાટકવાળાની એક બાઈને, ગાડી આવી ત્યારે ધજા ન બતાવી અને ગાડીને અકસ્માત થયો, તે કારણે પકડેલી હતી. તેને ત્રણ મહિનાની કેદની સજા થઈ હતી.

---

* કે ભત્રીજો પણ હોય. અંગ્રેજીમાં 'આન્ટ' શબ્દના ફોઈ-માસી-લગ્ન-મામી, એમ બધા અર્થ થાય.

આ સાત જણ ઉપરાંત કમરાની જાળીદાર બારી આગળ ચારેક જણ ઊભાં હતાં. તેઓ પેલા નવા આવેલા પુરુષ-કેદીઓ તેમની સામે બીભત્સ ચાળાઓ કરતા ત્યારે જવાબમાં તેમની સામે બીભત્સ અપશબ્દો બોલતી હતી અને ખડખડાટ હસતી હતી. મુખ્યત્વે આ બધું ચોરી માટે પકડાયેલ એક પ્રૌઢ બાઈ કરતી હતી. તેની સાથે એક બાટકી ગટ્ટી બાઈ ઊભી હતી — બધાં તેને હૉરોશાવ્કા[1] કહેતાં. તેને ચોરી તથા ધાંધળ મચાવવાના ગુનાસર પકડેલી હતી. ત્રીજી એક સગર્ભા બાઈ ચૂપ ઊભી હતી. તે ડોસી સાથે સંતાકૂકડી રમતા પેલા ધિંગા છોકરાની મા હતી; તેની સાથે તેની સાતેક વર્ષની છોકરી પણ ઊભી હતી. છોકરાંને બીજા કોઈ સગાને ત્યાં ભાળવી શકે તેમ ન હોવાથી, જેલમાં તે સાથે લાવી હતી. પેલી છોકરી પણ આ બધીઓ સાથે ઊભી ઊભી એ બધા ચાળાઓ તથા ગાળો જોતી-સાંભળતી હતી. તેની માને દારૂના ગેરકાયદે વેપાર અંગે સજા થઈ હતી.

બારમી સ્ત્રી-કેદી ડીકનની[2] પુત્રી હતી — તેને પોતાના બાળકને કૂવામાં ડુબાડી દેવાના આરોપસર પકડેલી હતી. તે આ બધાંથી અલગ જ રહેતી હતી અને કમરામાં આંટા માર્યા કરતી હતી.

૩

માસ્લોવાને તાળું ઉઘાડી સ્ત્રી-કેદીઓના ઓરડામાં દાખલ કરવામાં આવી, ત્યારે બધી સ્ત્રીઓએ તેની સામું જોયું અને અદાલતમાં શું થયું તે પૂછવા માંડયું.

કોરાબ્લેવા બેઠી બેઠી સીવતી હતી, તે સીવવાનું પડતું મૂકી એકદમ ઊભી થઈ ગઈ.

---

૧. હૉરોશા એટલે સુંદર એવો અર્થ થાય છે. તે ઉપરથી મશ્કરી ખાતર બનાવી દીધેલું નામ—‘ફૂટડી’.

૨. દેવળ-અધિકારી.

"લે, અમે તો માનતાં હતાં કે, તને છોડી જ મૂકશે; પણ તું તો પાછી આવી ને કંઈ?"

રેલવે-ફાટકવાળી પણ બોલી ઊઠી, "હું અને બુઢ્ઢાં-મા પણ હમણાં જ વાત કરતાં હતાં કે માસ્લોવા તો છૂટી જ જવાની."

થિયોદોસિયા ભારે ચિંતા અને સાચું દુ:ખ વ્યક્ત કરતી બોલી, "હેં? તમને સજા કરી બહેન? એવું તે હોય?" અને તરત જ તેની બાળક જેવી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

માસ્લોવાએ કશો જવાબ આપ્યો નહિ, પણ છેડેથી બીજા નંબરની પોતાની કોરાબ્લેવા પાસેની પાટ તરફ જઈને તે બેસી ગઈ.

"પણ બહેન તમને કંઈ ખાવાપીવાનું મળ્યું હતું કે નહિ?" થિયોદોસિયા ઊઠીને માસ્લોવા પાસે આવીને બોલી.

માસ્લોવાએ જવાબ આપ્યા વિના, હાથમાંની બે રોટીઓ પથારી ઉપર મૂકીને, માથા ઉપરનો રૂમાલ છોડી નાખ્યો.

પેલી ડોસી અને તે જેની સાથે રમત રમતી હતી તે નાનો છોકરો તરત પાસે ચાલ્યાં આવ્યાં. પેલો છોકરો રોટી તરફ લાલચુ નજરે જોઈ રહ્યો.

માસ્લોવા આ બધીનાં સહાનુભૂતિપૂર્ણ મોં સામું જોઈને એકદમ રડી પડી.

"હું કહેતી જ હતીને કે, સારો વકીલ કરજે? શી સજા થઈ? દેશનિકાલ?" કોરાબ્લેવાએ પૂછ્યું.

માસ્લોવાએ કંઈ જવાબ ન આપ્યો. પણ રોટી વચ્ચે છુપાવેલું સિગારેટનું પૅકેટ કાઢી તેણે કોરાબ્લેવાને ધર્યું. કોરાબ્લેવાને માસ્લોવાએ સિગારેટ પાછળ પૈસા બગાડયા એ ગમ્યું નહિ, પણ તેણે તેમાંથી એક સિગારેટ કાઢીને, ફાનસ પાસે જઈને સળગાવી; તથા એકાદ-બે દમ લગાવી, તેણે તે સિગારેટ પરાણે માસ્લોવાના હાથમાં પકડાવી દીધી.

માસ્લોવાએ રડતાં રડતાં તથા સિગારેટ ફૂંકતાં ફૂંકતાં કહ્યું, "સાઈબીરિયામાં સખત મજૂરી."[1]

"મૂઆઓને ભગવાનની પણ બીક છે કે નહિ? કશા ગુના વિના આ બિચારી છોકરીને આવી કડક સજા ફટકારાય? કેટલાં વર્ષ ભીડી?"

"ચાર." માસ્લોવાના ગાલ ઉપર થઈને હવે દડ દડ આંસુ વહેવા લાગ્યાં.

"હવે દુનિયામાં સત કે ન્યાયનું નામ જ ક્યાં રહ્યું છે, મારી બઈ?" ફાટકવાળી બોલી.

"પૈસા હોત ને પેલા લાંબા લાંબા વાળ અને લાંબા નાકવાળા વકીલને રોકયો હોત, તો જરૂર તું છૂટી જાત." કોરાબ્લેવા બોલી.

"હં! હજાર રૂબલ વિના એ વકીલ તો તમારા ઉપર થૂંકે પણ નહિ." એક જણી બોલી ઊઠી.

એ રીતે વાતો લાંબી લાંબી ચાલી. અચાનક માસ્લોવાએ કોરાબ્લેવા પાસે થોડો 'વોડકા'[2] માગ્યો.

કોરાબ્લેવાએ પૈસા કાઢવા કહ્યું. માસ્લોવાએ રોટીમાંથી કાઢીને અઢી રૂબલ તેને આપી દીધા. કોરાબ્લેવા એક વાછંટિયા ઉપર ચડીને ત્યાં છુપાવેલો વોડકાનો એક કૂજો લઈ આવી.

દરમ્યાન માસ્લોવા રોટી ખાવા લાગી હતી. થિયોદોસિયાએ તેને માટે રાખી મૂકેલી ઠંડી ચા પણ તેને લાવી આપી. વોડકા આવતાં માસ્લોવાએ કોરાબ્લેવા તથા હૉરોશાવ્કા ('ફૂટડી')ને પણ થોડો

---

૧. સાઇબીરિયામાં દેશનિકાલની સજા થનારને ત્યાં જઈને રહેવાનું જ હોય છે અને કંઈ કામકાજ મળે તે કરીને પેટ ભરવાનું હોય છે; પરંતુ સાઇબીરિયામાં સખત મજૂરીની સજા, એ તો જ્યાં ખાણો વગેરેનું કામ ચાલતું હોય એવા બહુ નિર્જન અને ઠંડા પ્રદેશોમાં રહીને મજૂરી કરવા સાથેની કેદ ગણાય.

૨. 'રાઇ'-અનાજ કે, બટાકાનો ગળાતો જલદ રશિયન દારૂ.

વોડકા પીવા આપ્યો. આ બધાં કેદીઓ આ કોટડીમાં ઉમરાવ વર્ગનાં માણસો ગણાતાં હતાં; કારણ કે, તેઓની પાસે પૈસા હોતા અને તેઓ પોતાની પાસેની વસ્તુઓ બીજાંને વહેંચીને ખાતાં પીતાં.

થોડી વારમાં માસ્લોવા ટટાર થઈ ગઈ. તેણે હવે અદાલતમાં પ્રેસિડન્ટ, પ્રોસિક્યૂટર વગેરે સૌ તેની સામે કેવી લોલુપ નજરે ટીકી ટીકીને જોતા હતા તેની વાત કરી સૌને હસાવવા માંડયાં.

જેલમાં આવ્યા બાદ પણ દરવાજાના કમરા પાસેના ઓરડામાં રેલવેવાળી ગૅંગ તરફથી તેને થયેલી કનડગતની વાત તેણે કરી. "એક તો મૂઓ મને વળગી જ પડયો!"

"એનો રંગ કેવો હતો?"

"કાળો બુશાક! મોટી મોટી મૂછો પણ હતી."

"બસ ત્યારે, એ શ્ચેગ્લોવ જ હોવો જોઈએ."

"શ્ચેગ્લોવ? એ વળી કોણ?"

"વાહ જાણતી નથી? બે વખત તો સાઇબીરિયાથી ભાગી આવ્યો. તેઓ તેને પકડી લાવ્યા છે ખરા; પણ પાછો તે ભાગી જ જવાનો. વૉર્ડરો પણ તેનાથી બીએ છે."

પછી તો એક જણી આવીને માસ્લોવાને આ ચુકાદા વિરુદ્ધ અપીલ કરવા સલાહ આપવા લાગી.

કોરાબ્લેવાએ તેને ધમકાવી કાઢી; તથા પોતાનું ડહાપણ પોતાની પાસે રાખવા કહ્યું. સલાહને બહાને તે વોડકા માગવા જ આવી છે એમ પણ જણાવ્યું. એમાંથી ઝઘડો વધી ગયો, અને મારામારી થઈ ગઈ. સૌ મળી તે બેને છોડાવવા પ્રયત્ન કરવા લાગ્યાં, તેમ તેમ તે બંને વધુ બાઝતાં ગયાં. એટલામાં દંગલ મચ્યું જાણી વૉર્ડરો અને જેલર ત્યાં આવી પહોંચ્યા અને સૌને છૂટાં પાડી, ધમકાવી – ડરાવી, પોતપોતાની જગાએ શાંતિથી પડી રહેવા તાકીદ આપીને ચાલતા થયા.

પથારીમાં પડયાં પડયાં પણ ઊંઘ ન આવવાથી માસ્લોવા અને કોરાબ્લેવા ધીમેથી વાતો કરવા લાગ્યાં.

"મીઠડી, સાઇબીરિયાની વાતથી ગભરાવાની કાંઈ જરૂર નથી; ત્યાં પણ લોકો રહે છે અને જીવે છે જ."

"હું સાઇબીરિયાથી ગભરાતી નથી; પણ અત્યાર સુધી હું એટલા સુખચેનમાં રહી છું કે, એ જિંદગી મારાથી ભાગ્યે સહન થઈ શકે."

"જેવી ભગવાનની મરજી, મીઠડી; તેની મરજીની વિરુદ્ધ કોઈનાથી કંઈ થઈ શકતું નથી."

૧૭

નેખ્લ્યૂદોવ આગળ વધે છે

૧

બીજે દિવસે સવારે જ નેખ્લ્યૂદોવ જે પત્રની આશા લાંબા વખતથી રાખતો હતો તે પેલા સરપંચની પત્ની મૅરી વાસિલ્યેવ્નાનો – પત્ર આવ્યો. મૅરીએ તેને પોતાની સાથેનાં બધાં પ્રેમ-બંધનોમાંથી વિના શરતે મુક્ત કર્યો હતો, તથા તેને લગ્ન કરી લેવાની પરવાનગી આપી હતી.

હવે તેના પતિ આગળ પોતાના ગેરકાયદે પ્રેમની કબૂલાત કરવાનો તેણે આગલે દિવસે કરેલો વિચાર મોળો પડી ગયો. જે વસ્તુ તે પતિ જાણતો નહોતો, તે તેને કહીને દુ:ખી કરવાનો શો અર્થ? એટલે જો તે આવીને પૂછે, તો જ બધું કહી દેવું, અને તે માગે તે પ્રકારનો સંતોષ તેને આપવો, એવું તેણે હવે વિચાર્યું.

મિસીને (પોતાની નિરધારેલી કોર્ચાગીનાને) પણ બધું કહી દેવાનું આજે હવે તેને મુશ્કેલ લાગવા માંડયું. છતાં તેણે એટલું તો નકકી કર્યું કે, હવે તેઓને ત્યાં મુલાકાતે જવું નહિ, અને તેઓ પૂછે તો બધી સાચી વાત કહી દેવી.

પરંતુ કાટુશાને તો બધું કહી જ દેવું! કેદખાનામાં જઈને તેની આગળ બધું જ કબૂલ કરીને તેની માફી માગવી જ જોઈએ, અને જરૂર પડે – તેના હિતમાં જરૂરી માલૂમ પડે, – તો તેની સાથે લગ્ન કરવા પણ તૈયારી બતાવવી!

એટલે તેની ઘર-કારભારણ આગ્રાફેના પેટ્રોવ્ના તેના કમરામાં આવી, ત્યારે તેણે તેને જણાવી દીધું કે, હવે પોતાને આ મોટા મકાનની કે તેની (આગ્રાફેવ્નાની) સેવાઓની જરૂર રહી નથી.

નેખ્લ્યૂદોવ પોતાને એકલાને માટે આવડું મોટું ઘર ચલાવી રહ્યો હતો, તે એટલા માટે જ કે, તે નજીકના ભવિષ્યમાં પરણવાનો હતો. એટલે આ ઘર છોડવાનો તેનો વિચાર સાંભળી, ઘર-કારભારણ નવાઈ પામીને તેના સામું જોઈ રહી.

"ગઈ કાલે એક અગત્યની વાત બની છે. ફોઈ મૉરી ઈવાનોવ્નાને ત્યાંની પેલી કાટુશા તો તને યાદ છે ને?"

"હા, હા; મેં જ તેને સીવતાં શીખવ્યું હતું!"

"ગઈ કાલે તેની સામે અદાલતમાં કેસ ચાલ્યો, અને તેમાં હું જૂરી-સભ્ય હતો."

"ભલા ભગવાન! તેના ઉપર શો આરોપ હતો?"

"ખૂનનો; અને એ બધાનું મૂળ કારણ હું છું."

"તમે? તમે વળી શી રીતે ए बधानुं કારણ ગણાઓ?"

તે નેખ્લ્યૂદોવના કાટુશા સાથેના સંબંધની વાત જાણતી હતી.

"હા, હા; હું જ એ બધાનું કારણ છું; અને તેથી જ મારી બધી યોજનાઓ હવે ધરમૂળથી પલટી નાખવાનું હું વિચારી રહ્યો છું."

"પણ એણે કરેલા ગુનાની વાતમાં તમને શું લાગે-વળગે?"

"મને એટલું જ લાગે-વળગે, કે કાટુશાને એ રસ્તે જવું પડયું તેનું મૂળ કારણ હું છું, અને તેની મદદમાં ઊભવા હવે હું બધું જ કરી છૂટવા માગું છું."

"પણ આવું તો બધાયની બાબતમાં બન્યા જ કરતું હોય છે; અને સહેજ અક્કલ-વિચારથી કામ લઈએ, તો બધું થાળે પડી જાય અને ભુલાઈ પણ જાય. તમારે એ બધું તમારે માથે ઓઢતા ફરવાની શી જરૂર છે? અને હવે તો તે વેશ્યા જ બની ગઈ છે, એમ પણ મેં સાંભળ્યું છે. એટલે આ બધામાં તમારો કશો વાંક હવે ન ગણાય."

"મારો જ વાંક ગણાય વળી! અને તેથી જ હું મારી એ ભૂલ સુધારી લેવા માગું છું."

"એ જાતની ભૂલ વળી સુધારી શી રીતે લેવાય?"

"એ મારું કામ છે. પણ તને તારું શું થશે, એની ચિંતા થતી હોય, તો હું કહું — મારાં માએ એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે —"

"મારી કશી ચિંતા કરવાની જરૂર નથી. મને તમારાં સદ્‌ગત માતુશ્રીએ એટલી બધી જોગવાઈ કરી આપેલી છે કે, મારે કશાની ઊણપ જ રહી નથી. ઉપરાંતમાં, લિસેંકા (પોતાની પરણેલી ભાણી) મને ક્યારની બોલાવ્યા કરે છે, એટલે અહીં મારી જરૂર નહીં હોય, તો હું તો તેની પાસે ચાલી જઈશ. પણ તમે આવી બધી બાબતોને આટલી બધી મન ઉપર લો છો, તેની જ મને ચિંતા થાય છે; એવું તો બધાને જ બન્યા કરે."

"ના, ના; મારાથી જવાબદારીમાંથી છટકી ન જવાય. પરંતુ આ ઘરનું બધું સમેટવામાં અને ઠેકાણે પાડવામાં તું મારી મદદમાં રહેજે, એવી મારી વિનંતી છે. મારી ઉપર ગુસ્સે ન થતી; તેં અત્યાર સુધી મારે માટે જે કંઈ કર્યું છે, તે બદલ તારો હું ઘણો ઘણો આભારી છું."

૨

બીજે દિવસે નેખ્લ્યૂદોવ અદાલતના રસ્તે ઘોડાગાડીમાં બેસીને જતો હતો, ત્યારે તે પોતાની જાતને તદ્દન નવો જ માણસ બની ગયેલો લાગ્યો. ગઈ કાલે તો મિસી સાથેનું લગ્ન લગભગ નક્કી હતું, આજે તેને મન તે છેક જ અસંભવિત બની ગયું હતું: લગ્ન કરવા માટે પોતાને તે છેક જ નાલાયક માનતો હતો, એટલું જ નહિ પણ, મિસી સાથે હવે કશો નિકટતાનો વ્યવહાર રાખવો એ પણ પોતાને ન છાજે એમ તેને લાગતું હતું. 'તે જો મારી ખરી વાત જાણે, તો મને ઘરમાં પણ પેસવા ન દે! અને ધારો કે, તે કશું ન જાણે અને તેથી મારી સાથે લગ્ન કરે, તો પણ મારા દોષને લીધે જ કાટુશા જેલમાં પુરાઈ

છે અને થોડા વખતમાં જ સાઈબીરિયામાં દેશનિકાલ થશે, એવું જાણતો હોઈ, હું એ લગ્નજીવનમાં સુખી જ શી રીતે થઈ શકું? મેં જેને પરાણે ભ્રષ્ટ કરી હતી, તે બિચારી સખત મજૂરી કરવા ચાલી જાય, અને હું બધાનાં સંમાન-સત્કાર પામતો મારી યુવાન પત્ની સાથે સમાજમાં ઉઘાડેછોક મોજમાં ઘૂમતો રહું? ના, ના; એ બધું હવે ન બને; હવે તો મારે તરત જ પેલા ઍડવોકેટને મળી, તે કાટુશાનો કેસ હાથ ઉપર લેશે કે કેમ તે બાબત તેનો નિર્ણય જાણી લેવો જોઈએ; અને પછી......પછી પેલીને જઈને મળવું જોઈએ, અને તેને બધી વાત કહી દેવી જોઈએ.'

૩

અદાલતમાં આજે ચોરીનો કેસ ચાલવાનો હતો. ખુલ્લી તલવારવાળા બે સિપાઈઓ વીસ વર્ષના એક સુકલકડી તથા સાંકડી છાતીવાળા જુવાનિયાને લઈ આવ્યા. તેણે પોતાના એક લુહાર સોબતી સાથે કોઈના એકઢાળિયાનું તાળું તોડી અંદરથી ત્રણ રૂબલ અને અડસઠ કૉપેકની કિંમતની અંદાજાયેલી જૂની ધાગડીઓ ચોરી હતી. આરોપ એવો હતો કે, આ જુવાનિયો ખભે પેલી ધાગડીઓ ઉપાડીને ચાલતા સાથીદાર સાથે રસ્તા ઉપર થઈને જતો હતો, તેવામાં પોલીસે તેને પકડયો હતો. બંનેએ ગુનો કબૂલ કરી દેતાં તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

કેસ ચાલવાનો થાય તે પહેલાં આનો સોબતી પેલો લુહાર તો જેલમાં જ મરી ગયો, એટલે આ જુવાનિયા એકલા ઉપર જ કેસ ચલાવવાનો હતો. પેલી જૂની ધાગડીઓ ટેબલ ઉપર પ્રત્યક્ષ પુરાવા તરીકે મૂકવામાં આવેલી હતી.

બધો કેસ આગલા દિવસના વિધિ પ્રમાણે જ ચાલ્યો. તેને પકડનાર પોલીસવાળાની જુબાની લેવાઈ. આવું જ કામ કરવા ટેવાયેલો હોવા છતાં, તે પણ જાણે આ જુવાનિયાની ધરપકડ બાબત બધી જુબાની બહુ સંકોચ સાથે આપતો હતો, એમ જણાતું હતું. બીજી જુબાની પેલી ધાગડીઓના માલિકની જ થઈ. તેને પૂછવામાં આવ્યું

કે, એ ધાગડીઓ તેની છે કે કેમ? ત્યારે તેણે ખૂબ આનાકાની બાદ, એ ધાગડીઓ પોતાની હોવાનું કબૂલ રાખ્યું. જ્યારે પબ્લિક પ્રોસિક્યૂટરે તેને પૂછયું કે, આ ધાગડીઓ તે શા કામમાં લેવા માગતો હતો, કે તે ધાગડીઓ તેને શા ઉપયોગની હતી, ત્યારે તેણે ગુસ્સે થઈને જવાબ આપ્યો: "જહાનમમાં જાય એ ધાગડીઓ! મારે એ જોઈતી જ નથી. મને જો પહેલેથી ખબર હોત કે, બે કોપેકની આ ધાગડીઓ પાછળ અદાલતમાં આવવા-જવાનું વાહનભાડું જ મને પાંચ રૂબલ થશે, અને આટલા દિવસ કામકાજ વિના બગડશે, તો હું એ ધાગડીઓ શોધવા નીકળવાને બદલે, ઊલટો તે ધાગડીઓ સાથે દશ-દશ રૂબલની બે નોટો જ બાંધી દેત, જેથી મારી આવી સંધિવા-વાળી બગડેલી તબિયતે મારે અદાલતમાં આવા સવાલ-જવાબ કરવા આવવું ન પડત."

પેલા આરોપીએ તો બધું જ કબૂલ કરી દીધું; તેનામાં કશા હોશ જ નહોતા રહ્યા. પણ પબ્લિક પ્રોસિક્યૂટરે તો, આગલા દિવસની પેઠે, નાગરિકોના ઘરવાસનાં તાળાં તૂટે અને તેમના જાન-માલની સલામતી જોખમમાં મુકાય એવી પરિસ્થિતિ રોકવા – નિર્મૂળ કરવા – મોટું ભાષણ ઝાડીને આ ગુનેગારને આકરામાં આકરી સજા ફરમાવવા અનુરોધ કર્યો.

બચાવપક્ષનો વકીલ અદાલતે જ રોકી આપ્યો હતો. તેણે જણાવ્યું કે, કોઈ રહેઠાણના મકાનનું તાળું તોડવામાં નથી આવ્યું; એટલે જો કે, ચોરીનો ગુનો કરવામાં આવ્યો છે, છતાં પબ્લિક પ્રોસિક્યૂટરે જણાવ્યું તેમ, કોઈને ખતરારૂપ આ ગુનો ન કહેવાય.

વાત એમ હતી કે, એ છોકરાને તેના બાપે શહેરમાં તમાકુના એક કારખાનામાં ઉમેદવાર તરીકે દાખલ કરાવ્યો હતો. ત્યાં તે પાંચ વર્ષથી હતો. દરમ્યાન એ કારખાનાના મજૂરોએ હડતાળ પાડતાં એને બરતરફ કરવામાં આવ્યો હતો. પછી કામકાજ વગરનો તે પોતાની પાસે હતા તેટલા પૈસા પહોંચ્યા ત્યાં સુધી દારૂ પીને બેકાર ફર્યા કર્યો. એક દિવસ સસ્તા રેસ્ટોરામાં તેને તેના જેવો બેકાર ફરતો એક લુહાર

ભેગો થયો. તે પણ લાંબા વખતથી બેકાર હતો અને પાકો ગરાડી હતો. બંનેએ છાકટા બની, એક મકાનનું તાળું તોડયું. તેમાંથી તેમને જૂની ધાગડીઓ જ મળી. બંનેને કંઈ ભાન તો હતું જ નહિ, એટલે રસ્તા ઉપર થઈને તેઓ પેલી ધાગડીઓ સાથે છડેચોક જતા હતા, તે વખતે જ તેઓ પોલીસના હાથમાં ઝડપાઈ ગયા.

નેખ્લ્યૂદોવને આ બધા કિસ્સો સાંભળી, મનમાં વિચાર આવ્યા વિના ન રહ્યો કે, 'આ બધા જો જોખમકાર ગુનેગારો છે, તો તેમનો ન્યાય ચૂકવવા બેસનારા અમે કેવાક છીએ? હું કેવો દગાબાજ પાપિયો છું, છતાં મને તો બધા તિરસ્કારવાને બદલે ઊલટો સંમાને છે —

'અને આ જુવાનિયો આ સ્થિતિએ પહોંચ્યો તેમાં સમાજના બધાનો જ ફાળો નથી શું? એ જુવાનિયાની આસપાસ સંજોગો જ એવા નહોતા ઊભા કરવામાં આવ્યા કે, તેને ન બનવું હોય તો પણ એ ગુનેગાર જ બની રહે? —

'એ જુવાનિયાને પોતાનું ગામ છોડી રોગ અને ગુનાના ધામ રૂપ શહેરમાં મજૂરી શોધવા શાથી આવવું પડયું? અને બાર કલાક કારખાનામાં મજૂરી કર્યા બાદ, તેની સાથેના દારૂડિયા સાથીઓ સાથે તે પીઠામાં જતો થયો, તે વખતે તેને તેમ કરતાં કોઈએ ટોકયો હતો ખરો? —

'શહેરમાં આવ્યા બાદ, તેની સાથેના મોટા મજૂરોને તેણે જેમ કરતા જોયા, તેમ તે કરવા લાગ્યો. તેનો બાંધો પણ કારખાનાની આરોગ્યનાશક મજૂરી, દારૂ અને સ્વચ્છંદથી ભાગી ગયો. પછી ખરાબ સોબતી સાથે દારૂના ઘેનમાં થોડીક જૂની ધાગડીઓ જે વખાર જેવા નિર્જન મકાનમાં પડેલી હતી, તે ઉપાડી જવા બદલ તેને એક ભયંકર ગુનેગાર તરીકે અમારી સમક્ષ ન્યાય ચૂકવવા રજૂ કરવામાં આવ્યો છે! —

'અને અમે બધા, એ જુવાનિયાઓને બગાડનાર – ભ્રષ્ટ કરનાર – સંજોગો દૂર કરવાની કોશિશ કરવાને બદલે, તેમને માત્ર સજા કરીને જ બધું સુધારી લેવા ઇચ્છીએ છીએ! —

'ભયંકર! ખરે જ આ બધું ભયંકર છે!'

૪

અદાલતમાં થોડા વખતની છૂટી પડી, તે દરમ્યાન હવે જૂરી તરીકે અદાલતમાં પાછા નથી આવવું – તેઓને જે કરવું હોય તે કરે – એવો નિર્ણય કરી, તે અદાલતી અધિકારી 'પ્રોક્યૂરિયર' ની ઑફિસમાં ગયો. તે કામમાં હતો એટલે નેખ્લ્યૂદોવને અંદર આવવાની પરવાનગી ન આપવા છતાં તે તેની પાસે અંદર જઈને ઊભો રહ્યો; એટલે ચિડાઈને તેણે તેને બેસવા કહ્યા વિના જ પૂછ્યું, 'તમારે શું કામ છે?'

"હું જૂરી-સભ્ય છું; મારું નામ નેખ્લ્યૂદોવ છે; મારે કેદી માસ્લોવાને મળવું છે. તેને માટે તમે પરવાનગી-પત્ર લખી આપો."

"પણ તમારે તેને મળવાનું શું પ્રયોજન છે, એ ન કહો, ત્યાં સુધી હું તમને પરવાનગી આપી શકું નહિ."

"એ નિર્દોષ હોવા છતાં તેને ચાર વર્ષ સાઇબીરિયામાં સખત મજૂરીની સજા કરવામાં આવેલી છે. અને ખરી રીતે વાંક મારો છે."

"તમારો વાંક? શી રીતે?"

"સારા કુટુંબમાં રહેતી તેને લોભાવીને મેં ભ્રષ્ટ કરી હતી; તેથી તે આ સ્થિતિએ પહોંચી છે. મેં જો તેમ કર્યું ન હોત, તો તેને એ કુટુંબ છોડી આમ ભટકેલ બનવું પડયું નહોત."

"એ બધું ગમે તે હોય; પણ તેથી તમારે તેને મળવાનું પ્રયોજન હું જોઈ શકતો નથી."

"પ્રયોજન એ છે કે, મારે તે જ્યાં જાય ત્યાં પાછળ જવું છે, અને છેવટે તેની સાથે લગ્ન કરવું છે."

અદાલતી અધિકારી તો નેખ્લ્યૂદોવને પોતાની આવી અંગત વાતો બીજાને સંકોચ વિના કહી સંભળાવતો જોઈ આભો જ બની ગયો. તેણે હવે નેખ્લ્યૂદોવને બેસવાનું કહીને તરત જ કેદીને મળવા માટેની પરચીટ લખી આપી.

"હવે હું અદાતમાં જૂરી-સભ્ય તરીકે કામ કરવા માગતો નથી." નેખ્લ્યૂદોવે પેલી પરમીટ ખીસામાં મૂકતાં કહ્યું.

"તે બદલ તો તમારે અદાલત સમક્ષ વજૂદવાળાં કારણો રજૂ કરવાં પડશે, જાણો છો ને?"

"આ બધા લોકોનો ન્યાય ચૂકવવા બેસવાનું મને અન્યાયી તથા નીતિ વિરુદ્ધનું લાગે છે."

"પણ અદાલતી અધિકારી તરીકે મને એમ નથી લાગતું; એટલે તમારે તો અદાલત સમક્ષ જ એ રજૂઆત કરવી રહી."

"મેં મારો નિર્ણય તમારી સમક્ષ જાહેર કરી લીધો છે, અને હું હવે કોઈને અરજી કરવાનો નથી." નેખ્લ્યૂદોવ ગુસ્સે થઈને બોલ્યો.

"ઠીક, એ તો તમારી મરજીની વાત છે; અદાલત એ બદલ તમારો દંડ કરશે, એ તમે જાણતા જ હશો."

૧૮

જેલમાં મુલાકાત–૧

૧

પ્રો. ક્યૂરિયર પાસેથી માસ્લોવાને મળવાની પરમીટ લીધા પછી નેખ્લ્યૂદોવ તરત કાચી – અટકાયતી – જેલે ઉતાવળે પહોંચ્યો, પણ માસ્લોવા ત્યાં ન હતી. ઈન્સ્પેકટરે નેખ્લ્યૂદોવને જૂની કામચલાઉ જેલ તરફ તપાસ કરવા કહ્યું.

એ બે જેલો વચ્ચેનું અંતર બહુ મોટું હતું. એટલે નેખ્લ્યૂદોવ ત્યાં છેક સાંજે પહોંચી શકયો જેલરે ઈન્સ્પેકટરની પરવાનગી વિના તેને અંદર પેસવા દેવાની ના પાડી. ઈન્સ્પેકટર ઘેર નહોતો; એટલે તેના આસિસ્ટંટ પાસે નેખ્લ્યૂદોવ પહોંચ્યો. તેણે જણાવ્યું કે, આ પાસ કાચી — અટકાયતી – જેલ માટેનો હોઈ, તેના વડે આ જેલમાં દાખલ થઈ શકાય નહિ. તેના કરતાં તમે બીજે દિવસે દશ વાગ્યે આવજો; તે વખતે બધા મુલાકાતીઓને અંદર મળવા જવા દેવામાં આવે છે.

નેખ્લ્યૂદોવને હવે બીજા દિવસની રાહ જોયા વિના છૂટકો નહોતો. ઘેર પહોંચી તેણે તરત પોતાની રોજનીશી કાઢી અને બે વર્ષ બાદ તેમાં આજના દિવસે બનેલી વિગતો અને લીધેલા નિર્ણયો ટપકાવી લીધાં.

૨

તે રાતે માસ્લોવા આખો વખત આંખો ઉઘાડી રાખીને જ સૂઈ રહી. તેને વિચાર આવવા લાગ્યો કે સાઈબીરિયામાં સાખાલિન પહોંચ્યા બાદ કોઈ કેદી સાથે તો લગ્ન ન જ કરવું; પરંતુ ત્યાં જેલનો કોઈ

અધિકારી, કારકુન, વૉર્ડર કે છેવટે વૉર્ડરનો આસિસ્ટંટ જ પકડવો! 'એ બધા એ જ જાતના હોય છે.! પણ તે માટે મારા શરીરનો દેખાવ મારે જાળવી રાખવો જોઈએ : મારે ગમે તેમ કરીને પાતળા ન બની જવું જોઈએ; નહિ તો મારું કશું નહિ ચાલે."

અને અદાલતમાં પોતાનો વકીલ તેના તરફ કેવી નજરે જોઈ રહ્યો હતો, તે એને યાદ આવ્યું; અરે, અદાલતનો પ્રેસિડન્ટ પોતે તેના તરફ કેવી રીતે જોયા કરતો હતો તથા પોતાની સાથે કેવો હળવાશથી વાત કરતો હતો, તે તેને યાદ આવ્યું. અને બીજા માણસો ? તેઓ પણ તેના તરફ જ નજર કર્યા કરતા. અરે, ભઠિયારાએ પણ પોતા તરફથી તેને કિંમત ઉપરાંત એક રોટી વધારાની મોકલી હતી! કિટીવાના ખાંજરામાં પોતે હતી ત્યારે એક વિદ્યાર્થી તેના ઉપર કેવો લટ્ટુ બની ગયો હતો! માત્ર નેખ્લ્યૂદોવ તેને યાદ ન આવ્યો; કારણ કે, પોતાના બચપણના અને યુવાનીના નિર્દોષ દિવસો તે યાદ લાવવા માગતી જ ન હતી. એ બધી સ્મૃતિઓ તેના અંતરાત્મામાં ઊંડી દટાયેલી અકબંધ પડી હતી; પણ તેમને વાગોળવા માટેય મન ઉપર લાવતાં તેને બીક લાગતી હતી.

આજે નેખ્લ્યૂદોવને તેણે જૂરી-સભ્યો તરફ નજર કરતી વખતે જોયો હતો, પણ તે તેને ઓળખી શકી ન હતી;— તેના બાહ્ય દેખાવમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો; તેને માથે ટાલ પડવાની શરૂ થઈ હતી અને તેણે દાઢી રાખી હતી.

પોતાના અંતરમાં તેણે એક રાત ખાસ અકબંધ જાળવી રાખી હતી,— તે રાત, જ્યારે નેખ્લ્યૂદોવ લશ્કરી નોકરીમાંથી પાછો ફરતી વેળા રેલ્વે-સ્ટેશને થઈને પસાર થયો હતો પણ ફોઈઓને ઘેર ઊતર્યો ન હતો! તે અરસામાં જ કાટુશાને ખબર પડી હતી કે પોતે સગર્ભા થઈ છે. પરંતુ નેખ્લ્યૂદોવ જરૂર આવશે એવી આશા તેને હતી, ત્યાં સુધી તેને પોતાના બાળકનો ભાર લાગતો ન હતો — ઊલટું પેટમાં તેની ધીરી મધુર હિલચાલથી તેને આનંદના ઉકાંટા આવતા હતા. પરંતુ, તે રાત પછી બધું બદલાઈ ગયું: એ બાળક પછી તેને માત્ર ભારરૂપ જ

લાગવા માંડયું; કારણકે, નેખ્લ્યૂદોવે તેને તજી દીધી હતી, એવી ખાતરી તેને તે રાતથી થઈ ગઈ.

પોતાને મળવા નેખ્લ્યૂદોવ વચ્ચે ઊતરશે જ એવી આશા ફોઈઓ પણ રાખતી હતી; પરંતુ તેનો તાર આવ્યો કે, પોતાને પિટર્સબર્ગ વખતસર જવાનું હોવાથી પોતે વચ્ચે રોકાઈ શકશે નહિ. કાટુશાએ એ તારની વાત જાણી, ત્યારે તેણે રેલ્વે સ્ટેશને જઈ નેખ્લ્યૂદોવને મળવાનું નકકી કર્યું.

ગાડી રાતે બે વાગ્યે સ્ટેશનેથી પસાર થવાની હતી. કાટુશાએ ફોઈઓને સુવાડી કરી, તેમની તહેનાત જલદી જલદી પૂરી કરી લીધી; તથા પછી રસોઈયણની દીકરી માશ્કાને પોતાની સાથે સ્ટેશને આવવા સમજાવીને તૈયાર કરી.

વરસાદ વચ્ચે વચ્ચે મોટાં ફોરાંએ વરસ્યા કરતો હતો. અંધારામાં આડે રસ્તે ચડી જતાં તેઓ સ્ટેશને વહેલાં પહોંચવાને બદલે ગાડી સ્ટેશને આવી ત્યારે જ પહોંચ્યાં. ગાડી ત્યાં ત્રણ મિનિટ જ થોભતી હતી; અને આ લોકો સ્ટેશનમાં દાખલ થયાં ત્યારે બીજો ઘંટ પડી ચૂકયો હતો. પ્લૅટફૉર્મ ઉપર જલદી પહોંચીને કાટુશાએ તપાસ કરવા માંડી, તો નેખ્લ્યૂદોવને ફર્સ્ટ કલાસના એક ડબ્બાની બારી આગળ બેઠેલો જોયો. ડબામાં ખૂબ અજવાળું હતું અને બીજા બે અફસરો સામસામા બેસી પત્તાં રમતા હતા. નેખ્લ્યૂદોવ બેઠકને અઢેલી કશાક સામે હસી રહ્યો હતો. કાટુશાએ તેને ઓળખ્યો એટલે તેણે તરત બારણાને બહારથી થપથપાવ્યું. પણ તે જ ઘડીએ ત્રીજો છેલ્લો ઘંટ પડયો અને ગાડીના ડબ્બા થોડા પાછા ખસી આગળ ચાલવા માંડયા.

પત્તાં રમનારાઓમાંનો એક ઊઠયો અને બારી ઉઘાડવા પ્રયત્ન કરવા લાગ્યો; પણ તેનાથી બારી ઊઘડી નહિ. કાટુશાએ ફરી બારણું થપ-થપાવ્યું અને બારીના કાચ સાથે પોતાનું મોં દબાવ્યું.

ગાડી ચાલવા માંડી હતી. નેખ્લ્યૂદોવે હવે પેલા અફસરને મદદ કરવા બારી ઉઘાડવા માંડી. ગાડી વેગમાં આવી અને કાટુશાને હવે ડબા સાથે રહેવા દોડવું પડતું હતું. બારી ઊઘડી તે જ વખતે ગાર્ડે

આવી કાટુશાને દૂર ધકેલી અને પોતે ડબામાં કૂદકો માર્યો. કાટુશા હવે પ્લૅટફૉર્મનાં ભીનાં પાટિયાં ઉપર જોરથી દોડવા લાગી, પણ પ્લૅટફૉર્મનો છેડો આવી ગયો. અને તે ગબડી પડતી માંડ બચી ગઈ. હવે તો પેલો ડબ્બો આગળ ચાલ્યો ગયો હતો અને પાછળના બીજા જ ડબા પસાર થવા લાગ્યા હતા, છતાં કાટુશા દોડતી થોભી જ નહિ. પછી તો લાલ બત્તીઓ વાળો છેલ્લો ડબ્બો પણ પસાર થઈ ગયો.

કાટુશા હવે રેલ્વે-ઍંજિન માટેના પાણીની ટાંકી પાસે આવી ગઈ હતી અને પવન જોરથી ફૂંકાતો હતો. તેની માથા ઉપરની શાલ ઊડી ગઈ અને તેની પાછળ આવતી મારકાએ બૂમ પાડીને કાટુશાનું ધ્યાન તે તરફ ખેંચ્યું.

કાટુશા હવે થોભી, અને શાલને બંને હાથ વડે પકડી ડૂસકાં ખાતી જોરથી રડી પડી.

મારકા હવે ઘેર પાછા ફરવા આગ્રહ કરવા લાગી.

પણ કાટુશા બીજા જ વિચારને રવાડે ચડી ગઈ હતી : ફરી બીજી ગાડી આવે ત્યારે એકાદ ડબ્બા નીચે પડતું નાખવું એટલે ખેલ ખલાસ! પરંતુ તે જ ઘડીએ એના પેટનું બાળક કંઈક હાલ્યું, અને તેની નજર સમક્ષ ઘેરાયેલું બધું દુઃખનું, શોકનું, વેરનું, બદલાનું વાદળ એકદમ હટી ગયું. તેણે શાલ પોતાના માથા ઉપર વીંટી લીધી અને તે સીધી ઘર તરફ ચાલી.

થાકીપાકી તથા હતાશ થયેલી કાટુશા પાછી ઘેર આવી, ત્યારથી માંડીને તેના અંતરમાં વિચિત્ર ફેરફારો થવા લાગ્યા. એ ભયંકર રાતથી માંડીને ઈશ્વરમાં તથા માણસજાતની ભલમનસાઈમાં તેની શ્રદ્ધા ઊઠી ગઈ. અત્યાર સુધી પોતે ઈશ્વરમાં માને છે, એમ તે સમજતી આવી હતી, અને બીજા લોકો પણ ઈશ્વરમાં માને છે, એમ તે માનતી હતી. પણ હવે તેને ખાતરી થઈ ગઈ કે ઈશ્વરમાં કોઈ જ માનતું નથી, અને ઈશ્વરની આજ્ઞાઓ અને તેના પાલનની બધી વાતો જે દેવળમાં

કે વ્યાસપીઠ ઉપર કરવામાં આવે છે, તે બધી છેતરપિંડી છે અને જૂઠાણું છે.

જેને તે અત્યાર સુધી ચાહતી આવી હતી, અને જે તેને પૂર્ણ-પણે ચાહતો હતો, એમ તે માનતી હતી, તેણે તેનો ગેરલાભ લઈને તેને ફગાવી દીધી હતી. છતાં તે જાણતી હતી કે, બધા પુરુષોમાં તે બહુ સમજણો અને ડાહ્યો હતો; બાકીનાઓ તો તેનાથી કયાંય હેઠ હતા.

પેલી ફોઈઓએ પણ તે જયારે કામ કરી શકે તેવી ન રહી ત્યારે તેને હાંકી કાઢી હતી. અને બહારની દુનિયામાં તેને પછીથી જે સ્ત્રીઓ મળી, તે બધી તેની પાસેથી પૈસા જ પડાવવા ઇચ્છતી હતી; અને જે પુરુષો તેને મળ્યા, તે બધા તેને પોતાના ઇન્દ્રિય-સુખનું સાધન જ બનાવવા ઇચ્છતા હતા: બુઢ્ઢા પોલીસ અમલદારથી માંડીને જેલખાનાના વૉર્ડરો સુધ્ધાં! ટૂંકમાં, દુનિયામાં બધા જ પોતાના સુખ સિવાય બીજા કશાની પંચાત કરતા નહિ; ઈશ્વરની તો નહીં જ. પોતાના સ્વતંત્ર જીવનના બીજા વર્ષે જયારે તે પેલા બુઢ્ઢા લેખકની સાથે રહી હતી, ત્યારે તેણે પણ તેની એ માન્યતા જ દૃઢ કરી હતી: બધા જ પોતાના સુખ માટે જીવે છે; અને ઈશ્વર વિષે, સદાચાર વિષે, ધર્મ વિષે જે બધું કહેવામાં આવે છે, એ જૂઠાણું અને ફરેબબાજી છે.

કોઈ કોઈ વાર તેના મનમાં કંઈક બીજી જાતના વિચાર આવતા અને તેને મૂંઝવણ જેવું થતું, ત્યારે તે દારૂ અને સિગારેટનો આશરો લેતી, અથવા કોઈ પુરુષ સાથે પ્રેમપ્રસંગનો!

૩

બીજે દિવસે નેખ્લ્યૂદોવ વહેલી સવારે જ જેલખાના તરફ જવા નીકળી પડયો.

જયારે તે જેલખાને પહોંચ્યો, ત્યારે કેદીઓને દેવળમાં ધર્મોપદેશ સાંભળવા માટે લઈ જવામાં આવ્યા હતા. એટલે મુલાકાતીઓને બહાર જ રોકી રાખવામાં આવ્યા.

કેદીઓ પોતપોતાના વૉર્ડમાં પાછા આવી ગયા, ત્યાર બાદ મુલાકાતીઓનાં ક્રમવાર નામો જેલરે પોકારવા માંડયાં. કેદીઓને ગણતરી કરીને મુલાકાત માટેના ઓરડામાં દાખલ કરવામાં આવ્યા.

બીજા ઉતાવળા મુલાકાતીઓને આગળ જવા દઈ, નેખ્લ્યૂદોવ લગભગ છેલ્લો એ ઓરડામાં દાખલ થયો.

એ ઓરડાની વચ્ચોવચ તારની બે જાળીઓ ફરસથી માંડીને છત સુધી જડી દીધેલી હતી. એ બે જાળીઓ એકબીજીથી સાત ફૂટ દૂર હતી. વચમાં હથિયારબંધ સૈનિકો આમથી તેમ આંટા માર્યા કરતા. મુલાકાતીઓ બીજી જાળીની પાછળ ઊભેલા કેદીઓ સાથે એટલે દૂરથી જ વાત કરી શકતા.

બંને અલગ જાળીઓની પાછળ પિતાઓ, પતિઓ, માતાઓ, પત્નીઓ, બાળકો વગેરે એકબીજાનાં મોં જોવા અને બોલ સાંભળવા ઉત્સુક થઈને મોં જાળી સાથે દબાવીને ઊભાં હતાં. પરંતુ દરેક જણ સામું માણસ સાંભળી શકે તેમ મોટેથી બોલવા જ પ્રયત્ન કરતું હોવાથી, એકબીજાના અવાજને દબાવવાનું કામ જ કરતું હતું!

નેખ્લ્યૂદોવ સમજી ગયો કે, આ સ્થિતિમાં કાટુશા સાથે પોતાને જે અંતરની વાત કરવી હતી તે કરી શકાશે જ નહિ. એટલે તેણે એક અફસર જેવા લાગતા માણસ પાસે જઈને કહ્યું —

“સ્ત્રી-કેદીઓ સાથે મુલાકાત ક્યાં કરવાની હોય છે?”

“તમારે કોઈ સ્ત્રી-કેદીને મળવાનું છે? તો પછી આ ઓરડામાં શા માટે આવ્યા? તમે પહેલેથી કેમ કહ્યું નહિ? તમારે કોને મળવં છે?”

“કાટેરિના માસ્લોવા નામની કેદીને.”

“એ રાજકીય ગુનાસર પકડાઈ છે?”

“ના. ના; માત્ર ——”

“ઠીક, તો તેને સજા થઈ છે?”

“પરમ દિવસે જ તેને સજા થઈ છે.”

"તો આ તરફ આવો." આમ અહીં, નેખ્લ્યૂદોવનાં કપડાં તથા દેખાવથી પ્રભાવિત થયેલા અફસરે તેને સ્ત્રી-કેદીઓ સાથેની મુલાકાત માટેના ઓરડામાં લઈ જવા એક પોલીસવાળાને મોકલ્યો.

એ કમરોય થોડો નાનો પણ વચ્ચે બે જાળીઓવાળો જ હતો. તેમાં મુલાકાતીઓ ઓછા હતા છતાં બૂમાબૂમ તો એટલી જ હતી.

માસ્લોવા જાળી પાછળ ઊભી હતી, પણ બર્થા કે એવું કોઈ પોતાને મળવા આવ્યું હશે એમ માનતી હોઈ, તેણે નેખ્લ્યૂદોવ તરફ નજર જ કરી ન હતી.

વૉર્ડરે નેખ્લ્યૂદોવને પૂછયું, "તમારે કોને મળવું છે?"

"કાટેરિના માસ્લોવાને."

વૉર્ડરે તેનું નામ પોકાર્યું એટલે માસ્લોવા જાળી પાસે આવીને પોતાને કોણ મળવા આવ્યું છે તે જોવા લાગી. પણ, એક તવંગર લાગતા કોઈ પુરુષને ઊભેલો જોઈને, તે તેના તરફ જોઈને માત્ર ધીમું હસી અને બોલી, "તમે મને મળવા માગો છો?"

"હું......હું......તને મળવા આવ્યો છું......હું"

માસ્લોવા નેખ્લ્યૂદોવ જે કંઈ ત-ત-પ-પ કરતો બોલ્યો તે કશું સાંભળી શકી નહિ. પણ તેની સામે થોડું વધુ તાકીને જોતાં જ તે એને ઓળખી ગઈ.

"હું તારી માફી માગવા આવ્યો છું."

વચ્ચે બીજા મુલાકાતીઓની મોટે અવાજે ચાલતી વાતચીતનો અવાજ નડયા જ કરતો હતો.

"મને માફ કર; મેં તારી પ્રત્યે ભારે નાલાયકી દાખવી છે."

પેલી જડસડ થઈને ચૂપ ઊભી રહી.

નેખ્લ્યૂદોવથી આગળ વધુ બોલાયું નહિ; તે પોતાનાં ડૂસકાં રોકી શકયો નહિ, અને જાળી આગળથી ખસી ગયો.

નેખ્લ્યૂદોવના દેખાવથી પ્રભાવિત થયેલો પેલો અફસર હવે આ કમરામાં આવ્યો અને નેખ્લ્યૂદોવને જાળી પાસે ન ઊભેલો જોઈ તરત

તેને પૂછવા લાગ્યો, "તમે જેને મળવા આવ્યા છો, તેની સાથે વાત કેમ કરતા નથી, વારુ ?"

નેખ્લ્યૂદોવે રૂમાલમાં નાક નસીકીને જરા સાંસતા થઈને કહ્યું, "આ બે જાળીઓ પારથી વાત કરતાં મને ફાવતું નથી; હું કશું સાંભળી જ શકતો નથી."

અફસરે જરા વિચાર કરી લઈ, સ્ત્રી-વૉર્ડરને કહ્યું, "માસ્લોવાને આ કમરામાં બહાર લાવો."

તરત માસ્લોવાને નેખ્લ્યૂદોવ ઊભો હતો ત્યાં લઈ આવવામાં આવી.

પેલો અફસર હવે દૂર ખસી ગયો.

૧૯

જેલમાં મુલાકાત-૨

૧

માસ્લોવા નેખ્લ્યૂદોવની સાથે એ કમરાની ભીંત પાસે પડેલી એક પાટલી ઉપર બેઠી.

“હું જાણું છું કે, મને ક્ષમા કરવી, એ તારે માટે મુશ્કેલ છે,” એટલું બોલવા જતાંમાં તો નેખ્લ્યૂદોવનું હૃદય ફરીથી ભરાઈ આવ્યું અને તેનાથી આગળ બોલી શકાયું નહિ. પછી મહામહેનતે ડૂસકાં તથા આંસુને રોકી, તેણે વાકય પૂરું કર્યું, “પરંતુ, જોકે ભૂતકાળને હું ભૂંસી નાખી શકું નહિ, છતાં મારાથી થઈ શકે તેટલું બધું કરી છૂટીને હું એનું નુકસાન ધોઈ કાઢવાની કોશિશ જરૂર કરીશ.”

“તમે મને કેવી રીતે શોધી કાઢી?” કાટુશાએ તેના પ્રશ્નનો જવાબ આપવાને બદલે સામું પૂછયું.

નેખ્લ્યૂદોવ તેના ચહેરાની બદલાઈ ગયેલી રૂપરેખા તરફ જોઈ રહીને બોલ્યો, “પરમ દિવસે હું અદાલતમાં જૂરી-સભ્ય તરીકે બેઠો હતો; તેં મને ઓળખ્યો નહોતો?”

“ના, મેં તે તરફ જોયું જ નહોતું; બીજે જોવાનો વખત જ કયાં હતો?”

“તને બાળક પણ હતું, ખરું ને?” નેખ્લ્યૂદોવ શરમથી મોં નીચું કરીને પૂછી બેઠો.

“ભગવાનની દયા કે, તે તરત જ મરી ગયું.” કાટુશાએ જરા ઉછાંછળું લાગે તેમ, પણ નેખ્લ્યૂદોવના મોં ઉપરથી પોતાની નજર ફેરવી લીધા વિના ઝટ જવાબ આપી દીધો.

“એમ કેમ બોલે છે?”

"હું પોતે જ લગભગ મરવા પડી હતી, ત્યાં બીજું શું કહું?"

"મારી ફોઈઓએ તને એ સ્થિતિમાં જવા કેમ દીધી?"

"વાહ, બાળકવાળી કુંવારી નોકરડીને કોઈ પોતાને ત્યાં રાખે ખરાં? તેઓએ મને બેજીવ સોતી જાણી, તેની સાથે જ તેઓએ મને કાઢી મૂકી. પણ એ વાતો ઉખેળીને શો ફાયદો છે? મને કશું યાદ પણ નથી. એ બધું તો હવે પતી ગયું."

"ના, કશું જ પતી ગયું નથી; હું મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરી એ બધું ધોઈ નાખવા માગું છું."

"એમાં ધોઈ નાખવાનું શું છે વળી? જે થવાનું હતું તે થઈ ગયું અને તેના ઉપર તો પડદો પણ પડી ગયો." આટલું કહી, તે નેખ્લ્યૂદોવ સામે જોઈને મોહક પરંતુ દયાજનક રીતે હસી. નેખ્લ્યૂદોવ એ જોઈને ચોંક્યો.

વાત એમ હતી કે, માસ્લોવાને નેખ્લ્યૂદોવને જોઈ એકદમ તો તેની સાથેના પ્રેમભર્યા નાનપણના દિવસો યાદ આવી ગયા; પરંતુ નેખ્લ્યૂદોવે નફ્ફટપણે તથા નિર્દયતાથી પોતાનો એ નાજુક સ્થિતિમાં ત્યાગ કર્યો અને તેથી પોતાની જે માઠી વલે થઈ, એ બધું યાદ આવતાં, તરત પેલી બધી મધુર સ્મૃતિઓ ભૂલવા માટે અત્યાર સુધી તે હંમેશાં જેમ કરતી આવી હતી તેમ તેણે પોતાના મોહનાસ્ત્રનો જ પ્રયોગ નેખ્લ્યૂદોવ ઉપર કર્યો. તેને મન અત્યારનો નેખ્લ્યૂદોવ પહેલાંનો જુવાન, નિર્દોષ, શુદ્ધ પ્રેમી તો હતો જ નહિ. અત્યારે તો તેની સામે ટાપટીપવાળો અત્તારથી મઘમઘતો એક પુરુષ જ બેઠો હતો, જે તેના જેવી સ્ત્રીઓનો જરૂર પડયે ઉપયોગ કરતો હશે, અને જેનો તેના જેવી સ્ત્રીઓ પણ લઈ શકાય તેટલો લાભ ઉઠાવતી હશે.

છતાં તેણે વાતને બીજી તરફ વાળી આપવા માટે ઉમેર્યું —

"એ બધું તો હવે પતી ગયું; હવે તો મને સાઈબીરિયામાં સખત મજૂરીની સજા થઈ છે, જાણો છો ને?" પણ 'સાઈબીરિયા' શબ્દ બોલતાં જ તે ભય અને ત્રાસથી કંપી ઊઠી.

"મને ખાતરી છે કે, તું નિર્દોષ છે; તેં પેલાને ઝેર દીધું જ નથી."

"હું નિર્દોષ જ છું વળી. જાણે, હું એવું ચોર કે ડાકુનું કામ કરું ખરીને! અહીંની બધી સ્ત્રી-કેદીઓ કહે છે કે, અદાલતના એ બધા ફેંસલા-ફેંસલી તો સારો વકીલ કરે તેના ઉપર જ આધાર રાખે છે. તે બધી કહે છે કે, હજુ પણ અરજી કરી શકાય; માત્ર એ બધું બહુ ખર્ચાળ હોય છે."

"ખરી વાત છે; એ માટે હું એક સારા વકીલને મળ્યો પણ છું."

"પૈસા સામું ન જોશો; એ વકીલ બહુ સારો હોવો જોઈએ."

"મારાથી બનશે એ બધું હું કરી છૂટીશ, ખાતરી રાખજે."

બંને જણ થોડી વાર ચૂપ બેસી રહ્યાં, પછી પાછી કાટુશા મીઠું હસતાં હસતાં બોલી, "મારે થોડા પૈસા જોઈએ છીએ...... બહુ નહિ ...... દશેક રૂબલ."

"હા, હા; જરૂર." એમ કહીને નેખ્લ્યૂદોવ ખીસામાં હાથ નાખવા ગયો.

કાટુશાએ ઈન્સ્પેક્ટર તરફ ઉતાવળે નજર નાખી; કમરામાં તે આમથી તેમ આંટા મારતો હતો.

"એના દેખતાં ન આપશો; એ પાછા લઈ લેશે."

નેખ્લ્યૂદોવે, પેલાની પીઠ ફરી એટલે તરત ખીસામાંથી એક નોટ કાઢી, પણ ઈન્સ્પેક્ટર તરત જ પાછો ફર્યો એટલે તેણે હાથમાં તેનો ડૂચો કરી દીધો.

તે દરમ્યાન નેખ્લ્યૂદોવ જોઈ ગયો કે, તેની પહેલાંની કાટુશા તો મરી જ ચૂકી હતી; અત્યારે તો તેની સામે એક ધીટ વેશ્યા બેઠી હતી જે મીઠું મીઠું હસીને કેવળ તેની પાસેથી પૈસા જ કઢાવી શકતી હતી, તથા તે માટે પોતાની તમામ મોહિનીશક્તિ કામે લગાડવા તૈયાર હતી.

નેખ્લ્યૂદોવનું મન એકદમ દ્વિધામાં પડી ગયું. છતાં છેવટે ઈશ્વરને યાદ કરીને, પોતે જે કહેવા આવ્યો હતો તે કાટુશાને ઝટ કહી દેવાનો તેણે નિરધાર કર્યો.

"કાટુશા તું મને ક્ષમા આપે એવી વિનંતી કરવા હું અહીં આવ્યો છું. પણ, તે વાતનો તો તેં કશો જવાબ ન આપ્યો. તું મને માફ નહીં કરે?"

પણ કાટુશાએ તો તેની એ વાત સાંભળી જ નહિ. તે તો માત્ર નેખ્લ્યૂદોવના હાથમાં દબાઈ રહેલી નોટ તથા પેલા ઈન્સ્પેક્ટર તરફ જ જોયા કરતી હતી. જ્યારે પેલો ઈન્સ્પેક્ટર પાછો ફર્યો કે તરત તેણે નેખ્લ્યૂદોવના હાથમાંથી પેલી નોટ કાઢી લીધી અને પોતાના પટા નીચે છુપાવી દીધી.

"તમે કેવી વિચિત્ર વાતો બોલ્યા કરો છો?" કાટુશા કંઈક તુચ્છકારભર્યા સ્મિત સાથે બોલી, એમ નેખ્લ્યૂદોવને લાગ્યું.

નેખ્લ્યૂદોવે જોયું કે, કાટુશાના અંતર ઉપર એક બીજું પ્રાણી છવાઈ ગયું છે, જે તેને (નેખ્લ્યૂદોવને) કેવળ ધિક્કારે છે. એ બીજું પ્રાણી જ કાટુશાને તેના અત્યારના જીવનમાં ટકાવી રહ્યું છે, અને નેખ્લ્યૂદોવને તો તે તેના અંતર સરસો આવવા દેશે જ નહિ. એટલે કાટુશાને અપનાવવી એ તો ઘંટીના પથરાને ગળે બાંધવા જેવું જ થાય, જેનાથી તે પોતે તો ડૂબે જ પણ બીજાઓને કંઈક ઉપયોગી થઈ શકતો હોય તે પણ ન થઈ શકે.

પરંતુ નવાઈની વાત એ બની કે, નેખ્લ્યૂદોવ કાટુશાથી પાછો ભાગવાને બદલે, કોઈ અવનવી જ શક્તિથી તેની પાસે જ વધુ ખેંચાયો. તે સમજી ગયો કે, તેણે પેલીના અંતરાત્માને ફરીથી જાગ્રત – અરે, સજીવન જ – કરવાનો છે. એ કામ ઘણું જ મુશ્કેલ છે, એ પણ ખરું; પરંતુ એ મુશ્કેલી જ તેને જાણે પડકાર કરી બેઠી. તે હવે તેના પ્રત્યે બીજા જ એક આકર્ષણથી ખેંચાયો, જેવું આકર્ષણ તેણે તેના તરફ કે બીજા કોઈ તરફ કદી અનુભવ્યું ન હતું. એ આકર્ષણમાં કશા

અંગત લાભનું લેખું જ ન હતું – તેને કાટુશા પાસેથી કંઈ જ જોઈતું નહોતું — તેને તો માત્ર એટલી જ ચિંતા હતી કે, કાટુશાને તેના અત્યારના જીવનમાંથી કેમ કરીને પાછી વાળવી, જેથી તે પહેલાં હતી તેવી બની રહે.

"કાટુશા તું આમ કેમ બોલે છે? હું તને બરાબર યાદ કરું છું – ખાસ કરીને ફોઈઓને ઘેર ગાળેલા દિવસો."

"એ બધું પાછલું યાદ કરવાથી શો લાભ?" પેલીએ જરાય વિચલિત થયા વિના કહ્યું.

"હું એ દિવસો એટલા માટે યાદ કરું છું, જેથી મારું પાપ હું ધોઈ કાઢી શકું, કાટુશા." અને તે આગળ એમ બોલવા જ જતો હતો કે, 'હું તને પરણવા પણ માગું છું;' પણ પેલીની આંખોમાં એ જ વખતે તે એવું કંઈ ભયંકર, એવું કંઈ કર્કશ, એવું કંઈ ધિક્કારભર્યું જોઈ શકયા કે તે આગળ બોલી શકયો જ નહિ.

તે જ વખતે મુલાકાતીઓ વિખેરાવા લાગ્યા, અને પેલા ઇન્સ્પેકટરે પણ નેખ્લ્યૂદોવ પાસે આવીને કહ્યું, "વખત પૂરો થયો."

"તો હું જાઉં છું; મારે ઘણું ઘણું કહેવાનું હજુ બાકી છે. પણ અત્યારે હવે ઊઠવું પડશે. હું ફરીથી આવીશ." નેખ્લ્યૂદોવે ઊઠતાં ઊઠતાં કાટુશાને કહ્યું.

"હવે વધારે શું કહેવાનું બાકી રહે છે, વળી?" એમ કહી કાટુશાએ નેખ્લ્યૂદોવનો હાથ પોતાના હાથમાં લીધો ખરો, પણ જરાય દબાવ્યો નહિ.

"ના, ના, હું ફરીથી તને એવી જગાએ મળીશ, જ્યાં આપણે છૂટથી વાતો કરી શકીએ. મારે તને જે કહેવાનું છે, તે ઘણું જ અગત્યનું છે."

"ઠીક ત્યારે આવજો; શો વાંધો છે?" એમ કહી, તે પાછું પેલું હાસ્ય હસી, જેવું હાસ્ય વેશ્યાઓ પોતાના જે ઘરાકોને ખુશ રાખવા માગે છે, તેમના પ્રત્યે હસી બતાવે છે.

"તું મારે મન બહેન કરતાં વધુ છે." નેખ્લ્યૂદોવ બોલ્યો.

"કેવી વિચિત્ર વાતો વધ્યા કરો છો!" એમ બોલતી કાટુશા જાળી પાછળ ચાલી ગઈ.

૨

જેલની આ મુલાકાત પહેલાં નેખ્લ્યૂદોવ એમ માનતો હતો કે, કાટુશા પોતાને જોશે, તથા પોતે તેને મદદ કરવા ઇચ્છે છે એવું જાણશે, એટલે તરત જ ખુશ થઈ જશે, પાછલું બધું ભૂલી જશે અને પહેલાંના જેવી કાટુશા જ ફરીથી બની રહેશે. પણ તેને માલૂમ પડયું કે પહેલાંની કાટુશાનું તો અસ્તિત્વ જ રહ્યું નહોતું; તેને ઠેકાણે આવીને બેઠી હતી માસ્લોવા!

એ દર્શન થતાં જ તે ચોંકી ઊઠયો.

દરેક જણ જે ધંધામાં બેઠું હોય છે, તે ધંધો અગત્યનો તથા સારો છે, એમ ન માને, તો પછી લાંબો વખત કરી જ ન શકે. એટલે કાટુશાને પણ હવે પોતે વેશ્યા હોવાની શરમ જ રહી ન હતી. ચોર, ડાકુ પણ પોતાના જેવા જ માણસોની સોબત શોધી, પોતાની ચાલાકી તથા બહાદુરીની બડાશ મારીને જ ખુશ થાય છે; વેશ્યા પણ પોતાના જેવી જ સ્ત્રીઓ સાથે મળી, પોતાના ભ્રષ્ટ જીવનની જ વાતો આનંદથી વાગોળ્યા કરે છે.

આપણે સારા કહેવાતા લોકો પણ શું કરીએ છીએ? તવંગરો પોતાના વૈભવની બડાશો મારે છે, જે ખરેખર એક જાતની ડાકાતી જ હોય છે; સેનાપતિઓ પોતાના વિજયોની બડાશો મારે છે — જે એક પ્રકારે ખૂન-કતલનું જ કામ કહેવાય; તથા સત્તાને સ્થાને બિરાજનારાઓ પોતાના પ્રભાવનું ઘમંડ ધરાવે છે — જે એક પ્રકારની હિંસ્રતા જ હોય છે. માત્ર એ લોકોનો વર્ગ ખાસો હોય છે અને આપણે તેમાંના એક હોઈએ છીએ, એટલે આપણને એમાં કશું વાંધાભરેલું લાગતું નથી.

એ પ્રમાણે માસ્લોવાએ પણ પોતાના ધંધાને અનુરૂપ જીવન વિષેના ખ્યાલ બાંધી લીધા હતા. વૃદ્ધ કે જુવાન, વિદ્યાર્થી કે સેનાપતિ, ભણેલા કે અભણ સૌ પુરુષો દેખાવડી સ્ત્રીનો સંપર્ક જ ઇચ્છે છે; અને પોતે દેખાવડી હોઈ, તેમની વાસનાને સંતોષવાની કે ન સંતોષવાની સત્તા ધરાવે છે, એમ તે માનતી. આખી દુનિયા તેને કામ-વાસનાથી વ્યથિત જ લાગતી, અને એ રીતે આખી દુનિયામાં સુંદર રમણી તરીકે પોતાનું સ્થાન અનોખું — વિશિષ્ટ — ઉચ્ચ છે, એમ તેને રોજ રોજ પુરુષોની તેના ઉપર ચોટી રહેતી લોલુપ નજરો તથા સદા ભૂખી વાસનાઓથી ખાતરી થઈ ગઈ હતી.

પોતાના આ સત્તાપદેથી નેખ્લ્યૂદોવ તેને ઉતારી પાડી, પાછો સામાન્ય સ્ત્રીના પદે લઈ જવા માગતો હતો! અત્યારે પોતે પુરુષોની સમ્રાજ્ઞી હતી તેમાંથી તેને સામાન્ય ઘરકૂકડી બનાવવા માગતો હતો! તેને એ વસ્તુ હરગિજ મંજૂર ન હતી; અને તેથી જ તે પોતાનું પૂર્વનું નિર્દોષ-મુગ્ધ જીવન યાદ જ કરવા માગતી ન હતી.

૨૦
અપીલની તૈયારીઓ
૧

નેખ્લ્યૂદોવે હવે પોતાનું આ મોટું ઘર કાઢી નાખી, બધા નોકરોને છૂટા કરી, નાનાશીક મકાનમાં કોઈ વિદ્યાર્થીની જેમ ભાડે રહેવા જવાનો વિચાર કર્યો. પરંતુ તેની ઘર-કારભારણ આગ્રાફેના પેટ્રોવ્નાએ તેને જણાવ્યું કે, શિયાળો બેસે ત્યાં સુધી થોભી જાઓ; કારણ કે ઉનાળામાં શહેરનું મોટું મકાન ભાડે રાખવા કોણ આવે? તથા તે દરમ્યાન ઘરની બધી વસ્તુઓ કયાં રાખશો?

પછી તો આગ્રાફેના પેટ્રોવ્નાએ અને ઘર-ઘાટી કોર્નેએ જ્યારે ઊનનાં અને ફરનાં કપડાં, અનેક વર્દીઓ, અનેક શેતરંજીઓ તથા અનેક પ્રકારનું ફરનિચર, માળી, દરવાન, રસોઈયણ, તથા બીજા નોકરોની મદદથી સુકવવા, તપવવા તથા ઝાપટવા બહાર કાઢવા માંડયું, ત્યારે તે જોઈને નેખ્લ્યૂદોવને વિચાર આવ્યા વિના ન રહ્યો કે એકલા જીવને માટે આ બધું શા સારુ પૈસા ખરચી-ખરચીને ભેગું કરવામાં આવ્યું છે? કેવળ નોકરોને એ બધું ઉથામતાં તથા સાફ કરતાં કસરત અને રોજી મળે એટલા માટે જ!

આમેય હવે માસ્લોવાના મુકદ્દમાનો આખરી ફેંસલો ન થઈ જાય, ત્યાં સુધી આ બધું બદલવું – કરવું નેખ્લ્યૂદોવને અનાવશ્યક લાગવા માંડયું: જ્યારે માસ્લોવા છૂટી થશે ત્યારે, અથવા તેની દેશ-નિકાલની સજા કાયમ રહેશે, અને પોતે તેની પાછળ પાછળ સાઈબીરિયા ચાલ્યો જશે, ત્યારે આ બધું એની મેળે બદલાઈ જશે!

૨

નક્કી કરેલા દિવસે નેખ્લ્યૂદોવ ઍડવોકેટ ફૅનેરિનને મળવા ગયો. તે ભારે ઠાઠમાં રહેતો હતો, અને તેને ત્યાં પોતાના વારાની રાહ જોઈને બેસી રહેનારા અસીલોની લંગાર લાગેલી હતી. અર્થાત્ એ પણ મજૂરી કર્યા વિના મળેલા આળસના મબલક પૈસાની કમાણી કરનાર વર્ગનો હતો.

નેખ્લ્યૂદોવને ઓળખીને ફૅનેરિનના આસિસ્ટંટે કહ્યું, “હું આપના આવ્યાની જાણ તરત જ અંદર કરું છું.” પરંતુ તે ઊઠીને ફૅનેરિનના કમરાના બારણા પાસે પહોંચ્યો તે વખતે જ બારણું ઊઘડયું અને લાલ મોંનો તથા ઝૂમખાદાર મૂછોવાળો એક મધ્યમ-વયનો દઢીબંધ વેપારી તથા ફૅનેરિન પોતે બહાર આવ્યા. તે બંનેએ એક લાભકારક પણ ખાસ પ્રમાણિક ન કહી શકાય એવો કોઈ સોદો પતવ્યો હોય એવી તેમની મુખ-મુદ્રા હતી.

“પણ, એ બધો દોષ તમારે માથે, તમે જાણો, મારા સાહેબ!” ફૅનેરિન હસતો હસતો બોલ્યો.

“ભાઈશા’બ, એટલુંય પાપ ન કરતા હોઈએ, તો આપણે બધા સ્વર્ગમાં જ ન પહોંચી જઈએ?”

“હા, હા; ખરી વાત, ખરી વાત! આપણે બધા જ જાણીએ છીએ.” ફૅનેરિને એટલું કહેતાં બંને જણા સાથે જ અસ્વાભાવિક રીતે હસી પડ્યા.

એટલામાં નેખ્લ્યૂદોવને જોતાં જ ફૅનેરિને તેને ઝટપટ કહ્યું, – “અંદર પધારો, પ્રિન્સ નેખ્લ્યૂદોવ!”

અંદર ગયા પછી થોડી સામાન્ય વાતો કરીને ફૅનેરિને માસ્લોવાને થયેલી સજા સામે અપીલ કરવાના પોતે તારવી કાઢેલા મુદ્દા નેખ્લ્યૂદોવને ગણી બતાવ્યા –

(૧) સ્મેલ્કોવનાં આંતરડાંની તપાસનો દાક્તરી અહેવાલ પ્રેસિડન્ટે વાંચવા જ ન દીધો – –”

"પણ, પણ — સરકાર પક્ષે તો એ વાંચવાનો આગ્રહ કર્યો હતો જ —" નેખ્લ્યૂદોવ વચ્ચે જ બોલી ઊઠયો.

"એનો કંઈ વાંધો નહીં; પરંતુ બચાવપક્ષને એ અહેવાલ વાંચવા માટે આગ્રહ કરવાનાં કારણ હોઈ શકે ને? એટલે આપણે આ મુદ્દો ઉઠાવવાનો જ રહ્યો."

"પણ એ અહેવાલ વાંચવાનો આગ્રહ કરવા માટે બચાવ-પક્ષે પણ કાંઈ જ કારણ ન હતું..."

"પણ અપીલ કરવા માટે તો એ સમુચિત-યથોચિત કારણ ગણાય, મારા સાહેબ!" એમ કહી, તેણે પોતાનાં કારણો આગળ કહેવા માંડયાં — "(૨) માસ્લોવાના વકીલે જ્યારે બચાવ-પક્ષે માસ્લોવાના વ્યક્તિત્વ બાબત માહિતી આપવા તેના ચારિત્રભ્રંશનાં કારણો રજૂ કરવા માંડયાં, ત્યારે પ્રેસિડન્ટે તેને પ્રસ્તુત મુદ્દા ઉપર આવવા માટે આગ્રહ કરી તેને ટોકયો અને રોકયો. ખરી રીતે, ફોજદારી ગુનાઓમાં ગુનેગારના વ્યક્તિત્વની અને ખાસ કરીને તેની નીતિમત્તાની ભૂમિકાની ચર્ચા તેના ગુનાનું પ્રમાણ નક્કી કરવા માટે આવશ્યક ગણાય. (૩) પ્રેસિડન્ટે સમારોપ કરતી વખતે ક્રિમિનલ કોડના ખંડ ૧, કલમ ૮૦૧ મુજબ જૂરીને ગુનો કયારે થયેલો ગણી શકાય એની બધા મુદ્દાઓને આવરી લેતી સમજ આપી ન હતી; ખાસ તો, સ્મેલ્કોવને માસ્લોવાએ ઝેર આપ્યું હોવાની વાત મંજૂર રાખવામાં આવે તોપણ માસ્લોવાનો ઇરાદો ઝેર આપવાનો કે ખૂન કરવાનો હતો એવું કહેવાનું પ્રાપ્ત ન થાય; બહુ બહુ તો માસ્લોવાએ સ્મેલ્કોવને શું પીવા આપ્યું છે એ તપાસવાની કાળજી તેણે રાખી નહિ, એટલું જ કહી શકાય. એટલે એ પ્રવાહી પીવા આપવાને પરિણામે સ્મેલ્કોવનું મૃત્યુ ભલે થયું, પણ માસ્લોવાનો ઇરાદો તેનું ખૂન કરવાનો હતો એમ સિદ્ધ થયેલું ન ગણાય."

"ખરી વાત; પણ એ તો અમારી જૂરીવાળાની જ ભૂલ હતી; અમારે જ એ વાત અમારા ચુકાદામાં જણાવવી જોઈતી હતી." નેખ્લ્યૂદોવ ગણગણ્યો.

"હવે ચોથો મુદ્દો," ફેનેરિને આગળ ચલાવ્યું; "જૂરીના જવાબમાં પરસ્પર-વિરોધ છે: માસ્લોવાનો સ્મેલ્કોવને ઝેર આપવાનો એક જ હેતુ હોઈ શકે – તેના પૈસા પડાવવાનો. પરંતુ જૂરી તો પોતાના ચુકાદામાં એમ જણાવે છે કે, માસ્લોવાનો ઈરાદો સ્મેલ્કોવના પૈસા ચોરવાનો હતો જ નહીં. તો પછી માસ્લોવાને સ્મેલ્કોવનું ખૂન કરવાનું કાંઈ પ્રયોજન જ રહેતું નથી; અને એ વસ્તુ પ્રેસિડન્ટે અધૂરા મુદ્દા જૂરીને જણાવ્યા હોવાથી જ જૂરીવાળા પોતાના ચુકાદામાં જુદી જણાવવાનું ભૂલી ગયા. પરંતુ, જૂરીનો જવાબ આવો અધૂરો લાગતાં પ્રેસિડન્ટે કલમ ૮૧૭ અને ૮૯૮ મુજબ જૂરીવાળાઓને તેમની ભૂલ સમજાવવી જોઈતી હતી અને ગુનેગારના ગુના બાબત ફરી વાર ચર્ચા કરી ફરી ફેંસલો માગવો જોઈતો હતો."

"તો પછી પ્રેસિડન્ટે એમ કેમ ન કર્યું?" નેખ્લ્યૂદોવે પૂછયું.

"હું પણ એ જ પૂછું છું કે, પ્રેસિડન્ટે એમ કેમ ન કર્યું?" ફેનેરિને હસતાં હસતાં કહ્યું.

"તો સેનેટ એ ભૂલ સુધારી લેશે, ખરુંને?"

"એ તો તે વખતે કોણ પ્રમુખપદે હોય છે એના ઉપર આધાર! એટલે આપણે આ બધી બાબતો જણાવી, આ કેસ બીજી અદાલત સમક્ષ ફરી ચલાવવામાં આવે, એવી માગણી કરીએ છીએ. જોકે, સેનેટવાળા આ બધું લક્ષમાં લઈ ભૂલ સુધારી આપે એવું બનવાનો સંભવ ઓછો છે, એમ હું તમારી આગળ સ્પષ્ટપણે કબૂલ કરી દઉં. એ બધું તો તે વખતે સેનેટમાં કયા કયા સભ્યો હાજર હોય છે અને તમે એ બધામાંથી કોની કોની ઉપર લાગવગ લગાવી શકો છો, એના ઉપર આધાર રાખે છે."

"હું એમાંના કેટલાકને ઓળખું છું."

"તો તો ઠીક; પણ તમારે ઉતાવળે એ બધાને પહોંચી વળવું જોઈએ. નહિ તો તેઓ તેમના હરસ-મસાનો ઉપચાર કરવા બહાર ચાલ્યા જશે, અને પછી તમારે તેઓ પાછા ફરે તે માટે ત્રણ મહિના

રાહ જોવી પડશે! જો કે, ત્યાં પણ નિષ્ફળ નીવડીએ, તો આપણે નામદાર શહેનશાહને અપીલ કરી શકીએ છીએ. પણ એની સફળતા માટેય પડદા પાછળ કેટલો દોરીસંચાર આપણે કરી શકીએ છીએ, તેના ઉપર આધાર રહે છે. એ વખતે પણ હું તમને મારી સેવાઓ અર્પવા તૈયાર છું — અલબત્ત, અરજી ઘડવાની બાબતમાં જ!"

"આભાર; તમારી ફીનું શું?"

"મારો મદદનીશ તમને બહાર અરજી આપશે, તે વખતે તમને જણાવશે."

ઊઠતાં ઊઠતાં નેખ્લ્યૂદોવે ફેનેરિનને પૂછ્યું, "મારે જેલમાં માસ્લોવાને ફરી મળવું હોય, તથા મુલાકાતના સામાન્ય સ્થળને બદલે અલગ સ્થળે મળવું હોય, તો મારે ગવર્નરની પરવાનગી મેળવવી પડે, એ ખરી વાત?"

"હા; પણ ગવર્નર અત્યારે બહારગામ છે; અને વાઈસ-ગવર્નર બહુ ઑડ માણસ છે."

"માસ્લેન્નિકોવ જ ને?"

"હા, એ જ!"

"એને તો હું ઓળખું છું."

બહાર નીકળતાં નેખ્લ્યૂદોવને ફેનેરિનના આસિસ્ટંટે પેલી અરજી આપી, તથા ફીના એક હજાર રૂબલ થશે, એમ જણાવ્યું. સાથે સાથે તેણે ઉમેર્યું કે, "મિ૦ ફેનેરિન સામાન્ય રીતે આવાં કામ હાથ નથી લેતા; પરંતુ આપની બાબતમાં તેમણે ખાસ અપવાદ કર્યો છે."

"આ અરજી ઉપર સહી કોની જોઈએ?"

"કેદીની પોતાની; અને જો એ ન ફાવે તેવું હોય, તો મિ૦ ફેનેરિન પણ કરી શકે; પરંતુ તે માટે કેદીની પાસેથી મુખત્યારનામું મેળવવું જોઈશે."

૨૧
એ વાત કદી બનવાની નથી
૧

જેલમાં નિયમ મુજબ સવારના ઊઠી-પરવારીને સ્રી-કેદીઓ નાસ્તો કરવા બેઠી હતી. તે દિવસે બે કેદીઓને ફટકા મારવાના હતા, તે અંગે વાતચીત ચાલવા લાગી.

વાત એમ બની હતી કે, વાસિલ્યેવ નામે ભણેલો-ગણેલો કારકુની કરતો એક જુવાનિયો પોતાની પ્રેમિકાનું ઈર્ષ્યાની આગમાં ખૂન કરી કેદ પકડાયો હતો. એ બહુ ઉદાર તથા આનંદી સ્વભાવનો હોવાથી કેદીઓનો માનીતો બની ગયો હતો. તે ભણેલો હોઈ, જેલના કાયદા-કાનૂનો જાણતો અને તેમનું પાલન થાય એવો આગ્રહ રાખતો. એટલે જેલના સત્તાવાળાઓની તેના ઉપર ખફામરજી રહેતી.

ત્રણેક અઠવાડિયાં પહેલાં જેલરે એક ઝાડુવાળાને માર માર્યો હતો; તેનો વાંક એ હતો કે, તેણે જેલરના નવા વર્દી-પોશાક ઉપર સૂપના છાંટા ઉડાડ્યા હતા. વાસિલ્યેવે ઝાડુવાળાનો પક્ષ લઈને બૂમ ઊઠાવી કે, કેદીને જેલમાં મારવો એ કાયદા વિરુદ્ધ છે.

જેલરે જવાબ વાળ્યો, "હું તને જ હમણાં કાયદો બરાબર શીખવું છું," અને વાસિલ્યેવને ધમકાવીને ગાળો ભાંડવા માંડી. વાસિલ્યેવે પણ એ જ રીતે સામો જવાબ વાળ્યો; પરિણામે જેલર વાસિલ્યેવને મારવા ગયો, તો વાસિલ્યેવે તેના હાથ પકડી લીધા અને તેમને આમળી જેલરને બારણા બહાર ધકેલી દીધો.

જેલરે ઇન્સ્પેક્ટરને ફરિયાદ કરી. ઇન્સ્પેક્ટરે વાસિલ્યેવને અંધાર-ખોલીમાં પૂરવાની સજા કરી.

અંધાર-ખોલી એટલે એકાંતમાં આવેલી અંધાર-ઘેરી કોટડીઓ. તેમાં પથારી કે ખુરસી કે મેજ જેવું કશું હોય નહિ. અને કેદીને ફરસ ઉપર જ બેસી કે સૂઈ રહેવું પડે. ઉંદરો એટલા બધા હોય કે તેઓ કેદીને આખે શરીરે દોડાદોડ કરી મૂકે અને તેના હાથમાંની રોટી પણ પડાવી લે. કેદી હાલચાલ કર્યા કરે, તો જ ઉંદરોથી બચી શકે.

વાસિલ્યેવે વિરોધ કર્યો કે, તેણે કશો ગુનો કર્યો નથી, એટલે તે અંધાર-ખોલીમાં પુરાવાનો નથી. પેલાઓ બળજબરીથી તેને ખેંચી જવા લાગ્યા, ત્યારે વાસિલ્યેવે સામનો કરવા માંડ્યો અને બે કે ત્રણ કેદીઓએ તેને જેલરોના હાથમાંથી છૂટા થવામાં મદદ કરી. પરિણામે બધા જેલરો ભેગા થઈ ગયા. તેઓમાં પેટ્રોવ નામનો જેલર બહુ તાકાતવાન હતો; તેની મદદથી બધા કેદીઓને થોડી વારમાં જ માત કરીને અંધાર-ખોલીમાં પૂરી દેવામાં આવ્યા; તથા ગવર્નરને ખબર આપવામાં આવી કે, હુલ્લડ થયું છે. તેણે હુકમ મોકલ્યો કે, સજા તરીકે વાસિલ્યેવ અને તેના સાથીને દરેકને ત્રીસ ત્રીસ ફટકા મારવા. એ સજા સ્ત્રી-કેદીઓ માટેના મુલાકાતી-ઓરડામાં થવાની હતી.

કોરાબ્લેવા, હૉરોશાવ્કા, થિયોદોસિયા,અને માસ્લોવા એ ચાર જણાં પોતાના ખૂણામાં ચા પીતાં બેઠાં હતાં. તેમણે વોડકા પણ પીધેલો હોવાથી તેઓ જરા મસ્તીમાં આવેલાં હતાં. માસ્લોવાને હવે ચાલુ પૈસા મળ્યા કરતા હોવાથી, તે પોતાની સખીઓનો પણ મનમાન્યો આવો સત્કાર કરી શકતી.

વાતચીત વાસિલ્યેવને થનારી ફટકાની સજા તરફ જ વળી, અને રેલવે-ફાટકવાળીએ માસ્લોવાને સૂચવ્યું કે, ‘ તું एमने કહેજે ને કે ખટપટ કરીને બિચારાની ફટકાની સજા માફ કરાવે.”

માસ્લોવાની બધી જેલ-સોબતણો હવે નેખ્લ્યૂદોવને ‘ એ ’ સંબોધનથી ઓળખતી અને તે સર્વશક્તિમાન છે, એમ જ માનતી.

"હા; હું જરૂર 'એમને' કહીશ; હું કહું તે કામ તે કરે જ!" માસ્લોવાએ માથું જરા ઉછાળીને મધુર હસતાં હસતાં કહ્યું.

"એ ક્યારે આવવાના છે? ત્યાર પહેલાં તો બિચારાને ફટકા મારીને ચીરી નાખશે." થિયોદોસિયા બોલી ઊઠી.

પણ એટલામાં વાસિલ્યેવને ખેંચીને ફટકાની સજા કરવા લઈ જતા હતા તેનો અવાજ સંભળાયો અને સ્ત્રી-કેદીઓ બિચારી ધડકતે હૈયે બધું સાંભળી રહી.

આસપાસ થોડી વાર ધમાલ મચ્યા બાદ, પાછું બધું શાંત થઈ ગયું. સખીઓ પણ નાસ્તાની ચીજો વગે કરી દઈ પોતપોતાને સ્થાને બેસી ગઈ. માસ્લોવા આડી પડીને ઊંઘવાનું કરતી હતી, તેવામાં એક સ્ત્રી-વૉર્ડરે આવીને તેને, 'મુલાકાતી' આવ્યો હોવાથી બહાર આવવા બૂમ પાડી.

પેલી ઘરડી ડોસી મેન્શોવાએ ઝટપટ આવીને માસ્લોવાને કહ્યું, "બહેન, તું અમારે માટે 'એમને' વાત કરજે. અમે ઘરને આગ નથી જ લગાડી. બધું પેલાએ પોતે જ કર્યું છે. ઘણા કારીગરોએ એને એમ કરતો જોયો પણ હતો. મારા દીકરા 'મિત્રીને 'એ' જેલમાં મળશે તો બધી સાચી હકીકત કહેશે. અમો બંને નિર્દોષને જેલમાં પુરાવીને એ પોતે બીજાની પત્ની સાથે પીઠાંમાં મોજ મારતો ફરે છે."

માસ્લોવાએ તેને પણ જવાબ આપ્યો, "હું જરૂર 'એમને' એ વાત કરીશ." પછી કોરાબ્લેવા તરફ આંખ મિચકારીને તેણે કહ્યું, "પણ અત્યારે જતા પહેલાં થોડા ટટાર થવાય માટે મને થોડોક વોડકા આપો તો કેમ?" કોરાબ્લેવાએ તરત તેને અર્ધો પ્યાલો ભરી આપ્યો.

૨

નેખ્લ્યૂદોવને માસ્લોવાની મુલાકાત લેવા જેલમાં આવ્યે ઠીક ઠીક વખત થયો હતો. પણ ઈન્સ્પેક્ટર પેલી ફટકાની સજા અંગે રોકાયેલો હોવાથી મળી શક્યો નહીં. નેખ્લ્યૂદોવ ઈન્સ્પેક્ટરની ઑફિસ આગળ જ બેસી રહ્યો.

થોડી વારમાં પેટ્રોવ આવ્યો. તે ખૂબ ગરમ ગરમ થઈ ગયો હતો તથા પરસેવાથી નીતરી રહ્યો હતો. તેણે સારજંટ-મેજર સામે જોઈને કહ્યું, 'સાળો હવે કાયમ યાદ કરશે." પછી તે પાછલા બારણામાં થઈને ચાલ્યો ગયો.

ઇન્સ્પેક્ટર આવ્યો ત્યારે પણ તે બીજાઓ જેટલો જ ગાભરો દેખાતો હતો, અને ઊંડા નિઃશ્વાસ નાખતો હતો.

નેખ્લ્યૂદોવને જોઈને તેણે માસ્લોવાને બોલાવી લાવવા જેલરને કહ્યું અને નેખ્લ્યૂદોવને દાદર ચડીને જવાતી એક નાની બારીવાળી ઓરડીમાં લીધો.

નેખ્લ્યૂદોવે તેને પૂછ્યું, "તમે આજે ખૂબ થાકી ગયેલા લાગો છો, વારુ?"

"અમારી નોકરી જ એવી ખરાબ છે; આપણે કેદીઓ સાળા-ઓની ઉપર જરા રહેમ રાખવા જઈએ, ત્યારે તેઓ ઊલટા આપણે ગળે જ ટાંટિયા ભેરવે છે."

"જો આ નોકરી એટલી બધી કપરી હોય, તો પાછી તમે તેને વળગી શા માટે રહ્યા છો?"

"પણ મારે કુટુંબ છે — અને તેમનું પાલન-પોષણ કરવાનું બીજું સાધન નથી."

"પરંતુ નોકરી આકરી જ હોય તો — "

"તેમ છતાં, આપણે અહીં બીજાઓને થોડા ઘણા પણ ઉપયોગી થઈ પડતા હોઈએ એટલું આશ્વાસન તો ખરું ને! હું કેદીઓની સ્થિતિ જેટલી હળવી કરાય તેટલી કરવા પ્રયત્ન કરું છું. મારી જગાએ બીજો હોય તો આ બબ્બે હજાર જેટલા ગુનેગારોને સીધા રાખવા કડક ઉપાયો જ લે. મને તો તેઓ ઉપર દયા આવે છે — જુઓને થોડા દહાડા ઉપર એક ધાંધલ થયું હતું, તેમાં એક જણ માર્યો જ ગયો હતો."

પણ એટલામાં માસ્લોવા એક જેલર સાથે કમરામાં દાખલ થઈ એટલે એ બે જણ વચ્ચેની વાતચીત અટકી ગઈ.

માસ્લોવાનું મોં હમણાં જ વોડકા પીધો હોવાથી મસ્તીભર્યું હતું. પણ ઇન્સ્પેકટર ઉપર નજર પડતાં જ તે જરા ગંભીર થઈ ગઈ. પરંતુ પછી પાછી બેફિકર બની તેણે નેખ્લ્યૂદોવનો હાથ હસતાં હસતાં પકડી જોરથી હલાવ્યો અને પૂછયું, “કેમ છો?”

“હું અત્યારે પેલી અરજી તારી સહી માટે લાવ્યો છું. તું સહી કરશે એટલે અમે તેને પિટર્સબર્ગ મોકલી આપીશું.”

“હા, હા; તમે જેમ કહેશો તેમ કરીશ, પછી?” માસ્લોવાએ આંખ મિચકારીને તથા જરા હસીને કહ્યું.

નેખ્લ્યૂદોવે ઇન્સ્પેકટરની પરવાનગી લઈને જ્યાં સહી કરવાની હતી તે જગા માસ્લોવાને બતાવી.

“બસ? હવે શું?” માસ્લોવાએ સહી કર્યા પછી નેખ્લ્યૂદોવ સામે પાછું હસીને પૂછયું.

“મારે તને થોડીક વાત કરવાની છે.” નેખ્લ્યૂદોવે જવાબમાં કહ્યું.

“તો કહી દો જોઉં,” માસ્લોવાએ અચાનક જરા ગંભીર બની જઈને કહ્યું.

ઇન્સ્પેકટર ઊઠીને કમરા બહાર ચાલ્યો ગયો, માત્ર જેલર જ બારી પાસે દૂર ઊભો રહ્યો.

૩

નેખ્લ્યૂદોવ માટે હવે કટોકટીની કારમી ઘડી આવી પહોંચી હતી. પોતે માસ્લોવાને પરણવા માગે છે — એ વાત તે અત્યારે જ કહી દેવ ઇચ્છતો હતો.

“આ અરજીનું કશું પરિણામ નહિ આવે, તો આપણે શહેનશાહને વિનંતી કરીશું,” તેણે વાત ઉપાડી.

“પહેલેથી જો સારો વકીલ રોકયો હોત તો કેવું સારું થાત? મારો વકીલ તો છેક જ બબૂચક મૂઓ હતો. તેણે તો મારાં વખાણ કરવા સિવાય બીજું કાંઈ કહ્યું જ નહિ. અરે તમારી સાથે મારે ઓળખાણ છે, એટલું પણ જાહેર થયું હોત, તોય જુદું પરિણામ આવત.

એ લોકો તો બધાંને ચોર જ માનીને ચાલે છે."

નેખ્લ્યૂદોવ માસ્લોવા જે રીતે બોલતી હતી, તથા આંખો મિચકારતી હસતી હતી, તે જોઈ જરા નવાઈ પામ્યો. પણ તે હવે પોતે જે વાત કરવા માગતો હતો, તે કહેવા તત્પર થયો. એટલામાં માસ્લોવા વચ્ચે જ બોલી ઊઠી, "પણ મારે તમને એક વાત પહેલાં કહેવાની છે તો! અમારે અહીં એક બુઢ્ઢી બાઈ છે — બહુ ભલી છે. તેને ખોટી રીતે સજા થયેલી છે. તેના છોકરાને પણ પકડયો છે. બધાં જ જાણે છે કે તે નિર્દોષ છે — જોકે, તેમના ઉપર ઘરને આગ લગાડયાનો આરોપ છે. મને તમારી જોડે ઓળખાણ છે એમ જાણી તે સૌ મને કહેવા લાગ્યાં કે, 'તું એમને કહેજે કે ડોસીના છોકરાને તે જેલમાં મળે અને સાચી વાત જાણી લે.' એમનું કુટુંબ-નામ મેન્શોવ છે. તમે જરૂર એ લોકો માટે કશું કરશોને? કહો, જોઉં! એ ડોસીને તમે નજરે જુઓ તો તરત જ કહી દો કે તે તદ્દન નિર્દોષ છે. તમે જરૂર એટલું કામ કરજો, મારા સમ!" એટલું કહી તે નેખ્લ્યૂદોવ સામે જોઈને થોડું હસી અને આંખો નીચી ઢાળી ગઈ.

"ઠીક; હું જરૂર તે લોકો બાબત તપાસ કરીશ. પણ હવે હું મારે વિષે તને કંઈક કહેવા માગું છું, તે સાંભળ. મેં તને ગયે વખતે મને ક્ષમા આપવા વિનંતી કરી હતી, યાદ છે?"

"એમાં વળી ક્ષમા આપવાનું શું છે? તમેય —"

"ના, ના; હું માત્ર શબ્દોથી જ મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવાનો નથી; હું તો કાર્યથી પણ તેમ કરવા માગું છું, — હું તને પરણીશ જ!"

"એટલે?" પેલીએ એકદમ ચોંકીને તથા જરા ગુસ્સે થઈને પૂછ્યું.

"મને એમ લાગે છે કે, મેં તારા પ્રત્યે આચરેલા અપકૃત્યનો એ રીતે બદલો વાળીને, મારા અપરાધનું ઈશ્વર સમક્ષ મારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ."

"હવે વળી તમે કયો ઈશ્વર ખોળી કાઢ્યો છે, વારુ? ઈશ્વર વળી કઈ ચીજ છે? અને ઈશ્વરને તમારે યાદ કરવો હતો, તો તે વખતે યાદ કરવો જોઈતો હતો."

મોટેથી બોલતી માસ્લોવાના શ્વાસમાંથી આવતી વોડકાની ગંધ નેખ્લ્યૂદોવ તરત પારખી ગયો. માસ્લોવાની અત્યારની ઉત્તેજનાનું કારણ તેને સમજાઈ ગયું.

"તું જરા શાંત થવા – સ્વસ્થ થવા પ્રયત્ન કર જોઉં."

"હું શું કરવા શાંત થાઉં? તમે એમ માનો છો કે હું પીધેલ છું? મેં પીધો છે, એ ખરી વાત છે, પણ હું પૂરા ભાનમાં આ બધું બોલું છું." આટલું કહી તે એકદમ શરમની મારી લાલ લાલ થઈ ગઈ. તરત જ તેણે ઉમેર્યું, "હું તો એક ગુનેગાર બાઈ છું, વેશ્યા છું; તમે તો એક સદ્‌ગૃહસ્થ છો, પ્રિન્સ છો. તમારે હવે મારા જેવીનો સંપર્ક રાખીને બદનામ થવું ન જોઈએ. તમે તમારી પ્રિન્સેસોને જઈ મળો: મારો ભાવ તો દશ રૂબલની નોટ જ છે."

"તું મને ગમે તેવા ક્રૂર શબ્દો સંભળાવશે, છતાં, મારા મનમાં હું જે દુ:ખ-વેદના અનુભવી રહ્યો છું, – તારા પ્રત્યે મેં જે ગુનો આચર્યો છે તેની આગ મને કેવી પ્રજાળી રહી છે – તે વાત –"

"અહા, તમને બહુ બહુ વેદના થઈ જતી હોય એમ લાગે છે, વારુ! જ્યારે તમે મારા ઉપર સો રૂબલની નોટ ફેંકી હતી અને મારી કિંમત આંકી દીધી હતી, ત્યારે તો તમને કશું દુ:ખ થયું લાગતું નહોતું!" માસ્લોવા ગુસ્સે થઈ જઈને બોલી.

"હું બરાબર સમજું છું – પણ હવે એ પાછલી વાતનો શો ઉપાય? એટલે મેં તો નક્કી કર્યું છે કે, હું તને હવે મૂકીને ક્યાંય જવાનો નથી – એટલે કે મેં કહ્યું છે, તે જ હું કરવાનો."

"અને હું કહું છું કે, તમે એ નથી કરવાના." પેલી મોટેથી હસી પડીને બોલી.

"કાટુશા!" નેખ્લ્યૂદોવ તેના હાથને અડકીને બોલ્યો.

પણ તે તરત પોતાનો હાથ જોરથી પાછો ખેંચી લઈને ગુસ્સાથી ઘૂરકી ઊઠી — "ચાલ્યા જાઓ; હું ગુનેગાર છું અને તમે પ્રિન્સ છો. તમારે મારી પાછળ ભટકવાનું ન હોય."

પણ પછી થોડા વિચારમાં પડી જઈને તે બોલી, "તમે મારી મારફતે — મારો ઉપયોગ કરીને તમારો 'ઉદ્ધાર' કરવા માગો છો ખરું? આ લોકમાં તમે મારો ઉપયોગ કરીને સુખ લૂંટી લીધું, હવે પરલોકમાં તમે મારો જ ઉપયોગ કરીને તમારી જાતને બચાવી લેવા માગો છો, કેમ? મને તમારા પ્રત્યે નફરત આવે છે — તમારાં ચશ્માં અને તમારું જાડું ડેફરાયેલું મોં! ધત્, ચાલ્યા જાઓ અહીંથી, તમારું ડાચું લઈને!" અને તરત તે ઊભી જ થઈ ગઈ.

જેલર હવે એકદમ ત્યાં દોડી આવ્યો અને માસ્લોવાને ધમકાવવા માંડ્યો —"આટલી બધી ચીસો શાની પાડે છે...રી?"

"મહેરબાની કરીને એ બાબતની ચિંતા ન કરશો," નેખ્લ્યૂદોવે જેલરને વિનંતી કરતાં કહ્યું; "જરાક જ થોભો, હું મારી વાત પૂરી કરી લઉં."

જેલર બારી તરફ પાછો ગયો અને માસ્લોવા પણ પાછી બેસી ગઈ.

"તને હું કહું છું તે ઉપર વિશ્વાસ નથી બેસતો, ખરું?"

"તમે મને પરણવા માગો છો, એ વાત ઉપર ને? તો સાંભળી લો, એ વાત કદી બનવાની નથી. એ કરતાં તો હું ફાંસો ખાઈને મરી જઈશ, સમજ્યા?"

"ભલે, છતાં હું તારી બનતી સેવા તો બજાવ્યા જ કરીશ."

"તમારી વાત તમે જાણો; પણ હવે હું તમારી પાસેથી કશું લેવાની નથી, એ નક્કી. હાય! હું તે વખતે જ મરી કેમ ન ગઈ?" એટલું કહીને તે કરુણાજનક રીતે રડવા લાગી.

જેલર હવે પાછો આવ્યો અને વખત પૂરો થઈ ગયો એમ કહીને તાકીદ કરવા લાગ્યો.

નેખ્લ્યૂદોવની આંખોમાં પણ માસ્લોવાને રડતી જોઈ ઝળઝળિયાં આવી ગયાં હતાં. તે તેના તરફ જોઈને માત્ર એટલું જ બોલ્યો, "તું અત્યારે ઉશ્કેરાઈ ગઈ છે; બનશે તો હું કાલે ફરીથી આવીશ — તું આ બધી વાત વિચારી જજે."

માસ્લોવાએ કશો જવાબ ન આપ્યો. ઊંચું જોયા વિના જ તે જેલરની પાછળ કમરા બહાર નીકળી ગઈ.

૨૨

નેખ્લ્યૂદોવના પ્રયાસો

૧

જેલમાંથી નીકળ્યો ત્યારે નેખ્લ્યૂદોવનું હૃદય બેસી જવા લાગ્યું. પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રયત્ન કરવા જતાં જ તેને પોતાનો અપરાધ કેવો કારમો હતો. તેનું દર્શન થયું. પોતે આચરેલા પાપની માસ્લોવાના અંતરાત્મા ઉપર કેવી અધોગતિભરી અસર થઈ હતી, એ હવે તેને સ્પષ્ટ થવા લાગ્યું. અત્યાર સુધી પોતાને થતા પસ્તાવા બદલ તે પોતાની જાત માટે પ્રશંસાનો ભાવ જ ધરાવતો આવ્યો હતો. પણ હવે તે ત્રાસથી ચોંકી ઊઠયો.

તે બહાર નીકળતો હતો, તેવામાં જ અણગમો ઉપજાવે એવા ચહેરાનો એક જેલર ચોરીછૂપીથી આવતો હોય તેમ તેની પાસે આવ્યો અને તેના હાથમાં એક ચિઠ્ઠી મૂકતાં બોલ્યો —

"અમુક એક વ્યક્તિ તરફથી આ ચિઠ્ઠી મોકલવામાં આવી છે, નામદાર; એ વ્યક્તિ કોણ છે, એ તો આપ ચિઠ્ઠી વાંચીને જ જાણી શકશો. એ એક રાજકીય કેદી છે, અને હું તે વૉર્ડમાં છું; તેણે મને આ ચિઠ્ઠી આપને આપવા કહ્યું. એ જેલના કાયદાથી વિરુદ્ધ છે, છતાં માનવતાની લાગણીથી......"

નેખ્લ્યૂદોવને નવાઈ તો લાગી કે, રાજકીય કેદીઓના વૉર્ડનો જેલર આમ સૌના દેખતાં ચિઠ્ઠીઓ પહોંચાડવાનું કામ કરે એ કેવું? એ જેલર જાસૂસી તો નહિ કરતો હોય – એવો પણ તેને વહેમ આવ્યો. છતાં તેણે એ ચિઠ્ઠી લીધી અને જેલ બહાર આવીને વાંચી —

"તમે જેલમાં મુલાકાતે આવ્યા છો, તથા ફોજદારી ગુનાવાળી કોઈ સ્ત્રી-કેદીના કેસમાં રસ લો છો એમ જાણીને તમને મળવાની મને ઇચ્છા થઈ છે. તમે મારી મુલાકાત માગજો અને તે તમને મળી શકશે. હું તમારી પેલી સ્ત્રી-કેદી વિષે પણ ઘણું કહી શકું તેમ છું, તથા અમારી મંડળી વિષે પણ – તમારી આભારી, વેરા દુખોવા."

નેખ્લ્યૂદોવને તરત યાદ આવ્યું કે, નોવોગોરોડ પ્રાંતના એક દૂરના ગામડાની શાળામાં વેરા દુખોવા મહેતી હતી. એક વખત નેખ્લ્યૂદોવ પોતાના મિત્રો સાથે રીંછનો શિકાર કરવા તે તરફ ગયેલો ત્યારે તેણે એને મળવા માગણી કરી હતી અને પોતાની સાથેના શિકારી-મિત્રોની મશ્કરીઓ સહન કરીને પણ નેખ્લ્યૂદોવ તેને મળ્યો હતો. પેલીએ જરા પણ છપાયા વિના તથા સ્વાભાવિક રીતે જ તેને કહ્યું હતું —

"હું જોઉં છું કે તમે ખૂબ તવંગર છો, અને આવી રમત-ગમતની બાબતો પાછળ મનમાન્યા પૈસા વેરી શકો છો. મારે લોકોને ઉપયોગી બનવું છે, પરંતુ મારી પાસે પૂરતું જ્ઞાન નથી એટલે કાંઈ કરી શકતી નથી. અત્યારે હું શાળાની શિક્ષિકા છું, પરંતુ મારે યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા જવું છે. મારી પાસે તે માટે કશું સાધન નથી. તમે જો એંસીએક રૂબલ મને આપો, તો મારાથી તે અભ્યાસ થઈ શકે. પાસ થયા બાદ હું તમારા રૂબલ પાછા વાળી થઈશ. તવંગર લોકો રીંછો મારે છે અને ખેડૂતોને દારૂ પાય છે — અને એવાં ખોટાં ખરચ કર્યા કરે છે; તો થોડાક પૈસા કંઈક સારા કામ માટે ખર્ચે, તો શું બગડી જાય? અલબત્ત, તમારી આપવાની મરજી ન હોય તો સીધી ના કહી દેજો......"

નેખ્લ્યૂદોવે ઊલટું, પોતાને આવા સારા કામમાં પૈસા ખર્ચવાની તક આપવા બદલ તેનો આભાર માન્યો, અને પોતાને ઉતારેથી પૈસા લાવી આપ્યા.

નેલ્ખ્યૂદોવને એ બધો પાછલો પ્રસંગ ચિઠ્ઠી વાંચતાંની સાથે યાદ આવી ગયો. અને તેણે તેની મુલાકાત લેવાનું નક્કી કર્યું; – ખાસ કરીને એ કારણે કે, દુખોવાએ માસ્લોવા અંગે પણ કંઈક સલાહ આપવાનું જણાવ્યું હતું.

૨

બીજે દિવસે નેખ્લ્યૂદોવ વાઇસ-ગવર્નર માસ્લેન્નિકોવને મળવા ઊપડયો. માસ્લોવા, મેન્શોવા ડોસીનો પુત્ર તથા દુખોવા, એટલાં જણને મળવાની પરવાનગીઓ તેને એની પાસેથી મેળવવાની હતી.

નેખ્લ્યૂદોવ માસ્લેન્નિકોવને ઘણા વખતથી ઓળખતો હતો. બંને રેજિમેન્ટમાં સાથે હતા. માસ્લેન્નિકોવ રેજિમેન્ટનો ખજાનચી હતો અને બહુ માયાળુ તથા ઉત્સાહી સ્વભાવનો હતો.

પરંતુ એક તવંગર તથા પ્રતાપી બાઈ સાથે લગ્ન કર્યા બાદ, તેની ટોકણીથી તેણે લશ્કરી નોકરી છોડીને વહીવટી નોકરી સ્વીકારી હતી. એ બાઈ તેની ઠેકડી ઉરાડતી તથા પાળેલા પ્રાણીની પેઠે પંપાળતી પણ ખરી.

માસ્લેન્નિકોવ નેખ્લ્યૂદોવને આટલા દિવસ બાદ મળીને ખૂબ રાજી થયો; પણ તેણે પોતાને મળવા આવવાનું કારણ કહેવા માંડયું કે તરત તે સાવધાન તથા ગંભીર થઈ ગયો.

માસ્લોવા ફોજદારી ગુનાની કેદી છે એ જાણ્યા પછી તેના મોં ઉપરની કડકાઈ ઓછી થઈ. નેખ્લ્યૂદોવે માસ્લોવાને ચાલુ મુલાકાતી-ઓરડામાં નહીં પણ ઑફિસમાં તથા માત્ર મુલાકાતના સમયે જ નહિ પણ ગમે ત્યારે મળવાની પરવાનગી માગી લીધી. અને પછી દુખોવાને મળવાની પરવાનગી માગી. દુખોવા રાજકીય કેદી છે એમ જાણીને માસ્લેન્નિકોવની ભમરો પાછી તંગ થઈ ગઈ. તેણે કહ્યું, "રાજ્ય-કેદીઓને તો તેમનાં નજીકનાં સગાંસંબંધી જ મળી શકે છે; પણ હું તમને સદર પરવાનગી આપું છું અને આશા રાખું છું કે તમે તેનો દુરુપયોગ નહીં કરો. તે શું ખરેખર સુંદર છે?"

" ના રે ના; છેક જ કદરૂપી છે."

માસ્લેન્નિકોવ એ જવાબ ઉપર શંકા લાવી, માથું હલાવતો હલાવતો ટેબલ પાસે ગયો અને નેખ્લ્યૂદોવને જોઈતી પરવાનગીઓ તેણે લખી આપી.

૩

નેખ્લ્યૂદોવ વાઇસ-ગવર્નર પાસેથી પરવાનગીઓ મેળવી ઇન્સ્પેક્ટર પાસે જઈ પહોંચ્યો. તેણે માસ્લોવાને મળવા ઑફિસમાં બોલાવવા માગણી કરી. ઇન્સ્પેક્ટરે નેખ્લ્યૂદોવને જણાવ્યું — " પ્રિન્સ, તમે તેને આજે નહિ મળી શકો; કારણ કે તમે એને પૈસા આપ્યા કરો છો અને તે પૈસાનો એ છૂપી રીતે દારૂ પીધા કરે છે. — અલબત્ત, અમે જેલમાંથી છૂપી રીતે વેચાતો દારૂ બંધ કરવામાં નિષ્ફળ નીવડયા છીએ — પણ ગઈ કાલે તેણે વધારે પડતો પી નાખ્યો હોવાથી, આજે છેક જ ભાનભૂલી બનીને તે તોફાને ચડી છે; એટલે તેને એકાંત-કોટડીમાં પૂરી દેવામાં આવી છે. આમ તો તે બહુ શાંત પ્રકૃતિની છે; પણ હવે મહેરબાની કરીને તેના હાથમાં પૈસા ન મૂકશો."

નેખ્લ્યૂદોવને ગઈ કાલની માસ્લોવાની સ્થિતિ યાદ આવી. પછી તેણે દુખોવાને મળવાની માગણી કરી. પણ દુખોવાને ટાવરમાં પૂરેલી હોવાથી ત્યાંથી લાવતાં વાર થાય તેમ હોવાથી નેખ્લ્યૂદોવે મેન્શોવને તેની કોટડીમાં મળવા માગણી કરી.

ઇન્સ્પેક્ટરે નં. ૨૧માં નેખ્લ્યૂદોવને લઈ જવા તથા ત્યાંની મુલાકાત પતે એટલે ઑફિસમાં તેને પાછો લઈ આવવા પોતાના આસિસ્ટંટને જણાવ્યું.

રસ્તામાં બીજી કોટડીઓમાં નજર નાખતો નાખતો નેખ્લ્યૂદોવ મેન્શોવની કોટડીએ જઈ પહોંચ્યો.

નેખ્લ્યૂદોવે પોતે શા કારણે તેને મળવા આવ્યો છે તે જણાવ્યું, તથા તેને શા માટે કેદમાં પૂરવામાં આવ્યો છે, તે સાચે સાચું જણાવવા કહ્યું. તે જુવાનિયાનું મોં એવું નિર્દોષ તથા ભલું હતું કે, તેને પહેરાવવામાં

આવેલાં ગુનેગારનાં કપડાં પોતે જૂઠાં પડતાં હતાં. પેલાએ પોતાની વાત નેખ્લ્યૂદોવ પ્રત્યે આભારની લાગણીથી જોતાં જોતાં આ પ્રમાણે કહી સંભળાવી —

'મારું લગ્ન થયા બાદ થોડા જ વખતમાં ગામના વીશીવાળાએ મારી જુવાન પત્નીને લોભાવીને ફસાવી. મેં ચારે બાજુ દોડાદોડ કરીને ન્યાય મેળવવા પ્રયત્ન કર્યો; પરંતુ વીશીવાળાએ બધા અમલદાર-અધિકારીઓને લાંચ આપીને ફોડયા હોવાથી તે નિર્દોષ છૂટી ગયો. એક વખત હું મારી પત્નીને તેને ત્યાંથી બળજબરીથી મારે ઘેર ખેંચી ગયો; પણ પેલી બીજે દિવસે જ પાછી તેને ઘેર ભાગી ગઈ. હું વીશીવાળા પાસે મારી બૈરી પાછી માગવા ગયો, પણ તેણે અને તેના નોકરે ભેગા મળી મને ખૂબ માર્યો અને લોહીલુહાણ કરી નાખ્યો. પછી બીજે દિવસે વીશીના મકાનમાં આગ લાગી; અને મને તથા મારી માને એ આગ લગાડવાના ગુનાસર પકડીને જેલ ભેગાં કરી દીધાં. હું તો એ આગ લાગી તે વખતે મારા મિત્રને મળવા ગયો હતો — ત્યાં હતો પણ નહિ."

"તો શું એ આગ તેં નહોતી લગાડી, એમ તું સાચેસાચ કહે છે?"

"મને સ્વપ્ને પણ એના મકાનને આગ લગાડવાનો વિચાર આવ્યો નથી. તેણે પોતે જ પોતાના મકાનને આગ લગાડી છે, અને તેમ કરતા પહેલાં મકાનનો વીમો પણ ઉતરાવી લીધો છે. વીશી-વાળાએ ફરિયાદમાં એમ જણાવ્યું હતું કે, મેં અને મારી માએ તેની પાસે જઈને તેનું ઘર બાળી નાખવાની ધમકી આપી હતી, અને તે વાતના સાક્ષીઓ તરીકે પણ તેણે પોતાના માણસોને જ રજૂ કર્યા હતા; પણ અમે કોઈ તેને ત્યાં એવી ધમકી આપવા ગયાં જ ન હતાં અને એ વાત નરાતાર જૂઠાણું જ છે."

"તું શું સાચું જ કહે છે?"

"તદ્દન સાચું કહું છું, સાહેબ; મને ઈશ્વર પૂછે, ખોટું કહેતો હોઉં તો."

આટલું કહી તરત તે નેખ્લ્યૂદોવને પગે પડવા ગયો. નેખ્લ્યૂદોવે તેને મહાપરાણે તેમ કરતો રોકયો. પણ તે બિચારો ડૂસકે ચડી એકદમ રડી પડયો અને કરગરવા લાગ્યો – "સાહેબ, ગમે તેમ કરીને......"

"હા, હા; મારાથી થઈ શકે તે બધું હું જરૂર કરીશ; ખાતરી રાખજે."

એટલું કહી નેખ્લ્યૂદોવ પેલા આસિસ્ટંટ સાથે ઑફિસ તરફ જવા પાછો વળ્યો. મેન્શોવને મોંએ સાભળેલી વાતના અનુસંધાનમાં નેખ્લ્યૂદોવે પેલા આસિસ્ટંટ સામે પ્રશ્નાર્થભરી નજરે જોયું. પેલાએ જવાબમાં જણાવ્યું – " અહીં જેલમાં તમે પૂછવા જાઓ તો બધા એવું જ કહેવાના કે, અમે સો ટકા નિર્દોષ છીએ! અલબત્ત, કોઈ કોઈ નિર્દોષ પણ અહીં આવતા હશે, એની ના નહિ."

૪

નેખ્લ્યૂદોવ ઈન્સ્પેક્ટરની ઑફિસે પાછો આવ્યો, ત્યારે તેને માલૂમ પડયું કે, તે બીજા કામની ધમાલમાં વેરા દુખોવાને બોલાવી મંગાવવાનું ભૂલી ગયો હતો.

તેણે વેરા દુખોવાને મુલાકાત માટે પોતાની ઑફિસમાં બોલાવી લાવવા ઝટપટ એક માણસને મોકલ્યો. દરમ્યાન નેખ્લ્યૂદોવે ત્યાં બીજાં જે મુલાકાતીઓ વાતો કરતાં બેઠાં હતાં તેમની તરફ નજર કરી.

એક ખુશનુમા ચહેરાનો જુવાનિયો એક મધ્યમ-વયની બાઈ સામે ઊભો રહી, હાથ હલાવી કંઈ કહી રહ્યો હતો. તેમની પાસે જ એક બુઢ્ઢો માણસ એક જુવાન સ્ત્રી-કેદીનો હાથ પોતાના હાથમાં પકડીને બેઠો હતો. પેલી બાઈ તેને કંઈક કહી રહી હતી. એક નિશાળિયા જેવો છોકરો, ચોંકેલી સ્થિર નજરે એ બુઢ્ઢા સામું જોઈ રહ્યો હતો. એક ખૂણામાં બે યુવાન પ્રેમીઓ બેઠાં હતાં. છોકરી બહુ ફૂટડી તથા જુવાન હતી; અને પેલો કેદી જુવાન તથા વાંકડિયા વાળવાળો હતો. તેઓ બંને એકબીજાના કાનમાં કંઈક ગુસપુસ કરી રહ્યાં હતાં.

ટેબલ પાસે એક સફેદ વાળવાળી બુઢ્ઢી ક્ષયરોગી જેવા લાગતા એક જુવાન કેદી સાથે ચિંતાતુર નજરે વાત કરી રહી હતી. તે કંઈક કહેવા જતી હતી પણ ડૂસકાંથી તેનો કંઠ રૂંધાઈ જતાં કશું બોલી શકતી ન હતી. તેમની પાસે એક ટૂંકા વાળવાળી, મજબૂત, લાલ ચહેરાની તથા બહાર તરતી આંખોવાળી એક યુવતી બેઠી હતી. તે પણ કેદી હોય તેવું તેનાં કપડાં ઉપરથી લાગતું હતું. તે પેલી બુઢ્ઢી માને આશ્વાસન આપવા તેની પીઠ નરમ હાથે પસવારતી હતી. આ યુવતીની દરેક વસ્તુ સુંદર હતી. તેના મોટા સફેદ હાથ, મોજાંની લહેરો જેવા તેના નાના વાળ, તેનું તીણું નાક અને તીણા હોઠ બધું જ સુંદર હતું. પરંતુ તેના ચહેરાનું ખાસ આકર્ષણ તેની માયાળુ, સચ્ચાઈભરી તથા બદામી રંગની આંખોમાં હતું.

એટલામાં એક નાનો છોકરો નેખ્લ્યૂદોવ પાસે આવીને ઊભો રહ્યો, અને તેની સામે જોઈને બોલ્યો, "પણ તમે કોની રાહ જોઈ રહ્યા છો?"

નેખ્લ્યૂદોવને એકદમ તો આ પ્રશ્નથી નવાઈ લાગી; પરંતુ પેલાની નિર્દોષ્ તથા ચમકતી આંખો સામે જોઈને તે બોલ્યો, 'હું એક સ્ત્રી-કેદી મળવા આવે તેની રાહ જોઈ રહ્યો છું.'

"તે તમારી બહેન થાય છે?" પેલાએ ઝટ પૂછ્યું.

"ના, બહેન તો નહિ; પણ તું અહીં કોની સાથે આવ્યો છે, ભાઈ?"

"હું? — હું તો મારી મમ્મા સાથે રહું છું; તે રાજકીય કેદી છે."

ઈન્સ્પેક્ટરે તરત ઘૂરકીને બૂમ પાડી, "મૅરી પાવ્લોવ્ના, કોલ્યાને લઈ જાઓ!" એ છોકરા સાથે નેખ્લ્યૂદોવ વાતો કરે, એ જેલના નિયમથી વિરુદ્ધ કહેવાય.

મૅરી પાવ્લોવ્ના એટલે પેલી સુંદર બદામી આંખોવાળી યુવતી, પેલી બુઢ્ઢીને પસવારતી હતી ત્યાંથી ઝટ ટટાર ઊભી થઈ અને નેખ્લ્યૂદોવ પાસે આવીને બોલી, "તમને એ પૂછતો હશે કે, તમે કોણ છો,

નહિ?" તેણે જરા હસીને વિશ્વાસુ તથા માયાળુ નજરે નેખ્લ્યૂદોવ સામે જોયું – જાણે તે સૌ કોઈની સુંદર, મધુર, માયાળુ બહેન જ ન હોય!

"તેને બધું જાણવા – પૂછવા જોઈએ," મૅરી પાવ્લોવ્નાએ છોકરા સામું એવી મીઠાશથી જોઈને કહ્યું કે, એ છોકરો તથા નેખ્લ્યૂદોવ બંને હસી પડયા.

પણ તરત જ ઈન્સ્પેક્ટરે બૂમ પાડી, "મૅરી પાવ્લોવ્ના, આમ અજાણ્યાઓ સાથે વાત કરવી, એ નિયમથી વિરુદ્ધ છે."

"ભલે, ભલે," એમ કહી પેલા છોકરાનો હાથ પોતાના મોટા સફેદ પંજામાં પકડી તે પેલા ક્ષયરોગી જુવાનની બુઢ્ઢી મા પાસે જઈને બેઠી.

"આ નાનો છોકરો કોણ છે?" નેખ્લ્યૂદોવે ઈન્સ્પેક્ટરને પૂછયું.

"તેની મા એક રાજકીય સ્ત્રી-કેદી છે; તે આ કેદખાનામાં જ જન્મ્યો છે!" ઈન્સ્પેક્ટરે જવાબ આપ્યો.

"હેં? એવું તે હોય?"

"હા, હા; અને તે હવે તેની મા સાથે સાઇબીરિયા પણ જશે."

"અને પેલી જુવાન છોકરી ત્યારે કોણ?" નેખ્લ્યૂદોવે, પેલી બદામી આંખોવાળી યુવતી, જે એ છોકરાનો હાથ પકડીને લઈ ગઈ હતી, તેને વિષે ઈન્સ્પેક્ટરને પૂછયું.

"હું તમારા પ્રશ્નોનો જવાબ આપી શકું નહિ," ઈન્સ્પેક્ટરે જરા ખભા ઉછાળીને કહ્યું; "અને લો દુખોવા આવી પહોંચી. તેની સાથે જ વાતો શરૂ કરો."

૫

નેખ્લ્યૂદોવને જોતાં જ વેરા દુખોવા બોલી ઊઠી, "આભાર, તમે આવ્યા ખરા! હું તમને યાદ છું?"

"હા, જરૂર, જરૂર; મને તમે બરાબર યાદ છો. પણ તમને આ સ્થિતિમાં જોવાની મેં આશા નહોતી રાખી!" નેખ્લ્યૂદોવે તેની સુકાયેલી, પાતળી, ફીકી મુખકાંતિ સામે નજર કરીને કહ્યું.

વેરા દુખોવાએ નેખ્લ્યૂદોવને ક્રાંતિકારોની ‘ લોક-સ્વાતંત્ર્ય ’ ચળવળ વિષે બધી વાત માંડીને કહી બતાવી; અને પોતે એ ચળવળ માટે જાન આપવા પડે તો પણ આપવા તૈયાર છે, એમ સાથે સાથે નેખ્લ્યૂદોવને કહી દીધું. છતાં નેખ્લ્યૂદોવને અહીં પોતાને મળવા બોલાવવાનું કારણ જુદું જ હતું —

વાત એમ હતી કે, તેની એક સાથીદારણ શુસ્તોવા તેની સાથે જ પાંચ મહિના પહેલાં પકડાઈ હતી. ક્રાંતિકારીઓ સાથે તે બીજી કશી મસલતમાં ન હતી; પણ ક્રાંતિકારીઓએ તેને ત્યાં કેટલુંક પ્રતિબંધિત સાહિત્ય સંતાડી રાખેલું તે પકડાયું હોવાથી તેને પેટ્રોપાવ્લોવસ્કી બંદી-ગઢમાં * પૂરવામાં આવી હતી. વેરા દુખોવાને એમ લાગતું હતું કે પોતાને વાંકે એ બિચારી નાહક પકડાઈ હોવાથી, સત્તાવાળાઓને મળીને તેને છોડાવાય તેવી કોશિશ નેખ્લ્યૂદોવે કરવી.

બીજું કામ એ હતું કે, પેટ્રોપાવ્લોવસ્કી બંદી-ગઢમાં જ પુરાયેલો ગુર્કેવિચ તેની માને મળી શકે એવી પરવાનગી મેળવી આપવી, તથા તેને કેટલાંક વૈજ્ઞાનિક પુસ્તકો જોઈતાં હતાં તે મેળવી આપવાં, જેથી તે પોતાનો અભ્યાસ જારી રાખી શકે.

નેખ્લ્યૂદોવે તેની વાત સાંભળીને, પોતે પિટર્સબર્ગ જશે ત્યારે તે બાબતમાં બનતું બધું કરી છૂટશે, એવી તેને ખાતરી આપી. પછી એણે તેને તેની પોતાની વાત પૂછી. તેણે જણાવ્યું —

“ પ્રસૂતિ-દાયણનો અભ્યાસક્રમ પૂરો કરી, હું પેલી ‘ લોક-સ્વાતંત્ર્ય ’ વાળી ક્રાંતિકારી ચળવળના માણસોના સંપર્કમાં આવી. શરૂઆતમાં તો બધું બરાબર ચાલ્યું : અમે જાહેરનામાં લખતાં તથા કારખાનાંમાં પ્રચારકાર્ય કરતાં. પરંતુ પછી તે ચળવળનો એક આગેવાન ગણાય તેવો માણસ પકડાઈ જતાં આખું મંડળ પકડાઈ ગયું. હું પણ પકડાઈ, અને મને કદાચ સાઇબીરિયા દેશનિકાલ કરશે. પણ તેથી શું ? મને મારા જીવનથી અને કાર્યથી પૂરો સંતોષ છે ! ”

* રાજદ્રોહી કેદીઓને અલગ એકાંતવાસમાં પૂરવા માટેની કિલ્લેબંદ જેલ.

હવે નેખ્લ્યૂદોવે તેને પેલી બદામી રંગની આંખોવાળી છોકરી કોણ છે, એ પૂછયું. વેરા દુખોવાએ જણાવ્યું કે, એ પણ એક ક્રાંતિકારી મંડળ સાથે સંબંધ રાખનારી ફાંકડી કાર્યકર્તા યુવતી છે. તે એક સેનાપતિની પુત્રી છે. બળવાખોરો ભેગી તે એક ઘરમાં છૂપું છાપખાનું ચલાવતી. એક રાતે પોલીસો એ મકાનની તપાસ કરવા આવ્યા, ત્યારે એ મંડળવાળા બારણાં બંધ કરી, દીવા ઓલવી, અંદરનાં બધાં કાગળિયાં તથા પુરાવાઓનો નાશ કરવાની ધમાલમાં પડયા. પોલીસો બારણું તોડી અંદર દાખલ થવા ગયા ત્યારે એક જણે બંદૂક ફોડી અને એક પોલીસવાળો માર્યો ગયો. કેસ ચાલ્યો ત્યારે આ છોકરીએ બંદૂક ફોડયાનું પોતાને માથે લઈ લીધું. જોકે તેણે કદી હાથમાં રિવોલ્વર પકડી ન હતી, તથા તે એક માખને પણ ઈજા કરવાનું મન કરે તેવા સ્વભાવની નથી. તેને સાઈબીરિયામાં સખત મજૂરીની સજા થઈ છે.

વેરા દુખોવા માસ્લોવા વિષે શું કહેવા માગતી હતી તે હવે નેખ્લ્યૂદોવે પૂછયું. જેલમાં રહેનારાં એકબીજાની વાતો ઝટ જાણી લે છે, તેમ માસ્લોવાની વાત પણ વેરા દુખોવાએ જાણી લીધી હતી તથા નેખ્લ્યૂદોવ તેની બાબતમાં રસ દાખવી રહ્યો છે, એ વાત પણ. તેણે નેખ્લ્યૂદોવને સલાહ આપી કે, લાગવગ લગાડીને પણ તેને બીજી ગુનેગાર બાઈઓની સોબતમાંથી રાજકીય કેદીઓના વૉર્ડમાં ખસેડાવો - કે પછી દવાખાનાના વૉર્ડમાં. દવાખાનામાં તો અત્યારે ઘણાં જણ માંદાં પડયાં હોઈ, બરદાસી બાઈઓની બહુ જરૂર છે.

નેખ્લ્યૂદોવે તેની સલાહ બદલ તેનો આભાર માન્યો, તથા પોતે એનો અમલ કરવા જરૂર પ્રયત્ન કરશે એમ જણાવ્યું.

૬

ઈન્સ્પેક્ટરે હવે બધા મુલાકાતીઓને બૂમ પાડીને જણાવ્યું કે, મુલાકાતનો વખત પૂરો થયો છે.

સૌ ઊઠીને ઊભાં થયાં અને બારણાં તરફ વળ્યાં; પણ પેલાં બે જુવાનડાં એકબીજાનો હાથ પકડી વચ્ચે જ નાચવા માંડયાં.

નેખ્લ્યૂદોવ નવાઈ પામી તેમના તરફ જોવા લાગ્યો એટલે તેની પાસે ઊભેલા એક જુવાને તેને કહ્યું, "આ આખી જેલમાં જો કોઈ આનંદી લોકો હોય તો આ બે જણ છે. તેઓ કેદખાનામાં જ આજે પરણવાનાં છે; અને પેલી જુવાનડી પરણીને આ જુવાન સાથે સાઇબીરિયા જશે."

"એ જુવાન કોણ છે?"

"સખત મજૂરીની સાઇબીરિયાની કેદ પામેલો એક ગુનેગાર."

સૌ વિદાય થવા લાગતાં ઇન્સ્પેક્ટરે નેખ્લ્યૂદોવ પાસે આવીને જરા નમ્રતાથી જણાવ્યું કે, 'માસ્લોવાની મુલાકાત માટે તો હવે કાલે જ આવજો.'

નેખ્લ્યૂદોવ તેનો આભાર માની બહાર નીકળી ગયો.

૨૩

"હું નહીં જ પીઉં!"

૧

એક વહેમ વ્યાપક રીતે પ્રચલિત છે કે, દરેક માણસમાં વિશિષ્ટ અને નિયત એવા ગુણો હોય છે. કાં તો તે દયાળુ કે ક્રૂર હોય, ડાહ્યો કે મૂર્ખ હોય, ઉત્સાહી કે પ્રમાદી હોય ઇ૦. પરંતુ માણસો ખરેખર તેવા હોતા નથી. આપણે બહુ તો એટલું જ કહી શકીએ કે, અમુક માણસ પ્રમાણમાં ક્રૂરતા કરતાં દયાળુપણું વધારે વખત દાખવે છે; કે મૂર્ખાઈ કરતાં ડહાપણ વધારે પ્રમાણમાં અને વધારે કિસ્સાઓમાં દાખવે છે ઇ૦. પરંતુ આપણે સામાન્ય રીતે માણસોનું કોઈ ને કોઈ એક ગુણને આધારે જ વર્ગીકરણ કરતા હોઈએ છીએ; અને એ ભૂલ છે. માણસો, વસ્તુતાએ, નદી જેવા હોય છે; પાણી તો બધીમાં સરખું જ હોય છે; પરંતુ દરેક નદી અમુક જગાએ સાંકડી હોય, તો બીજી જગાએ પહોળી હોય; અહીં વેગે ધસતી હોય, અહીં ધીમી હોય; અહીં નિર્મળ હોય, તો ત્યાં ડહોળી હોય; અને અહીં ઠંડી હોય, તો ક્યાંક હૂંફાળી હોય. તેમ જ માણસોનું પણ હોય છે! દરેક માણસમાં દરેક માનવ ગુણનું બીજ પડેલું હોય છે; પરંતુ કદીક એક ગુણ પ્રગટ થતો હોય છે, તો કદીક બીજો; અને માણસ ઘણી વાર તો એવો સદંતર બદલાઈ જાય છે કે, તે પેલો જ હતો એમ કહેવું પણ મુશ્કેલ થઈ પડે!

કેટલાક માણસોમાં આ ફેરફારો બહુ ઝડપથી થતા હોય છે; અને નેખ્લ્યૂદોવ એવો માણસ હતો. તેનામાં ભૌતિક તેમ જ આધ્યાત્મિક એમ બંને કારણોએ આવા ફેરફારો બહુ જલદી થઈ જતા. અને અત્યારે જ તેનામાં આવો ફેરફાર થવા લાગ્યો હતો!

કાટુશાનો મુકદ્દમો તથા તેની સાથેની પ્રથમ મુલાકાત બાદ તેને પુનર્જીવન પામ્યાની જે લાગણી થઈ આવી હતી, તેનો વિજયાનંદ હવે એકદમ ઓસરી જવા લાગ્યો; અને તેની સાથેની છેલ્લી મુલાકાત બાદ તો ડર અને ધિક્કારની લાગણી જ તેને સ્થાને તેના અંતરમાં વ્યાપવા લાગી હતી. હજુ પણ તેનો ત્યાગ ન કરવાનો, અને તે ઇચ્છે તો તેની સાથે લગ્ન કરવાનો તેનો નિર્ણય કાયમ હતો; પરંતુ એ બધું હવે મુશ્કેલ લાગતું હતું, અને તેથી તે મનમાં દુ:ખી થઈ રહ્યો હતો.

ફરીથી મારલેન્નિકોવને મળીને તેણે કાટુશાને હૉસ્પિટલના કામે બદલવાની માગણી કરી.

પોતાને ત્યાં મહેમાનો નોતર્યા હતા તે વખતે નેખ્લ્યૂદોવ આવ્યો હોવાથી, અને તે મહેમાનોમાં નેખ્લ્યૂદોવ સારી પેઠે પરિચિત તથા પ્રતિષ્ઠિત હોવાથી, માસ્લેન્નિકોવને ન ગમતું હોવા છતાં, નેખ્લ્યૂદોવને નાખુશ કરવો પાલવે તેમ નહોતું. તેણે હોઠ જરા મરડયો અને વિચાર કરીને કહ્યું, "એ ભાગ્યે જ બની શકે; પરંતુ શું થઈ શકે તેવું છે તે જોઈ કાઢીને તમને કાલે હું ખબર મોકલીશ; પણ અત્યારે તો સમારંભમાં ચાલો; એ બધી વાત પછી......"

"મને એવી ખબર મળી છે કે, જેલમાં ઘણાં જણ બીમાર છે, એટલે આવી બરદાસી બાઈની જરૂર છે જ."

"ભલે, ભલે, હું તમને કાલે જરૂર ખબર મોકલીશ, બસ! પણ અત્યારે તો તમે મારી પત્નીને મળવા......"

"મહેરબાની કરીને જરૂર એટલી ગોઠવણ કરજો," નેખ્લ્યૂદોવને એ માણસ પ્રત્યે જરાય આદરભાવ ન હતો, છતાં અત્યારે તેની ખુશામત જેવું તેને કરવું પડતું હોવાથી મનમાં ભારે ચીડ ચડતી હતી. "અને બીજી એક વાત – કેદખાનામાં એકસોત્રીસ માણસોને નાહક મહિનો થયાં પૂરી રાખવામાં આવ્યા છે. તેમના પાસપોર્ટની મુદત એકાદ પખવાડિયા જેટલી વીતી ગઈ છે; પણ સામાન્ય રીતે એવાઓને દર વર્ષે પાછા તેમને વતન મોકલી આપવામાં આવે છે. પણ આ

વખતે કોની ગફલતથી કે કયા કારણથી બે મહિના થવા આવ્યા પણ તેમને અહીં જ વાડામાં ઢોરને ગોંધી રાખે તેમ પૂરી રાખવામાં આવ્યા છે. કહે છે કે તેમના વતન તરફની જેલ બળી ગઈ છે એટલે સ્થાનિક સત્તાવાળાઓએ તેમને અહીં જ રોકી રખાવ્યા છે. પણ જેલ બળી ગઈ હોય તો એમને સીધા એમને ઘેર પહોંચી જવા દેવા જોઈએ. કડિયા-કારીગર જેવા આ લોકોને આમ બેકાર અહીં પૂરી રાખવા ઠીક ન ગણાય."

"પણ તમને આ વાતની ખબર શી રીતે પડી, વારુ ?" વાઈસ-ગવર્નરે જરા મૂંઝાઈને તથા અકળાઈને પૂછયું.

"હું એક કેદીની મુલાકાતે ગયો હતો, તે વખતે આ લોકો ઓસરીમાં બહાર નીકળી આવ્યા અને મને ઘેરી વળી, તેમનો કેસ સત્તાવાળાઓના લક્ષ ઉપર લાવવા વીનવવા લાગ્યા."

"પણ એ તો પબ્લિક-પ્રોસિક્યૂટરનું કામ છે; તેણે જેલની મુલાકાત લેતા રહેવું જોઈએ અને બધા કેદીઓ કાયદેસર અંદર પુરાયેલા છે કે નહિ તે જોતા રહેવું જોઈએ. પણ એ લોકો તો પત્તાં રમ્યા કરવામાંથી પરવારે ત્યારેને ?"

"તો શું મારે એમ સમજવું કે તમારા જેવો સત્તાધીશ એ બાબતમાં કંઈ જ ન કરી શકે ?"

"ના, ના; હું જરૂર કંઈક કરી શકું; અને હું ખાતરી આપું છું કે, હું એ બધું એકદમ જોઈ કાઢીશ; પણ અત્યારે તમે સમારંભમાં......"

અને જેલ વિષે બીજી કંઈ વાત નેખ્લ્યૂદોવ કાઢવા જાય તે પહેલાં તે એને અંદર મિજબાનીના ઓરડામાં પરાણે ખેંચી ગયો.

૨

માસ્લેન્નિકોવની મુલાકાત પછીને બીજે દિવસે નેખ્લ્યૂદોવ જેલખાનામાં કાટુશાની મુલાકાતે ગયો.

ઇન્સ્પેક્ટરે સ્ત્રી-મુલાકાતીઓ માટેના ઓરડામાં તેની મુલાકાત લેવાની ગોઠવણ કરી આપી. તે પહેલાં જેટલો જ પ્રિન્સ સાથે સંમાનથી વર્તતો હતો, પરંતુ આજે તેની વર્તણૂક જરા સંકોચભરી હતી. ગઈ કાલે માસ્લેન્નિકોવની મુલાકાત બાદ માસ્લેન્નિકોવે જેલવાળાઓને વધુ સાવચેત રહેવા તાકીદ આપી હતી – જેથી જેલ અંગેની વાતો બહાર ન જાય!

ઇન્સ્પેક્ટરે નેખ્લ્યૂદોવને કહ્યું, "તમે જરૂર એની મુલાકાતે જાઓ; પરંતુ પૈસા બાબત મેં કાલે તમને તાકીદ આપી હતી તે લક્ષમાં રાખશો. તેને હૉસ્પિટલમાં કામકાજ આપવાની બાબતમાં નામદાર વાઈસ-ગવર્નર સાહેબે મને જણાવ્યું છે તે વસ્તુ તો થઈ શકશે; દાક્તર પણ રાજી છે; પરંતુ માસ્લોવા પોતે જ હૉસ્પિટલમાં જવા ના પાડે છે. તે કહે છે કે, બોખલા ભિખારડાઓના ગળફા સાફ કરવા હું શા માટે જાઉં? તમે આ લોકોને ઓળખતા નથી, પ્રિન્સ!"

નેખ્લ્યૂદોવે કશો જવાબ ન આપ્યો; પણ કાટુશા સાથે મુલાકાત લેવાની જ ઉતાવળ કરી. ઇન્સ્પેક્ટરે જેલરને બોલાવ્યો અને જેલર તેને સ્ત્રી-મુલાકાતીઓ માટેના ઓરડામાં લઈ ગયો. ત્યાં માસ્લોવા એકલી જ તેની રાહ જોતી બેઠી હતી – બીજું કોઈ ન હતું.

માસ્લોવા નેખ્લ્યૂદોવને આવેલો જોઈ, જાળી પાછળથી નીકળી આવી અને શાંતિથી પણ જરા ઢીલી પડી જઈને નેખ્લ્યૂદોવની તદ્દન નજીક જઈ પહોંચીને બોલી, "દ્મિટ્રી ઇવાનિચ, મને માફ કરો! પરમ દિવસે હું બહુ ખોટું ખોટું બોલી ગઈ હતી."

"હું માફી આપવા લાયક માણસ નથી." નેખ્લ્યૂદોવે શરૂ કર્યું.

"ગમે તેમ, પણ તમે મારો પીછો છોડો," પેલીએ વચ્ચે જ આંખો તીરછી કરીને અચાનક ગુસ્સે થઈ જઈને કહ્યું.

"પણ શાથી?"

"બસ, તમારે મારો પીછો છોડવો જ પડશે."

"પણ કેમ?"

પેલીએ પાછું ધુરકિયા જેવું કરીને ઊંચું જોયું અને કહ્યું, "કેમ તે એમ — હું સાચેસાચું કહું છું – મારાથી એ નહિ થઈ શકે. તમારે મને ભૂલી જ જવાની છે." પછી થોડી વાર ધ્રૂજતા હોઠ સ્થિર કરવાનો પ્રયત્ન કરી તેણે કહ્યું, "હું સાચું જ કહું છું; એમ કરતા પહેલાં તો હું ફાંસો ખાઈને મરી જઈશ."

નેખ્લ્યૂદોવને લાગ્યું કે, તેના નકારમાં ધિક્કાર અને ક્ષમાહીન ગુસ્સો તો હતાં જ, પરંતુ ઉપરાંતમાં બીજું કાંઈક વિશેષ હતું, જેને મધુર કહી શકાય. નેખ્લ્યૂદોવના અંતરના બધા સંશયો હવે શમી ગયા અને કાટુશા બાબત પોતે જે કંઈ પ્રાયશ્ચિત્ત કરવાનું નક્કી કર્યું હતું તે વિષેની તેની લાગણી પાછી વિજયવંત બની.

"કાટુશા, મેં પહેલાં જે કહ્યું હતું, તે જ હું ફરીથી કહું છું," તેણે અંતરના ઊંડાણથી કહ્યું; "તું મારી સાથે લગ્ન કરે, એની જ હું માગણી કરું છું. તું જો એ વસ્તુ કબૂલ નહીં રાખે, અને જ્યાં સુધી તું એ કબૂલ નહીં રાખે, ત્યાં સુધી, હું તારી પાછળ જ ભટકયા કરીશ — જ્યાં તને લઈ જશે, ત્યાં હું સાથે જ આવીશ."

"તમારી વાત તમે જાણો. હવે હું ફરીથી એ બાબતમાં કાંઈ જ કહેવાની નથી." એટલું બોલતામાં તો તેના હોઠ ફરીથી ધ્રૂજી ઊઠયા : જાણે આખા અંતરથી તે રડી ઊઠી હોય.

નેખ્લ્યૂદોવ પણ હવે ચૂપ થઈ ગયો; તેનાથી પણ આગળ કાંઈ બોલાયું નહિ.

તે જ્યારે શાંત પડયો, ત્યારે ધીમેથી બોલ્યો, "હમણાં તો હું જાગીર ઉપર જઈશ, અને ત્યાંથી પછી પિટર્સબર્ગ. ત્યાં જઈ હું તારો...અરે, આપણો કેસ ફરી તપાસી જોવાય એ માટે બનતી બધી કોશિશ કરીશ, અને ઈશ્વરની મરજી હશે, તો સજા પાછી ખેંચી લેવાશે."

"અને સજા પાછી ખેંચી ન લેવાય, તો પણ તમે ચિંતા ન કરશો; કારણ કે, આ કિસ્સામાં ભલે મેં ગુનો નહી કર્યો હોય, પરંતુ બીજી રીતે હું ભારે ગુનેગાર છું જ," એટલું પોતે મહાપરાણે બોલી.

નેખ્લ્યૂદોવે જોયું કે, તેનાથી આંખમાં આવતાં આંસુ ખાળ્યાં જતાં ન હતાં.

"પણ તમે પછી મેન્શોવને મળ્યા હતા?" કાટુશાએ અચાનક પૂછ્યું – કદાચ પોતાને થઈ આવેલી લાગણી છુપાવવા જ; "તેઓ સાચે જ નિર્દોષ છે, ખરું ને?"

"હા; મને પણ લાગે છે."

"કેવી ભલી ડોસી છે, બિચારી!"

નેખ્લ્યૂદોવે મેન્શોવ બાબત પોતે કરેલી તપાસની બધી વિગતો તેને કહી સંભળાવી; અને પછી ધીમે કહીને પૂછ્યું, "તારે કંઈ જોઈએ છે?"

તેણે ઝટ જવાબ આપી દીધો, "ના, કંઈ જ જોઈતું નથી."

બંને જણ પાછાં ચૂપ થઈ ગયાં.

"અને હૉસ્પિટલમાં બરદાસી તરીકે જવા બાબત તો, જો તમે ઇચ્છતા હશો તો હું જઈશ; અને હવે દારૂ પણ નહિ પીઉં."

નેખ્લ્યૂદોવે તેની આંખમાં સીધી નજર કરી; ત્યાં કૃતજ્ઞતાભર્યું મીઠું હાસ્ય છવાઈ રહ્યું હતું.

"એ તો બહુ સારી વાત," એટલું જ જવાબમાં તે બોલી શકયો અને તેની વિદાય લઈ બહાર નીકળી ગયો.

"ખરે જ! આજે તે સદંતર બદલાઈ જ ગઈ છે – પ્રેમ એ અવિનાશી વસ્તુ છે!" નેખ્લ્યૂદોવ જતાં જતાં ગણગણ્યો.

૩

માસ્લોવા જ્યારે પોતાની કોટડીમાં પાછી ફરી, ત્યારે તેના અંતરમાં ધરતીકંપ મચી રહ્યો હતો.

તેની કોટડીવાળી સખીઓ, જે હાજર હતી તે બધી, તેને ઘેરી વળી અને તેને બહુ ગંભીર તથા ચિંતાગ્રસ્ત થયેલી જોઈ પૂછપરછ કરવા લાગી.

એક જણીએ કહ્યું, "આમ ઢીલા થઈ જવું સારું નહિ; જરા પી લે!"

બીજીએ કહ્યું, "શું થયું છે, બહેન? પેલાએ લગન કરવાની ના પાડી દીધી કે શું?"

"તેણે તો ના નથી પાડી; પણ મેં જ તેને સંભળાવી દીધું કે, એ વાત નહીં બને!" માસ્લોવાએ રોતે અવાજે જણાવ્યું.

"તો તારા જેવી મૂરખ કોણ?"

"પણ જો સાથે રહી શકાય તેમ ન હોય, તો પરણવું શા માટે?" થિયોદોસિયા સહાનુભૂતિપૂર્વક બોલી.

"પણ, પણ મૂરખ કહીંની — જો પરણે તો માસ્લોવાને તો પછી ધનમાં આળોટવાનું જ થાય ને!" કોરાબ્લેવાએ કહ્યું.

"તે તો કહે છે, તને જ્યાં લઈ જશે, ત્યાં હું પાછળ પાછળ આવીશ," માસ્લોવા ધ્રૂસકી; "પણ તે પાછળ આવે તોય શું, કે ન આવે તોય શું? મેં તો તેને ના પાડી દીધી! હવે તે પિટર્સબર્ગ જઈને મારો કેસ ફરી ઉથામાવરાવશે. તેને બધા મિનિસ્ટરો સાથે સગપણ છે. પણ ગમે તે હો — મારે તેની સાથે પરણવું નથી!"

"ના જ પરણીશ વળી," કોરાબ્લેવા બીજી જ વાતનો વિચાર કરતી બોલી ઊઠી. અને પોતાની થેલી સામે નજર કરતાં કરતાં તેણે પૂછ્યું, "એકાદ ટીપું ત્યારે આપણે બધાં થવા દઈશું ને?"

"ના, તમે બધાં પીઓ; હું નહીં જ પીઉં!" માસ્લોવાએ જવાબ આપી દીધો.

હૃદયપલટો

[ટૉલ્સ્ટૉય કૃત નવલકથા ‘રિઝરેક્શન’]

ખંડ બીજો

૧

દ્વિધાનું મનોમંથન

૧

માસ્લોવાનો કેસ સેનેટ સમક્ષ એકાદ પખવાડિયામાં નીકળવાનો હતો; તે વખતે તો નેખ્લ્યૂદોવને પિટર્સબર્ગમાં રહેવું જ પડે. અને જો સેનેટને કરેલી અપીલ કાઢી નાખવામાં આવે, તો બાદશાહને અરજી રજૂ કરવાની હતી. જોકે એ કશામાં બહુ આશા રાખવા જેવું નથી, એમ તો એ અરજી તૈયાર કરનારો ઍડવોકેટ જ કહેતો હતો; એટલે માસ્લોવાની સજા કાયમ રહે અને જૂન મહિનામાં ગુનેગાર કેદીઓને સાઇબીરિયામાં લઈ જવા પોલીસ-પાર્ટી ઊપડે, ત્યારે પોતાના નિર્ણય મુજબ, તેની પાછળ પાછળ નેખ્લ્યૂદોવને જવું હોય, તો પોતાની મિલકત અને જાગીર અંગે બધી વ્યવસ્થા તેણે કરી લેવી જોઈએ.

એટલે સૌથી પહેલો, નજીકમાં નજીકની કુમિસ્કી – જાગીર ઉપર તે ગયો. કાળી માટીવાળી એ જાગીરમાંથી જ તેને પોતાની આવકનો મોટો ભાગ મળતો હતો.

બચપણમાં અને કિશોર અવસ્થામાં નેખ્લ્યૂદોવ ત્યાં જ રહેતો હતો; પણ ત્યાર બાદ તે માત્ર બે વખત જ ત્યાં ગયો હતો. હા, એક વખત તેની માએ આગ્રહ કર્યો ત્યારે એક જર્મન કારભારીને લઈને ત્યાં ગયો હતો અને તેની સાથે મળી બધો હિસાબ મેળવી લીધો હતો.

એ જાગીર ઉપરની પરિસ્થિતિ તથા ત્યાંના ખેડૂતોના માલિક સાથેના સંબંધો વિષે તેને પૂરેપૂરી માહિતી હતી. ખેડૂતો માલિકના પૂરેપૂરા આશ્રિત

જેવા જ હતા. પોતે યુનિવર્સિટીમાં ભણતો હતો ત્યારે હેન્રી જ્યૉર્જના સિદ્ધાંતોની અસર હેઠળ આવી તેણે પોતાના પિતા તરફથી વારસામાં મળેલી જમીન ખેડૂતોને વહેંચી દીધી. પરંતુ ત્યાર બાદ તો લશ્કરમાં જોડાયા પછી તે વર્ષે વીસ હજાર રૂબલ ખર્ચતો થઈ ગયો હતો અને પોતાની માતા એ પૈસા કેવી રીતે ક્યાંથી લાવીને આપે છે, તેનો વિચાર કરવાનું તેણે છોડી દીધું હતું. પરંતુ માતાના મૃત્યુ પછી, અને તેની મિલકત પોતાના હાથમાં આવ્યા પછી, જમીન ઉપરના માલકી-હકની બાબતમાં તેના મનમાં પ્રશ્નો ઊભા થવા લાગ્યા હતા.

એક મહિના અગાઉ તો નેખ્લ્યૂદોવે કહ્યું હોત કે, અત્યારે જે ચાલે છે, તેમાં કશો ફેરફાર કરવાનું તેની તાકાત બહાર છે. અને તેણે ગમે તે રીતે પોતાના અંતરાત્માના અવાજને ચૂપ કરી દઈ, જાગીર ઉપરથી પોતાને મોકલવામાં આવતા પૈસા વાપરવાનું ચાલુ રાખ્યું હોત.

પરંતુ હવે – અને જેલખાનાની દુનિયા સાથેનો પોતાનો આરંભેલો વ્યવહાર ચાલુ રાખવા માટે તેને તવંગર અને પ્રતિષ્ઠિત માણસ તરીકેનો પોતાનો મોભો જાળવી રાખવો આવશ્યક હોવા છતાં – તેણે નક્કી કર્યું હતું કે, ખેડૂતોને નજીવી સાંથે જમીન ખેડવા આપી દેવી, જેથી જમીન-દાર ઉપર આધાર રાખ્યા વિના તેઓ પોતાનું જીવન પોતાની મહેનતથી ગુજારી શકે. અલબત્ત, આ વસ્તુ પણ એ પ્રશ્નના સીધા કે પૂરા ઉકલરૂપ ન હતી, છતાં, એ માર્ગે એક પગથિયા રૂપ તો હતી જ.

નેખ્લ્યૂદોવ બપોરના આરસામાં કુમિસ્કી જઈ પહોંચ્યો. જીવનમાં સાદગી ઉતારવાનું નક્કી કરેલું હોઈ, તેણે તારથી પોતાના આવવાની ખબર આપી ન હતી; તથા સ્ટેશનેથી જાગીરે જવા એક સાદી ઘોડા-ગાડી જ ભાડે કરી લીધી હતી.

કચેરીએ પહોંચી નેખ્લ્યૂદોવ તરત કામે લાગી ગયો. તેણે બધો હિસાબ કિતાબ જર્મન કારભારી પાસેથી સમજી લીધો. તેણે બધી વ્યવસ્થા નેખ્લ્યૂદોવને સમજાવી: ખેડૂતોની પોતાની માલકીની બહુ ઓછી જમીન

હતી; અને જે કંઈ હતી તે જમીનદારનાં ખેતરોની વચ્ચે આવેલી હતી. એ વસ્તુના લાભ તે રસપૂર્વક નેખ્લ્યૂદોવને સમજાવવા લાગ્યો.

પોતાની જાગીરની સારામાં સારી ફળદ્રુપ જમીનનો બે-તૃતીયાંશ ભાગ સુધારેલાં યંત્રોથી દહાડિયા મજૂરો વડે ખેડવામાં આવતો હતો; બાકીનો એક તૃતીયાંશ ભાગ ખેડૂતો મારફત ખેડાવાતો, જેમને દેસ્યાટિન* દીઠ પાંચ રૂબલ આપવામાં આવતા. એટલે કે, દરેક દેસ્યાટિન જમીન ત્રણ વખત ખેડવા, વાવવા અને કાપણી કરી પૂળા બાંધી – ખળવડમાં પાક નાખી આપવા બદલ પાંચ રૂબલ; – જયારે દહાડિયા મજૂરને એટલા કામ બદલ ઓછામાં ઓછા ૧૦ રૂબલ મળે.

ખેડૂતોને જાગીર ઉપર જે લાભ મળતો, તે બદલ તેમને સખત મજૂરીમાં બદલો વાળવો પડતો; — જેમ કે, ચરા – બીડના ઉપયોગ માટે, લાકડાં માટે અને બટાકાની આંખો માટે. બધા જ ખેડૂતો જમીનદાર-કચેરીના દેવામાં હતા, એ કહેવાની જરૂર નથી.

જમીનદારની ખેડાણ જમીન સિવાયની જે જમીન ખેડૂતોને સાંથે અપાઈ હતી, તેની કિંમત પાંચ ટકા વ્યાજે રોકવામાં આવે તો જે આવક થાય, તેના કરતાં ચાર ગણી વધુ આવક ખેડૂતો પાસેથી લેવામાં આવતી હતી.

નેખ્લ્યૂદોવને આ બધી બાબતની ખબર પહેલાં પણ હતી; પરંતુ હવે તે આ બધું જુદી જ સભાનતાથી જોવા લાગ્યો. તેને નવાઈ લાગવા માંડી કે તે પોતે તથા તેની સ્થિતિના બીજા જમીનદારો આ બધી પરિસ્થિતિ કેવી વિષમ છે, એ કેમ જોઈ શકતા નહિ હોય?

કારભારીએ તો દલીલો કરવા માંડી કે, જો બધી જમીન ખેડૂતોને સાંથે આપી દેવામાં આવશે, તો ખેતીનાં બધાં ઓજારો વેચી નાખવાં પડશે અને તેમની ચોથા ભાગની કિંમત પણ નહીં ઊપજે; ખેડૂતો જમીનને બગાડી નાખશે, અને નેખ્લ્યૂદોવને ભારે નુકસાન વેઠવાનું થશે.

પરંતુ એ બધી દલીલોથી તો નેખ્લ્યૂદોવ ઊલટો પોતાના વિચારમાં વધુ મક્કમ બનતો ચાલ્યો. તેણે એ બધું ત્યાં ને ત્યાં — તરત જ પતવી

---

* દેસ્યાટિન એટલે આશરે પોણાત્રણ એકર.

દેવાનો નિર્ણય કર્યો: ખેડૂતોને જમીન પોતે જ સાંથે આપી દેવી; પછી બાકીનું ઊભો પાક લણવાનું અને વેચવાનું, તથા ખેતીનાં ઓજારો અને નકામાં મકાનો કાઢી નાખવાનું કામ ભલે યોગ્ય સમયે કારભારી પતવે. એટલે તેણે કારભારીને આસપાસનાં ત્રણ ગામો કે જે કુમિંસ્કી જાગીરની વચ્ચે આવેલાં હતાં, તેમના ખેડૂતોને ભેગા કરવાનું જણાવ્યું, જેથી પોતે તેમને પોતાનો ઇરાદો સમજાવી શકે, તથા તેમની સાંથની રકમ ગોઠવી આપી શકે.

૨

કારભારીને વિદાય કરી, નેખ્લ્યૂદોવ મકાનની આસપાસ લટાર મારવા નીકળ્યો, જેથી ખેડૂતોને જે કંઈ કહેવાનું હતું તે પોતાના મન સાથે પહેલેથી બરાબર ગોઠવી લેવાય.

ત્યાર બાદ મોડેથી કારભારી સાથે ફરીથી થોડીક વાતચીત કરી લઈ, અને ચા-પાણી પતવી, તે પોતાને માટેના સૂવાના ઓરડામાં ચાલ્યો ગયો; જેથી સવારના વહેલા ઉઠાય અને ખેડૂતો આવે ત્યારે તેમની સાથે વાતચીત શરૂ કરી શકાય.

ઓરડામાં મોટાં વેનિસનાં ચિત્રો હતાં, એક મોટો અરીસો હતો, સ્પ્રિંગોવાળી ગાદીવાળો મોટો પલંગ હતો, ટેબલ હતું, થોડાં પુસ્તકો હતાં, તથા જૂની ઢબની કોતરકામ તથા જડતરકામ વાળી એક મોટી આરામ-ખુરશી પણ હતી. એ ખુરસી તેની માતાના સૂવાના કમરામાં રહેતી, એ યાદ આવતાં, નેખ્લ્યૂદોવના મનમાં અચાનક જુદી જ જાતના વિચારોની સરવાણી ફૂટી નીકળી: ગૃહસ્થીના — ઘર-સંસારના વિચારોની.

......આ આવડા મોટા મકાનને તજી દઈ ખંડેર બની જવા દેવું, બીજાં પણ કોઠાર, ખળવડ, તબેલા, ઓજારો, ઘોડા, ગાયો, — જે બધાં મોટા ખર્ચે, અને મોટી મહેનતે વસાવવામાં આવ્યાં હતાં, કે ઊભાં કરવામાં આવ્યાં હતાં કે જાળવી રાખવામાં આવ્યાં હતાં, — તે બધું ધૂળધાણી થઈ જવા દેવું, એ શું યોગ્ય કહેવાય?

...... ખેડૂતોને આ વિશાળ જાગીર સોંપી દઈ, શું પોતાની આ મોંઘી મિલકતનો નાશ થવા દેવો? અને જમીન ખેડૂતોને આપી દઈએ, તો પછી આ બધી મિલકત શી રીતે રાખી કે જાળવી શકાય? આ બધું તો જમીન પાછળ – જમીનની આવક પાછળ ઊભું થાય ને?

......પણ હું તો સાઇબીરિયામાં જવાનો છું, પછી મારે આ બધું શા ખપનું છે!

......હા, પણ સાઇબીરિયામાં આખી જિંદગી તો હું નથી ગાળવાનો! પછી તો હું પરણીશ અને છોકરાં થશે: ત્યારે આ બધી જાગીર મને મળી હતી તેવી જ કાયમ રાખીને — સુધારીને — વધારીને — મારે તેમને વારસામાં આપતા જવી ન જોઈએ?

...... આ બધું આપી દેવું તો બહુ સહેલું છે; પણ મેળવવું – ભેગું કરવું – ઊભું કરવું કેટલું બધું મુશ્કેલ છે?

...... તારે ભવિષ્યનો વિચાર કરવો જોઈએ કે નહિ? ભવિષ્યમાં તું શું કરવાનો છે, એ નક્કી કરીને પછી અત્યારે પગલું ભરવું ન જોઈએ?

...... અને તું જે કરવા માગે છે, તે તારા અંતરાત્માના અવાજને અનુસરીને કરે છે કે, માત્ર દેખાડ કરવા? બીજાઓ તારાં વખાણ કરે એ માટે જ તું આ કરતો નથી, શું?

જેમ જેમ નેખ્લ્યૂદોવ આ વિચારોમાં અટવાતો ગયો, તેમ તેમ એ જાતના બીજા વિચારો ઊભા થવા લાગ્યા અને તેમનું નિરાકરણ અશક્ય બનતું ચાલ્યું.

છેવટે, અત્યારે તો ઊંઘી જઈ, સવારના તાજા મગજથી એ બધું ફરી વિચારી જવાનું નક્કી કરી, તે પોતાને માટે તૈયાર કરવામાં આવેલી સાફ-સવચ્છ પથારીમાં આડો પડ્યો.

બહાર ચાંદની-રાતની ઠંડી-તાજી હવા વ્યાપી રહી હતી; નાઈટિંગેલ પંખીઓ અને દેડકાંઓના અવાજ ક્રમસર સંભળાતા હતા. બગીચામાં ફૂલો મીઠી સુગંધ અને અનોખી તાજગી ફેલાવતાં ખીલી રહ્યાં હતાં.

અચાનક તેને માસ્લોવાની યાદ આવી. દેડકાંઓના ડ્રાંઉ ડ્રાંઉ અવાજ ઉપરથી તેને માસ્લોવા જ્યારે ઉત્તેજીત થઈને બોલતી હતી કે, 'બસ, તમારે મારો પીછો છોડવો જ પડશે,' એ વખતે તેના ગળાની ફૂલેલી નસો અને પહોળાં થયેલાં નસકોરાં તેને યાદ આવ્યાં. પછી તો જર્મન કારભારી જાણે એ દેડકાંને મારવા દોડયો; પણ નેખ્લ્યૂદોવે તેને રોકી રાખ્યો. તેમ છતાં તે તો ગયો જ, પરંતુ તે અચાનક માસ્લોવા બની ગયો! માસ્લોવા આવીને નેખ્લ્યૂદોવને ધમકાવવા લાગી: 'તમે એક પ્રિન્સ છો, અને હું એક ગુનેગાર છું. તમારે અહીં આવવાનું કાંઈ પ્રયોજન નથી. મારા જેવીને અડીને તમારી જાતને મેલી – ગંદી કરીને અભડાવવાની નથી ... તમે તમારી પ્રિન્સેસો પાસે જાઓ – મારી કિંમત તો દશ રૂબલની નોટ છે!'

૨

જમીનદારી વહીવટ

૧

બીજે દિવસે સવારે નવ વાગ્યે નેખ્લ્યૂદોવ જાગ્યો, ત્યારે તેની પાસે તેના બૂટ, પાણી વગેરે લઈ આવનાર કચેરીના માણસે તેને કહ્યું કે, ખેડૂતો આવી ગયા છે.

નેખ્લ્યૂદોવ તરત પથારીમાંથી નીચે કૂદી પડયો અને પોતાના વિચારો વ્યવસ્થિત કરવા લાગ્યો. ગઈ રાતની દ્વિધાનો લવલેશ અત્યારે તેનામાં રહ્યો ન હતો, અને પોતે બધી મિલકત વેડફી મારે છે એવો ખ્યાલ પણ. તે ઉત્સાહિત – ઉત્તેજિત થઈને પ્રાતઃકર્મ પરવારવા લાગ્યો.

કારભારીએ આવીને જણાવ્યું કે, નાસ્તો તૈયાર છે. પણ ખેડૂતો તેને મળવા આવી ગયા હતા એ જાણ્યું હોવાથી નેખ્લ્યૂદોવે તેમને જ પહેલાં મળી લેવાની ઇંતેજારી બતાવી. કપડાં-બપડાં પહેરી તે ટેનિસ-કોર્ટ ઉપર આવ્યો, જ્યાં બધા ખેડૂતો ટોળે વળી તેની રાહ જોઈ રહ્યા હતા.

નેખ્લ્યૂદોવને તેમની સામે ઊભા રહી, તેમના ઉપર ઉપકાર કરવા પોતે લીધેલા નિર્ણયની વાત કરતાં જરા શરમ આવવા લાગી; પણ પેલા જર્મન કારભારીએ શરૂ કરી દીધું —

" જુઓ, પ્રિન્સ તમારું ભલું ઇચ્છે છે – અને પોતાની જમીન તમને સાંથે આપી દેવા માગે છે. જોકે, હું બરાબર જાણું છું કે, તમારા જેવા જડસુ લોકો એવી એમની મહેરબાનીને પાત્ર જરાય નથી."

"અમે કેમ એમની મહેરબાનીને લાયક નથી, ભાઈસાહેબ? અમે શું કામકાજ કરતા નથી, કે મહેનત-મજૂરી કરતા નથી? પ્રિન્સનાં માતાજીને – ભગવાન તેમને શાંતિ બક્ષે — અમારાથી સંતોષ હતો; અને પ્રિન્સ પણ હવે અમને નહીં ભૂલે, એવી અમને ખાતરી છે — તેમને અમારી સલામ!" લાલ વાળવાળો એક ભડભડિયો ખેડૂત બોલી ઊઠયો.

"અમારા માલિક સામે તો અમારે કાંઈ કહેવાનું નથી; અમારી ફરિયાદ હોય તો એટલી જ છે કે, અમારી પાસે અમારો જિવારો નીકળી રહે તેટલી જમીન નથી." બીજો એક પહોળા ખભાવાળો ખેડૂત બોલ્યો.

"હા; એટલા જ માટે મેં તમને ભેગા કર્યા છે. તમારે જોઈતી હોય તો હું તમને મારી બધી જ જમીન સાંથે આપી દઉં."

ખેડતોએ કાંઈ જ જવાબ ન આપ્યો: જાણે તેઓ એ વાત સમજ્યા ન હોય કે તેમાં તેમને વિશ્વાસ પડતો ન હોય.

"અમારે જોઈતી હોય તો? કેવી રીતે, સમજાવશો?" એક મધ્યમ ઉંમરનો ખેડૂત બોલ્યો.

"તમને હું સાંથે આપી દઉં; બહુ ઓછી સાંથ લઈને, જેથી તમે જમીનનો ઉપયોગ કરી શકો."

"એ તો બહુ સારી વાત," એક ઘરડો ખેડૂત બોલ્યો.

"હા, જો સાંથ આપણને પોસાય તેટલી રાખવામાં આવે તો!" બીજો બોલ્યો.

"વાહ, આપણને સાંથે મળે તો આપણે જમીન કેમ ન રાખીએ ભાઈ, હેં?"

"અમારો તો જમીન ખેડીને ગુજારો કરવાનો જ ધંધો!"

"અને તમને પણ શાંતિ! અત્યારે તમારે કેટલી બધી ચિંતા અને કેટલું બધું પાપ કરવાં પડે છે? તેને બદલે આ તો સાંથ લેવા સિવાય બીજી કશી પંચાત જ કરવાની નહિ!" કેટલાય જણ એકસાથે બોલી ઊઠયા.

"વાહ! પાપની વાત કરો છો, તે તો તમારે પક્ષે જ છે! તમે જો તમારું કામકાજ બરાબર સંભાળો અને બીજાનું ખાઈ જવાની ખોટી દાનત ન રાખો તો —" જર્મન કારભારી તડૂક્યો.

"અમારી દાનત તો સાફ જ હોય છે," એક તીણા નાકવાળો બુઢ્ઢો બોલી ઊઠયો; "તમે કહો છો કે, 'તેં ઘોડો કેમ પાકમાં ચરવા છોડયો?' જાણે કે, મેં હાથે કરીને ચરવા ઘુસાડયો હોય! હું તો આખો દહાડો દાતરડું ચલાવતો હતો ને એવી ઢોરમજૂરી કરતો હતો કે એક દહાડો આખા જુગ જેવો લાગે. એટલે રાતે ઘોડાના ટોળાને સંભાળતાં સંભાળતાં આંખ મીંચાઈ ગઈ અને એક ઘોડો તમારા ઓટ*માં પેસી ગયો; પણ એટલા માટે તમે તો મારી જીવતાં ચામડી ઊતરડવા બેઠા છો!"

"વાહ, તમારે કાયદાનું તો પાલન કરવું પડેને!"

"કાયદો – કાયદો એમ તમારે તો મોંએ બોલી નાખવું સહેલું છે; પણ અમારાથી તો હવે આ સહેવાતું નથી." એક ઊંચો, વાળના ગુચ્છાવાળો મધ્યમ-વયનો ખેડૂત બોલ્યો.

"મેં તમને વાડ કરી લેવાનું નહોતું કહ્યું?"

"પણ વાડ કરવાનું લાકડું તમે આપો ત્યારે ને?" એક ગટ્ટો સાદા દેખાવનો ખેડૂત બોલ્યો. "ગયે વરસે મેં વાડ કરવા જ એક ઝાડવું કાપ્યું, તે બદલ તમે મને જૂ-જીવડાંને લોહી પાવા ત્રણ મહિના જેલમાં નાખ્યો. વાડની વાત ત્યાં જ પૂરી થઈ!"

નેખ્લ્યૂદોવ વચ્ચે જ કારભારીને સંબોધીને બોલી ઊઠયો:

"એ શું કહે છે?"

"આખા ગામનો મોટામાં મોટો ચોર છે: દર વર્ષે આપણા જંગલમાંથી લાકડું કાપતાં પકડાય છે." પછી ખેડૂતો તરફ જોઈને તેણે ઉમેર્યું: "બીજાની મિલકતને પવિત્ર ગણતાં તમારે શીખવું જોઈએ કે નહિ?"

---

* જવ જેવું બરછટ અનાજ; તે વાવેલું ખેતર.

"ભાઈસાહેબ, તમે જ અમારા ભગવાન છો; અમારે તો તમને જ પૂજતાં શીખવું પડે છે. તમે ધારો તો અમારા બધાનું આમળીને દોરડું બનાવો, તો પણ અમે તો 'ચૂં' કરીએ એવા નથી."

"એ વાતમાં શો માલ છે? તમે જ બધા હંમેશાં અમને આમળી નાખવા તૈયાર રહો છો! તમારી સામે તો અમારાથી 'હેં' પણ કરાતું નથી."

"બોલો ભાઈસાહેબ, તમે જ અડબોથ મારીને મારું જડબું તોડી નહોતું નાખ્યું? અને મને એ બદલ શું મળ્યું? તવંગર સામે અદાલતે ચડવામાં શું વળે?"

"તમારે જ પ્રથમ કાયદાનું પાલન કરવું જોઈએ; તો બીજા પણ તમારી સાથે કાયદાથી વર્તે."

૨

આમ ને આમ શબ્દોનો મારો બંને પક્ષે કશા પ્રયોજન વિના ચાલ્યા જ કરત, પણ નેખ્લ્યૂદોવથી આ બધું સાંભળ્યું ગયું નહીં. એટલે તે તો સાંથની રકમ અને શરતોના મુદ્દા ઉપર જ આવ્યો.

"પણ હવે જમીનનું તમારે શું કરવું છે, એ કહોને! તમારે એ સાંથે લેવી છે કે નહીં? અને બધી જમીન તમને હું સાંથે આપી દઉં તો તમે મને કેટલી સાંથ ભરશો?"

"જમીન તમારી છે; તમે જ સાંથનું નામ પાડો."

નેખ્લ્યૂદોવે તરત એક આંકડો કહ્યો. પાડોશમાં બીજે બધે અપાતી સાંથ કરતાં તેણે બહુ ઓછી રકમ કહી હતી; પણ ખેડૂતો તો એને 'ઘણી વધારે' કહી, તેને ઓછી કરાવવા, તેમની ટેવ મુજબ રકઝક કરવા લાગ્યા. નેખ્લ્યૂદોવે તો માન્યું હતું કે, પોતે માગેલી રકમ તે બધા ખુશીથી કબૂલ રાખશે; પરંતુ ખેડૂતોના મોં ઉપર આનંદનો લવલેશ દેખાતો ન હતો.

જોકે, ખેડૂતોને નેખ્લ્યૂદોવની વાત લાભદાયક લાગતી હતી એ તો નક્કી હતું; કારણકે, તેમનામાં આપસઆપસમાં એવી તકરાર ઊભી

થઈ કે, આખી જમીન આખી જમાત વતી સાંથે રાખવી કે તે માટે ખાસ મંડળી ઊભી કરવી? કેટલાક ખેડૂતો એવા મતના હતા કે, જે નબળા-પોચા હોય તથા જેઓ નિયમિત સાંથ ભરી શકે તેમ ન હોય તેવાઓને એમાંથી બાકાત રાખવા. પણ જેમને તેઓ બાકાત રાખવા માગતા હતા, તેઓ સામા ઝઘડતા હતા.

છેવટે કારભારીએ કુશળતાથી બધી તકરારોનો અંત આણ્યો, અને સાંથની રકમ તથા શરતો નક્કી કરી દેવામાં આવી. તરત જ નેખ્લ્યૂદોવે કારભારીને દસ્તાવેજ તૈયાર કરી લાવવા કચેરીમાં મોકલ્યો. બધું નેખ્લ્યૂદોવે ઇચ્છયું હતું તથા ધાર્યું હતું તેમ જ પત્યું. ખેડૂતોને આખા જિલ્લામાં બીજે કયાંય મળી હોત તેના કરતાં ત્રીસ ટકા ઓછી સાંથે જમીન મળી. નેખ્લ્યૂદોવની આવક જોકે, અર્ધોઅર્ધ થઈ ગઈ; પરંતુ નેખ્લ્યૂદોવ પાસે પૂરતા પૈસા હજુ પણ રહ્યા હતા, – કારણ કે, જંગલ વેચી દીધું તેના પૈસા તેને મળ્યા, તથા ખેતીનાં ઓજારો વેચી દીધાં તેના પણ.

ખેડૂતો હજુ પણ નાખુશ જ રહ્યા; તેમણે બહારથી તો આભાર માન્યો; પરંતુ તેમને સંતોષ નહોતો થયો: તેમને વધારે લાભની આશા હતી. આમ સરવાળે એવું બન્યું કે, નેખ્લ્યૂદોવે ઘણું ગુમાવ્યું, પરંતુ ખેડૂતોને જે આશા હતી તે પૂરી ન થઈ.

૩

કુમિસ્કીથી નીકળી નેખ્લ્યૂદોવ પોતાની ફોઈઓ તરફથી પોતાને વારસામાં મળેલી જાગીર તરફ ગયો – જ્યાં તેને કાટુશાનો પહેલપ્રથમ ભેટો થયો હતો. તેનો વિચાર ત્યાંની જમીનનું પણ કુમિસ્કીની જાગીરની પેઠે ગોઠવી દેવાનો હતો. તદુપરાંત, તેને કાટુશા અને તેના સંતાન બાબત પણ મળે તેટલી માહિતી મેળવવી હતી: કાટુશાનું બાળક ખરેખર મરી ગયું હતું કે કેમ, તથા શા કારણે મરી ગયું હતું.

વહેલી સવારે તે પાનોવો પહોંચ્યો. આસપાસ નજર કરતાં જ પહેલપ્રથમ તેનું લક્ષ ત્યાંનાં મકાનોની બિસમાર હાલત તરફ ખેંચાયું.

મુખ્ય મકાન તો અવાવરુ હતું, પણ ‘બેલિફ’ (કારભારી-ગુમાસ્તો) રહેતો હતો તે મકાન તથા રસોઈ-ઘર, તબેલા વગેરેનાં મકાનો પણ કાળાં પડી ગયાં હતાં તથા જીર્ણ હાલતમાં જ હતાં. પવનના તોફાન વખતે કેટલાંય પતરાં વળી ગયાં હતાં તથા આસપાસની પાટિયાંની દીવાલ કેટલેય ઠેકાણેથી ખીલા કટાઈ કે ભાગી જતાં, પાટિયાં નીકળી પડવાથી, પોલી બની ગઈ હતી.

નેખ્લ્યૂદોવ આસપાસ પોતાના બચપણ વખતનાં સંભારણાં યાદ કરાવે તેવાં સ્થળો જોતો જોતો મકાન પાસે પહોંચ્યો, ત્યારે ત્યાંનો બેલિફ (કારભારી-ગુમાસ્તો) હસતો હસતો સામે આવ્યો.

નેખ્લ્યૂદોવ ખુલ્લામાં જ બહારની બાજુએ બેઠો, એટલે પેલો તેના ખાવા-પીવાની ગોઠવણ કરવા મકાનની અંદર ગયો.

પાસેની નદીમાં સ્ત્રીઓ કપડાં ધોતી હતી તેમના ધોકાનો અવાજ ત્યાં બેઠાં બેઠાં સંભળાતો હતો. તરત નેખ્લ્યૂદોવના મનમાં પોતાની કિશોર-અવસ્થામાં અહીંના વસવાટનાં તથા પછી તો તે વખતની પોતાની આશાઓ-આદર્શો વગેરેનાં સંભારણાં ઊભરાવા લાગ્યાં.

કારભારી-ગુમાસ્તાએ પાછા આવી, હસતા મોંએ તેને પૂછ્યું, “આપ ક્યારે ભોજન લેશો?”

“જ્યારે તમને અનુકૂળ હોય ત્યારે. મને હમણાં ભૂખ નથી લાગી; અને મારે ગામ તરફ પહેલાં જરા જઈ આવવું છે.”

“પણ પ્રથમ આપ મકાનમાં નહીં આવો? અંદર બધું બરાબર વ્યવસ્થિત છે; જોકે બહારથી —”

“ના, આભાર; હમણાં નહીં. અત્યારે તો મને એ કહો કે, હજુ માત્ર્યોના હારિના (કાટુશાની માસી) ગામમાં જ છે ને?”

“હા; હા; ગામમાં જ છે. તે છૂપો દારૂ વેચવાનો ધંધો કરે છે; પણ અલબત્ત મારે તેને કેટલીય વાર એ બદલ ડાંટવી પડી હતી.”

“તે ક્યાં રહે છે? હું જરા જઈ આવું અને તેને મળી આવું.”

"ગામને છેક પેલે છેડે રહે છે,— છેલ્લાથી ત્રીજું ઘર સમજોને. ડાબી બાજુએ ઈંટેરી મકાન છે; અને તેનું ઝૂંપડું તેનાથી આગળ છે. પણ આપ કહેતા હો તો હું જ સાથે બતાવવા આવું."

"ના, ના; આભાર. હું એ તો ખોળી કાઢીશ. પરંતુ દરમ્યાન આપણા ખેડૂતોને ભેગા કરવાની વ્યવસ્થા કરજો. મારે તેમની સાથે જમીન અંગે વાત કરવી છે."

૩

સંતાનની ભાળ

૧

નેખ્લ્યૂદોવ ગામ તરફ ચાલ્યો. રસ્તામાં તેને ગામની કંગાલિયતનાં અને હાડતૂટ મજૂરીનાં બધાં લક્ષણો જોવા મળ્યાં. ગામમાં ખાતર ગાડાંમાં ભરવાનું કામ ચાલુ થયું હતું અને તેથી ભીના ખાતરની એક પ્રકારની તીખી પણ અણગમો ન ઉપજાવે તેવી સુવાસ ચારે તરફ ફેલાઈ રહી હતી. ખાતરના ઢગલાઓમાં કામ કરતા ખેડૂતો સારાં કપડાં પહેરેલા જુવાનને જોઈને સ્વાભાવિક રીતે જ પોતાના ટોપા માથેથી ઉતારી તેને સલામ કરતા.

શેરીના ચોથા મકાનના ઝાંપા પાસે થઈને તે પસાર થતો હતો તેવામાં, તેમાંથી નીકળતા ખાતર ભરેલા ગાડાને કારણે તેને જરા થોભવું પડ્યું. પાછળ એક બુઢ્ઢો બીજા ઘોડાને દોરતો આવતો હતો. તેણે નેખ્લ્યૂદોવને જોઈને તરત નીચા નમી વંદન કર્યા, અને પૂછ્યું, “ તમે અમારાં બાનુના ભત્રીજા-સાહેબ તો નહિ?”

“ હા, હું તેમનો ભત્રીજો છું.”

“ અમારી ખબર કાઢવા ચાલી આવ્યા છો, નહિ?”

“ હા; તમારું કેમ ચાલે છે, વારુ?”

“ શું ચાલવાનું હતું, માલિક? આ જુઓને — અમે કુલ બાર જણાં છીએ, અને મહિનો પૂરો થાય નહીં ને મારે પાંચ મણ અનાજ ખરીદવું પડે છે; પણ એ ખરીદવાના પૈસા ક્યાંથી લાવવા?”

“ તો શું તમારા પોતાના ખેતરમાં પૂરતું અનાજ નથી પાકતું?”

"મારા પોતાના ખેતરમાંથી? અરે મારા ખેતરમાંથી માંડ ત્રણ જણનું પેટ નીકળી રહે તેમ છે; અને આ વરસે તો નાતાલ ભેગા થવાય તેટલુંય પાકયું નથી!"

"તો તમે હવે શું કરશો?"

"બીજું શું કરવાનું, માલિક? મારા એક છોકરાને મેં દહાડિયે વળગાડયો છે અને થોડા પૈસા તમારી તિજોરીમાંથી ઊછીના લીધા છે. પણ એ પૈસા તો 'લેન્ટ'* પહેલાં જ ખતમ થઈ ગયા; અને હજુ તો કરવેરો ભરવાનો બાકી છે."

"કરવેરો કેટલો છે?"

"સત્તર રૂબલ. હે ભગવાન! કેમ કરીને આ દહાડા પૂરા કરવા, બાપ!"

"હું તમારા ઘરમાં આવું?"

"કેમ નહીં? પધારો, પધારો!"

એક ટાપટીપભર્યો સદ્‌ગૃહસ્થ, જેની બાંયો ઉપર સોનાનાં બટન જડેલાં છે, તે ખેડૂતના ઝૂંપડામાં પેઠો છે, એવી ખબર જાણી તરત જ આસપાસ કેટલાંય માણસ ભેગાં થઈ ગયાં.

નેખ્લ્યૂદોવ માથું નમાવી નીચા બારણામાંથી અંદર પેઠો. અંદરની મોટા ભાગની જગા બે સાળોએ રોકી લીધેલી હતી. એક ઘરડી ડોસી બાંયો ચડાવી ચૂલા-ભઠ્ઠી પાસે ઊભી હતી. બેએક નાની છોકરીઓ તેને અંદર દાખલ થતો જોઈ તરત બહાર દોડી ગઈ.

"આ આપણા માલિક આપણને મળવા આવ્યા છે." બુઢ્ઢાએ ડોસીને સંબોધીને કહ્યું.

"ભલ્લે પધાર્યા! ભલ્લે પધાર્યા!" ડોસીએ ઊંચે ચડાવેલી બાંયો આદર દર્શાવવા નીચે ઉતારતાં કહ્યું.

---

* ઈસુ ખ્રિસ્તે રણમાં ઉપવાસ કર્યા હતા તેની યાદમાં ૪૦ દિવસનું વાર્ષિક ઉપવાસ-પર્વ. ઈસ્ટર સુધી ચાલે છે. (માર્ચ, ૨૧ના અરસામાં.)

"તમે બધાં કેવી રીતે રહો છો, તે જોવા આવ્યો છું."

"શું જોવાનું હતું, બાપલા? આ ઝૂંપડું પડું પડું થઈ રહ્યું છે –અને કોઈ ને કોઈ નીચે છૂંદાઈ મરવાનું છે; પણ આ મારો ડોસો કહે છે કે, હજુ તો એના જેવું ટટાર છે ને મજાનું ઊભું છે.— એટલે અમેય મજાથી અંદર રહીએ છીએ. આ હું અમારાં દા'ડિયાં માટે ભાથું તૈયાર કરતી હતી."

"આજે શી રસોઈ કરી છે?"

"રસોઈ? વાહ! બીજું શું? મહા-ભોજન સ્તો! રોટલો ને કઢી; કઢી ને રોટલો!" ડોસી પોતાના અર્ધા ઘસાઈ ગયેલા દાંત બતાવતી હસતી હસતી બોલી.

ડોસાએ હવે બારણામાં ટોળે વળેલાં લોકો તરફ જોઈને ત્રાડ નાખી: "શું કામ છે, તમારે? કેમ અહીં ટોળે વળ્યાં છો, વારુ? ભાગો!"

પણ નેખ્લ્યૂદોવ પોતે જ શરમિંદો થઈ ઝૂંપડીની બહાર નીકળી ગયો. ખરેખર, તેને પોતાને જ અંદર આવવાનું શું 'કામ' હતું?

૨

નેખ્લ્યૂદોવ બહાર નીકળ્યો એટલે બે છોકરાઓ અમસ્તા જ તેની સાથ થયા. તેમાંના એકે પૂછયું, "તમે હવે કઈ બાજુ જાઓ છો, માલિક?"

"માત્રેના હારિનાને ત્યાં; તું ઓળખે છે?"

"ક્યાં માત્રેના? પેલાં ઘરડાં છે તે?"

"હા; તે ઘરડાં જ હશે."

"ઓહો, એ તો ગામને છેક છેડે રહે છે—ચાલો અમે તમને ઘર બતાવીએ; –કેમ, ફેડકા, આપણે માલિક સાથે તેમને ઘર બતાવવ જઈશું ને?"

"હા; હા; પણ ઘોડાઓ?"

"અરે કંઈ ભાગી જવાના નથી, ચાલ, ચાલ!"

૩

નેખ્લ્યૂદોવને મોટેરાં કરતાં આ છોકરાઓ સાથે વાતો કરવાનું વધુ ફાવ્યું. તેણે વાત ઉપાડી,

"આ ગામમાં વધારેમાં વધારે ગરીબ કોણ હશે, કહો જોઉં!"

"બધ્ધાના કરતાં ગરીબ? માઈકેલ બહુ ગરીબ છે, અને માકારોવ તથા માર્થા – માર્થા બહુ ગરીબ છે."

"અને આનિસ્યા? તે તેનાથીય ગરીબ છે. તેની પાસે તો ગાય પણ નથી. તેઓ ભીખીને જ પેટ ભરે છે." નાના ફેડકાએ વચ્ચે ઉમેર્યું.

"તેમની પાસે ગાય નથી, પણ ત્યારે ખાનારાં પણ ત્રણ જ જણ છેને? પણ માર્થાને ત્યાં તો પાંચ ખાનારાં છે."

"પણ આનિસ્યા રાંડેલી છેને!"

"પણ માર્થાનોય ધણી ક્યાં છે? એટલે એનામાં ને આનિસ્યામાં શો ફેર રહ્યો?"

"તેનો ધણી ક્યાં ગયો છે વારુ?" નેખ્લ્યૂદોવે પૂછ્યું.

"જેલખાનામાં જૂ-જીવડાંને લોહી પાય છે," ખેડૂતોની પરિભાષામાં પેલાએ જવાબ આપ્યો; "ગયે વરસે તેણે જમીનદારસાહેબના જંગલમાંથી બે ઝાડ કાપ્યાં હતાં એટલે તેને જેલમાં પૂર્યો છે. તેને છ મહિના થઈ ગયા, અને માર્થા હવે ભીખીને ત્રણ છોકરાં અને માંદલી ડોસીનું પૂરું કરે છે."

"તે ક્યાં રહે છે?" નેખ્લ્યૂદોવે પૂછ્યું.

"આ સામેની જ ઝૂંપડીમાં જ!"

નેખ્લ્યૂદોવે જોયું તો આંગણામાં એક હાડપિંજર જેવું બાળક બહાર આવી તેના સુકલકડી પગ ઉપર જેમ તેમ કરીને ઊભું હતું.

"વાસ્કા? ક્યાં મૂઓ?" એમ કહેતીકને એક કંગાળ બાઈ ઝૂંપડી બહાર દોડી આવી, અને એને ઊંચકીને ઝૂંપડીમાં પેસી ગઈ; - જાણે નેખ્લ્યૂદોવ એ બાળકને ઉપાડી જવા ન આવ્યો હોય!

નેખ્લ્યૂદોવનાં બે ઝાડ કાપી નાખવા બદલ જેલમાં નંખાયેલા પતિની એ પત્ની હતી.

"અને માત્રેના ડોસી, એ ગરીબ નથી?" નેખ્લ્યૂદોવે પૂછ્યું.

"ના રે ના! તે તો દારૂ વેચે છે, અને સારું કમાય છે."

જ્યારે તેઓ માત્રેનાને ઘેર પહોંચ્યા, ત્યારે છોકરાઓને બહાર રાખી નેખ્લ્યૂદોવ અંદર ગયો.

ઝૂંપડી ચૌદેક હાથ લાંબી હતી. મોટા ભઠ્ઠી-ચૂલા પાછળ જે પથારી પડેલી હતી તેના ઉપર ઊંચો માણસ તો પગ લાંબા કરીને આડો પણ ન પડી શકે.

નેખ્લ્યૂદોવને તરત વિચાર આવ્યો કે, "એ પથારી ઉપર જ કાટુશાએ મારા બાળકને જન્મ આપ્યો હશે અને બીમાર પડયા બાદ લાંબો વખત તેના ઉપર જ એ સૂઈ રહી હશે."

ઝૂંપડીનો મોટો ભાગ એક સાળે રોકયો હતો. એક બુઢ્ઢી અને તેની મોટામાં મોટી પોતરી બે જણાં તેના ઉપર તાણો સુધારતાં હતાં.

નેખ્લ્યૂદોવનું માથું અંદર પેસતી વખતે નીચા બારણા સાથે માથું ટિચાયું. ડોસી ચિડાઈને બોલી ઊઠી: "કોણ છો? કોનું કામ છે?"

તાણો બરાબર સુધર્યો ન હોવાથી તે ચિડાઈ હતી; ઉપરાંત છૂપી છાની દારૂ વેચવાનો ધંધો કરતી હોવાથી કોઈ અજાણ્યો અંદર આવે [illegible] તે હંમેશ બહુ ભડકતી રહેતી.

"હું પડોશની જાગીરનો માલિક છું, અને મારે તમારી સાથે ખાસ વાત કરવી છે."

ડોસી તેના તરફ તાકીને જોઈ રહી; અને પછી ઓળખાણ પડતાં જ આનંદિત થઈને બોલી ઊઠી, "બાપરે! તમે છો, મારા લાલ? હું [illegible] કોઈ અજાણ્યો વટેમાર્ગુ છે એમ માનીને ફાવે તેમ બોલી ઊઠી. ભગવાન ભલું કરે — મને માફ કરજો, મારા લાલ!"

"મારે તમારી સાથે એકલા વાત કરવી છે," નેખ્લ્યૂદોવે બારણામાં છોકરાં પાછળ એક દૂબળા બાળકને તેડીને ઊભેલી સ્ત્રીને જોઈને કહ્યું.

ડોસીએ ધમકાવીને સૌને હાંકી કાઢયાં અને બારણું બંધ કરાવ્યું.

"હવે તો તમે બહુ મોટા થઈ ગયા, મારા લાલ! નાના હતા ત્યારે કેવા ગલગોટા જેવા હતા! અત્યારેય તમારે શી ચિંતાઓ હોય કે મોઢું આમ કરમાયા જેવું છે?"

"હું તમને થોડીક વાતો પૂછવા આવ્યો છું. તમને કાટુશા માસ્લોવાની યાદ છે ને?"

"કાટેરિના ને? તે તો મારી ભાણી થાય; મને તે કેમ યાદ ન હોય? તેને માટે હું કેટકેટલું રડી છું? મને બધી ખબર છે! પણ ભાઈ સાહેબ, ભગવાનનો ગુનેગાર તો કદીક ને કદીક કોણ નથી બનતું? જુવાની કોનું નામ ત્યારે? અમારી જાતની છોકરીને ચા-કૉફી પીવા મળે – પછી બીજું શું થાય? સેતાન ચડી જ વાગે ને? અને તમે કયાં તેને જરાય અન્યા' કર્યો' તો? તમે તો ખાસા સો રૂબલ તેને રોકડા આપ્યા હતા. પણ એણે શું કર્યું? મારું કહેવું માન્યું હોત તો સુખે જીવતી હોત. મારી ભાણી થાય છે, પણ હું તો સાચી વાત કહી દેવાની, હા. મેં તેને કેવી મજાની નોકરી શોધી આપી, પણ તે તો તરત તેના શેઠની સામે થઈ ગઈ. અમારા જેવાંથી તે સારાં માણસોની સામે થઈ જવાતું હશે? નોકરીમાંથી કાઢી ન મૂકે, તો શું કરે? પછી જંગલવાળાને ત્યાં રહી. ત્યાં પણ નિરાંતમાં રહેત; પણ ના, કયાંય ગોઠવાઈને રહે તો કાટેરિના શાની?"

"મારે તો તેના બાળક વિષે જાણવું છે. તમારે ત્યાં જ માસ્લોવાની સુવાવડ થઈ હતી ને? એ બાળક કયાં છે?"

"બાળકની વાત પૂછો છો? મારે બહુ બહુ ચિંતા કરવી પડી'તી. કાટેરિના તો ફરી ઊભી થાય તેવું હતું જ નહિ. તેથી બાળકનો દીક્ષા-વિધિ કરાવી મેં તેને અનાથાશ્રમમાં મોકલી દીધું. મા મરવા પડી

હોય તેથી છોકરાને તો ના જ મરવા દેવાય ને? બીજી બધી તો ભૂખે મરવા દે છે. પણ મેં વિચાર કર્યો કે મને થોડી તકલીફ પડે, પણ મારે તો તેને અનાથાશ્રમમાં જ મોકલવું, અને કાટેરિના પાસે પૈસા પણ હતા; એટલે મેં તેને મોકલી દીધું."

"અનાથોની ઇસ્પિતાલમાંથી* તમને એનો રજિસ્ટર-નંબર મળ્યો હશેને?"

"હા, મળ્યો'તો જ વળી; પણ એ છોકરું મરી ગયું. પેલી તેને ત્યાં લઈ ગઈ ને તરત જ મરી ગયું."

"'પેલી' કોણ?"

"સ્કોરોદ્નોવાળી' સ્તો. તેનો એ જ ધંધો હતો. માલાન્યા એનું નામ હતું. હવે તો તેય મરી ગઈ છે. બહુ સમજુ બાઈ હતી. તેની પાસે કોઈનું છોકરું આવે એટલે તે તેને રાખી લે; પછી ત્રણ કે ચાર ભેગાં થાય એટલે સીધી લઈને ઊપડે અનાથાશ્રમમાં. એક મોટું પારણું રાખેલું – વાકડિયા જેવાં ખાનાંવાળું'સ્તો. તેમાં ચાર જણ નિરાંતે ગોઠવાઈ રહે. છોકરાં બહુ રડે તો ચીંથરામાં થોડું ચાટણ ચોપડી ચૂસવા આપી દે, એટલે છોકરું રડતું ચૂપ! બહુ સમજણી બાઈ હતી."

"હાં, આગળ ચલાવો."

"કાટેરિનાનું છોકરું પણ એ જ રીતે તેણે પંદર દિવસ પોતાને ત્યાં રાખ્યું. પણ એના ઘરમાં હતું ને જ બીમાર પડી ગયું."

"બહુ સારું બાળક હતું?"

"બરાબર તમારું મોંએ મોં વળી; એવું રૂપાળું છોકરું તો મારા બાપ જન્મારામાંય મને જોવા મળ્યું નથી."

"પણ એ માંદું શાથી પડી ગયું? તેને ખાવાનું ખરાબ મળતું હતું?"

* મૉસ્કોની અનાથો માટેની મોટી હૉસ્પિટલ. ત્યાં આવેલાં દશ-માંથી આઠ કે નવ બાળકો મરી જતાં.

"ખાવાનું વળી શાનું? પોતાનું છોકરું ન હોય તેવાને તે કોઈ પેટ ભરીને ખવરાવતું હશે? મૉસ્કો જીવતું પહોંચે તેટલું ધૂળધમા કંઈ ખવરાવે-પીવરાવે વળી. એટલે પેલી લઈને મૉસ્કો પહોંચી ને તરત મરી ગયું. એનું સર્ટિફિકેટ પણ તે લેતી આવી હતી – બધું કાયદેસર. બહુ સમજુ બાઈ હતી."

નેખ્લ્યૂદોવને પોતાના સંતાન વિષે આટલી વિગતો જ જાણવા મળી.

૪

બહાર નીકળતી વખતે ફરી પાછું નેખ્લ્યૂદોવનું માથું બારણાના નીચા બૂહા સાથે ટિચાયું. અહીં પણ બહાર કેટલાંક માણસો ટોળે વળ્યાં હતાં.

એક બાઈ મડદાલ છોકરાને હાથમાં લઈને ઊભી હતી, તેના પ્રત્યે નેખ્લ્યૂદોવનું ધ્યાન ખેંચાયું. તેણે પોતાની સાથે આવેલા છોકરાઓને પૂછ્યું, "એ કોણ છે?"

"પેલી આનિસ્યાની વાત કરી હતીને? તે છે!"

નેખ્લ્યૂદોવે તેના તરફ વળીને પૂછ્યું, "તારું ગુજરાન શી રીતે ચાલે છે, બાઈ?"

"ગુજરાન? ભીખ માગીનેસ્તો." એટલું કહીને તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

તે વખતે તેના હાથમાંનું બાળક કોણ જાણે શાથી હાથ-પગ ઉછાળતું કિલકિલાટ કરવા લાગ્યું.

નેખ્લ્યૂદોવે પોતાનું પાકિટ હાથમાં લઈ, તેમાંથી તે બાઈને દશ-રૂબલની નોટ કાઢી આપી.

પરંતુ બે ડગલાં આગળ ચાલ્યો હશે, તેટલામાં બીજી એક બાઈ હાથમાં બાળક લઈને આવી પહોંચી; પછી એક ઘરડી – અને પછી એક જુવાન.

નેખ્લ્યૂદોવે પોતાના ખીસામાંના સાઠેય રૂબલ વહેંચી દીધા. અને પછી આસપાસની કંગાલિયતના દર્શનથી લગભગ તાવ ચડી ગયો હોય એમ લથડિયાં ખાતો તે કારભારી-ગુમાસ્તાને ઘેર આવી પહોંચ્યો.

૪

ખેડૂતો

૧

નેખ્લ્યૂદોવ ઘેર પાછો ફર્યો ત્યારે કારભારી-ગુમાસ્તાએ હસતાં હસતાં તેને આવકારીને જણાવ્યું કે, ખેડૂતો સાંજના અહીં ભેગા થશે. નેખ્લ્યૂદોવે તે વ્યવસ્થા કરવા બદલ તેનો આભાર માન્યો, અને પછી પોતે બગીચામાં ટહેલવા લાગ્યો. મકાનો ભલે ખખળી ગયાં હતાં, પણ બગીચો અને વાડી તો બરાબર જામ્યાં હતાં, અને ફૂલેલાં હતાં.

શરૂઆતમાં તો ચોતરફ શાંતિ હતી; પણ પછી થોડી વારમાં કારભારી-ગુમાસ્તાના ઘર પાછળથી ગુસ્સે થયેલી બે બાઈઓનો અવાજ આવવા લાગ્યો. વચ્ચે વચ્ચે સદા-હસતા કારભારી-ગુમાસ્તાનો અવાજ પણ આવતો હતો.

"મારામાં હવે હામ રહી નથી. તમે આ શું કરોછો? મારા ગળાનો ક્રૂસ[1] પણ પડાવી લેવો છે શું?" ગુસ્સે થયેલી એક બાઈનો અવાજ આવ્યો.

"પણ મારી ગાય માંડ એક ડગલું અંદર પેઠી હશે; હું કહી દઉં છું કે, મારી ગાય પાછી આપી દો. એ બિચારા મૂંગા ઢોરને શા માટે રિબાવો છો? અને મારાં ફૂલ જેવાં છોકરાં દૂધ વગર ટટળે છે."

"તો પૈસા આપી દો. અથવા મજૂરી કબૂલી જાઓ."

નેખ્લ્યૂદોવ બગીચામાં ટહેલવાનું છોડી, દરવાજાની ઓસરી[2] પાસે આવ્યો. ત્યાં બે જીંથરેહાલ બાઈઓ ઊભી હતી – તેમાંની એક તો

---

૧. રુસો-ગ્રીક ચર્ચની દીક્ષાવાળાં સૌ ગળામાં એક ક્રૂસ પહેરી રાખે છે. ગમે તેવી જરૂર પડે તો પણ તેઓ તેને વેચી નાખવા તૈયાર ન થાય.

૨. પોર્ચ. મકાનના મુખ્ય દરવાજા આગળ વરસાદ-તડકો ન આવે તે માટે કરેલું થાંભલા-કમાનોવાળું બાંધકામ. તેની નીચે ઘોડાગાડી વગેરે આવીને ઊભાં રહે.

સગર્ભા હતી અને કદાચ છેલ્લા દિવસો જ જતા હતા. કારભારી કોટનાં ખીસાંમાં હાથ નાખી નિરાંતે પગથિયા ઉપર ઊભો હતો.

પેલી બાઈઓ 'માલિક' ને આવેલા જોઈ, તરત ચૂપ થઈ ગઈ તથા માથા ઉપરનું ખસી ગયેલું બાંધણ સરખું કરવા લાગી ગઈ. કાર-ભારી-ગુમાસ્તાએ પણ ખીસાંમાંથી હાથ કાઢી લીધા અને નેખ્લ્યૂદોવ સામું જોઈ આવકાર-સૂચક સ્મિત કર્યું.

કારભારી-ગુમાસ્તાના કહ્યા પ્રમાણે વાત એમ બની હતી કે, ખેડૂતોને જાગીરના બીડમાં કે ચરામાં પોતાનાં વાછડાં અને ગાયો ઘુસાડી દેવાની ટેવ જ હોય છે. આ બે બાઈઓનાં કુટુંબોની બે ગાયો પણ ચરામાંથી પકડાઈ હતી અને તેમને ડબામાં પૂરી હતી. કારભારી-ગુમાસ્તો ગાય દીઠ ત્રીસ કૉપેક માગતો હતો અથવા બે દિવસની મજૂરી. પેલી બાઈઓનું કહેવું એમ હતું કે, ગાયોને તેમણે જાણીજોઈને ઘુસાડી ન હતી – તેમની મેળે ફરતી ફરતી પેસી ગઈ હશે; તેમની પાસે દંડ ભર-વાના પૈસા ન હતા; ઉપરાંત ગાયો સવારથી બળતા તાપમાં ભૂખી ને ભૂખી પૂરી રાખવામાં આવી હોવાથી દયા આવે એમ બાંઘડતી હતી; એટલે તેમને તરત છોડી મૂકવી જોઈએ – પછી દંડ બદલ તો મજૂરી કરાવવી હશે તો તેઓ કરશે.

"મેં તમને સૌને કેટલી વાર કરગરીને – હાથ જોડીને કહ્યું છે કે, ગાયોને બપોરે ઘેર પાછી વાળો, ત્યારે તેમના ઉપર નજર રાખો!"

"હું મારા ભૂલકાને ધવડાવવા ખસી એટલામાં ગાયો દૂર ચાલી ગઈ."

"પણ ગાયો સંભાળવાનું માથે રાખ્યું હોય, તો ત્યાંથી ખસવું ન જોઈએ ને?"

"તો પછી છોકરાને ધવડાવે કોણ? તમે? અને ખરે જ બીડમાં ગાયોએ ભેળાણ કર્યું હોત તો તો મનમાં ન આવે; પણ આ બાપડીઓ તો માંડ મહીં પેઠી'તી!"

"આખું બીડ ભેલાઈ ગયું છે," કારભારી-ગુમાસ્તાએ નેખ્લૂદોવ તરફ વળીને કહ્યું; "અને હું દંડ વસૂલ ન કરું તો આખા બીડમાંથી આપણે માટે એક પૂળો ઘાસ પણ બાકી ન રહે."

"અરે રે, આવું જૂઠ્ઠું બોલવાનું પાપ શા માટે માથે લો છો, ભલા! મારી ગાયો કદી પહેલાં પકડાઈ નથી." પેલી સગર્ભા બાઈ તડૂકી ઊઠી.

"પણ હવે એક પકડાઈ છે, તો દંડ ભરી દે કે મજૂરીની બોલી કર!" કારભારી પણ તડૂક્યો.

"ભલે; હું વૈતરું કરી જઈશ; પણ મારી ગાય હમણાં ને હમણાં છોડી આપો. એ બિચારા મૂંગા જીવને ભૂખે શા સારુ ટટળાવો છો?" બાઈ ગુસ્સે થઈને બરાડી ઊઠી; "હુંય શું કરું? મરું? રાત ને દહાડો મારે ઠરવાનું નથી: સાસુ માંદી, ધણી દારૂડિયો, મારે જ બધું કામકાજ કરવાનું, ને મારામાં હવે ટીપુંય જોર રહ્યું નથી. તું ને તારું વૈતરું દીસતાં રહો, કારભારી, એટલે નિરાંત થાય!"

નેખ્લ્યૂદોવે એ બાઈઓની ગાયોને છોડી મૂકવા કારભારીને કહ્યું; અને પોતે આ કોયડાનો ઉકેલ શોધતો ફરીથી બગીચામાં ટહેલવા લાગ્યો.

ઉકેલ સ્પષ્ટ જ હતો: નવાઈ એ વાતની જ હતી કે, બધા જ લોકો તે ઉકેલ કેમ જોઈ શકતા નથી, જેમ અત્યાર સુધી પોતે પણ જોઈ શકતો નહોતો! લોકો દરિદ્રતાથી મરી રહ્યા હતા; તેમને એ વસ્તુ જાણે કોઠે પડી ગઈ હતી. તેમનામાં બાળકોનું મરણ-પ્રમાણ અતિશય હતું; સ્ત્રીઓને વધારે પડતી મજૂરી અને પૂરતા પોષણનો અભાવ,– એમ બેવડો મારો પડતો હતો. ડોસાં-ડગરાંને તો પેટ પૂરતું ખાવાનું જ મળતું નહોતું. આ લોકો આ સ્થિતિએ એવા ધીરે ધીરે આવી પહોંચ્યા હતા કે, તેમને એના કારમાપણાનો ખ્યાલ પણ રહ્યો ન હતો. તેઓ કોઈની વિરુદ્ધ કશી ફરિયાદ કરતા નહોતા અને તેથી તવંગર લોકો પણ તેમની તે સ્થિતિને સ્વાભાવિક તથા ઉચિત જ ગણતા થઈ ગયા હતા.

નેખ્લ્યૂદોવને હવે દીવા જેવું સ્પષ્ટ થઈ ગયું કે, આ લોકોના દુ:ખનું એકમાત્ર કારણ એ હતું કે, જે ધરતી તેમને ખવરાવી–પોષી શકે, તે ધરતી જ તેમની પાસેથી છીનવી લેવામાં આવી હતી.

અને બાળકો તથા ઘરડેરાં મોટા પ્રમાણમાં મરી જતાં હતાં તેની શી નવાઈ હતી, વારુ ? તેઓને દૂધ મળતું ન હતું. અને તેઓને દૂધ ન મળવાનું કારણ એ હતું કે, તેમનાં ઢોરને ચરવા માટે ચરાણ-બીડ ન હતાં, કે અનાજ પકવી પૂળા કરવા માટે જમીન ન હતી. જે જમીન તેમને પોષી શકે–જીવાડી શકે, તે બધી તો જમીનદારોના હાથમાં હતી, જેઓ માત્ર એ જમીન ઉપરના માલકી-હકના દાવે આ લોકોની મહેનત-મજૂરી ઉપર જ તાગડધિન્ના કરતા હતા.

જે જમીન વગર આ લોકો જીવી ન શકે, તે જમીન તેમને ભૂખ-મરાને છેડે પહોંચીને ખેડવી પડતી, અને તેનો બધો પાક જમીનદારો બહાર વેચીને તેના પૈસામાંથી સુંદર કપડાં, હાથ-લાકડીઓ, વાહનો, અને શિલ્પ-કારીગરીની ચીજો ખરીદતા.

વૈજ્ઞાનિક મંડળોમાં, સરકારી ખાતાંમાં, અને છાપાંમાં લોકોની કંગા-લિયતનાં કારણો અને તેમની સુધારણાની વાતો ચાલ્યા કરતી; પણ એમની સ્થિતિ સુધારવાનો એક માત્ર સાચો ઉપાય — તેમને જોઈતી જમીન તેમને પાછી આપવી – એની તો કોઈ વાત જ નહોતું કરતું.

નેખ્લ્યૂદોવને હેન્રી જ્યૉર્જના સિદ્ધાંતો યાદ આવ્યા : “ધરતી કોઈ એક જણાની માલિકીની વસ્તુ ન થઈ શકે; પાણી, હવા અને સૂર્ય-પ્રકાશની જેમ તેને ખરીદી કે વેચી ન શકાય. બધાને તેમાંથી મળતા લાભોમાં સમાન હક હોવો જોઈએ.”

અને તેણે કુમિસ્કીની જાગીરમાં હળવી સાંથ લઈને ખેડૂતોને જમીન આપવાની જે યોજના કરી હતી, તેનીય તેને હવે શરમ આવવા લાગી. કારણ કે, જે જમીન ઉપર તેને પોતાને જરાય હક ખરી રીતે ન હતો, તે હક કાયમ રાખવા જેવું જ તેણે કર્યું હતું. એટલે આ વખતે તો તેણે જે સાંથ પોતે ઉઘરાવે તેની માલકી પણ ખેડૂતોની

ગણવાનો જ નિરધાર કર્યો. સાંથની તે રકમમાંથી કરવેરા ભરવામાં આવે અને બાકી વધે તે તેમના સહિયારા ભંડોળ તરીકે જ રહે અને તેમના સહિયારા કામકાજમાં જ લેવાય, એવું તેણે વિચાર્યું. અલબત્ત, આ પણ હેન્રી જ્યૉર્જના સિદ્ધાંત અનુસાર પૂરેપૂરું થયું ન કહેવાય; પરંતુ જમીન-ની ઊપજમાંથી પોતે કશો અંગત લાભ ખાટતો મટે, તેટલા પૂરતું તો તે બરાબર હતું.

૨

જ્યારે નેખ્લ્યૂદોવ ઘેર પાછો ફર્યો ત્યારે કારભારી ખાસ પ્રકારના મનોરંજક હાસ્ય સાથે પૂછવા લાગ્યો કે, હવે ભોજન લેવા પધારશો કે કેમ?

કારભારીએ ભોજન માટે ખાસ તૈયારીઓ કરાવી હતી; પરંતુ નેખ્લ્યૂદોવનું મન તો પેલા વિચારોથી જ ખારું થઈ ગયેલું હતું; અને તેને આ બધી વાનીઓ ફીકી લાગવા માંડી.

ભોજન બાદ નેખ્લ્યૂદોવે કારભારીને પરાણે પોતાની પાસે વાત-ચીત કરવા બેસાડયો. નેખ્લ્યૂદોવનો નિરધાર સાંભળીને, કારભારીના માં ઉપરનું નિત્ય-હાસ્ય તરત અલોપ થઈ ગયું.

નેખ્લ્યૂદોવે કારભારીને ઉપરાંતમાં જણાવ્યું કે, બધા ખેડૂતોને આપણી કચેરીએ ભેગા કરવાને બદલે હું પોતે જ ગામમાં તે સૌને મળવા જઈશ.

૩

ગામલોક મુખિયાના: આંગણામાં ભેગા થયા હતા. નેખ્લ્યૂદોવને આવેલા જોતાં જ તે સૌએ માથા ઉપરથી ટોપા ઉતારી નાખ્યા. નેખ્લ્યૂદોવે જોયું કે, આ ખેડૂતો કુમિસ્કી કરતાંય વધુ કંગાળ સ્થિતિના માણસા છે.

નેખ્લ્યૂદોવે જ્યારે પોતાના ઈરાદાની વાત તેમને કરી, ત્યારે તેમનાના માં ઉપર ઉત્કંઠા કે રાજીપાનો કશો ફેરફાર થયેલો જોવા ન મળ્યા. તેઓ ચૂપ જ રહ્યા.

નેખ્લ્યૂદોવે જે સાંથ આવે તે ગામલોકના સહિયારા ભંડોળ તરીકે રહે એ વાત પણ કરી.

પણ ખેડૂતોને તો આ બધામાં જમીનદારની કોઈ નવી જ યુક્તિ કે ચાલાકી દેખાઈ.

તેઓ એમ જ માનતા હતા કે, દરેક માણસ પોતાનો સ્વાર્થ જ જુએ. કેટલીય પેઢીઓના અનુભવે તેમનો આ વિશ્વાસ કે અણવિશ્વાસ બંધાયો તથા ઘડાયો હતો. એટલે તેઓએ એમ જ માની લીધું કે, જમીનદારે જાતે ચાલીને આ બધો ઘાટ ઘડયો છે, તો તે ખેડૂતો પાસેથી કંઈક વધુ લાભ છડી લેવા માટે જ ઘડયો હશે.

"તો પછી તમે કહી દો, તમે સૌ મારી માલકીની જમીન રાખવા માટે શી સાંથ ઠરાવો છો?" નેખ્લ્યૂદોવે થાકીને પૂછ્યું.

"અમે શી રીતે ઠરાવીએ? અમારાથી એ ન ઠરાવાય. જમીન તમારી છે અને બધી સત્તા પણ તમારી છે."

"ના, ના; એ સાંથના પૈસા પણ તમારા સહિયારા ભંડોળ તરીકે તમારા જ રહે, એમ જ હું કરવા માગું છું."

"ના, ના એ કશું ન બને! તમે તમારે જે વાત કરવી હોય તે સીધી રીતે કરો. આ બધું અટપટું અમને સમજાતું નથી અને તે અમને મંજૂર નથી."

હવે કારભારી વચ્ચે પડયો, અને તેણે એ ખેડૂતોને સમજાય તે રીતે વાત કરીને કહ્યું, "પ્રિન્સ તમને પોતાની માલકીની બધી જમીન સાંથે આપવા માગે છે, અને પછી એ સાંથની રકમ પણ તમારા સહિયારા ભંડોળ તરીકે પાછી આપશે, સમજ્યા?"

"ના રે ના; અમારે કશું સમજવું નથી; અત્યારે છે તે જ આકરું છે; ને તેથી વધારે અમારાથી કશું ઉપાડાય તેમ નથી," એક બોખલો બુઢ્ઢો બોલી ઊઠયો.

"હા, હા; અમારે તો જેમ જૂનું ચાલતું આવે છે તે જ જોઈએ." કેટલાય અસંતોષભર્યા અવાજો એકસામટા બોલી ઊઠયા.

નેખ્લ્યૂદોવે તેમ છતાં જ્યારે કરારપત્ર તૈયાર કરી તેમાં તેમને સહી કરવાની વાત કરી, ત્યારે તો બધા એકસામટા બરાડી ઊઠયા :

"ના, ના; અમે શા માટે સહી કરીએ? અમે તો જેમ ચાલતું આવ્યું છે તેમ કામ કર્યે જઈશું. અમે બધા અભણ માણસો છીએ; અમારે આ બધું સહી કરવાનું ને કાગળિયું કરવાનું ન જોઈએ. અમને ફાયદો જ કરવો હોય તો બિયાવું અમારી પાસેથી લો છો, તે કાઢી નાખો, એટલે બસ!"

અર્થાત્ જમીનદારની જમીનમાં વાવવા માટેનું બિયાવું પણ આ ખેડૂતોએ જ પૂરું પાડવું પડતું.

"તો પછી તમારે વધુ જમીન સાંથે ખેડવા નથી જોઈતી કેમ? તમારી પાસે પૂરતી જમીન છે, ખરું!" નેખ્લ્યૂદોવે પૂછ્યું.

"ના, ના; જમીન પૂરતી ક્યાં છે?"

"તો પછી મેં કહ્યું તે વાતનો વિચાર તમારી મેળે અંદરોઅંદર કરી જોજો; હું તમારે જોઈએ તેટલી વધારે જમીન મારી જમીનમાંથી બહુ નજીવી સાંથે તમને આપવા માગું છું. અને એ સાંથની રકમ પણ તમને તમારા સહિયારા ભંડોળ તરીકે પાછી મળશે."

"ના, ના; અમારે કશો વિચાર કરવો નથી. અમે કહી તો દીધું."

"હું હજુ કાલનો દિવસ અહીં રોકાવાનો છું; એટલે તમારો વિચાર બદલાય તો મને ખબર આપજો."

ખેડૂતો ચૂપ જ રહ્યા.

જ્યારે નેખ્લ્યૂદોવ ઘેર ગયો ત્યારે કારભારીએ તેને કહ્યું, "આ લોકો [illegible] જક્કી હોય છે. બધાને ભેગા બોલાવ્યા હોય ત્યારે તેઓ એક જ વાતને વળગી રહે છે; અને કેમેય કર્યા ચસક્તા નથી. તેમને બધી વાતનો ડર જ લાગે [illegible] ખરી રીતે આ બધા સમજણાલોકો છે. એમાંનો કોઈ છૂટક [illegible] કચેરીએ આવે છે, અને તેને ચાનો પ્યાલો ધરીએ છીએ, [illegible] તેની સમજદારીનો અને ચાલાકીનો પાર નથી રહેતો; પરંતુ

એક વખત આખા ટોળામાં એ જ માણસભળ્યો, એટલે તે સૌની વાતમાં જ 'હા' ભણ્યા કરવાનો."

"તો પછી એમનામાંના કોઈ ડાહ્યા સમજદાર માણસોને આપણી કચેરીએ બોલાવી શકાય કે નહિ?"

"જરૂર, એમ થઈ શકે."

"તો કાલે મહેરબાની કરીને એ ગોઠવણ કરો."

* * *

બીજી બાજુએ ખેડૂતોમાંના બે બુઢ્ઢા ખેડૂતો પોતાની ઘોડીઓ ઉપર બેસીને ઘેર પાછા ફરતા હતા, ત્યારે અંદર અંદર વાત કરવા લાગ્યા —

"હં! મફત જમીન આપી દે! માત્ર આપણે સહી જ કરવાની. આમ ને આમ એ જમીનદારો કેટલીય વાર આપણને ઠગી ગયા. ના, આપણે એમની એ વાતોમાં આવવું જ નહિ, ભાઈલા! આપણનેય ટપલા ખાઈ ખાઈને હવે માથામાં થોડી અક્કલ જેવું આવ્યું છે. સહી કરી આપો એટલે કાંડાં જ કાપી આપ્યાં, અલ્યા! પછી તમને આખા ને આખા ગળી જ જાય!"

૫
સબ ભૂમિ ગોપાલકી!
૧

નેખ્લ્યૂદોવ ઘેર પહોંચ્યો, ત્યારે કચેરીના ઓરડામાં તેની પથારી કરવામાં આવી હતી. ખેડૂતોના નકારથી નેખ્લ્યૂદોવને કંઈ ચિંતા થઈ ન હતી. કુમિસ્કીમાં ખેડૂતોએ તેનો આભાર માનીને તેણે સૂચવેલી વ્યવસ્થા સ્વીકારી લીધી હતી, ત્યારે અહીં તો તેની આખી વાત તરફ સંશય અને વહેમની નજરે જ જોવામાં આવતું હતું; છતાં નેખ્લ્યૂદોવ પોતાના અંતરમાં ઉચિત કર્યાનો સંતોષ તથા આનંદ જ અનુભવતો હતો.

કચેરીમાં બધું સંકડાશ અને રૂંધામણ જેવું લાગતું હોવાથી નેખ્લ્યૂદોવ મકાન પાછળના બગીચામાં ટહેલવા નીકળી ગયો. ત્યાં નોકરડીઓની ઓરડીની બારી વગેરે જૂનાં સ્થળો તેની નજરે પડતાં તે ચોંક્યો: તે રાતે કાટુશા પાછળ ઘેલા બની તેણે ત્યાં કેટલા બધા આંટા માર્યા હતા? તે પહેલાંનાં કિશોર અવસ્થાનાં પણ કેટલાંય નિર્દોષ સંભારણાં તેના ઊભરાઈ આવ્યાં.

પછી અચાનક તેને પોતાની માતાની યાદ આવી. ચૌદેક વર્ષની ઉંમરે તેની પાસેથી વિદાય થતી વખતે તે તેના ખોળામાં માથું મૂકીને રડ્યો હતો અને ભારપૂર્વક તેણે તેને એવી ખાતરી આપી હતી કે, પોતે સારો છોકરો નીવડશે અને તેને દુઃખ થાય તેવું કશું કદી નહિ કરે!

બધાં એવાં સ્મરણો અને સંભારણાંમાં ખોવાઈ તે ત્યાં આંટા મારતો હતો, તેવામાં વરસાદનાં ફોરાં પડવા લાગ્યાં, એટલે તે અંદર

પાછો આવ્યો. કચેરીની ભીંતની હાલત જોઈને તેને લાગ્યું તો ખરું જ કે, ત્યાં ભરપટ્ટે માંકણો હોવા જોઈએ. અને બન્યું પણ તેમ જ: તે સૂતો કે તરત તેના ઉપર એ બધાઓએ વ્યવસ્થિત હુમલો શરૂ કરી દીધો.

તેને વિચાર આવ્યો કે, પોતાની જમીન-જાગીર છોડીને તે સાઇબીરિયા જવા તૈયાર થયો છે; ત્યાં તો અહીં કરતાંય બધું કેવુંય ખરાબ હશે! તે એકદમ બેઠો થઈ ગયો અને બારી પાસે આવી આકાશમાં વાદળો પાછળથી નીકળવા પ્રયત્ન કરતા ચંદ્રને જોઈ રહ્યો, તથા ગણગણ્યો: ગમે તે થાય; પણ જો એમ કરવું જ પડે તો હું એ બધું સહન કરી લઈશ! આમ દુ:ખોથી ગભરાયે ચાલે?

૨

છેક સવાર થવાની આવી ત્યારે જ નેખ્લ્યૂદોવ કંઈક ઊંઘી શકયો. અને તેથી તે ઘણો મોડો ઊઠ્યો.

બપોરના, કારભારીએ પસંદ કરીને બોલાવેલા સાતેક ખેડૂતો આવી પહોંચ્યા. વાડીમાં તેમને સૌને બેસવાની સગવડ કરવામાં આવી હતી.

નેખ્લ્યૂદોવ અત્યારે થોડા જણ હોવાથી કે, પોતાનાં મનોમંથનમાં ફસાયેલો ન હોવાથી સ્પષ્ટતાથી વાત કરી શકયો. શરૂઆતમાં તો તેણે એક વધુ સમજણા લાગતા ખેડૂતને સંબોધીને વાત કહેવાની શરૂ કરી. પણ પછી તે કશું સમજતો હોય એમ ન લાગતાં, તેણે બીજા સામું જોઈને બધી વાત કરવા માંડી.

“જુઓ, હું માનું છું કે, જમીન વેચવાની કે ખરીદવાની વસ્તુ ન હોવી જોઈએ. પ્રકાશ, પાણી, હવાની પેઠે મનુષ્યજીવન માટે ઉપયોગી એવી એ ધરતી પણ ઈશ્વરની માણસને મફત મળેલી બક્ષિસ જ ગણવી જોઈએ. જમીનને એક વાર પૈસાથી ખરીદી કે વેચી શકાય એવી મિલકતરૂપે ગણીએ, તો પછી પૈસાવાળો માણસ બધી જમીન ખરીદી લે અને બાકીના બધા પાસેથી એ જમીનનો ઉપયોગ કરવા દેવા બદલ ગમે તેટલા પૈસા કે મજૂરી માગી શકે.”

"ખરી વાત છે, ખરી વાત છે," એક જણ બોલી ઊઠયો.

"બરાબર! બરાબર!" બીજો બોલ્યો.

"જુઓને, એક બાઈ પોતાની ભૂખે મરતી ગાય માટે થોડું ઘાસ કાપે એટલા માટે તેને જેલમાં પૂરી દે છે!" ત્રીજો બોલ્યો.

"અમારી જમીન પાંચ વર્સ્ટ* દૂર છે; અને વધુ જમીન સાંથે રાખવી અશકય છે; ભાવ એટલો બધો ઊંચો રાખે છે કે, પછી કશું જ ન પરવડે; અમને તો દોરડાની જેમ આમળીને નિચોવે છે — ગુલામો કરતાં બદતર દશા છે." ચોથો બોલ્યો.

"બસ, હું તમારી પેઠે જ માનું છું કે, જમીનની માલકી હોવી એ પાપ છે; તેથી હું મારી જમીન આપી દેવા માગું છું." નેખ્લ્યૂદોવે કહ્યું.

"એ તો બહુ સારી વાત છે! ભગવાન તમારું ભલું કરે!" કેટલાક જણ ભેગા બોલી ઊઠયા.

"હું અહીં એટલા માટે જ આવ્યો છું કે, મારે જમીન ઉપર મારો કશો માલકી-હક રાખવો નથી, અને જમીન તમને બધાને આપી દેવી છે. તો પછી આપણે બધા ભેગા મળીને એ જમીન તમો સૌને કેમ કરીને વહેંચી આપવી એ વિચારી લઈએ."

"બસ, ખેડૂતોને એ જમીન આપી દો, એટલે પત્યું! એમાં બીજાં શાં લેખાં માંડવાનાં રહે છે?" એક ઉતાવળો જણ બોલી ઊઠયો.

નેખ્લ્યૂદોવને લાગ્યું કે, એ જવાબમાં મારા ઇરાદાઓ પ્રત્યે ભારોભાર શંકાઓ ભરેલી છે. પરંતુ તેણે જરાય છપાયા વિના જવાબ આપ્યો —

"મારે તો જમીન આપી જ દેવી છે; પરંતુ તે કોને આપવી? અને કેવી રીતે આપવી? કયા ખેડૂતોને આપવી? તમને શા માટે અને આજના ગામના ખેડૂતો કે જેમની પાસે બહુ જ થોડી જમીન છે, તેમને કેમ ન આપવી? — એ બધું વિચારી લેવું પડેને?"

* રશિયન માઈલ — ૩૫૦૦ ફૂટનો.

બધા હવે ચૂપ રહ્યા.

"તો હવે તમે જ કહો કે, તમને એ જમીન સોંપી દઉં તો તમે અંદર અંદર તેની કેવી રીતે વહેંચણી કરો?"

"બીજી કઈ રીત વળી? માણસ દીઠ આટલી આટલી – એમ કરીને વહેંચી દઈએ વળી!"

બધાએ એ વાતમાં સંમતિ બતાવી.

"પણ માણસ દીઠ અમુક, એટલે તમારે ત્યાં જે નોકરો છે, તેમને પણ હિસ્સો મળશે, એમ?" નેખ્લ્યૂદોવે પૂછયું.

"હા, હા, જો વહેંચીએ તો તો પછી બધાંને જ વરાડે પડતી વહેંચવી પડેને?"

"એ તો ન બને," નેખ્લ્યૂદોવે કહ્યું; "કારણ કે, જો બધાને સરખે ભાગે જમીન આપો, તો પછી જેઓ જાતે કામ કરતા નથી — ખેડતા નથી – તેઓ પોતાનો હિસ્સો પૈસાદારને વેચી દે. અને એમ જમીન ફરી પાછી પૈસાદારના હાથમાં ભેગી થવા માંડે. વળી જેઓ જમીન ખેડીને આજીવિકા ચલાવતા હોય, એમની સંખ્યા વધતી જાય, એટલે જમીનની વળી પાછી તંગી ઊભી થાય; અને જેમને જમીન જોઈતી હોય, તેમને પૈસાદારો ફરી પાછા પોતાના પંજામાં સપડાવે – તેમને નિચોવવાનું શરૂ કરે."બીજો બોલ્યો.

"ખરી વાત!" એક જણ બોલી ઊઠયો.

"તો પછી જમીન વેચવાની બંધી કરો, અને જે ખેડે તેને જ જમીન મળે, એવું નક્કી કરો." બીજો બોલ્યો.

"પણ પોતાને માટે કોણ ખેડે છે, અને બીજા માટે કોણ ખેડે છે, એ શી રીતે જાણી શકાય?" નેખ્લ્યૂદોવે જણાવ્યું.

"તો પછી, બધા ભેગા મળી સહિયારી જમીન ખેડે; અને પછી જેઓ ખેડે તેમને પાકમાંથી હિસ્સો મળે, ને ન ખેડે તેને નહિ, એવું કરો!" ત્રીજા જણે જુદો માર્ગ સૂચવ્યો.

"પણ તો પછી બધાની પાસે હળ હોવાં જોઈએ, હળે જોતરવાના ઘોડા હોવા જોઈએ, અને બીજાં પણ ઓજારો હોવાં જોઈએ. અર્થાત્ એ બધાં સાધનો પણ સહિયારાં હોવાં જોઈએ. પણ અત્યારે જેમની પાસે એ ઓજારો છે, તેઓ એમનો માલિકી-હક છોડીને એ બધાં ઓજારો ગામ-પંચાયતને સોંપી દેવા રાજી થશે ખરા ?" નેખ્લ્યૂદોવે જવાબ આપ્યો.

"ના, ના; અમારા લોકો પાસેથી એ વાત તો આખી જિંદગી માથાકૂટ કરો તો પણ કબૂલ ન કરાવાય!"

"અરે અમારા લોકોમાં તો લડાઈ જ જામી પડે!" એક બુઢ્ઢો ડોકું હલાવતો હલાવતો બોલ્યો.

"અને જમીનની જાત બાબતનું પણ ખરુંને? એક જણને ફળદ્રુપ જમીન મળે, અને બીજાને રેતી ને કાંકરા — એવું તો ન બને ન? એટલે વાત તમે બધા માનો છો તેટલી સહેલી નથી. આપણે જ નહિ પણ બીજા ઘણાય ડાહ્યા પુરુષોએ એ બધી બાબતોનો વિચાર કરેલા છે. એ બધામાંથી અમેરિકાના એક હેન્રી જ્યૉર્જ નામના માણસે આ બાબત અંગે જે કહ્યું છે, તે મને કબૂલ રાખવા જેવું લાગે છે કે, —"

"હા; હા; તમે જ માલિક છો; તમને ઠીક લાગે તેમ વહેંચી આપોને! તમારો કોણ હાથ ઝાલવા આવવાનું હતું? સત્તા તમારા હાથમાં છે." સિમૉન ડોસો બોલી ઊઠયો.

"પણ કાકા, તમે માલિકને જે કહેવું છે તે તો સાંભળો —" બાજાઓ બોલી ઊઠયા.

નેખ્લ્યૂદોવે આથી ઉત્તેજિત થઈને હેન્રી જ્યૉર્જનો સિદ્ધાંત સમજાવવા માંડયો —

"ધરતી માણસની માલકીથી નથી, પણ ભગવાનની માલકીની છે."

"ખરી વાત! ખરી વાત!" સૌ એકસાથે બોલી ઊઠયા.

"જમીન સૌના ઉપયોગ માટે છે. બધાનો તેના ઉપર સરખો હક છે. પણ જમીન જુદી જુદી જાતની હોય છે: બધા જ તેમાંથી સારી જમીન લેવા તાકે. તો પછી જમીનની વહેંચણીની ન્યાયી રીત કઈ કહેવાય? એ કે, જે સારી જમીન વાપરે, તેણે તેની કિંમત જેને જરાય જમીન ન મળી હોય તેને ભરવી જોઈએ. પણ કોણ કોને પૈસા ભરે, એ નક્કી કરવાનું મુશ્કેલ પડે; એટલે જે સારી જમીન વાપરે તે પંચાયતી સહિયારા ભંડોળને તે જમીનની કિંમત ભરે. પંચાયતને પણ પોતાની જરૂરતો માટે ભંડોળ તો જોઈએ. તે આ રીતે ઊભું થાય. એટલે કે, તમારે જમીન જોઈતી હોય તો તેની કિંમત ભરો – સારી જમીન માટે વધારે, અને ખરાબ જમીન માટે ઓછી. તમારે જમીન જોઈતી ન હોય, તો કશું નહિ ભરવાનું. આમ બધા કરવેરા અને પંચાયતી ખર્ચા જમીન વાપરનારાઓ પાસેથી જ વસૂલ થાય."

"ખરી વાત; જે સારી જમીન વાપરે તે વધારે ભરે!"

"એ જ્યૉર્જ માણસને માથું છે, એમ કહેવું પડે!" એક જણ બોલ્યો.

"પણ ભરણાની રકમ અમારા ગજા પ્રમાણેની હોવી જોઈએ."

"એ રકમ બહુ મોટી ન હોવી જોઈએ," નેખ્લ્યૂદોવે સમજાવ્યું; "કારણ કે, જો વધારે મોટી હોય તો ભરાય જ નહિ ને ખાધ પડે; અને જો બહુ ઓછી રાખો, તો જમીનનો માલકી-હક વેચાયા જ કરે અને ખરીદાયા જ કરે: જમીનનો વેપાર પાછો શરૂ થઈ જાય. મારે તમારી સાથે આ બધું જ વિચાર કરીને નક્કી કરવું હતું."

"ખરી વાત છે; એમ જ કરવું જોઈએ; અમને બધાને કબૂલ છે." બધા જ હવે સમજ્યા પછી બોલવા લાગ્યા.

"એ માણસ જ્યૉર્જને માથું છે, એમ કહેવું પડે!" પેલો પહેલાં બોલનારો જ પાછો ફરીથી બોલ્યો; "જુઓને તેણે કેવો નિવેડો શોધી કાઢયો છે?"

સભા હવે પૂરી થઈ.

નેખ્લ્યૂદોવે સૌને હવે નિરાંતે ભેગા મળીને બધો વિચાર ફરી કરી જોઈ, તેમનો આખરી ફેંસલો પોતાને જણાવવા કહ્યું.

ખેડૂતોએ એ કબૂલ રાખ્યું અને સૌ ભારે ઉત્તેજિત-ઉશ્કેરાટભરી હાલતમાં છૂટા પડયા,

રસ્તા ઉપર થઈને જતા હતા ત્યારે તેમની આપસઆપસમાં મોટેથી થતી વાતોનો અવાજ કયાંય સુધી સંભળાતો રહ્યો.

૩

ખેડૂતો બીજે દિવસે કામ ઉપર ન ગયા, પરંતુ આખો દિવસ તેમણે ટોળે વળી જમીનદારે કહેલી વાતનો વિચાર કરવામાં ગાળ્યો. આખી પંચાયત બે તફામાં વહેંચાઈ ગઈ ગઈ: એક તફો એવું માન-નારો હતો કે, જમીનદારની વાત આપણે માટે જ લાભદાયક છે, અને એને સ્વીકારી લેવી જોઈએ; બીજો તફો એવું માનતો હતો કે, આમાં જમીનદારની કોઈ નવી ચાલબાજી છે અને આ બધું ન સમજાય તેવું છે.

પરંતુ ત્રીજે દિવસે ભારે રકઝકને અંતે સૌ સહમત થયા; અને કેટલાક પ્રતિનિધિઓને ખેડૂતો તરફથી નેખ્લ્યૂદોવ પાસે એ નિર્ણય જણાવવા મોકલવામાં આવ્યા.

બધા ખેડૂતો સહમત થવામાં એક બુઢ્ઢી ડોશીએ કહેલી વાત મુખ્યત્વે કારણભૂત થઈ હતી. તેણે સૌને ટોકીને કહ્યું હતું કે, આપણા માલિકને તો પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો વિચાર આવવા માંડયો છે, અને તેથી તેઓ દાનધર્મ પુષ્કળ કરવા માંડયાં છે. નેખ્લ્યૂદોવે ગરીબ-ગુરબાંને છૂટે હાથ પૈસા વહેંચ્યા હતા તે વાત બધે ફેલાઈ ગઈ હતી અને ખેડૂતોને આ વાત જ નિર્ણાયક થઈ પડી: આવા ધર્માત્મા માણસના ઉપર બીજો ખોટો વહેમ ન લાવવો જોઈએ!

૪

પાનોવોમાં ગાળેલો છેલ્લો દિવસ નેખ્લ્યૂદોવે ફોઈઓના ઘરમાંનું રાચરચીલું તથા કાગળ-પત્ર તપાસવામાં ગાળ્યો. એક ખાનામાંથી તેને

એક ફોટો મળ્યો. તેમાં તેની ફોઈઓ — સોફાયા ઈવાનોવ્ના અને મૅરી ઈવાનોવ્ના ઉપરાંત નાની ઉંમરનો પોતે તથા જુવાન નિર્દોષ કાટુશા પણ હતાં. પોતે લખેલા કેટલાક કાગળો પણ તેને મળ્યા.

ઘરના બધા રાચરચીલામાંથી નેખ્લ્યૂદોવે એ થોડા પત્રો તથા પેલો ફોટોગ્રાફ જ રાખી લીધાં.

બાકીનું બધું મકાન અને રાચરચીલું પેલા સદા-હસતા કારભારી-ની સૂચનાથી એક મિલ-ઘંટીવાળાએ ખરીદી લીધું: તેની સાચી કિંમતના દશમા ભાગે!

કુમિસ્કીમાં તો એક વખત પણ નેખ્લ્યૂદોવને બધી જૂની મિલકત વેચી કાઢતાં દુ:ખ જેવું થઈ આવ્યું હતું; પણ અહીં તો તેને જાણે કોઈ જાળમાંથી છૂટયો હોય એવું જ લાગતું હતું; — અને ઉપરાંતમાં કોઈ મુસાફર નવા મુલક શોધી કાઢે ને તેને થાય તેવો આનંદ પણ થતો હતો.

૬

વકીલને ઘેર

૧

નેખ્લ્યૂદોવ જ્યારે શહેર પાછો ફર્યો, ત્યાર તેની બદલાયેલી દૃષ્ટિમાં ત્યાંનું બધું તેને નવું નવું લાગવા માંડયું. સાંજના વખતે તે સ્ટેશને ઊતર્યો હતો; અને ઘેર પહોંચ્યો ત્યારે તો બધા કમરાઓમાં વસ્તુઓ, કપડાં, ફરનિચર વગેરે બધું તપવવા, લૂછવા અને પૅક કરવાની ધૂમ મચી રહી હતી. કમરામાં જવાના રસ્તાઓમાં પેટીઓ ખડકેલી હતી અને હરવા ફરવાની પણ જગા રહી ન હતી.

ગામડાંની ગરીબી તાજેતરમાં જ જોઈને આવ્યો હોવાથી, તેને આ બધા વૈભવ — જે અત્યાર સુધી તેણે ટકવ્યો હતો, તેની શરમ આવવા લાગી.

બીજે દિવસે નેખ્લ્યૂદોવ વહેલો ઘરમાંથી નીકળી ગયો. તેણે ઘરની નજીકમાં જ આવેલા એક સામાન્ય લૉજિંગ-હાઉસમાં બે કમરા ભાડે રાખી લીધા. પોતાને જોઈતો સામાન પોતાની બહેન આવે અને [illegible], ત્યાં સુધી મન ફાવે તેમ સાચવી રાખવાનું તેણે આગ્રાફેના પેત્રોવ્નાને જણાવી દીધું.

ત્યાર પછી તે પોતાના એડવોકેટને ત્યાં જવા પગપાળો જ નીકળ્યો. બહાર સખત ઠંડી હતી અને પવન વીંધી નાખે તેમ ફૂંકાતો હતો. નેખ્લ્યૂદોવે સામાન્ય કોટ જ પહેર્યો હતો એટલે તે ઠરીને ઠૂંઠા થઈ ગયો. તેથી ગરમ થવા જ તે જલદી ચાલવા માંડયો.

રસ્તામાં ખાનપાનની તથા બીજા સરસામાનની સજાવેલી દુકાનો

તથા તેમાંના જાડા-પુષ્ટ દુકાનદારો જોઈ, તેને તરત ગામડાંના પેલા કંગાળ ખેડૂતો યાદ આવ્યા. અહીં શહેરમાં કોચમૅનો, દરવાનો, નોકરડીઓ વગેરેના પોશાકો પણ ભપકાબંધ તથા ફેશનદાર હતા અને તે બધાં ખાધેપીધે સુખી દેખાતાં હતાં. નેખ્લ્યૂદોવને વિચાર આવ્યા વિના ન રહ્યો કે, એમાંનાં ઘણાં તો કદાચ ગામડાંમાંથી જ જમીન કે રોજગાર ન રહેવાને કારણે શહેરમાં ભાગી આવ્યાં હશે; તેમાંનાં કેટલાંકને અહીંના તવંગર લોકોએ પોતાના વૈભવના અંગ તરીકે રાખ્યાં - સજાવ્યાં હશે. જો કે, તેમાંનાં બીજાં કેટલાંની અહીં આવ્યા બાદ ગામડાંમાં હતાં તે કરતાંય ભૂંડી વલે થઈ હશે.

— જેમકે, મકાનોનાં ભોંયતળમાં રહેતા આ મોચીઓ, ખુલ્લા હાથે ખુલ્લી બારીઓ આગળ ઈસ્ત્રી કરતી ધોબણો, રંગારાઓ, ગાડાંવાળાઓ, શેરીઓને ખૂણે ઊભાં રહી ભીખ માગતાં ચીંથરેહાલ સ્ત્રી-પુરુષો, હલકાં ગંદાં ભોજનગૃહોમાં જે તે વસ્તુ ખાવા બેઠેલાં કે ચા પીવા બેઠેલાંઓ — એ બધાંના નિસ્તેજ, ફીકા, રોગીલા ચહેરા જુદી જ વાત કહેતા નહોતા?

તેઓ બધાં નરક જેવી આ જગાઓમાં શાથી આવીને ભરાયાં હશે? એવો વિચાર નેખ્લ્યૂદોવને આવ્યા વિના ન રહ્યો.

૨

નેખ્લ્યૂદોવને તેના વારા કરતાં પહેલો ઍડવોકેટની પાસે લઈ જવામાં આવ્યો. મેન્શોવ*ના કેસનાં કાગળિયાં વાંચી તે ખૂબ ગુસ્સે થઈ ગયો હતો. “આખો કેસ ચીતરી ચડે તેવો છે!” તેણે કહ્યું; “મકાનમાલિકે જ વીમાના પૈસા પડાવવા માટે પોતાના મકાનને આગ લગાડી હોય એમ ચોખ્ખું દેખાય છે. ઉપરાંત એ આગ મેન્શોવે લગાડી હોય એવું તો પુરવાર જ થયું નથી. કોઈ જાતનો કાંઈ પુરાવો જ નથી! અને છતાં મૅજિસ્ટ્રેટની બેદરકારી અને પ્રોસિકયૂટરની દરેક કેસમાં સજા કરાવવાની ધગશને કારણે જ આ સજા થઈ છે, જો તેઓનો કેસ

* જુઓ પા. ૧૪૪.

પ્રાંતિક અદાલતને બદલે અહીં ચાલે, તો હું ગેરંટી આપું છું કે, તે નિર્દોષ છૂટી જાય અને ઉપરથી હું કશી ફી ન લઉં, એ વધારામાં!

"હવે થિયોદોસિયાના* કેસમાં તો બાદશાહને કરવાની અપીલ મેં લખી નાખી છે. પણ, તે તમે જાતે લઈને પિટર્સબર્ગ જજો અને તમારે હાથે અપીલ-કમીટી સમક્ષ રજૂ કરજો. નહિ તો, ત્યાં તો થોડી પૂછપરછ કરી લઈ, બધાં કાગળિયાં કાઢી જ નાખે છે. અપીલ-કમીટીના મેંબરોમાંથી જે કોઈ વગદાર હોય તેમનો સંપર્ક સાધવા તમે જરૂર કોશિશ કરજો. બસ ત્યારે? તમે આટલી જ વાત કરવા આવ્યા હતા ને?"

"ના, ના, મારી પાસે આ એક કાગળ છે—"

"વાહ, તમે તો જેલખાનાની પાઈપ બની રહ્યા છો, જેમાં થઈને જેલની બધી ફરિયાદોનો ધધૂડો બહાર પહોંચે છે! પણ એ બધું વધારે પડતું છે; તમારાથી બધે પહોંચી નહિ વળાય."

"ના, પરંતુ આ કેસ બહુ વિચિત્ર છે. ગામડાગામનો એક ખેડૂત જાતે બાઈબલ વાંચી મિત્રો સાથે તેનું વિવરણ કરતો હતો; ત્યાંના પાદરીએ તેને એક મોટો ગુનો માન્યો અને સત્તાવાળાઓને ખબર આપી. મૅજિસ્ટ્રેટે તેની તપાસ કરી અને પબ્લિક પ્રોસિક્યૂટરે તેની સામે આરોપનામું ઘડી કાઢ્યું; એટલે ન્યાયાધીશોએ તેને સેશન-કમિટ કર્યો. આ તો ખરેખર ભયંકર કહેવાય. એવું બની શકે ખરું?"

"પણ એમાં તમને નવાઈ શી વાતની લાગે છે, વારુ?"

"પોલિસ ઑફિસર તો હુકમનું પાલન કરતો હોય એટલે તેની વાત તો સમજી શકાય; પરંતુ પ્રોસિક્યૂટર આ જાતનું આરોપનામું ઘડી કાઢે, એ કેવી વાત? ભણેલો-ગણેલો એવો માણસ—"

"ત્યાં જ તમારી ભૂલ થાય છે ને! આપણે એવું માની લઈએ છીએ કે, પબ્લિક પ્રોસિક્યૂટરો તથા જજો બહુ ઉદાર-મત-વાદી લોકો એવા હશે. એક વખત એવો હતો, એની ના નહિ,— જ્યારે તે બધા

* જુઓ આગળ પાન ૯૬.

એવા હોતા. પણ હવે જમાનો બદલાઈ ગયો છે. તેઓ માત્ર નોકરિયાટ અમલદારો જ બની રહ્યા છે, અને પોતાના પગારની જ પંચાત કરે છે. તેઓને જે પગાર મળતો હોય તેથી વધુ પગાર તેઓ માગ્યા કરે છે અને ત્યાં જ તેમના સિદ્ધાંતો અને આદર્શો પૂરા થાય છે. તેઓ તમે કહો તેમને આરોપી ઠરાવે, તમે કહો તેવો ચુકાદો આપે અને તમે કહો તેવી સજા કરે!"

"પણ બાઈબલ બીજાઓ સાથે મળીને વાંચનારને સાઈબીરિયા દેશનિકાલની સજા થાય, એવો કાયદો ક્યાં છે?"

"હા, હા; દેશનિકાલની જ સજા થાય,–જો તમે પુરવાર કરો કે ચર્ચે કહ્યા કરતાં ઊલટી રીતે બાઈબલનો અર્થ કરી તમે તેનો જાહેર પ્રચાર કરો છો! રશિયામાં ગ્રીક – ઑર્થોડૉક્સ ચર્ચ રાજ્ય-માન્ય છે. તેની સામાન્ય જનતાની હાજરીમાં નિંદા કરવી, એ ૧૯૬મી કલમ પ્રમાણે સાઈબીરિયા દેશનિકાલ થવાને પાત્ર ગુનો છે!"

"અશક્ય!" નેખ્લ્યૂદોવ ત્રાડી ઊઠ્યો.

"અરે હું ખાતરી આપું છું કે, એ એમ જ છે; અને હું તો હંમેશ આ જજ સાહેબોને મોંએ કહું છું કે, હું તમે અને આપણે બધા જ જેલમાં નથી, તે एमनी જ કૃપા છે. બાકી, તેઓ ધારે તો આપણા બધા હકો છીનવી લઈ, આપણ બધાને સાઈબીરિયા ભેગા જ કરી દઈ શકે!"

"પણ જો પ્રોસિક્યૂટરનું અને જજોનું ધાર્યું જ થઈ શકતું હોય, તો પછી અદાલતમાં કેસ ચલાવવાનો અર્થ શો?"

ઍડવોકેટ હવે ખડખડાટ હસી પડ્યો. તે બોલ્યો, "તમે બહુ વિચિત્ર પ્રશ્નો પૂછો છો, સાહેબ. તમે જે પૂછો છો તે તો ફિલસૂફીને લગતો પ્રશ્ન છે; અને તમારે તે અંગેની ચર્ચા કરવી હોય તો મારે ત્યાં શનિવારે આવજો. ત્યાં મારી પત્નીએ નોતરેલા વિજ્ઞાન, સાહિત્ય, અને કલાના ક્ષેત્રોના તદ્વિદો તમને મળશે; આવા તાત્ત્વિક પ્રશ્નો ત્યાં

તેમની સાથે ચર્ચવાની તમને મજા આવશે. મારી પત્નીને તો તમે પહેલાં મળ્યા છો, ખરું ને ?"

"ઠીક છે, હું પ્રયત્ન કરીશ." એમ કહી નેખ્લ્યૂદોવ ત્યાંથી ચાલતો થયો. જોકે, જજો વગેરે મનસ્વીપણે જ સજા કરી શકતા હોય તો અદાલતનો ઉપયોગ શો ? – એવા પોતાના સીધા સાદા પ્રશ્નને 'તાત્ત્વિક' અને 'ફિલસૂફી' કહેનારને ઘેર જઈ તેની પત્નીએ આમંત્રેલા વૈજ્ઞાનિકો, સાહિત્યિકો અને કલાકારો સાથે એ બધું ચર્ચવાનું તેને જરાય મન થાય તેમ નહોતું.

૭

ઊંચાં ચડાણ

૧

જેલ બહુ દૂર હતી, એટલે નેખ્લ્યૂદોવે ઘોડાગાડી ભાડે કરી લીધી. ઘોડાગાડીવાળો મોં ઉપરથી ભલો માણસ દેખાતો હતો. એક શેરીમાંથી તેઓ પસાર થતા હતા તેવામાં નવા બંધાતા એક જંગી મકાન તરફ આંગળી કરીને તેણે કહ્યું,

"જોયું, કેવડું મોટું મકાન બાંધી રહ્યા છે તે?"

નેખ્લ્યૂદોવે જોયું, તો મકાન ખરેખર બહુ જંગી હતું તથા તેની રચના અને સ્ટાઈલ અટપટી તથા અનોખી હતી. મજૂરો-કડિયા વગેરે હજારો માણસો પાલખો ઉપર કે નીચે કે અંદર કીડીઓની પેઠે આવ-જા કરતાં કામગીરી બજાવી રહ્યાં હતાં; નીચે આંગણામાં બાંધકામના માલ-સામાનથી ભરેલા સેંકડો ગાડીઓ પેસતી હતી અને સેંકડો ખાલી થઈને નીકળતી હતી.

નેખ્લ્યૂદોવને વિચાર આવ્યા વિના ન રહ્યો કે, એક મૂરખ તવંગર માણસ કેવળ પોતાનો રૂઆબ બતાવવા આટલું મોટું મકાન બંધાવી રહ્યો છે, પણ એ માણસ માટે દૂર દૂર ગામડાંમાં કેટલી સ્ત્રીઓ, કેટલાં બાળકો હાડતૂટ કામ કરીને તથા ભૂખે-ટાઢે ઘસાઈ મરતાં હશે! એટલે તરત તેના મોંમાંથી શબ્દો નીકળી પડ્યા કે, "ખરે જ, ભારે મૂર્ખામી છે."

"મૂર્ખામી? વાહ સાહેબ, એને લીધે કેટલા બધા લોકોને રોજી મળે છે!" ઘોડાગાડીવાળો જરા દુભાઈને બોલી ઊઠ્યો.

"પણ એક માણસને રહેવા આટલું મોટું મકાન શા માટે જોઈએ? આખો ઉપાડો જ નકામો છે!"

"નકામો હોય તો તેઓ ઉપાડે જ શા માટે? અને હજારો લોકોને એનાથી રોજી મળે છે, એ તો ઉઘાડું છે."

નેખ્લ્યૂદોવને કહેવાનું મન તો થયું કે, 'અહીં થોડા મજૂરોને રોજી મળતી દેખાતી હશે, — જો કે તે પણ શહેરના ખર્ચને હિસાબે પેટ પૂરતી પણ નહિ હોય — તેમ છતાં, એ બધા પૈસા ગામડાગામનાં કેટલાં બધાં સ્ત્રી-પુરુષ-બાળકોનાં હીર-મજૂરી-જીવન-અને-ધન ચૂસીને મેળવ્યા હશે, તે તું શી રીતે દેખી શકવાનો હતો, ભાઈ?'

પણ રસ્તો ખરાબ હતો, તથા પૈડાના ઠગળાટમાં બોલેલું બરાબર સંભળાય તેમ ન હતું; એટલે બંને જણ ચૂપ રહ્યા. પછી રસ્તો જરા સારો આવ્યો અને વાત સાંભળી શકાય એમ થયું એટલે ગામડેથી મજૂરીની આશાએ શહેર તરફ ચાલ્યાં આવતાં સ્ત્રી-પુરુષોનાં ટોળાં સામે આંગળી કરીને ઘોડાગાડીવાળાએ કહ્યું —

"આ જુઓને સાહેબ, કેવાં ધાડાં ને ધાડાં લોક ચાલ્યાં આવે છે?"

"દર વરસ કરતાં આ વખતે વધારે આવે છે, શું?"

"હા સાહેબ; આ વરસે તો શહેરમાં કોઈ ખૂણો ખાલી રહ્યો નથી. જ્યાં જુઓ ત્યાં કેટલાંય માણસો ખુલ્લામાં પડયાં જ હોય છે. કામ કરાવનારાઓ તેમને હાંકી જ કાઢે છે — ક્યાંય જરાય રોજી મળે તેમ રહ્યું નથી."

"શાથી એમ બને છે, વારુ?"

"આ વરસે વધારે લોકો આવ્યા છે, એટલે સૌને માટે રોજી કે પડી રહેવાનો ખૂણો મળી રહે તેમ જ નથી."

"પણ તેઓ ગામડાં છોડી શા માટે અહીં આવે છે?"

"ગામડામાં તેમને કશું આજીવિકાનું કશું સાધન જ નથી; ખાવા માટે જમીન જ નથી રહી."

એ સાંભળી નેખ્લ્યૂદોવને વાગેલી જગાએ છણાયું હોય તેવું દુ:ખ થયું; કારણ કે, તે એ બધું નજરે જોઈને જ હમણાં આવ્યો હતો. તેણે હવે ઘોડાગાડીવાળાને તેની પોતાની જ વાત પૂછી; તે પોતે ગામડું છોડી શાથી અહીં આવ્યો હતો? તેને ગામડામાં કેટલી જમીન હતી? ઇ૦.

"અમારા કુટુંબ પાસે ત્રણ દેસ્યાટિન જમીન છે; મારો બાપ અને એક ભાઈ જમીન સંભાળે છે, એક ભાઈ લશ્કરમાં છે, અને હું અહીં ચાલ્યો આવ્યો છું — ગામમાં કશું કામ જ નથી. મારો ભાઈ જ મારી પેઠે મૉસ્કો ચાલ્યો આવવા માગે છે ને!"

"કેમ? વધુ જમીન સાંથે ખેડવા મળે તેમ નથી?"

"શી રીતે મળે? ઉડાઉ જમીનદારોની જમીનો વેપારીઓ ખરીદી લે છે; અને વેપારીઓ મજૂરો રાખીને બધી જમીન પોતે જ ખેડાવે છે – ખેડૂતોને જમીનદારોની માફક સાંથે આપતા નથી. તેથી તેમને વધુ આવક થાય છે. અમારા ગામની બધી જમીન અમારી જમીનદારણ પાસેથી એક ફ્રેંચ વેપારીએ ખરીદી લીધી છે. તેનો ધંધો નાટકના ઍક્ટરોની 'વિગ' બનાવવાનો છે; — ધંધો સારો ચાલે છે એટલે તે ખૂબ કમાયો છે. તે એક રશિયન બાઈને પરણ્યો છે. તે એવી ડાકણ જેવી છે – ભગવાન ભલું કરે! લોકોનું લોહી જ ચૂસ્યા કરે છે! પણ સાહેબ, આ જેલખાનું આવ્યું. ઘોડાગાડીને દરવાજા સુધી જવા દેતા નથી, એટલે તમારે અહીં જ ઊતરી પડવું પડશે."

૨

જેલને દરવાજે જઈને નેખ્લ્યૂદોવે ઘંટ વગાડયો, તે વખતે તેના મનમાં ખટકો થયા વિના ન રહ્યો કે, આજે માસ્લોવાની શી હાલત હશે? જેલરે દરવાજો ઉઘાડયો એટલે તેણે માસ્લોવાને મળવા દેવાની માગણી પેશ કરી. પેલાએ તેને હૉસ્પિટલમાં જવા કહ્યું.

હૉસ્પિટલનો જુવાન દાકતર કેદીઓ પ્રત્યે મમતાળુ વર્તન દાખવતો; અને તેથી તેને વડા ડાકટર સાથે હરહંમેશ અથડામણમાં આવવું પડતું. નેખ્લ્યૂ-

દોવ કોઈ કેદી માટે કંઈક છૂટછાટની માગણી જ કરવા આવ્યો હશે એમ માની, તથા પોતે એવી છૂટછાટ આપનારો માણસ નથી એવો દેખાડ કરવા, તેણે જરા કડકાઈથી નેખ્લ્યૂદોવને અંદર આવવાનું કારણ પૂછ્યું.

નેખ્લ્યૂદોવે બાળકોના વૉર્ડમાં મદદનીશ બરદાસી બાઈ તરીકે તાજેતરમાં લાવવામાં આવેલી સ્ત્રી-કેદી માસ્લોવાને પોતે મળવા માગે છે એમ જણાવ્યું.

દાકતરે તરત જ ઢીલા પડી જઈને માસ્લોવાને બોલાવી મંગાવી અને નેખ્લ્યૂદોવને મળવા બેસવાની સગવડ કરી આપી.

નેખ્લ્યૂદોવે દાક્તરનો આભાર માની તેને પૂછી લીધું, "માસ્લોવાના કામકાજથી તમને સંતોષ છે કે નહિ?"

"હા, હા; તેના પહેલાંના જીવનને લક્ષમાં રાખીને કહીએ તો, ઠીક કામ કરે છે."

બુઢ્ઢી નર્સ માસ્લોવાને બાળકોના વૉર્ડમાંથી તેડી લાવી એટલે નેખ્લ્યૂદોવ તેના તરફ વળ્યો.

નેખ્લ્યૂદોવને જોતાં જ માસ્લોવાનો ચહેરો એકદમ ફૂંગરાઈ ગયો, અને તે આગળ વધતી એકદમ થોભી ગઈ. પછી એક હુરકિયા જેવું કરી, આંખો નીચી ઢાળી, તેણે નેખ્લ્યૂદોવ પાસે આવી, મરજી ન હોવા છતાં તેની સાથે હાથ મિલાવવા પોતાનો હાથ લાંબો કર્યો — બહાર બધાની આગળ ખોટું ન દેખાય તે માટે.

માસ્લોવાને નેખ્લ્યૂદોવ છેવટના જ્યારે મળ્યો, ત્યારે માસ્લોવાએ, પોતે તેની સાથે દાખવેલા તોછડાટ બદલ માફી માગી હતી અને દારૂ પીવાનું છોડી દેવાનું વચન આપ્યું હતું. તેથી નેખ્લ્યૂદોવને એવી આશા હતી કે, આજે પણ તે એવો જ સલૂકાઈ ભરેલો વર્તાવ દાખવશે. પરંતુ આજે તેને માસ્લોવાના વર્તાવમાં કંઈક નવો જ ફેરફાર દેખાયો — તેને જાણે કંઈક સંકોચ થતો હોય તથા ખાસ તો તે પોતાની પ્રત્યે કંઈક અદાવત દાખવતી હોય, એવું તેને લાગ્યું.

નેખ્લ્યૂદોવે તેને વાત કરી કે, પોતે હવે તેની અપીલના કામ અર્થે પિટર્સબર્ગ જવાનો છે. પછી તેણે પાનોવોથી પોતે આણેલો ફોઈઓનો, પોતાનો અને માસ્લોવાનો ભેગો ફોટો પરબીડિયા સાથે જ આપ્યો; અને કહ્યું, "મને પાનોવોમાં બધું ફંફોસતાં મળી આવ્યો; બહુ જૂનો છે, પણ તને કદાચ ગમશે. તું તારી પાસે તેને રાખી શકે છે."

માસ્લોવાએ કતરાતી આંખોએ નેખ્લ્યૂદોવ સામે જોયું – જાણે એમ પૂછતી હોય, આ વળી શો નવો ફંદ છે? પછી તેણે એ ફોટાવાળું પરબીડિયું તેના હાથમાંથી લઈ લીધું અને નજર કર્યા વિના જ પોતાના અંદરના ખીસામાં મૂકી દીધું.

"તારી માસી માત્રેનાને મળવા ગયો હતો."

"એમ?" માસ્લોવાએ બેદરકારીથી જ જવાબ વાળ્યો.

"તને અહીં ફાવે છે ને?"

"હા, હા; ના ફાવવાનું શું હતું, વળી?"

"કામ ભારે નથી ને?"

"ના રે ના; બરાબર મહાવરો પડશે એટલે બધું સહેલું જ લાગશે."

"એ જાણી મને બહુ આનંદ થાય છે; ગમે તેમ પણ તું પેલાંઓથી છૂટી પડી એ ઠીક થયું."

"કોનાથી છૂટી પડી?"

"ત્યાં જેલખાનામાં જે બધાં ગુનેગારો હતાં, તે કરતાં અહીં સારાં માણસો સાથે રહેવાનું, એ તો ખરું ને?"

"ના, ના; ત્યાં પણ સારાં માણસો જ હતાં, વળી." કાટુશાએ જરા છંછેડાઈને કહ્યું.

"પેલાં મેન્શોવ મા-દીકરાની વાત મેં હાથમાં લીધી છે, અને મને આશા છે કે, તેઓને છોડી મૂકવામાં આવશે."

"ભગવાન કરે ને તેઓ બાપડાં છૂટે. એ ડોસી બહુ ભલી હતી." માસ્લોવાએ ભલી શબ્દ ઉપર ભાર મૂકતાં કહ્યું.

"હું આજે જ પિટર્સબર્ગ જવા ઊપડવાનો છું; તારો કેસ થોડા જ વખતમાં નીકળવાનો છે; અને હું માનું છું કે, તારી સજા રદ થશે."

"રદ થાય કે ન થાય, તો પણ હવે બધું સરખું જ છે ને?"

"તું શા અર્થમાં બધું સરખું જ છે, એમ કહે છે, તે તો હું ન સમજ્યો; પણ મારા પૂરતું કહી દઉં કે, તું છૂટે કે ન છૂટે તોપણ હું તો મેં કહેલી વાતમાં મક્કમ જ છું."

પેલીએ માથું ઊંચું કર્યું, અને નેખ્લ્યૂદોવ સામે સ્થિર નજરે જોયું. તરત તેનો ચહેરો આનંદથી પ્રકાશિત થઈ ઊઠયો. પણ તે જે શબ્દો બોલી તે તો ઊલટા જ હતા –

"તમે એ વાત મોંએ ન લાવ્યા કરો તો સારું."

"હું એટલા માટે એ વાત મોંએ લાવ્યા કરું છું, જેથી તને એ વાત યાદ રહે."

"એ અંગે જે કહેવાનું હતું તે કહેવાઈ ગયું છે; અને નવું કશું જ કહેવાનું રહેતું નથી."

– અચાનક હૉસ્પિટલના વૉર્ડમાંથી એક બાળકનો રડવાનો અવાજ આવ્યો.

માસ્લોવા તરત આજુબાજુ જોતી બોલી ઊઠી – "મારે જવું પડશે –"

"ઠીક ત્યારે વિદાય!" નેખ્લ્યૂદોવે પોતાનો હાથ આગળ ધરતાં કહ્યું.

જાણે એ જોયું જ ન હોય તેમ, માસ્લોવા તેની સાથે હાથ મિલાવ્યા વિના જ જલદી અંદર ચાલી ગઈ. પણ તેનાં પગલાંમાં તેના અંતરમાં ઊભરાતું અભિમાન ચોખ્ખું વરતાઈ આવતું હતું.

નેખ્લ્યૂદોવ વિચારમાં પડી ગયો: માસ્લોવાના મનમાં શું છે? તે મને માફ કરવા નથી માગતી? કે પછી મારી પરીક્ષા લેવા માગે છે? અથવા તો પોતાના મનમાં શું છે તે એ પ્રગટ કરી શકતી નથી કે પ્રગટ કરવા માગતી નથી?

તેને એટલું તો લાગ્યું જ કે, તે બદલાઈ ગઈ છે અને તેના અંતરમાં કોઈ અગત્યનો ફેરફાર થઈ રહ્યો છે; અને એ ફેરફાર તેને એની સાથે જ નહિ પણ જેને નિમિત્તે એ ફેરફાર થતો હતો તે પરમાત્મા સાથે પણ જોડી રહ્યો હતો. એ જોડાણ અંતરમાં અનુભવવાથી તેના પોતાના અંતરમાં પણ આનંદનો ઉદ્રેક છવાઈ રહ્યો.

૩

માસ્લોવા વૉર્ડમાં દોડી ગઈ. ત્યાં આઠ નાની પથારીઓ હતી. નર્સના હુકમ પ્રમાણે તે એક પથારી ગોઠવવા લાગી; તેવામાં ચાદર તરફ જરા વધારે નમવા જતાં તે લપસી અને લગભગ ગબડી પડી.

ગળે પાટો વીંટેલો એક નાનો છોકરો તેના તરફ જોઈ રહ્યો હતો, તે એકદમ હસી પડ્યો. માસ્લોવા પણ પોતાનું હસવું ખાળી ન શકી એટલે એકદમ મોટેથી હસી પડી. એ હાસ્ય એટલું ચેપી નીવડ્યું કે, પાસેની પથારીઓમાંનાં કેટલાંય છોકરાં ખડખડાટ હસી પડ્યાં.

એ બધું ખડખડાટ હાસ્ય સાંભળી એક સિસ્ટર ચિડાઈ ગઈ અને તેણે માસ્લોવાને ટાણો માર્યો : “કેમ રે, તું આમ ફાલૂડાની જેમ હસ્યા શું કરે છે? હજુ જ્યાં હતી ત્યાં (ખાંજરામાં) જ છે, એમ માને છે કે શું? જા જઈને ખાવાનું લઈ આવ.”

માસ્લોવા ચૂપ થઈ ગઈ; તથા વાસણ લઈને ખાવાનું લઈ આવવા ચાલતી થઈ.

૪

જ્યારે જ્યારે માસ્લોવા એકલી પડતી, ત્યારે ત્યારે તે પરબીડિયામાંથી પેલા ફોટાને થોડો ઘણો બહાર કાઢીને તેમાંથી પોતાના ચહેરા તરફ પ્રશંસાત્મક ભાવે જોઈ લેતી. પછી જ્યારે સાંજના તે કામ ઉપરથી છૂટી થઈ, અને નર્સવાળા ઓરડામાં પોતાની સૂવાની જગાએ આવી, ત્યારે તેણે પરબીડિયામાંથી આખો ફોટો બહાર કાઢ્યો અને અંદરનાં બધાંના ચહેરાઓની વિગતો તરફ તે સ્થિર પલકે જોઈ રહી. તે એમાં

એટલી બધી મશગૂલ થઈ ગઈ હતી કે, તેની સાથીદારણ નર્સ અંદર આવી તે પણ તેણે જાણ્યું નહિ.

ભલા સ્વભાવની પેલી જાડી નર્સે નીચે વળીને જોયા બાદ પૂછ્યું, "પેલો તને આ શું આપી ગયો? ફોટામાં આ કોણ છે? તું?"

"હું નહિ તો બીજું કોણ?" માસ્લોવા હસતે મોંએ સાથીદારણ તરફ જોઈને બોલી.

"અને આ તે પોતે છે, ખરું?—અને આ તેની મા છે?"

"ના, ના;—તેની ફોઈ છે. આ ફોટા ઉપરથી તો તમે મને ઓળખી કાઢી ન શકો, ખરું?"

"કદી નહિ; અત્યારનો તારો ચહેરો તદ્દન બદલાઈ ગયો છે. નહિ નહિ તોય એ ફોટો દશેક વર્ષ પહેલાંનો તો હશે, ખરું?"

"વર્ષો પહેલાંનો નહિ, જિંદગી પહેલાંનો કહો," એટલું બોલતાંમાં તો માસ્લોવાનો ચહેરો ગંભીર તથા ગમગીન થઈ ગયો.

"વાહ, આમ મોં કેમ બગાડે છે, વળી? ખાંજરામાં તો તને ભારે લહેર હશે!"

"લહેર? નરકથી પણ ભૂંડી હાલત તો હતી."

"લે! ત્યાં વળી ભૂંડી હાલત શાની?"

"શાની, તે એમ કે, રાતના આઠથી સવારના ચાર સુધી—અને રોજ રાતે એનું એ!"

"તો પછી બધી વેશ્યાઓ એ બધું છોડી શાથી નથી દેતી?"

"છોડવું હોય તો પણ શી રીતે છોડે?—પણ મારે એ બધી વાતો નથી કરવી." એટલું કહીને ફોટોગ્રાફ ટેબલના ખાનામાં મૂકી દઈ, તે મહાપરાણે પોતાનાં ગુસ્સાભર્યાં આંસુ રોકતી બહાર ચાલી ગઈ.

તરત જ નેખ્લ્યૂદોવ સામેનો તેના અંતરમાં જામેલો બધો ધિક્કાર બહાર ઊભરાઈ આવ્યો. તેને પોતાની જાત ઉપર જ હવે ખાસી ચીડ ચડી: તે પોતે શા માટે નેખ્લ્યૂદોવને ધસીને ના પાડી નથી દેતી? એ બાબુસાહેબ મને એક વખત પાપમાં નાખીને હવે પોતાના પાપના

પ્રાયશ્ચિત્ત રૂપે પરણીને પોતાના આત્માનું કલ્યાણ સાધવા માગે છે! પણ મારી વલે બેસી ગઈ તેનું શું? હું હરગિજ તેને તેનું ધાર્યું કરવા દેવાની નથી!

અને તરત તેને દારૂની તલબ ઊપડી. તેને પોતાના મનમાં ચાલતી આ બધી ગડમથલ દબાવી દેવી હતી–ભૂલી જવી હતી. અને જો તે જેલખાનામાં પોતાની કોટડીમાં હોત, તો જરૂર દારૂ ન પીવાના નેખ્લ્યૂદોવ સમક્ષ લીધેલા શપથનો તે ભંગ કરત અને કોરાબ્લેવા પાસેથી લઈને દારૂ પી લેત. પરંતુ અહીં દવાખાનામાં તો તેને દાક્તરના મદદનીશ પાસેથી જ દારૂ મળી શકે તેમ હતું. પરંતુ એની પાસે દારૂ માગવા જવાનું તેને ગમતું ન હતું, કારણ કે એ ક્યારનો એના ઉપર લટ્ટુ થઈ ગયો હતો; અને માસ્લોવાને પોતાને પુરુષ-સંબંધની હવે નફરત આવી ગઈ હતી.

એટલે થોડી વાર બહાર બેસી રહ્યા બાદ તે પાછી પોતાની સૂવાની ઓરડીમાં પાછી ફરી; અને પોતાની સાથીદારણની વાતો ઉપર લક્ષ આપ્યા વિના, પોતાના બરબાદ થયેલા જીવન ઉપર ચોધાર આંસુ સારવા લાગી.

૮

પિટર્સબર્ગમાં

નેખ્લ્યૂદોવને પિટર્સબર્ગમાં ચાર બાબતો પતવવાની હતી: માસ્લોવાની અરજી સેનેટમાં રજૂ કરવી; થિયોદોસિયાનો કેસ 'કમિટી ઑફ પીટિશન્સ' સમક્ષ રજૂ કરવો; વેરા દુખોવાએ કરેલી બે બે વિનંતીઓ * — શુસ્તોવાને જેલમાંથી મુક્ત કરાવવી અને ગુર્કેવિચની મા જેલમાં તેની મુલાકાત લઈ શકે તેવી પરવાનગી મેળવવી, (નેખ્લ્યૂદોવ આ બે કામને એક જ ગણતો હતો) એ પતવવી; તથા ચોથું કામ, બાઈબલનો અર્થ સમજવા-સમજાવવા બદલ જેઓને તેમનાં કુટુંબોથી છૂટા પાડી કૉકેસસમાં તડીપારની સજા કરવામાં આવી હતી, તેમનો કેસ નાપાસરાવવો. એ કેસ તેને કોઈએ વિનંતી કરી હતી તે માટે નહિ, પણ પોતાને જ એમાં પડવા જેવું લાગતું હોવાથી તેણે માથે લીધો હતો.

પિટર્સબર્ગમાં નેખ્લ્યૂદોવ પોતાની માસી કાઉંટેસ ચાસ્કર્યાને ત્યાં ઊતર્યો હતો. તે માજી પ્રધાનની પત્ની હતી અને તેથી નેખ્લ્યૂદોવને મોટા ઉપલા વર્ગના સમાજની વચ્ચે જ જઈ પડવાનું થયું. તેને એ સમાજ પ્રત્યે એટલી બધી નફરત આવી હતી — ખાસ કરીને ગામડાંની કંગાલિયત અને દરિદ્રતા નજરે જોઈ આવ્યા પછી, તથા તે કંગાલિયતનો આ લોકોના એશઆરામ અને વિલાસવૈભવ સાથે કેવો કાર્ય-કારણ-સંબંધ છે તે સમજ્યા પછી — કે પ્રથમ તો તેણે કોઈ હૉટલમાં જ ઊતરવાનું નક્કી કર્યું હતું. પરંતુ માસીને તેથી ખોટું લાગે, ઉપરાંત તેના સારા વગદાર સંબંધોનો તેને પોતાના હાથ ઉપરનાં કામો અંગે ઉપયોગ કરવાનો હોઈ, તેણે મન મારીને માસીને ત્યાં જ ઉતારો કર્યો.

---

* જુઓ પાન ૧૪૮.

માસીએ કૉફીનો પ્યાલો તેને ધરતાં તરત પૂછયું – " આ બધું શું માંડયું છે, ભાણાભાઈ ? હાવર્ડ * ની પેઠે જેલોમાં જવું, ગુનેગારોને મદદ કરવી, અને જેલ-સુધારા કરવા, વગેરે, વગેરે ?"

" ના, ના, એવું કંઈ નથી ! "

" રહેવા દો ! રહેવા દો ! કહે છે કે, કંઈક પ્રેમ-કહાણી પણ સાથે સંડોવાયેલી છે ને ! મને એ બધું કહી દો જોઉં ! "

નેખ્લ્યૂદોવે તરત માસ્લોવાવાળી બધી વાત માસીને કહી દીધી.

" હા, હા; તમારી મા બાપડીએ મને આ બધી વાત કરી હતી. તમે તમારી પેલી ડાકણ ફોઈઓને ત્યાં રહેતા હતા ત્યારે તેઓએ તેમની એ નોકરડી સાથે તમને પરણાવી દેવા એ કાવતરું કર્યું હતું ! (માસી હંમેશાં નેખ્લ્યૂદોવની ફોઈઓ તરફ ધિક્કાર જ દાખવતી.) તો એ બાઈને છોડાવવા તમે આવ્યા છો કેમ ? હજુ તે એવી બધી રૂપાળી રહી છે ખરી ? "

માસીની ઉંમર સાઠ વર્ષની હતી, પણ તે હજુ ઊંચી, દૃઢ બાંધાની, તેજસ્વી બાઈ હતી. નેખ્લ્યૂદોવ તેને બહુ ચાહતો, અને નાનો હતો ત્યારે શક્તિ અને પ્રવૃત્તિની બાબતમાં માસીનો હાથ જ તેના ઉપર પડેલો મનાતો.

" ના, ના, માસી; એ તો બધું ખતમ થઈ ગયું. હું તો તેને એટલા માટે મદદ કરવા ઇચ્છું છું કે, તે બિલકુલ નિર્દોષ છે અને તેને ખોટી સજા થઈ છે. ઉપરાંત, અત્યારની તેની આ વલે માટે હું જ કારણભૂત ગણાઉં, એટલે તેને માટે બનતું કરી છૂટવાની હું મારી ફરજ માનું છું. "

" પણ તમે તેને પરણવા માગો છો, એવું મેં સાંભળ્યું છે, તેનું શું બેટમજી ? "

" હા, મારો એવો ઇરાદો હતો ખરો; પણ તે પોતે જ ઇચ્છતી નથી. "

---

* પ્રસિદ્ધ અંગ્રેજ જેલ-સુધારક.

"તો પછી તેને તમારા કરતાં ડાહી કહેવી જોઈએ! અને તમને મૂરખ કહેવા જોઈએ! તમે શું એને પરણવા ઇચ્છતા હતા, ખરી વાત?"

"ચોક્કસ!"

"આવા ધંધામાં પડેલી જાણ્યા પછી પણ?"

"એટલે તો વધારે! કારણ કે, હું જ એની એ અધોગતિનું કારણ હતો."

"તો તો તમારા જેવો કમ-અક્કલ કોઈ નહીં, ભાણાભાઈ! ભયંકર પાગલ જ કહોને વળી! પણ તમે આવા પાગલ છો તેથી જ તમે મને વધુ ગમો છો. અને હાં, તમે કેવા નસીબદાર કહેવાઓ? એલાઈને એક મૅગડલન *-વિશ્રામ નામનો વેશ્યા-આશ્રમ કાઢયો છે. તેમાં તમારી પેલીને આપણે દાખલ કરાવી દઈશું."

"પણ તેને સાઈબીરિયાની સખત કેદની સજા થઈ છે. હું તે અંગે અપીલ કરવા આવ્યો છું અને તેમાં તમે મદદ કરો એવી મારી વિનંતી છે."

"લે, કર વાત! પણ આ કેસમાં અપીલ કોને કરવાની હોય છે?"

"સેનેટને."

"એમાંના કોઈનો તો મને પરિચય નથી; પરંતુ હું મારા પતિને કહીશ. પણ એ બધું તમારે તેમને સમજાવવું પડશે. હું તો જે કંઈ કહું છું, તે એ સમજી જ શકતા નથી એમ કહ્યા કરે છે. ભલે બાકીના બધા સમજે, પણ એ નહિ!"

એટલામાં સુંદર વર્દી પહેરેલો હજૂરિયો તાસકમાં એક ચિઠ્ઠી લઈને અંદર આવ્યો.

કાઉંટેસે તે ચિઠ્ઠી વાંચીને તરત જ રાજી થતાં થતાં કહ્યું, "વાહ [illegible]ની જ ચિઠ્ઠી છે ને! તમે બહુ નસીબદાર છો, ભાણાભાઈ! આજે સાંજે કિઝેવેટ્ટરનું વ્યાખ્યાન સાંભળવાની તક મળવાની."

* બાઈબલમાં આવતી પશ્ચાત્તાપ કરનારી ઈશુભક્ત વેશ્યા.

"ક્રિઝેવેટ્રૈર વળી કોણ?"

"અરે આજે સાંજે હાજર રહીને જાતે જ સાંભળજોને. એ બોલે એટલે ગમે તેવા રીઢો ગુનેગાર હોય તો પણ તરત ઘૂંટણિયે પડીને રડવા તથા પસ્તાવા માંડે!"

કાઉન્ટેસના બીજા સ્વભાવ સાથે આ ગમે તેટલું અસંગત લાગે, તો પણ તે એ પંથમાં ભળેલી હતી. એ પંથ એમ માનતો કે ખ્રિસ્તીધર્મનું હાર્દ —સાચું તત્ત્વ— પાપીના પુનરુદ્ધારની માન્યતા છે.

"જો તમારી મૅગડલન એમનો ઉપદેશ સાંભળે, તો ભાણાભાઈ, તેનો હૃદયપલટો થયા વિના ન રહે. આજે સાંજના વખતે જરૂર હાજર રહેજો. એ તો ચમત્કારી પુરુષ છે."

"મને એવી બધી વાતોમાં રસ નથી, માસીબા."

"પણ હું કહું છું ને કે, તમને જરૂર રસ પડશે. ઠીક, અત્યારે જ્યાં જવું હોય ત્યાં ફરી આવો. પણ હાં, તમારે બીજી શી શી 'વિનંતીઓ' કરવાની છે મને? એક વાર ઠાલવી નાખો જોઉં."

"બીજું કામ મારે પેટ્રોપાવ્લોવસ્કી બંદી-ગઢ* અંગે છે."

"બંદી-ગઢ અંગે? એ માટે તો હું જ તમને બૅરન ક્રીગ્ઝમથ ઉપર ચિઠ્ઠી લખી આપીશ. તે તમારા બાપુનો સાથીદાર હતો. બહુ ભલો માણસ છે. પણ તમારે ત્યાંનું શું કામ છે, ભલા?"

"ત્યાં કેદ પૂરવામાં આવેલા એક પુત્રની મુલાકાત તેની મા લઈ શકે એ માટેની પરવાનગી મારે જોઈએ છે. પણ એ વાત ક્રીગ્ઝમથના હાથમાં નહિ, પણ ચેરવ્યાન્સ્કીના હાથમાં છે, એવું કોઈએ મને કહ્યું."

"એ ચેરવ્યાન્સ્કી મને દીઠો ગમતો નથી. પણ તે મૅરિયેટનો પતિ થાય, એટલે આપણે મૅરિયેટને કહીશું. મારે માટે તે એટલું કરી છૂટશે; તે બહુ સારી સ્ત્રી છે."

"બંદી-ગઢમાં જ બીજી એક બાઈને પૂરવામાં આવી છે, તે માટે પણ મારે અરજી કરવાની છે. તે તદ્દન નિર્દોષ છે અને તેને શા

---

* જુઓ પાન ૧૪૮.

માટે કેદમાં પૂરી છે, તે પણ તે જાણતી નથી."

"રહેવા દો, ભાણાભાઈ, વાત! એ બરાબર જાણતી હશે. તે બધાં ક્રાંતિકારી ચળવળિયાં એ જ દાવનાં છે."

"એ બધાં એ દાવનાં હોય છે કે નહીં, એ તો હું નથી જાણતો, માસીબા; પણ હું એટલું જાણું છું કે, લોકોની સ્થિતિ ખરેખર કરુણાજનક છે, અને તેઓ તેને સુધારવા માગે છે. તમે પોતે બાઇબલના ઉપદેશનાં આટલાં આશક હોવા છતાં, દીન-દરિદ્ર પ્રત્યે આવાં દયા-હીન હો, એમ હું માનવાની ના પાડું છું, માસીબા!"

"બાઇબલના ઉપદેશને ને આ ચળવળિયાઓને શું લાગે વળગે, વળી? બાઈ માણસોએ આવા ધંધા કરવા જ ન જોઈએ. બધાંને ડહાપણ શીખવનારી એ બધી બોડકીઓ મને જરાય ગમતી નથી."

"એ બિચારાં ખામુખા ઉપદેશ આપવા ક્યાં નીકળે છે? તેઓ તો ગરીબ અને કંગાળ લોકોને મદદ કરવા જ માગે છે. હું હમણાં જ ગ્રામ પ્રદેશમાં જઈ આવ્યો. ત્યાં હાડતૂટ મજૂરી કરનારા ખેડૂતો ખરેખર ભૂખે મરે છે, અને આપણે બધાં આવા મોજશોખ કરતાં ફરીએ છીએ!"

"તો શું, હું મજૂરી કરવા જાઉં ને ભૂખી મરવા લાગું, એમ તમારે કહેવું છે, ભાણાભાઈ? ખરા છો તમે તો!"

"ના,ના; હું ના ખાવાનું ક્યાં કહું છું? હું તો એટલું જ કહું છું કે, આપણે બધાંએ પણ કામકાજ કરવું જોઈએ અને ખાવું જોઈએ."

માસી હવે નેખ્લ્યૂદોવ સામે ભંમરો ચડાવીને થોડી વાર જોઈ રહી; અને પછી બોલી,

"દીકરા, તમારી માઠી વલે થવાની છે, એની મને ખાતરી થતી જાય છે."

"શાથી, માસીબા?"

તે જ વખતે કાઉંટેસના પતિ – માજી પ્રધાન — કમરામાં દાખલ થયા.

"કેમ દ્મિટ્રી? કેમ છો? ક્યારે આવ્યા?" એમ કહી તેમણે નેખ્લ્યૂદોવ ચુંબન કરી શકે તે માટે પોતાનો ગાલ ધર્યો, અને પછી પોતાની પત્નીને કપાળ ઉપર ચુંબન કર્યું.

"વાહ, એ તો કોઈ અનોખી ખોપરી જ છે! એ મને કહે છે કે, મારે કપડાં ધોવાં જોઈએ તથા બટાટા ખાઈને જ જીવવું જોઈએ. એના જેવો ભારે બબૂચક માણસ મેં કોઈ ન જોયો. પણ તે કહે એ કામ જરૂર કરી આપજો. હું હવે જાઉં, મારે થોડાક કાગળો લખવાના છે."

નેખ્લ્યૂદોવ માસાની સાથે જવા નીકળ્યો એટલામાં માસીએ તેને પાછો બોલાવ્યો અને કહ્યું, "હું મૅરિયેટને લખી દઉં છું;—તે એના પતિને હુકમ કરશે એટલે બધું કરી આપશે. પેલી બોડકી માટે પણ હું લખું છું. મને નરી દુષ્ટ-ઘાતકી ન માનતા, ભાણાભાઈ! માત્ર, એ બધાં એવાં ઘૃણાસ્પદ હોય છે! ઠીક, પણ તમે આજે સાંજે જરૂર હાજર રહેજો. કિઝેવેટ્ટેરનું વ્યાખ્યાન સાંભળવા જેવું હોય છે. થોડી પ્રાર્થનાઓ પણ થશે. અને તમે જો જાણી જોઈને અડિયલ નહિ બની બેસો, તો તમારા ઉપર પણ અસર થશે. હું જાણું છું કે, તમારી મા બાપડી અને તમે પોતે ભાણાભાઈ, આ બાબતોમાં બહુ પછાત હતાં ને છો. પણ અત્યારે તો હું જાઉં!"

૯

મુલાકાતો – ૧

૧

કાઉન્ટેસના પતિ, નેખ્લ્યૂદોવના માસા, કાઉન્ટ ઈવાન મિખાય-લિચ ચાસ્કી' એક વખત પ્રધાનપદું ભોગવી આવ્યા હતા, તથા બહુ દૃઢ અભિપ્રાયોવાળા માણસ હતા. તેમના દૃઢ અભિપ્રાય એ માન્યતામાં સમાઈ જતા હતા કે, જેમ પંખી કીડા ખાય, પીંછાં ધારણ કરે અને આકાશમાં ઊડે, એ જેમ સ્વાભાવિક અને નિયત વસ્તુ છે, તેમ પોતે સારામાં સારા અને મોંઘામાં મોંઘા ખોરાકો – ભારે પગારદાર રસોઇયાઓએ પકાવેલા – ખાવા, મોંઘામાં મોંઘાં તથા સૌથી વધુ સગવડભર્યાં કપડાં પહેરવાં, તથા સારામાં સારા અને ઝડપીમાં ઝડપી ગાડીઓથી વહન થવું – એ બધું તેમને માટે સ્વાભાવિક તથા વિશ્વક્રમમાં નિયત થયેલી વસ્તુ છે; અને તેથી એ બધું તેમને તૈયાર મળવું જોઈએ. ઉપરાંત તે એમ માનતા કે, સરકારી તિજોરીમાંથી બધી જાતના ઉપાયોથી તે જેટલાં વધુ નાણાં કઢાવે, જેટલા વધુ ચંદ્રકો તેમને મળે, તથા એ બાબાની જેટલી વધુ બેડશી તે ઉપલા વર્ગનાં સ્ત્રી-પુરુષો આગળ ઠોકે, તેટલું વધુ સારું!

એટલા સિદ્ધાંતોની મર્યાદાની બહારનું બધું તેમને મન તુચ્છ તથા દુર્લક્ષ કરવા જેવું લાગતું. ચાલીસ ચાલીસ વર્ષથી તે આ સિદ્ધાંતો અનુસરતા આવ્યા હતા, અને અંતે તે સ્ટેટ મિનિસ્ટરને પદે પહોંચ્યા હતા.

જે મુખ્ય લાયકાતોને જોરે તે આ પદે પહોંચી શકયા, તે આ આ પ્રમાણે હતી: એક તો દસ્તાવેજો અને કાનૂનોનો અર્થ સમજવાની તથા સરકારી કાગળોના મુસદ્દા સમજી શકાય તે ભાષામાં અને સાચી જોડણીમાં ઘડી કાઢવાની તેમની શક્તિ; બીજું, તેમનો અતિ પ્રતાપી ભવ્ય દેખાવ, જેથી જરૂર પડયે તે પૂરા ગૌરવયુક્ત તથા પાસે જઈ ન શકાય તેવો રાજેશ્રી ચહેરો ધારણ કરી શકતા, અને બીજે વખતે છેક જ પામર તુચ્છ ગુલામ જેવા પણ બની શકતા; અને ત્રીજું, કોઈ જાતના વૈયક્તિક કે વહીવટી નીતિનિયમોનો અભાવ, જેથી તે કોઈની પણ સાથે તે વખતની જરૂર પ્રમાણે સંમત કે અસંમત થઈ શકતા. આ બધું કરતી વેળા તે હંમેશ સંસ્કારીપણાનો અને ખાનદાનીનો એવો દેખાવ કાયમ રાખવા પ્રયત્ન કરતા જેથી તે એકદમ અસંગત વર્તણૂક-વાળા ન ઠરે. તેમનાં કાર્યો નૈતિક ગણી શકાય કે નહિ, અથવા તે બધાંથી આખા રશિયન સામ્રાજ્યનું કે આખી દુનિયાનું સર્વોત્તમ હિત કે અત્યંત અહિત થાય, તેની તેમને પરવા ન હતી.

જ્યારે તે પ્રધાન બન્યા, ત્યારે તેમના આશ્રિતો તથા સંબંધવાળા માણસો તો શું, પણ ઘણાય અજાણ્યાઓ અને તે પોતે પણ ખાતરીપૂર્વક માનતા કે, તે બહુ હોશિયાર રાજકારણી છે. પરંતુ જેમ જેમ વખત પસાર થતો ગયો, અને તેમણે પોતાના ક્ષેત્રમાં કશું ખાસ સિદ્ધ કરી ન બતાવ્યું તથા જ્યારે જીવન-સંઘર્ષના કાયદા અનુસાર તેમના જેવા બીજા પ્રતાપી દેખાવવાળા તથા સિદ્ધાંત વિનાના અમલદારો દસ્તાવેજો અને મુસદ્દા ઘડવા કે સમજવાની બાબતમાં કુશળ થઈ ગયા, ત્યારે તેઓએ તેમને એમના સ્થાનમાંથી ધકેલી કાઢયા, અને તે વખતે બધાને સ્પષ્ટ સમજાઈ ગયું કે, તે ખાસ કાંઈ હોશિયાર ન હતા એટલું જ નહિ પણ છીછરા, કઢંગા તથા કેવળ ઘમંડી માણસ હતા.

તેમ છતાં, દર વર્ષે સરકારી તિજોરીમાંથી મોટી રકમ તથા તેમનાં કપડાં ઉપર પહેરવાના નવા નવા ચંદ્રકો તેમને મળતા રહેવા જોઈએ, એ બાબતના તેમના અધિકારની તેમની ખાતરી તો જરાય મોળી પડી

નહિ. અને એ વસ્તુને પડકારવાની એવી કશી કોઈને ગરજ પણ હતી નહિ; તેથી પેન્શનના રૂપમાં અમુક રકમ દર વર્ષે તેમને મળતી રહી. ઉપરાંત અમુક સરકારી સંસ્થાના સભ્ય તરીકે તથા કેટલીય કમિટીઓ અને કાઉંસિલોના સભ્ય તરીકે કેટલાય દશ દશ હજાર રૂબલ પગાર પણ તેમને મળતો રહ્યો. અને વિશેષમાં કપડાં ઉપર ટીંગાવવાની અને સીવવાની રિબનપટ્ટીઓ, ફિતો અને ચંદ્રકો પણ તેમને પૂરતી સંખ્યામાં મળતાં રહ્યાં. પરિણામે કાઉંટ ઈવાન મિખાયલિચ ચાર્સ્કી બહુ મોભાદાર અને વગદાર માણસ ગણાતા કાયમ રહ્યા.

નેખ્લ્યૂદોવે કહેલી વાત, કાઉંટે પોતાના ખાતાનો સેક્રેટરી અહેવાલ સંભળાવતો હોય અને સાંભળતા હોય તે અદાથી સાંભળી. પછી તેમણે જવાબ આપ્યો: "હું તમને બે ચિઠ્ઠીઓ લખી આપીશ. એક હું અપીલખાતાના સેનેટર વુલ્ફ ઉપર આપીશ. તેને વિષે વાતો તો ઘણી ઘણી બોલાય છે; પરંતુ તે મારા અહેસાન નીચે છે અને જરૂર તેનાથી થઈ શકતું બધું કરી છૂટશે."

બીજી ચિઠ્ઠી કાઉંટે પીટિશન્સ-કમીટીના એક વગદાર સભ્ય ઉપર થિયોદોસિયાના કેસ અંગે લખી આપી. થિયોદોસિયાનો કિસ્સો સાંભળી કાઉંટને પણ અસર થઈ; તેથી જ્યારે નેખ્લ્યૂદોવે તેમને કહ્યું કે, પોતે શહેનશાહબાનુને એ અંગે લખવાનો વિચાર રાખે છે, ત્યારે કાઉંટે જવાબ આપ્યો કે, જો તક મળશે તો પોતે જ શહેનશાહબાનુને તે કિસ્સો કહી સંભળાવશે. પણ એની કશી ખાતરી ન આપી શકાય; અરજી તો વિધિસર આપવી જ. જો પીટિશન્સ-કમિટી ગુરુવારે મળવાની હશે, તો તે જરૂર એ વાત શહેનશાહબાનુને કાને નાખશે.

નેખ્લ્યૂદોવ આ બે ચિઠ્ઠીઓ તથા માસીબાએ મૉરિયેટ ઉપર લખી આપેલી ચિઠ્ઠી પણ સાથે લઈને તે તે સરનામાંએ જવા ઊપડયો.

૨

પહેલા તે મૉરિયેટને ત્યાં ગયો. જ્યારે તે નાની ઉંમરની કિશોરી હતી, ત્યાર તેને પણ તેનો પરિચય હતો જ. તે ઊંચા ખાનદાન

કુટુંબની હતી, પણ તે કુટુંબ બહુ તવંગર ન હતું. નેખ્લ્યૂદોવે સાંભળ્યું હતું કે, તે એવા માણસ સાથે પરણી છે, જે 'આગળ ધસો' જાતનો હતો તથા જલદી પોતાની કારકિર્દી બનાવી રહ્યો હતો; જોકે તેને વિષે સારું બોલાતું ન હતું. નેખ્લ્યૂદોવને, જેના પ્રત્યે તેનો સદ્ભાવ ન હોય, એવા માણસ પાસેથી કંઈ મહેરબાનીની રાહે માગણી કરવી એ જરાય ગમતું ન હતું. ઉપરાંત, તે અત્યારે આ જાતના લોકોના વર્ગનો પોતાને માનતો પણ ન હતો. છતાં અત્યારે એ બધી લાગણીઓ દબાવીને જ તે ચાલતો હતો.

મૅરિયેટના મકાન બહાર અંગ્રેજ ઘોડાઓની જોડીવાળી અને અંગ્રેજી સાજસામાનથી સુસજ્જ અને અંગ્રેજ જેવા લાગતા કોચ-મૅનવાળી ગાડી તૈયાર ઊભી હતી.

સુશોભિત વર્દીવાળા દરવાને નેખ્લ્યૂદોવને જણાવી દીધું કે, જનરલ અત્યારે કોઈને મુલાકાત બક્ષવાના નથી, અને બાનુસાહેબ પણ નહિ બક્ષે, કારણકે, તે હમણાં જ બહાર જાય છે.

નેખ્લ્યૂદોવે માસીની ચિઠ્ઠી કાઢીને ટેબલ ઉપર પડેલી મુલાકાતી-ઓની નોંધપોથીમાં લખવા માંડયું કે, બંનેમાંથી તે કોઈને ન મળી શકયો તેથી તેને ખેદ થાય છે.

પણ એટલી વારમાં હજૂરિયો, દરવાન, અને નોકર સાબદા થઈ ગયા અને તરત જ એક જુવાન બાનુ તેના આખા ગૌરવશાળી દેખાવ સાથે મેળ ન ખાય એવાં ઉતાવળાં પગલાંએ દાદર ઉપરથી નીચે ઊતરી આવી.

નેખ્લ્યૂદોવ ઉપર નજર પડતાં જ તેણે પોતાનો બુરખો પોતાના અતિશય સુંદર ચહેરા ઉપરથી જરા ઊંચો કર્યો, અને તરત તે મોટેથી બોલી ઊઠી —

"આહા, પ્રિન્સ દ્મિટ્રી ઇવાનિચ નેખ્લ્યૂદોવ કે?"

"શું! તમને હજુ મારું નામ પણ યાદ છે?"

"વાહ, હું અને મારી બહેનો એક વખત તમારા પ્રેમમાં પણ નહોતાં પડયાં?" તે ફ્રેન્ચ ભાષામાં બોલી. "પણ આ શું? તમે કેટલા બધા બદલાઈ ગયા છો?......મારે હમણાં જ બહાર જવું પડે તેમ છે; પણ ચાલોને ઉપર!" પણ પાછી તે થોડી દ્વિધામાં પડી જઈને થોભી અને ઘડિયાળ સામું જોઈને બોલી, "ના, ના; મારે જવું જ પડશે, — કામેન્સ્કી કુટુંબની શોક-પ્રાર્થનામાં હાજરી આપવા. મરનારની મા બહુ ભાગી પડી છે."

"કામેન્સ્કી કુટુંબ વળી કોણ?"

"તમે સાંભળ્યું નથી? પુત્ર દ્વંદ્વયુદ્ધમાં માર્યો ગયો. એકનો એક હતો. કેટલું કરુણ? મા એટલું કલ્પાંત કર્યા કરે છે કે ન પૂછો વાત."

"હા, હા, મને થોડાક સમાચાર મળ્યા છે ખરા."

"એટલે હવે હું જાઉં જ; તમે આજે રાતના કે કાલે ફરી આવજો," એટલું બોલી તે જલદી જલદી બારણા તરફ આગળ વધી.

તેની પાછળ જતાં જતાં નેખ્લ્યૂદોવે તેને કહ્યું, "મારાથી આજે રાત તો નહીં અવાય; પણ તમને મારે એક વિનંતી કરવાની છે."

"શી?"

"મારાં માસીબાએ આ ચિઠ્ઠી તમારી ઉપર લખી મોકલી છે. તમને એમાંથી બધી માહિતી મળશે."

"મને ખબર છે કે કાઉન્ટેસ એમ માને છે કે, મારા પતિ ઉપર મારું કંઈક ચલણ છે. પણ તેમની ભૂલ થાય છે; હું કશું જ કરી શકું તેમ નથી, અને તેમના કામકાજમાં કશી દખલ કરતી પણ નથી. પરંતુ, અલબત્ત, કાઉન્ટેસ ખાતર અને તમારે ખાતર હું મારા નિયમનો જરૂર ભંગ કરીશ. શાને લગતું કામ છે?" કાઉન્ટેસે નેખ્લ્યૂદોવે આપેલું પરબીડિયું મૂકવા ખીસું શોધવા પ્રયત્ન કરતાં કહ્યું.

"એક છોકરીને બંદી-ગઢમાં પૂરવામાં આવી છે; તે બીમાર છે અને તદ્દન નિર્દોષ છે."

"તેનું નામ શું?"

"શુસ્તોવા – લીડિયા શુસ્તોવા. પેલી ચિઠ્ઠીમાં લખેલું છે."

"ઠીક, ઠીક, હું મારાથી બનતો પ્રયત્ન કરીશ; પણ તમારે નિષ્કામ ભાવે — આવા કશા કામકાજ વિના જ મને મળવા આવવું જ પડશે, સમજ્યા?" અને એમ કહી તેણે એવું મધુર સ્મિત નેખ્લ્યૂદોવ સામે જોઈને કર્યું કે જેની તાકાતથી તે પોતે જ સારી પેઠે પરિચિત હતી.

તરત જ કોચમૅનને નિશાની થતાં પેલા સુંદર અને તાકાતવાન ઘોડા થોડુંક ધીમેથી હણહણી, ફરસબંધી ઉપર ખરીઓ પછાડતા પવન-વેગે ઊપડ્યા.

૧૦

મુલાકાતો – ૨

નેખ્લ્યૂદોવ મૅરિયેટના મધુર સ્મિતને યાદ કરી, તેના આહ્વાન પ્રત્યે માથું ધુણાવતો હવે સેનેટ તરફ ચાલ્યો. ત્યાંથી તેને અતિ વિનયી નવા ટાપટીપવાળા અમલદારો તરફથી જાણવા મળ્યું કે, માસ્લોવાની અરજી મળી ગઈ છે અને તપાસ માટે તે સેનેટર વુલ્ફ તરફ રવાના કરવામાં આવી છે. નેખ્લ્યૂદોવના માસાએ વુલ્ફ ઉપર જ ચિઠ્ઠી લખી આપી હતી.

એક અમલદારે એમ પણ જણાવ્યું કે, સેનેટની એક બેઠક આ અઠવાડિયામાં જ મળવાની છે; પરંતુ માસ્લોવાનો કેસ ભાગ્યે આ બેઠકમાં લઈ શકાય; – અલબત્ત, ખાસ વિનંતીથી લેવામાં આવે, તો ત્યારે લઈ શકાય ખરો.

નેખ્લ્યૂદોવ આ બધી માહિતી એકઠી કરવા સેનેટના કાર્યાલયમાં જ બેઠો હતો, તેવામાં ત્યાં ચર્ચાતી કામેન્સ્કીના દ્વંદ્વયુદ્ધની વિગતો તેના જાણવામાં આવી. વાત એમ બની હતી કે, કેટલાક લશ્કરી અમલદારો ઑઈસ્ટર * ખાતા અને વધારે પડતો દારૂ પીતા બેઠા હતા, તેમાંના એક જણે કામેન્સ્કીની રેજિમેન્ટ વિષે કંઈક અછડતા શબ્દો ભાખ્યા. કામેન્સ્કીએ તેને ‘ જૂઠો – લબાડ ’ કહ્યો. જવાબમાં પેલાએ તેને પડકાર્યો. બીજે દિવસે બંને દ્વંદ્વયુદ્ધ લડયા. કામેન્સ્કીને પેટમાં ગોળી વાગી અને બે કલાક બાદ તે મરી ગયો. પેલા ખૂનીને અને

* એક દરિયાઈ પ્રાણી, મોટા વીંછી જેવા આકારનું.

દ્વંદ્વયુદ્ધમાં તેના ટેકેદાર તરીકે ગયેલાઓને પકડવામાં આવ્યા છે, પણ કહેવાતું હતું કે, બેએક અઠવાડિયાંમાં તેમને છૂટા કરવામાં આવશે.

સેનેટમાંથી નીકળી નેખ્લ્યૂદોવ થિયોદોસિયાના કેસ માટે પીટિશન્સ કમિટીના એક વગદાર સભ્ય બૅરન વૉરોબેવને ત્યાં ગયો. તે શહેનશાહની માલકીના એક ભવ્ય મકાનમાં રહેતો હતો. દરવાને કડક ભાષામાં નેખ્લ્યૂદોવને જણાવ્યું કે, મુલાકાતના દિવસો વિના બૅરનની મુલાકાત ન મળી શકે; આજે તે નામદાર શહેનશાહ પાસે છે, અને કાલે અહેવાલ આપવા ફરીથી તેમને જવું પડશે. નેખ્લ્યૂદોવ પોતાના માસાની ચિઠ્ઠી દરવાનને આપી, સેનેટર વુલ્ફની મુલાકાત લેવા ચાલતો થયો.

વુલ્ફ હમણાં જ જમી પરવારી, પોતાની રોજની ટેવ મુજબ પાચનશક્તિને મદદ કરવા સિગાર ફૂંકતો ઓરડામાં આમ તેમ આંટા મારતો હતો. તે પોતાને બહુ સંસ્કારી તથા ઈજ્જતદાર માણસ માનતો હતો. અને એના જોરે તેણે લગ્ન સંપાદન કર્યું હતું, — અર્થાત્ વાર્ષિક અઢાર હજાર રૂબલની આવક, તથા સેનેટર તરીકેની પદવી પણ. ઈજ્જત શબ્દનો અર્થ તે એવો કરતો કે, ખાનગી વ્યક્તિઓ પાસેથી રુશવત ન લેવી. પરંતુ સરકાર પાસેથી ગમે તેવાં ભાડાં-ભથ્થાં પડાવવાં તેને એ અપ્રમાણિકતા ગણતો નહિ; અને બદલામાં સરકાર જે ઈચ્છે તે કામ એ કરી આપતો; જેવાં કે, સેંકડો નિર્દોષ માણસોને બરબાદ કરવાં, ક્રાંતિકારીઓને કેદની સજા ઠપકારવી, અથવા તેમને તડીપાર કરવા. તેઓનો ગુનો ગણો તો એટલો હોય કે, તેઓ સાચા લોકપ્રેમી હોય અથવા પોતાના બાપદાદાના ધર્મને વળગી રહેવા માગતા હોય. પોલૅંડના એક પ્રાંતના ગવર્નર તરીકે તેણે આવું તો કેટલુંય કરી આપ્યું હતું. એ કામને તે જરાય બેઈજ્જતી-ભર્યું નહોતો ગણતો, એટલું જ નહિ ઊલટું પુરુષાતન અને દેશ દાઝ ભર્યું ઉમદા કૃત્ય ગણાતો.

તેની પત્નીનું જે કંઈ હોય તે વગે કરવામાં પણ તે કશી અપ્રમાણિકતા માનતો નહીં; પોતાની સાળીનું પણ તેણે બધું જ પડાવી

લીધું હતું, અને તેને પોતાને ત્યાં પોતાને આશરે જીવતી કરી મૂકી હતી. આ બધી પોતાની કૌટુંબિક વ્યવસ્થા તેણે બહુ ડહાપણભરી રીતે ગોઠવી છે, એમ તે માનતો. તેની ગરીબડી તથા દબાવી દીધેલી, સાદી-સીધી પુત્રી એકાંતવાસનું કંટાળાભર્યું જીવન જીવતી. તાજેતરમાં તે એલાઈન અને કાઉંટેસ ચાસ્કર્યાની મંડળીની મિટિંગોમાં હાજરી આપી 'ઈવેન્જલિકલ* પંથ તરફ વળવા લાગી હતી. વુલ્ફનો પુત્ર તો પંદર વર્ષની ઉંમરથી જ દારૂ અને વ્યભિચારના જીવન તરફ વળી ગયો હતો. વીસેક વર્ષનો થતાં અભ્યાસ છોડી દેવા બદલ તેના પિતાએ તેને ઘરમાંથી કાઢી મૂક્યો. પછી તે હલકા સોબતીઓને રવાડે ચઢી, દેવાં કરવા માંડયો. તેના બાપે એક વખત ૨૩૦ રૂબલનું તથા બીજી વખત ૬૦૦ રૂબલનું દેવું ચૂકવ્યું; પણ પછી તેને તાકીદ આપી કે હવેથી જો તે નહિ સુધરે, તો તેની સાથેનો બધો સંબંધ ખતમ કરી નાખવામાં આવશે. છોકરો ન જ સુધર્યો અને ફરીથી હજાર રૂબલનું દેવું કરી લાવ્યો; તથા ઉપરથી પિતાને કહેવા લાગ્યો કે, તમારા ઘરમાં રહેવામાં મન કેવળ ત્રાસ જ થાય છે. વુલ્ફે તરત તેને વારસાહકમાંથી રદ કરી ઘરમાંથી હંમેશને માટે હાંકી કાઢયો. અને એ બધી સિદ્ધિઓ બદલ વ્લાદિમિર વાસિલિચ વુલ્ફ એમ માનતો હતો કે, તેણે પોતાનું કૌટુંબિક જીવન સફળતાપૂર્વક યોગ્ય રીતે ગોઠવી લીધું છે.

નેખ્લ્યૂદોવે તેને માસાની ચિઠ્ઠી ધરતાં જ તેણે કટાક્ષમય થોડુંક [illegible], તે ચિઠ્ઠી ફરતાં ફરતાં જ હાથમાં લીધી અને વાંચી. તથા જવાબ-માં [illegible]થી કહ્યું: "તમારું ઓળખાણ મને થયું તેથી આનંદ થયો, [illegible] કાઉંટ ઈવાન મિખાયલિચ જે ઈચ્છે તે કરવામાં મને અલબત્ત વિશેષ આનંદ થશે. પણ અમારે તો કાયદાનો બરાબર અમલ થયો [illegible] નહિ તથા તેમનો ઉચિત અર્થ કરાય છે કે નહિ, તેટલું ખાસ [illegible] હોય છે."

* માત્ર શ્રદ્ધાથી જ – કર્મ કે વિધિવિધાનથી નહિ, તરી શકાય [illegible] માન્યતા ધરાવતો એક પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી પંથ.

નેખ્લ્યૂદોવ કહેવા ગયો કે, માસ્લોવાને કેવળ ગેરસમજથી જ સજા થઈ છે; – જૂરીનો અભિપ્રાય પૂરો વ્યક્ત ન થઈ શકયો, અને તે પણ પ્રેસિડન્ટની યોગ્ય દોરવણીને અભાવે; તથા જૂરીવાળા બધા જ આ સજા થાય તેવું ઈચ્છતા જ ન હતા ઇ૦; પણ તરત વુલ્ફે કહ્યું, "સેનેટ કોઈ કેસના ફેંસલાની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવા બેસી શકે નહિ; તેનું કર્તવ્ય તો બધું કાયદેસર થયું છે કે નહિ એટલું જ જોવાનું છે. અમારું પણ કર્તવ્ય હોય છે, અને તે અમારે યથાયોગ્ય બજાવવું રહ્યું." વુલ્ફે ઇજ્જતદાર સંસ્કારી માણસની રીતે જવાબ આપ્યો.

"તો મારે એટલી વિનંતી કરવાની છે કે, આ કેસને વહેલો હાથ ઉપર લેવામાં આવે, જેથી બંદિનીને જો સાઇબીરિયા જવાનું જ થાય, તો તે જલદી (યોગ્ય આબોહવામાં) નીકળી શકે."

"હા, હા, નિઝ્નીથી ઊપડી પહેલી જ સ્ટીમરમાં તે રવાના થાય એ હું બરાબર ખ્યાલમાં રાખીશ." એટલું કહી તેણે ઘંટ વગાડયો.

નેખ્લ્યૂદોવે સમજી જઈ નમન કર્યું અને રજા લીધી.

"જો સગવડ હોય તો તમે બુધવારે આવજો અને ભોજન અમારે ત્યાં લેજો. તે દિવસે હું તમને ચોકસ જવાબ આપી શકીશ." વુલ્ફે હાથ આગળ ધરતાં કહ્યું.

હવે બહુ મોડું થઈ ગયું હતું એટલે બીજે કંઈ જવાને બદલે નેખ્લ્યૂદોવ સીધો માસીને ઘેર પાછો ફર્યો.

૧૧

ઉદ્ધારનો સહેલો સુખભર્યો માર્ગ!

૧

કાઉન્ટેસ કેથેરાઈન ઈવાનોવ્ના ચાસ્કયાનો ભોજન-સમય સાડા સાતનો હતો અને ત્યાં ભોજન નવી રીતે જ લેવાતું — અર્થાત્ નેખ્લ્યૂદોવને માટે એ રીત નવી હતી. ટેબલ ઉપર ડિશો-તાસકો-કટોરા વગેરે મૂકીને હજૂરિયો ચાલ્યો જાય, એટલે પુરુષવર્ગ પ્રેમ-શૌર્ય દાખવીને સ્ત્રીઓને તસ્દી લેવી ન પડે તે માટે જાતે પીરસી લેતો અને સ્ત્રીઓને પણ પીરસતો. એક 'કોર્સ'* પૂરો થાય એટલે કાઉન્ટેસ ટેબલે લગાવેલું બટન દાબે, જેથી વીજળીની ઘંટડી વાગે અને હજૂરિયો આવી બધી ડિશો લઈ જાય; નવી લાવીને મૂકે અને બીજી વાની શરૂ થાય. કાઉંટને ત્યાં મુખ્ય રસોઈયો ફ્રેન્ચ હતો અને તેના બે મદદનીશો હતા.

ભોજન વખતે પણ પેલા દ્વંદ્વયુદ્ધની જ વાત નીકળી. શહેનશાહ આ અંગે શું ધારતા હતા; શહેનશાહને કામેન્સ્કીની માના દુઃખ સાથે પૂરી સહાનુભૂતિ હતી; પરંતુ ખૂનીને કડક સજા કરવાના મતના તે ન હતા; કારણ કે, પોતાની વર્દીની ઇજ્જતના બચાવ અર્થે જ તે દ્વંદ્વ-યુદ્ધ લડ્યો હતો એમ કહેવાય છે. અને શહેનશાહનો મત એ પ્રમાણે હતો એટલે દરેક જણ વર્દીની ઇજ્જતની જ વાત કરતું અને ખૂનીનો

---

* પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે જમવાની વાનીઓ એકસાથે નથી પીરસાતી; પણ એક વાની પૂરી થાય, એટલે તેની ડિશો ઊપડી જાય; ત્યાર બાદ બીજી વાની આવે. એ દરેક વાનીનું જમણ-પીરસણ એક 'કોર્સ' કહેવાય.

બચાવ કરતું. માત્ર કાઉન્ટેસ જરા અવિચારીપણે એ બધા સામેનો મત ઉચ્ચારી બેઠી –

"તે બધા દારૂ પીને ભાન ભૂલી બની જાય છે અને કુમળા જુવાનિયાઓને મારી નાખે છે. હું તો તેમને કોઈ કારણે માફી ન આપું."

"તમારી આ વાત હું સમજી શકતો જ નથી." કાઉન્ટ બોલ્યો.

"હું જાણું છું કે હું કહું તે કશું તમને સમજાતું નથી," કાઉન્ટેસે શરૂ કર્યું અને નેખ્લ્યૂદોવ સામે મોં ફેરવીને ઉમેર્યું; "બીજા બધા સમજી શકે છે, માત્ર મારા પતિ જ નહિ. મને એ બિચારી માનું બહુ લાગી આવે છે; અને પેલો ખૂન કરે તથા પછી મોજ કરે, એમ હું કદી ઇચ્છી શકું જ નહિ."

કાન્ઉટેસનો પુત્ર – જે ગાર્ડ્ઝ-ટુકડીમાં અફસર હતો, તેણે તરત પેલા ખૂનીનો પક્ષ લીધો અને પોતાની માના અભિપ્રાય સામે તોછડાઈથી બોલવા માંડયું. તેની દલીલ એ હતી કે, એક અફસર એ સિવાય બીજી રીતે વર્તી શકે જ નહિ – કારણ કે તેના સાથી અફસરો, નહિ તો, તેનો ધિક્કાર કરે, અને તેને રેજિમેન્ટમાંથી હાંકી કાઢે.

નેખ્લ્યૂદોવ પોતે એક વખત અફસર હતો એટલે આ દલીલ સમજી શકતો હતો; છતાં તે અફસરના કિસ્સાને પોતે જેલમાં જોયેલા એક સુંદર જુવાનિયાની વલે સાથે સરખાવ્યા વિના ન રહી શકયો. એ જુવાનિયો ખાણોમાં કામ કરતો હતો, અને તેણે પણ દારૂની મસ્તીમાં ગુસ્સે થઈ જઈ એક માણસને મારી નાખ્યો હતો. પણ તેને તો તેની પત્ની અને કુટુંબથી છૂટો પાડી, સાઇબીરિયામાં સખત મજૂરીવાળી કેદ ભોગવવા મોકલી દેવાનો હતો. ત્યારે આ અફસર ગાર્ડ-હાઉસના સુંદર કમરામાં સારાં ભોજન આરોગતો, ઉત્તમ દારૂ પીતો, તથા પુસ્તકો વાંચતો એક કે બે દિવસમાં મુક્તિની રાહ જોતો નિરાંતે બેઠો હતો.

નેખ્લ્યૂદોવ પણ પોતાના મનમાં જે વિચાર ચાલતા હતા તે બોલી બેઠો. શરૂઆતમાં તો કાઉન્ટેસ એની સાથે સહમત થતી હોય એમ લાગ્યું; પણ એક અફસરની વાતને એક ખાણિયા મજૂર સાથે સરખાવાતી જોઈ, તે તરત ચૂપ થઈ ગઈ. બીજાઓની પણ ગંભીર ચૂપકીદીથી નેખ્લ્યૂદોવ સમજી ગયો કે, પોતે આ સમાજમાં અનુચિત ગણાય એવું બોલી બેઠો છે.

૨

સાંજના કાઉન્ટેસને ત્યાં વિશાળ 'બૉલ-રૂમ'માં[૧] સુંદર ખુરસીઓ ગોઠવી દેવામાં આવી હતી, અને આખો ઓરડો વર્દીઓ કે ફૅશનેબલ પોશાકવાળા પુરુષો સાથે આવેલી સુંદર વસ્ત્રાભૂષણની સજાવટવાળી સ્ત્રીઓથી ભરાઈ ગયો હતો. પાંચ-છ સામાન્ય માણસો પણ હતા — બેએક નોકરો, એક દુકાનદાર, એક હજૂરિયો અને એક કોચગાડીવાળો.

કિઝેવેટ્ટરે અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું, અને 'પિન્સ-નેઝ'[૨] પહેરેલી પાતળી જુવાન છોકરી, તેનું રશિયન ભાષામાં તરત જ અને સારી રીતે ભાષાંતર કરવા લાગી.

કિઝેવેટ્ટરે માનવો બેદરકારીથી કેવું પાપી જીવન ગાળી રહ્યા છે તેનું વર્ણન શરૂ કર્યું, અને પાપની સજામાંથી કોઈ પ્રકારે મુક્તિ થવાનો સંભવ નથી એનું હૃદયદ્રાવક વર્ણન શરૂ કર્યું. "આખું ઘર સળગી ઊઠ્યું છે, અને તેમાંથી નીકળવાનો એકે માર્ગ બાકી રહ્યો નથી."

બોલતાં બોલતાં તે રડવા લાગ્યો અને કેટલીય સ્ત્રીઓ ડૂસકાં ભરવા લાગી. કાઉંટેસ પણ નીચી નમી ગઈ હતી અને તેના ખભા ધ્રૂજતા હતા. વુલ્ફની પુત્રી પણ મોં બંને પંજાઓમાં ટેકવી નીચું નિહાળી રહી હતી.

---

૧. નૃત્ય માટે કેટલીય જોડીઓ સમાઈ શકે તેવો વિશાળ ઓરડો.

૨. 'પિન્સ-નેઝ' એટલે ફ્રેમ-દાંડી વિનાનાં પરંતુ નાક ઉપર પકડ માટે ભિડાવવાનાં ચશ્માંના કાચ.

પણ પછી કિઝેવેટ્ટરે ગુલાંટ મારી! અચાનક ભારે ઉત્તેજિત તથા આનંદભર્યા સ્વરે તેણે કહેવા માંડયું —

"પણ, ના; આપણ પાપિયાંના ઉદ્ધારનો પણ માર્ગ છે – બહુ સહેલો અને આનંદભર્યો! ઈશ્વરના એકમાત્ર પુત્ર જિસસે આપણા બધા માટે રેડેલા લોહીમાં જ આપણો બધાંનો ઉદ્ધાર સમાયેલો છે. તેણે સહન કરેલી વેદના, — તેનું લોહી જ આપણો ઉદ્ધાર કરશે! એટલે પરમાત્માનું જયગાન કરો – તેમને ધનવાદ આપો – કે, આખા વિશ્વનો ઉદ્ધાર કરવા તેમણે તેમના એકના એક પુત્રનું બલિદાન આપ્યું છે."

નેખ્લ્યૂદોવ ઉદ્ધારના આ સહેલા આનંદભર્યા માર્ગનું વ્યાખ્યાન સાંભળી, તિરસ્કારનો માર્યો જ ત્યાંથી ઊઠી ગયો. પાપીના પુનરુદ્ધાર માટે પસ્તાવો, પાપી જીવનનો ત્યાગ, કે પ્રાયશ્ચિત્તનો તાતો માર્ગ ધરવાને બદલે, આ માણસ ધનિક-તવંગર-એશઆરામી લોકોને માત્ર ઈશુના બલિદાનમાં અમુક રીતની શ્રદ્ધાનો માર્ગ જ બતાવી રહ્યો હતો!

અને રાજધાનીનાં સ્વચ્છંદી તથા એશઆરામી સ્રીપુરુષો એ 'શ્રદ્ધાના માર્ગ'ને ઉત્કંઠા-ઉત્સુક્તાપૂર્વક સાંભળી રહ્યાં હતાં.

૧૨

દેશની અને સરકારની સેવા!

૧

બીજે દિવસે નેખ્લ્યૂદોવ કપડાં બદલી, બહાર નીકળવાની તૈયારીમાં હતો, તેવામાં મૉસ્કોના તેના ઍડવોકેટ – ફેનેરિનનું કાર્ડ દરવાને હાથમાં મૂક્યું. તે પોતાના કામે પિટર્સબર્ગ આવ્યો હતો, અને તેથી માસ્લોવાનો કેસ જો જલદી નીકળવાનો હોય, તો પોતે સેનેટમાં દલીલો કરવા હાજર રહી શકશે, એમ નેખ્લ્યૂદોવને જણાવવા માગતો હતો.

નેખ્લ્યૂદોવે કેસ ક્યારે નીકળવાનો છે તથા કયા સેનેટરો સમક્ષ ચાલવાનો છે, તેની માહિતી તેને આપી. તથા ઉમેર્યું કે, એ બધી માહિતી જાણવામાં આવી કે તરત તે બાબતનો તાર પોતે તેમને કરી દીધા છે. અલબત્ત, તે મૉસ્કોથી નીકળી ગયા હશે, એટલે તાર તેમને રસ્તામાં ક્રૉસ થયો હશે, એમ પણ તેણે કહ્યું.

સેનેટરોનાં નામ સાંભળી ફેનેરિને કહ્યું, "બરાબર ત્રણે પ્રકારના સેનેટરો સમક્ષ આ કેસ ચાલશે! વુલ્ફ એ પિટર્સબર્ગનો અમલદારી વર્ગનો નમૂનો છે; સ્કોવોરોડ્‌નિકોવ સિદ્ધાંતપ્રિય ન્યાયશાસ્ત્રી છે; બાય વ્યવહારુ ન્યાયશાસ્ત્રી છે – અને તેથી એ બધામાં વધુ જીવંત પણ. તેની પાસેથી જ આપણે સારા પરિણામની આશા રાખવી રહી. ઠીક, અને પીટિશન્સ-કમિટીનું શું છે?"

"હું આજે જ બૅરન વૉરોબેવને મળવા જવાનો છું. ગઈ કાલે મને તેમની મુલાકાત ન મળી શકી."

"એ બૅરન શાથી કહેવાય છે, એ જાણો છો? તેનો દાદો શાહી દરબારમાં નોકર હતો. એક વખતે તેણે શહેનશાહ પૉલને કંઈક ખુશ કર્યા, એટલે શહેનશાહે તેને 'બૅરન' કહીને સંબોધ્યો તથા પછી પોતાનું બોલેલું વાક્ય ફરે નહિ એવી તાકીદ કરી. એટલે આ 'બૅરન' વૉરોબેવ આપણને અત્યારે મળ્યા છે! તેને પોતાના ખિતાબનું બહું ઘમંડ છે, અને તે નર્યો 'હંબગ' માણસ છે."

"હું હવે તેને મળવા જ નીકળતો હતો."

"તો ચાલો, મારી સાથે જ ગાડીમાં બેસી જાઓ; હું તમને તેના ઘર આગળ ઉતારી પાડીશ."

તેઓ ઊપડવાની તૈયારીમાં હતા, તેવામાં દરવાને મૅરિયેટ તરફથી આવેલી ચિઠ્ઠી નેખ્લ્યૂદોવને આપી. તેણે ફ્રેંચમાં લખ્યું હતું—

"તમને ખુશ કરવા ખાતર જ મેં મારા સિદ્ધાંતોથી વિરુદ્ધ જઈને તમે જેની મદદે નીકળી પડયા છો એ બાઈ અંગે, મારા પતિને વાત કરી હતી. તપાસ કરતાં એવું નીકળ્યું કે, એ બાઈને તો તરત જ છૂટી કરી દેવાની હતી. એટલે મારા પતિએ બંદી-ગઢના કમાન્ડરને તે પ્રકારનો હુકમ લખી મોકલ્યો છે. હવે તો નિષ્કામપણે મને મળવા આવજો. હું રાહ જોઈશ."

· નેખ્લ્યૂદોવ એ વાંચી તરત જ બોલી ઊઠયો— "જુઓ તો ખરા! આ બધું શું ચાલે છે? એક સ્ત્રીને તેઓ સાત સાત મહિના સુધી એકાંતવાસની આકરી કેદમાં પૂરી રાખે છે, અને છેવટે તે નિર્દોષ જ નીકળે છે! તેને છૂટી કરવા માટે કોઈના એક શબ્દની જ જરૂર હતી. અને તે શબ્દ ન આવ્યો હોત તો તે કદાચ જન્મભર જ ત્યાં સબડયા કરત! કેવું ભયંકર!"

૨

બૅરન વૉરોબેવે નેખ્લ્યૂદોવને સારી રીતે આવકારતાં કહ્યું," તમારાં મા અને હું જૂનાં પરિચિતો અને મિત્રો હતાં. તમે બહુ નાના હતા

ત્યારે મેં તમને જોયેલા; અને પછી ઑફિસર થયા ત્યારે પણ. બેસો, તમારે માટે હું શું કરી શકું?"

નેખ્લ્યૂદોવે થિયોદોસિયાની વાત કહી બતાવી. વૉરોબેવે એ કિસ્સો સાંભળી કરુણામિશ્રિત સહાનુભૂતિ બતાવી. તથા કહ્યું, "તે નાની હતી ત્યારે તેના પતિએ તેના તરફ દુર્વર્તન દાખવતાં તે ચિડાઈ હશે; પણ વખત જતાં તેઓ બંને એકબીજાના પ્રેમમાં પડયાં હશે. બહુ સારું; હું જાતે જ તેનો કેસ બરાબર ધ્યાનમાં રાખીશ. તમે અરજી મોકલાવી છે?"

"હા, મારી પાસે તૈયાર જ છે; પરંતુ તે મોકલતા પહેલાં તમને વાત કરી જોવી એ મેં ઠીક માન્યું, જેથી કેસ ઉપર ખાસ લક્ષ અપાય."

"બહુ સારું કર્યું તમે; હું પોતે જ એ રજૂ કરીશ."

"કાઉંટ ઇવાન મિખાયલિચ ચાસ્કી પણ એ અંગે વાત કરવાના છે."

એ શબ્દો નેખ્લ્યૂદોવના મોંમાંથી ભાગ્યે નીકળી રહ્યા, એટલામાં તો બૅરનનું મોં છેક બદલાઈ ગયું.

"તમે આ અરજી ઑફિસમાં જ પહોંચાડો, એ સારું છે. મારાથી જે બનશે તે હું કરીશ જ. ન્યાયખાતામાં હું વાત કરીશ અને તેમનો જવાબ આવશે, ત્યાર બાદ જે કરવાનું હશે તે અમે કરીશું."

નેખ્લ્યૂદોવ તરત તેની રજા લઈને બહાર નીકળી ગયો.

૨

હવે બંદી-ગઢના ગવર્નરને મળવા નેખ્લ્યૂદોવ ઊપડયો. તે એક બુઢ્ઢો જનરલ હતો અને જર્મન વંશપરંપરાનો હતો. તેનામાં 'સાઠી – બુદ્ધિ નાઠી' ન્યાયે અક્કલનો છાંટો રહ્યો ન હતો. પરંતુ તેને એટલા બધા ચંદ્રકો મળ્યા હતા કે ન પૂછો વાત! ખાસ કરીને સફેદ ક્રૂસનો ચંદ્રક. આ ચંદ્રક મેળવ્યાનું તેને ભારે મોટું ઘમંડ હતું. એ ચંદ્રક તેને મળવાનું કારણ તેણે કોકેસસમાં બજાવેલી કામગીરી હતું. ત્યાં પોતાની સ્વતંત્રતા, પોતાનાં ઘરબાર અને પોતાનાં કુટુંબોનાં રક્ષણ માટે લડતાં હજારો

માણસોની તેણે બંદૂકો અને બૅયોનેટથી સુસજ્જ એવા રશિયન સૈનિકો દ્વારા કારમી કતલ કરાવી હતી. તેણે પોલૅંડની કામગીરી વખતે પણ એથી વધુ કારમાં કૃત્યો કર્યાં હતાં, અને તે બદલ તેને વળી વિશેષ ચંદ્રકો મળ્યા હતા.

હવે ઘરડો થતાં તેને આ બંદી-ગઢનો ગવર્નર બનાવવામાં આવ્યો હતો, જેથી તેને સારું મકાન, સારી આવક અને સારાં માન-અકરામ મળી રહે. અહીં તેને રાજકીય ગુનેગારો — સ્ત્રીઓ અને પુરુષો — જેમને એકાંતવાસની આકરી કેદ થઈ હોય, તેઓની દેખરેખ રાખવાની હતી. ‘ઉપરથી આવતા’ આદેશો અને કાનૂનોનું પાલન તે એટલી ચીવટથી કરતો કે, તે કેદીઓમાંનાં અર્ધાં દશ વર્ષની અંદર જ મરી જતાં : કેટલાંક ગાંડાં બની જઈને, કેટલાંક ક્ષયરોગથી, તો કેટલાંક આત્મહત્યા કરીને અર્થાત્ ભૂખે મરીને — કાચના ટુકડાથી ધોરી નસ કાપી નાખીને — કે — ફાંસો ખાઈને. તે માણસ આ બધું જાણતો ન હતો એમ નહિ; પરંતુ ‘ઉપરથી’ એટલે કે શહેનશાહ તરફથી આવતા આદેશોનું કડકપણે પાલન કરવામાં એવા વિચાર કરવા તેને એ નબળાઈની નિશાની માનતો, તથા નામદાર સમ્રાટ પ્રત્યેના કે દેશ પ્રત્યેના ધર્મ-પાલનમાં ઊણપ લાવનાર ગણતો. અલબત્ત ધર્મ-કાનૂન પ્રમાણે તે અઠવાડિયે એક વખત એ કેદીઓની મુલાકાતે જતો, તથા તેમની બધી વિનંતીઓ તથા કાકલૂદીઓ ઠંડે પેટે સાંભળતો; પરંતુ તેમનો અમલ કદી કરતો નહિ.

નેખ્લ્યૂદોવ જ્યારે તેને મળવા તેના મકાને પહોંચ્યો, ત્યારે તે પોતાના દીવાનખાનામાં ટેબલ ઉપર સામે પોતાના એક કર્મચારીના કલાકાર ભાઈને બેસાડી કાગળ ઉપર રકાબી ઘુમાવતો હતો. કાગળ ઉપર બારાખડીનો અક્ષર-પટ છાપેલો હતો; અને આ બે જણ રકાબી ઉપર હાથ રાખી અક્ષર-પટના જે જે અક્ષરો ઉપર રકાબી જાય, તે નોંધતા જતા હતા. પોતે બોલાવેલો અશરીરી આત્મા તેમના હાથો મારફતે રકાબીને ઘુમાવી તે અક્ષરપટના અક્ષરો મારફતે જવાબ આપે છે, એમ

મનાય છે.* આજે તેઓએ જોન ઑફ આર્કના અંતરાત્માનું આહ્‌વાન કર્યું હતું, અને એવો પ્રશ્ન પૂછયો હતો કે, મૃત્યુ બાદ અશરીરી બનેલા આત્માઓ એકબીજાને ઓળખી શી રીતે શકે છે? આ બંનેના હાથોએ એક પછી એક અક્ષર ઉપર રકાબી ફેરવીને આટલું વાકય ઊભું કર્યું હતું — 'તેઓ એકબીજાને ઓળખે છે —— થી.' આ પછી એ -'થી' વાળો ભાગ લખાવવાની ખેંચાતાણ પેલા બેના હાથ વચ્ચે ચાલતી હતી. જનરલનો હાથ એમ લખાવવા માગતો હતો કે, 'ભૌતિક મલિનતા દૂર થવાથી,' ત્યારે પેલો કલાકાર એમ લખાવવા માગતો હતો કે 'તેમનાં પ્રકાશિત સૂક્ષ્મ શરીરોથી.'

તે જ વખતે નેખ્લ્યૂદોવની ચિઠ્ઠી લઈને દરવાન અંદર આવ્યો.

જનરલ કટાણું મોં કરીને ઊઠયો અને પેલા કલાકારને બાકીનો જવાબ પોતાની મેળે મેળવી લેવા કહ્યું.

નેખ્લ્યૂદોવને જોઈને, તેને બેસવાનું કહી, તેણે સામાન્ય શિષ્ટાચારના સવાલ-જવાબ શરૂ કર્યા —

"પિટર્સબર્ગ કયારે આવ્યા?"

"હમણાં – તાજેતરમાં જ."

"તમારાં મા, પ્રિન્સેસ, મજામાં છે ને?"

"મારાં મા ગુજરી થયાં."

"માફ કરજો; હું ઘણો દિલગીર છું. હું તમારા બાપુ સાથે જ લશ્કરમાં હતો, અને અમે બંને મિત્રો-સાથીદારો હતા. તમે પણ લશ્કરી નોકરીમાં જ હશો?"

---

* પ્લાંશેત નામે ઓળખાતાં આ સાધનો, અશરીરી જીવાત્માઓની [illegible] પ્રશ્નોના જવાબ મેળવવા વપરાય છે. એ સાધનમાં મુખ્યત્વે નીચે [illegible] અક્ષર-પટ ઉપર કશુંક ખસી શકે કે ઘૂમી શકે એવી રચના હોય [illegible] અમુક અક્ષરો દર્શાવી શકાય, જેનું વાકય બને, અને તે પેલા [illegible] જવાબ મનાય.

' ના, હું નથી; હું એક વિનંતી કરવા આવ્યો છું, જનરલ."

"ઘણો ખુશી થયો; હું શી બાબતમાં તમારી સેવા બજાવી શકું તેમ છું, વારુ?"

"અલબત્ત, મારી વિનંતી તમને વિચિત્ર લાગશે ખરી; પરંતુ મને માફ કરજો; અહીં બંદી-ગઢમાં ગુર્કેવિચ નામનો એક કેદી છે; તેની માને તેની મુલાકાત જોઈએ છે; અથવા છેવટે કંઈ નહિ તો તે એને થોડી ચોપડીઓ મોકલાવી શકે એટલું તો કરો જ."

"જુઓ, આ બાબત મારા હાથમાં નથી; આ કેદીઓની મુલાકાતો અંગે નામદાર શહેનશાહના ખાસ આદેશ છે. અને પુસ્તકોની બાબતમાં તો અમારે અહીં જ 'યોગ્ય' પુસ્તકોની આખી-લાયબ્રેરી છે; કેદીઓને 'પરવાનગી' હોય એ પુસ્તકો જ મળી શકે."

"પણ તેને વિજ્ઞાનનો અભ્યાસ ચાલુ રાખવો છે; એટલે તે અંગેનાં પુસ્તકો જોઈએ છે."

"એ વાતમાં શો માલ છે? તેઓને અભ્યાસ – બભ્યાસ કંઈ જ કરવો હોતો નથી; એ તો ખાલી પજવણી છે; તેઓ હંમેશ ફરિયાદો કરતા રહે છે અથવા નકામી નકામી માગણીઓ કરતા રહે છે. અહીં તેમને બીજે ક્યાંય ન મળી શકે એવી સગવડો હોય છે — ખાવાનું – પીવાનું – બધું જ. દેશનાં બધાં માણસોને એવી સગવડો મળે તો તો દેશમાં ભગવાનનું રાજ્ય જ ઊતર્યું ગણાય! પુસ્તકોમાં તેમને ધાર્મિક પુસ્તકો ઘણાં મળે છે, તથા જૂનાં સામયિકોની અમારી પાસે આખી લાયબ્રેરી છે; પણ તમે જોશો તો એમાંનાં ઘણાં પુસ્તકનાં તો પાનાં પણ ફાટ્યાં નહિ હોય. કેટલીક વાર હું પરીક્ષા કરવા ખાતર અમુક ચોપડીઓ વચ્ચે નિશાનીઓ મૂકું છું — કોઈ વાંચે એટલે તે ખસી જાય. પણ જ્યારે જુઓ ત્યારે એ નિશાનીઓ ત્યાંની ત્યાં! લખવાની પણ તેમને મનાઈ નથી. તેમને એક સ્લેટ આપવામાં આવે છે અને સાથે પેણ; જેથી તેઓ છૂટથી લખવાની પ્રવૃત્તિ કરી શકે. સ્લેટ ભરાઈ જાય એટલે પાછી ભૂંસી નાખીને આગળ લખે! પણ તેઓને લખવાનું

પણ ક્યાં ગમે છે? જોકે, થોડા વખતમાં જ તેમનો શરૂઆતનો અજંપો શાંત થઈ જાય છે અને પછી તેઓ ડાહ્યા – ડમરા થઈ પોતાનું રોજિંદું જીવન ગાળે છે — કેટલાક તો પછી સારી પેઠે પુષ્ટ પણ થઈ જાય છે.”

નેખ્લ્યૂદોવ આ માણસની લાગણી-હીનતા જોઈ ચૂપ થઈ ગયો અને ઊઠવાની તૈયારી કરવા લાગ્યો. જનરલે નેખ્લ્યૂદોવ માટે શુભ-ચિંતા વ્યક્ત કરતાં કહ્યું, “મારે માટે કશી ગેરસમજ ન કરતા; — હું તો તમારા પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને જ કહું છું કે, આવા લોકોની સોબત ન કરતા — કે તેમની સાથે કશો સંપર્ક ન રાખતા. આ બધા લોકો ઘોર અધાર્મિક – અનૈતિક માણસો હોય છે — અમે તો તેમને બરાબર ઓળખીએ. અને મારી સલાહ છે કે, તમે હજુ પણ સરકારી નોકરીમાં જોડાઈ જાઓ. ઝાર-બાદશાહને તથા દેશને પ્રમાણિક માણસોની સેવાની ઘણી જરૂર છે. આપણે બધા સરકારી તંત્ર સામે ફરિયાદો રટયા કરીએ છીએ ખરા, પણ તેમાં સેવા બજાવવાની એટલી તત્પરતા દાખવતા નથી.”

૧૩

સજા કાયમ રહી

૧

બીજે દિવસે માસ્લોવાનો કેસ સેનેટમાં નીકળવાનો હતો. નેખ્લ્યૂદોવ અને ઍડવોકેટ તે મકાનના દરવાજામાં જ ભેગા થયા.

એક છાપાવાળા સામે બદનક્ષીનો કેસ પહેલો ચાલવાનો હતો; એટલે જાહેર જનતાના માણસો વિશેષ હાજર હતા.

છડીદારે છડી પોકારી : "નામદાર અદાલત પધારે છે." એટલે બધા ઊભા થઈ ગયા અને સેનેટરો દાખલ થઈ, પોતાનાં સ્થાનોએ બિરાજ્યા. ચાર સેનેટરો હાજર હતા : નિકિટિન, વુલ્ફ, સ્કૉવોરોડ્-નિકોવ, અને બાય.

સેનેટરો પોતાને સ્થાને બિરાજ્યા એટલે ચિફ સેક્રેટરી - પબ્લિક પ્રોસિક્યૂટર દાખલ થયો. તેને નેખ્લ્યૂદોવ તરત ઓળખી ગયો. વિદ્યાર્થી-જીવનમાં તે નેખ્લ્યૂદોવનો નિકટનો મિત્ર હતો.

"એ પબ્લિક પ્રોસિક્યૂટર સેલેનિન છે ને?" નેખ્લ્યૂદોવે ઍડ-વોકેટ ફેનેરિનને પૂછયું.

"હા; કેમ?"

"હું તેને બરાબર એળખું છું; બહુ મજાનો માણસ છે."

"હા, હા; સારો પબ્લિક પ્રોસિક્યૂટર પણ છે — તો પછી તેને જ તમારે પ્રથમ મળવું જોઈતું હતું."

"મળીએ કે ન મળીએ, તો પણ તે તેના અંતરાત્માના અવાજને

જ અનુસરનાર માણસ છે. મને તેની પ્રમાણિકતા, અને મનની નિર્મળતાનો અનુભવ છે."

પણ પછી પ્રથમ કેસ શરૂ થતાં ફેનેરિન તે તરફ લક્ષ આપવા લાગ્યો.

જિલ્લા અદાલતે આપેલા ચુકાદાને અપીલ-અદાલતે મંજૂર રાખ્યો હતો, તેની સામે આ અપીલ હતી.

એક લિમિટેડ કંપનીના ડિરેક્ટરે છેતરપિંડી કરીને રકમ ઓળવેલી, તે વસ્તુ એક છાપાવાળાએ ઉઘાડી પાડી હતી. આ કેસમાં નક્કી કરવાનો અગત્યનો મુદ્દો તો એટલો જ કહેવાય કે, કંપનીના ડિરેક્ટરે પોતાનામાં મુકાયેલા વિશ્વાસનો ખરેખર ભંગ કર્યો હતો કે નહિ; પરંતુ તેને બદલે બીજા જ આનુષંગિક મુદ્દાઓ ઉપર વાદવિવાદ ચાલવા લાગ્યો — કે છાપાના તંત્રીને એ લેખ છાપવાનો કાયદેસર હક કહેવાય કે નહિ, અને તે છાપવાથી તેણે બદગોઈ કે બદનક્ષી કરી કહેવાય કે નહિ! ઉપરાંત બદગોઈમાં કેટલે અંશે બદનક્ષી આવી ગઈ કહેવાય તથા બદનક્ષીમાં કેટલે અંશે બદગોઈ આવી જાય.

વુલ્ફ અપીલ-અદાલતનો ચુકાદો રદ કરી, ડિરેક્ટરની સજા રદ કરાવવા માગતો હતો; પણ સેલેનિન એ ડિરેક્ટરની પૈસાની ઘાલમેલની વાત તથા તેણે આપેલી મોટી મિજબાનીમાં વુલ્ફ હાજર રહ્યો હતો, એ વાત જાણતો હોવાથી, ખૂબ ઉશ્કેરાટભરી સ્થિતિમાં એનાથી વિરુદ્ધ દલીલો કરી રહ્યો હતો.

વુલ્ફ એ દલીલોથી સારી પેઠે છંછેડાઈ ગયો; અને બધા ન્યાયાધીશો જ્યારે ઊઠીને વિચાર-મંત્રણા કરવાના કમરામાં ગયા ત્યારે તે ન્યાયાસનમાં ગૌરવયુક્ત દેખાવ ધારણ કરવા છતાં સ્પષ્ટ રીતે અકળાઈ ગયેલો જણાતો હતો

સેનેટના તજવીજદારે હવે ફેનેરિન પાસે આવીને પૂછ્યું, "તમે શા કેસ માટે આવ્યા છો?"

"માસ્લોવાના કેસ માટે; તમને આવીને પહેલાં કહ્યું હતું આ વાર."

"હા, હા, બરાબર; આજે તે કેસ નીકળવાનો જ છે; પરંતુ—"

"પરંતુ શું?"

"સેનેટર સાહેબોને એ કેસમાં કશી દલીલો કરવાની હશે એવી ખબર ન હતી, એટલે તેઓ ચાલુ કેસનો ચુકાદો સંભળાવ્યા પછી, ત્યાં જ બેસી રહીને તમારા કેસનો પણ ચુકાદો વિચારવાના હતા, પણ હવે હું તેમને જાણ કરીશ કે, તમે દલીલો કરવા માગો છો."

૨

વિચાર-મંત્રણાના કમરામાં સેનેટરો જઈ પહોંચ્યા એટલે તરત વુલ્ફે પેલા ડિરેક્ટરને થયેલી સજા રદ કરાવવા માટેની દલીલો શરૂ કરી. પ્રેસિડન્ટ નિકિટિન આમેય ચીડિયા સ્વભાવનો માણસ હતો અને આજે વળી ખાસ બદ-મિજાજમાં હતો. કેટલાય વખતથી તે એક ઊંચી જગાએ નિમાવાનાં સ્વપ્નો સેવી રહ્યો હતો; પરંતુ છેવટે જ્યારે તક આવી, ત્યારે ઉપલા અમલદારોની ખટપટથી તેને બદલે બીજો કોઈ માણસ નિમાઈ ગયો. એટલે તેણે પોતાની ડાયરીમાં પોતાનો ગુસ્સો આજે સખત ભાષામાં ઠાલવવા માંડ્યો હતો. ભવિષ્યના ઈતિહાસકારોને ઉપયોગી થાય એવું પ્રકરણ પોતે લખી રહ્યો છે, એમ તે માનતો હતો. તેની દલીલ હતી કે, અત્યારના રશિયાના રાજકર્તાઓ દેશને જે વિનાશ તરફ દોરી રહ્યા છે, તે અટકાવવાનો પ્રયત્ન કરતાં તેને રોકવામાં આવ્યો હતો! સીધી ભાષામાં, તેને વધારે પગારની નોકરી મળતી અટકાવવામાં આવી હતી—અને તેનું વેર તે ડાયરીમાં ઉપલા વર્ગના અમલદારો સામે સખત કટાક્ષ-પ્રહારો કરીને લેવા માગતો હતો.

અત્યારે ચાલતી ચર્ચા દરમ્યાન, તે પોતાની ડાયરીના એ પ્રકરણના એક વાક્ય ઉપર જ વિચાર કરી રહ્યો હતો. એટલે તે, "હા" "ચોક્કસ," "ખરી વાત છે!" એવા શબ્દો વચ્ચે કશા પ્રયોજન વિના બોલ્યા કરતો હતો.

સેનેટર બાય વુલ્ફનું વક્તવ્ય ખિન્ન ચહેરે સાંભળી રહ્યો હતો. તે ઉદારમતવાદી 'લિબરલ' માણસ હતો. આ સૈકાના છઠ્ઠા દસકામાં

પ્રચારમાં આવેલી 'લિબરલ' પરંપરાઓ તેણે ચુસ્તપણે અપનાવી હતી. પેલા બદમાશ ડિરેક્ટરને બચાવવો તેનો અર્થ પેલા પત્રકાર ઉપર બદનક્ષીનો ગુનો લાવીને મૂકવો – એવો જ થાય; અને એમ તો છાપાંનું સ્વાતંત્ર્ય હણાઈ જાય. એટલે બાય ડિરેક્ટરની અપીલ રદ કરવાની તરફેણમાં હતો.

એટલે વુલ્ફ બોલતો હતો તે દરમ્યાન તે સામે પડેલા કાગળ ઉપર એક ફૂલ-હારનું ચિત્ર જ દોરી રહ્યો હતો. જ્યારે વુલ્ફ બોલી રહ્યો ત્યારે તેણે ચિત્ર દોરવાનું બંધ કરી, સ્પષ્ટ, ટૂંકી અને પ્રતીતિકર દલીલથી એમ જણાવી દીધું કે, ડિરેક્ટરની અપીલ કાઢી નાખવી.

સ્કોવેરોડ્નિકોવ વુલ્ફની સામે બેઠો હતો, અને ટેવ પ્રમાણે પોતાની જાડી આંગળીઓથી તેની દાઢી અને મૂછના વાળ મોંમાં ખોસ્યે જતો હતો. બાય બોલતો બંધ થયો એટલે તેણે પણ જણાવ્યું કે, ડિરેક્ટર ગમે તેવો બદમાશ હોય, તો પણ જો તેના પક્ષમાં વજૂદવાળી દલીલો હોત, તો પોતે જરૂર તેને ટેકો આપત; પરંતુ કાયદેસર કશું જ તેના પક્ષમાં નથી, એટલે પોતે બાયના મતને જ ટેકો આપે છે.

પ્રેસિડન્ટે પણ સ્કોવેરોડ્નિકોવના મંતવ્ય સાથે જ સંમતિ દર્શાવી; એટલે અપીલ કાઢી નાંખવામાં આવી.

વુલ્ફ અપ્રમાણિકપણે એક ગુનેગારનો પક્ષ લઈ રહ્યો હતો એમ જણાઈ ન જાય તે માટે આ ચુકાદા વખતે જાણે પોતાને કશી બીજી [illegible] ન હોય તેવો નિરપેક્ષપણાનો દેખાવ ધારણ કરી રહ્યો; પરંતુ તેના મનમાં તો ખૂબ ચટી ગઈ.

૩

સેનેટરો હવે ચા પીતા પીતા પેલા દ્વંદ્વયુદ્ધની તથા એક સરકારી ખાતાના ઉપરી અમલદાર સામે સમાનજાતીય ગેરકુદરતી સંબંધ રાખવાના આરોપસર કલમ ૯૯૫ અનુસાર કામ ચાલતું હતું તેની વાતો [illegible].

એક જર્મન લેખકનો આધાર ટાંકી પુરુષને પુરુષ સાથે પરણવાની પરવાનગી આપવી જોઈએ એવી હિમાયત કરતી એક રશિયન ચોપડીનો હવાલો સ્કૉવોરૉડ્નિકોવે ટાંક્યો.

"અશક્ય! અસંભવિત! એવું હોય નહિ!" બાય પોકારી ઊઠ્યો.

સ્કૉવોરૉડ્નિકોવે તરત તે ચોપડીનું નામ, લેખકનું નામ, પ્રકાશકનું નામ, પ્રકાશનસ્થળ, અને પ્રકાશન-તારીખ કહી સંભળાવ્યાં.

"અરે, તેને તો હવે સાઇબીરિયાના કોઈ શહેરમાં ગવર્નર નીમ્યો છે!"

"વાહ; તો તો એને અનુકૂળ આવે એવા કોઈ બિશપને પણ ત્યાં મોકલી આપવો જોઈએ, જેથી ત્યાં એવાં લગ્નોની ધૂમ મચી જાય! હું એવા એક બિશપની ભલામણ કરી શકું તેમ છું!" સ્કૉવોરૉડ્નિકોવે કહ્યું.

તે જ વખતે તજવીજદારે આવીને જણાવ્યું કે, નેખ્લ્યૂદોવ અને તેમનો વકીલ માસ્લોવાનો કેસ ચર્ચાય ત્યારે હાજર રહેવા માગે છે. એટલે સેનેટરોએ બહાર અદાલતના કમરામાં જ જવાનું નક્કી કર્યું. દરમ્યાન વુલ્ફે એ કિસ્સાની પાછળ રહેલા નેખ્લ્યૂદોવના પ્રેમ-પ્રકરણની વાત ટૂંકમાં સૌને કહી સંભળાવી.

સેનેટરોએ બહાર આવી, ડિરેક્ટરના કેસનો ચુકાદો સંભળાવી દઈ, માસ્લોવાનો કેસ હાથમાં લીધો.

૪

વુલ્ફે પોતાના તીણા અવાજે માસ્લોવાની અપીલ વિગતવાર વાંચી સંભળાવી. અલબત્ત, તેણે માસ્લોવાને થયેલી સજા રદ કરવા તરફનું પોતાનું વલણ પણ પ્રગટ થવા દીધું.

ચૅરમૅને ઍડવોકેટ ફૅનેરિનને કંઈ કહેવું હોય તો કહેવા જણાવ્યું.

ફૅનેરિને ટટાર ઊભા રહી, છાતી પહોળી કરીને, એક એક મુદ્દો લઈ અદ્ભુત સ્પષ્ટતાથી અને મનામણી ભાષામાં કાયદાની જે છ બાબતોથી એ ચુકાદો ઊલટો જતો હતો તે રજૂ કરી.

જોકે, તેના જોરદાર ભાષણનો રણકો એવો હતો કે, સેનેટરો પોતે જ પોતાની તીક્ષ્ણ દૃષ્ટિથી અને કાયદા બાબતની સમજદારીથી એ બધું જાણી શકે તેમ હતા.

ફેનેરિનનું ભાષણ પૂરું થતાં સૌ કોઈને લાગ્યા વિના ન રહ્યું કે, સેનેટ જરૂર અદાલતના ચુકાદાને રદ કરશે. નેખ્લ્યૂદોવને પણ ખાતરી થઈ ગઈ કે, દાવો આપણે જીતી ગયા. પરંતુ તેણે સેનેટરોના મોં સામું જોયું, તો તેમના તથા પબ્લિક પ્રોસિક્યૂટરના મોં ઉપર તો એવો જ ભાવ વંચાયો કે, "નકામો કંટાળો શાને આપી રહ્યા છો? એ બધી દલીલોનો કશો અર્થ નથી!"

એટલે ફેનેરિનનું ભાષણ પૂરું થયું તેની સાથે જ પ્રેસિડન્ટે પબ્લિક પ્રોસિક્યૂટર સામે જોયું. સેલેનિને તરત જ જણાવ્યું કે, અદાલતના ચુકાદાને બદલવાની કાંઈ જરૂર નથી; કારણકે, એ માટે પૂરતાં કારણો અપીલમાં રજૂ કરવામાં આવ્યાં નથી.

ત્યાર બાદ સેનેટરો મંત્રણા-ગૃહમાં ગયા. વુલ્ફે સજા રદ કરવાની તરફેણ કરી. બાયે પણ કેસ સમજ્યા બાદ, વુલ્ફની તરફેણમાં જ જોરદાર મત આપ્યો. પરંતુ પ્રેસિડન્ટ નિકિટિન હંમેશાં કડકતા અને નિયમનો આગ્રહી હોઈ, તેણે અદાલતના ચુકાદાને ન ફેરવવાની તરફેણમાં મત આપ્યો. હવે બધું સ્કોવોરોડ્‌નિકોવ જે મત આપે તેના ઉપર જ તોળાઈ રહ્યું. પરંતુ નેખ્લ્યૂદોવ એ વેશ્યાને પછી પરણવા માગતા હતા એ બાબતની જ ઘૃણાથી સ્કોવોરોડ્‌નિકોવે સજા રદ ન કરવાની તરફેણમાં મત આપ્યો.

સ્કોવોરોડ્‌નિકોવ જડવાદી હતો અને ડારવિનાના મતનો અનુયાયી હોઈ, ધર્મ, પાપ પશ્ચાત્તાપ, આત્મબલિદાન — વગેરે ભાવોને નરી ઘૃણાપાત્ર મૂર્ખામી ગણતો. એટલે નેખ્લ્યૂદોવ પાપના પ્રાયશ્ચિત્તના ભાગમાં એક વેશ્યાને પરણવા માગતો હતો એ વસ્તુ તેને તો પોતાની જાતના એક મહાભયંકર ગુના રૂપ લાગી. અને એવી એક વેશ્યાની

વાત માટે નોમ્લ્યૂદોવે આવા જાણીતા ધારાશાસ્ત્રીને મદદમાં રાખી સેનેટનો કીમતી સમય લીધો, એ વાતથી જ તે એકદમ છંછેડાઈ ગયો. એટલે તેણે દાઢી-મૂછના વાળ જોરથી મોંમાં ખોસી દઈ, મોં બગાડી, માત્ર એક જ વસ્તુ રટયા કરી કે, આ અપીલ માટે પૂરતાં કારણો જ નથી. એટલે તેણે પ્રેસિડન્ટના અભિપ્રાય સાથે સહમત થઈ, જણાવી દીધું કે, અદાલતનો ચુકાદો કાયમ રાખવો.

અર્થાત્ માસ્લોવાની સજા કાયમ રહી.

૧૪

સત્યનિષ્ઠા ભૂલવાના રાજમાર્ગ

૧

નેખ્લ્યૂદોવ કમરાની બહાર નીકળીને તરત ફૅનેરિન સામે જોઈને બોલી ઊઠ્યો,

"કેવો જુલમ છે? આવી સ્પષ્ટ બાબતમાં પણ કેવળ વૈધતાને વળગી રહીને વચ્ચે પડવા ના પાડવી, એ તો ભયંકર વસ્તુ છે. ખાસ કરીને સેલેનિન જેવો માણસ અપીલ રદ કરવાની તરફેણ કરતો હતો એ જોઈને તો હું હેરાન જ થઈ જાઉં છું."

"આપણે હવે નામદાર શહેનશાહને અપીલ કરવાની રહે છે. તમે અહીં છો તે દરમ્યાન તમારી જાતે જ એ અરજી હાથોહાથ પહોંચાડજો. હું તમને એ અરજી લખી આપીશ."

તે જ ઘડીએ વુલ્ફ બહાર આવ્યો. તે નેખ્લ્યૂદોવને જોઈ, પાસે આવીને બોલ્યો, "પ્રિન્સ, અમે લાચાર હતા; અપીલ માટેનાં કારણો પૂરતાં ન હતાં." એટલું કહી તે ખભા જરા ઉછાળીને ચાલતો થયો.

વુલ્ફ પછી સેલેનિન આવ્યો. સેનેટરો પાસેથી તેને જાણવા મળ્યું હતું કે, તેનો જૂનો મિત્ર નેખ્લ્યૂદોવ સેનેટમાં હાજર હતો.

"વાહ, તમે અહીં હશો એની તો મને ખબર જ ન હતી," તે જરા હસીને બોલ્યો.

"અને મને ખબર ન હતી કે તમે અહીં વડા પ્રોસિક્યૂટર હશો."

"અરે હજુ તો મદદનીશ છું," સેલેનિને ભૂલ સુધારતાં કહ્યું; "તમે પિટર્સબર્ગમાં છો એવું તો મેં સાંભળ્યું હતું; પણ સેનેટમાં શા કારણે આવ્યા હતા, વારુ?"

"સેનેટમાં તો હું ન્યાય શોધવા આવ્યો હતો, અને વિના કારણ – ગેરસમજથી સજા પામેલી એક બાઈને બચાવી લેવા માગતો હતો."

"કઈ સ્ત્રી?"

"હમણાં જેના કેસનો ચુકાદો આપવામાં આવ્યો તે સ્ત્રી!"

"ઓહો! માસ્લોવાને? એની અપીલ માટે તો કશાં વાજબી કારણો જ ન હતાં."

"અપીલ માટેનાં કારણોની વાત શા માટે કરો છો? એ સ્ત્રી માટેનાં કારણો જોવાં જોઈએ ને? એ તદ્દન નિર્દોષ છે અને તેને સજા થઈ છે."

"તમે શી રીતે કહી શકો કે, તે ત ન નિર્દોષ છે?"

"કારણ કે, તેના કેસમાં હું જૂરી-સભ્ય હતો. અમે જૂરી-સભ્યો કેવી રીતે ભૂલ કરી બેઠા તે હું બરાબર જાણું છું."

"તમારે ત્યાં ને ત્યાં જ એવું નિવેદન કરવું જોઈતું હતું."

"મેં એવું નિવેદન કર્યું જ હતું."

"પણ તેનો ઉલ્લેખ સરકારી કાગળિયાંમાં હોવો જોઈએ અને અપીલ માટેનાં કારણોમાં તેનો હવાલો આપવો જોઈએ."

"તે ગમે તેમ હો, પણ તેને થયેલી સજા ઉઘાડી જ ખોટી છે."

"પણ સેનેટ એમ કહી ન શકે. સેનેટ જો કાયદાની અદાલતોના ફેંસલાઓ, પોતાના અભિપ્રાય મુજબ કે એ ફેંસલા ન્યાયી છે કે નહિ એ દૃષ્ટિએ સુધારવા બેસે, તો તો પછી જૂરીના ફેંસલાનો કંઈ અર્થ જ ન રહે. એમ તો સેનેટને પોતાને જ વિચારણા માટે કશો આધાર ન રહે અને ન્યાયનું સમર્થન કરવા કરતાં તેનું ઉલ્લંઘન જ તે વધુ કરી બેસે."

"હું તો એટલું જાણું કે, આ સ્ત્રી નિર્દોષ છે, અને તેને નાહક થયેલી સજામાંથી બચાવી લેવાની છેલ્લી આશા પણ હવે પતી ગઈ! એક ભયંકર અન્યાયનું સમર્થન સર્વોચ્ચ અદાલતે પણ કર્યું!"

સેનેટે કશાનું સમર્થન કર્યું કહેવાય નહિ. તે કોઈ કેસના ગુણ-દોષમાં પોતા થકી તો ઊતરી શકે જ નહિ."

સેલેનિન પોતાના કામકાજમાંથી નવરો પડતો ન હોઈ, ભાગ્યે જ 'સોસાયટી'માં બહાર જતો હોવાથી, નેખ્લ્યૂદોવના પ્રેમ-પ્રકરણની વાત તેના સાંભળવામાં આવી ન હતી. તેણે હવે વાતચીતનો મુદ્દો બદલવા પૂછ્યું —

"તમે તમારાં માસીને ત્યાં જ ઊતર્યા હશો. તેમણે જ મને કહ્યું હતું કે, તમે પિટર્સબર્ગમાં આવ્યા છો; ગઈ રાતે કોઈ પરદેશી ઉપદેશક તેમને ત્યાં વ્યાખ્યાન આપવાનો હતો, તે સાંભળવા આવવા પણ મને તેમણે નિમંત્રણ આપ્યું હતું."

"હું એ વ્યાખ્યાન સાંભળવા હાજર રહ્યો હતો, પણ ઘૃણા આવવાથી અધવચ જ ઊઠી ગયો હતો."

"ઘૃણા શા માટે? ઘૃણા શી વાતની? ગમે તેમ તોય એ પણ એક ધાર્મિક લાગણીનો આવિષ્કાર છે, ભલે તે એકાંગી કે સાંપ્રદાયિક હોય."

"અરે, ના ના! એ કેવળ તરંગી બેવકૂફી છે."

"ના ભાઈ ના! આપણે આપણા પોતાના ધર્મ-પંથના ઉપદેશોનું જ્ઞાન એટલું ઓછું જાણતા હોઈએ છીએ કે, તેના જ મૂળભૂત સિદ્ધાંતો રજૂ થતા હોય તો પણ આપણને જાણે તે તદ્દન નવા સિદ્ધાંતો હોય એમ લાગે છે."

"હં? તો શું તમે આપણા સ્થાપિત રાજ-માન્ય ધર્મ-પંથના* સિદ્ધાંતોમાં માનો છો?"

"હા વળી! પણ એ બધા અંગે આપણે ફરીથી મળીશું, ત્યારે જરૂર નિરાંતે વાતો કરીશું. મારું સરનામું... આ છે; અને હું સાત વાગ્યે ભોજન લેતો હોવાથી તે વખતે અચૂક હાજર હોઉં છું."

---

* ખ્રિસ્તી સિદ્ધાંતોમાંથી જુદા જુદા ખ્રિસ્તી પંથો અમુક અમુક સિદ્ધાંતો જ માન્ય રાખતા હોય છે. અહીં રશિયાના રાજ્યે માન્ય રાખેલા ધર્મ-સિદ્ધાંતોની વાત છે.

નેખ્લ્યૂદોવે, તેને મળવા અવાશે તો આવીશ એમ કહ્યું; પણ જે માણસ તેને અત્યાર સુધી નિકટનો અને પ્રિય લાગતો હતો, તે આ થોડી વાતચીતને કારણે જ જાણે દૂરનો, અજાણ્યો તથા વિરોધી નહિ તોય ન સમજી શકાય તેવો બની ગયો હતો.

૨

વાત એમ હતી કે, નેખ્લ્યૂદોવનો સેલેનિનનો પરિચય એક વિદ્યાર્થી તરીકેનો હતો. તે વખતે તે એક સારો આજ્ઞાંકિત પુત્ર, સાચો હિતેચ્છુ મિત્ર તથા તેની ઉંમરના પ્રમાણમાં દુનિયાનો જાણકાર, તથા સમયસૂચકતાવાળો હોવા છતાં અસામાન્યપણે સત્યનિષ્ઠ તથા પ્રમાણિક હતો. ભણવામાં તે પાવરધો હતો, અને તેના નિબંધો માટે સુવર્ણચંદ્રકો તેને મળ્યા હતા. માણસ-જાતની સેવા — કર્મથી, માત્ર શબ્દોથી નહિ – એ તેનો જુવાનીનો આદર્શ હતો. તે વખતથી જ રાજ્યની સેવાને જ તે માનવજાતની સેવા માટેનું ઉપયુક્ત સાધન માનતો હતો. એટલે અભ્યાસ પૂરો થતાં જ પોતે કઈ પ્રવૃત્તિમાં પોતાનું જીવન જોડે એ તપાસી લઈ, કાયદાઓ જ્યાં ઘડાય છે એ ચાન્સેલરીના નં. ૨ ખાતામાં પોતે વિશેષ ઉપયોગી થઈ પડશે એમ માની, તે શાખામાં જોડાયો હતો.

પરંતુ તે કામમાં પોતાની બધી શક્તિઓ નિષ્ઠાપૂર્વક રેડવા છતાં, અનુભવે તેને માલૂમ પડ્યું કે, માનવજાતને ઉપયોગી નીવડવાની પોતાની ઇચ્છા સંતોષી શકે તેવી આ નોકરી નથી; તથા પોતે ‘ ઠીક ’ કામ કરી રહ્યો હતો એમ પણ તેને લાગ્યું નહિ.

આ અસંતોષ, નાના મનવાળા અને ઘમંડી ઉપરી સાથેના સંઘર્ષથી પણ વધતો ચાલ્યો; એટલે તે ચાન્સેલરી છોડીને સેનેટમાં દાખલ થયો. ત્યાં કંઈક સારું હતું; પરંતુ તેને જોઈતું હતું તે કરતાં તથા જેની અપેક્ષા હતી તેવા કામ કરતાં આ કામ પણ તદ્દન જુદું છે, એવો અસંતોષ તેને ચાલુ રહ્યો જ.

તે સેનેટમાં હતો તે દરમ્યાન જ તેનાં સગાંવહાલાંએ તેને માટે શાહી શયનગૃહના રાજપુરુષ તરીકેનો વધારાનો હોદ્દો મેળવી આપ્યો.

તેથી તેને સોનાની જરી ભરેલી વર્દી પહેરવાની મળી, તથા અમુક લોકો તરફથી આદર-સંમાન મળતાં થયાં; પરંતુ બહુ બહુ વિચાર કે કલ્પનાઓ દોડાવવા છતાં એ હોદ્દા અંગે કશું ઉપયોગી કામકાજ કે ફરજો તે શોધી શક્યો નહિ; છતાં જે સગાંએ ખટપટ કરીને તેને આ હોદ્દો મેળવી આપ્યો હતો, તેમને ખોટું ન લાગે તે માટે તે એને તજી પણ શક્યો નહિ.

પરણવાની બાબતમાં પણ તેને એમ જ બન્યું. લૌકિક દૃષ્ટિબિંદુથી ઉત્તમ કહી શકાય એવો સંબંધ તેને માટે ગોઠવી કાઢવામાં આવ્યો, અને તે પરણ્યો પણ ખરો. ફાંકડી-જુવાન-ખાનદાન કન્યા મળવાથી તેનું અભિમાન પણ કંઈક સંતોષાયું; પરંતુ થોડી જ વારમાં તેને પોતાની સરકારી નોકરી તથા રાજદરબારના સ્થાનની જેમ આ લગ્નની બાબતમાં પણ 'ઠીક' કામ કર્યું, એમ ન લાગ્યું.

તેની પત્ની ખાસ સ્વરૂપવાન ન હતી; પરંતુ તેને વફાદાર હતી. તેણે ભોગ-વૈભવના જે જીવનને અપનાવ્યું હતું, તેમાંથી સરવાળે તેને કંટાળા સિવાય બીજું કશું વિશેષ હાંસલ ન થયું; છતાં તેણે એ જ જીવન જીવવાનું ચાલુ રાખ્યું અને નફામાં તેના પતિના જીવનને ઝેર બનાવી મૂક્યું, તે જુદું. તેના પતિએ આ જીવનને બદલવા ગમે તેટલાં ફાંફાં માર્યાં, પણ પેલીની નિશ્ચિત માન્યતાઓની પથ્થરની દીવાલ સાથે અફળાઈને બધું છિન્નભિન્ન થઈ ગયું. પેલીને તેનાં સગાંસંબંધી એ જીવનમાં ચાલુ ટેકો આપ્યાં કરતાં અને કહેતાં કે જીવન તો એવું જ હોય એમ જ જીવવું જોઈએ.

ધીમે ધીમે પતિ અને પત્ની વચ્ચે ચાલુ સામાન્ય બાબતોમાં પણ ગેરસમજ વધતી ચાલી; પરિણામે તેઓ બંનેએ એકબીજાને સમજવાનો પ્રયત્ન કરવાનું જ છોડી દીધું; અને છેવટે તો તેમની વચ્ચે અણછતું યુદ્ધ જ મંડાઈ રહ્યું; જો કે બાહ્ય શિષ્ટાઈ દાખવવા ખાતર તેને પૂરું બહાર ઊઠવા દેવામાં આવતું નહીં.

અને આ બધી બાબતોમાં જે છૂટછાટો તેને મૂકવી પડી, તેને મળતું જ તેની ધાર્મિક માન્યતાઓ અંગે પણ બન્યું! પોતાની બુદ્ધિશક્તિને બળે રાજમાન્ય ધાર્મિક-માન્યતાઓમાં શ્રદ્ધાનું કોટલું તો તેણે જુવાનીની શરૂઆતમાં જ — અભ્યાસકાળે જ – ફગાવી દીધું હતું. અને નેખ્લ્યૂદોવ એ બાબતનો સાક્ષી હતો.

પરંતુ જેમ જેમ વારસો વીતતાં ગયાં અને તે નોકરીમાં ઊંચા હોદ્દાઓ ઉપર આવતો ગયો, તેમ તેમ તેને સામાજિક શિષ્ટતા જાળવવા ખાતર પોતાના ધર્મની બાબતમાંની બંડખોર વૃત્તિ દબાવતા જવું પડ્યું. જેમ કે, તેના પિતા ગુજરી ગયા ત્યારે તેની માતાની મરજીથી, તથા પોતાની સરકારી નોકરીની રૂએ રાજમાન્ય ધર્મવિધિને અનુસરવા ખાતર, તેના બધા વિધિઓ કરાવવા પડ્યા તથા તે વખતે હાજર રહેવું પડ્યું.

પછી તો એક દિવસ પણ પસાર ન થાય અને તેને ધર્મને લગતું કોઈ ને કોઈ બાહ્ય વિધાન અપનાવવું પડતું. વાત એમ બની કે, જે સિદ્ધાંતો કે વિધિઓમાં તે માનતો ન હતો તે બધા કાં તો તેણે સરકારી નોકરી કાયમ રાખવા બાહ્યત: માથે ચડાવવા રહ્યા; અથવા તો તેણે જીવનપદ્ધિતમાં એવો પલટો સાધવો રહ્યો, કે જેથી એ બધું જૂઠાણું ફરજિયાત આચરવું ન પડે. પણ એ રસ્તો લેવામાં તકલીફ વધારે તથા કૌટુંબિક અને સામાજિક વિરોધ સહન કરવાનો પણ વધારે! એટલે છેવટે રોજબરોજ તેને જીવનમાં થોડુ઼ં થોડુ઼ં જૂઠ દાખલ કરવું પડ્યું. શરૂઆતમાં તો તે એમ દલીલ કરતો કે, એ બધાં જૂઠાણાંને ન્યાય કરવા ખાતર પણ, તેમને ફગાવી દેતા પહેલાં તેમનો નિકટતાથી અભ્યાસ કરવો જોઈએ – અર્થાત્ તેમને પાળી જોવાં જોઈએ!

એ બહુ અલ્પ જૂઠ હતું; પરંતુ તેમાંથી મોટા જૂઠમાં સરકતાં વાર ન લાગે. પોતાની સરકારી નોકરી જેવું ઉપયોગી કામ કરવા માટે એવું 'થોડુ઼ંક' અપનાવવું પડે તો તે વેઠી લેવું રહ્યું, એમ છેવટે તેણે કહેવા માંડ્યું.

પછી તો તેણે ઉદ્દામ મતવાદી લેખકો વાંચવાને બદલે બુદ્ધિનો વ્યભિચાર શીખવતા અને પેલાં જૂઠાણાંને વગર ખટકે અપનાવવા દલીલો પૂરી પાડતા લેખકોનાં પુસ્તકો જ વાંચવા માંડયાં. અને તે એમ દલીલ કરવા લાગ્યો: એક માણસની અલ્પ બુદ્ધિ સત્યને કેટલુંક પામી શકે કે ધારણ કરી શકે? તે માટે તો સમાનધર્મી મનુષ્યોનું મંડળ હોવું જોઈએ. વળી સત્યનો આવિષ્કાર ઈશ્વર દ્વારા જ થઈ શકે – અને તે આવિષ્કાર ધારણ કરવાનું — જાળવવાનું — અને તેનો પ્રસાર કરવાનું કામ જ રાજમાન્ય ધર્મ-મંડળ (ચર્ચ) કરે છે.

ત્યારથી માંડીને તે રાજમાન્ય ધર્મસિદ્ધાંતનાં બધાં વિધિવિધાનોમાં વગર ખટકે હાજર રહેવા લાગ્યો; અને એ રીતે પોતાની સરકારી નોકરી દ્વારા ‘ઉપયોગી’ સેવા બજાવવાનું પણ ચાલુ રાખી શક્યો.

અલબત્ત, તેના ઊંડા અંતરમાં તો તે આ બધા સામે નફરત જ કરતો હતો; અને તેથી તેના ચહેરામાં ને આંખોમાં એક પ્રકારની ખિન્નતાનો ભાવ જડાઈ રહેવા લાગ્યો.

નેખ્લ્યૂદોવને મળ્યા બાદ તેને પોતાના જુવાનીના દિવસોની સત્ય-ભક્તિ તથા આદર્શ-પ્રેમ યાદ આવતાં તે દિવસોની સરખામણીમાં પોતે અત્યારે જે જૂઠાણું આચરી રહ્યો હતો તેના ભાનથી તેની ખિન્નતા ત્યાં વિશેષ વધી ગઈ.

૧૫

ધર્મપંથના સંરક્ષકો!

નેખ્લ્યૂદોવને પિટર્સબર્ગમાં પતવવાનું એક કામ હવે બાકી રહેતું હતું; અને તે, પેલા પંથવાદીઓનો કેસ, જેમની બાબતની અરજી શહેનશાહ ઝારને પહોંચાડવાની હતી. તે કામ લશ્કરના પહેલાંના પોતાના સાથીદાર બોગાટ્રિવ મારફતે તેણે પતવવા ધાર્યું હતું. તે બહુ ખુલ્લા દિલનો અને ઉદારમત-વાદી માણસ હતો. છતાં રાજદરબારમાં તે બહુ હળતો મળતો અને શહેનશાહ ઝાર તથા તેના કુટુંબનો ભક્ત હતો. પોતાના ચારિત્ર્યની કોઈ અનોખી વિશષ્ટતાને કારણે તે એ ઉચ્ચ મંડળમાં ફરતો રહેતો હોવા છતાં, શુભ અંશોને જ પોતાની ભક્તિ અર્પતો રહેતો, પણ તેનાં અનિષ્ટ અને ભ્રષ્ટતામાં તે સહેજે ભળતો નહિ.

નેખ્લ્યૂદોવને જોતાં જ તે ખરા દિલથી ખૂબ રાજી થયો; અને નેખ્લ્યૂદોવે પેલી અરજી શાહેનશાહ ઝારને પહોંચાડવાની વાત કરતાં, તરત તેણે એ કામ કરવાનું કબૂલ કર્યું. પણ સાથે સાથે તેણે ઉમેર્યું કે, તમે ટૉપોરોવને પહેલા મળી લો તો સારું.

નેખ્લ્યૂદોવે ટૉપોરોવનું નામ સાંભળતાં જ કટાણું મોં કર્યું. બોગાટ્રિવે કહ્યું, આ બધાં ધર્મપંથનાં કામો પતવવાનું તેને માથે હોય છે; એટલે શહેનશાહ પણ આ અરજી બાબત તેને જ પૂછપરછ કરશે.

નેખ્લ્યૂદોવ નાછૂટકે ટૉપોરોવને મળવા ગયો. ઈશ્વરે સ્થાપિત કરેલા રાજમાન્ય ધર્મપંથના સંરક્ષણના કામે તે નિમાયેલો હતો. તે પોતે કશા ધર્મસિદ્ધાંતમાં માનતો ન હતો. પરંતુ, સામાન્ય માનવો તેમને માટે

ઉપયોગી કે કલ્યાણકર રાજમાન્ય ધર્મ-પંથથી ચલિત ન થાય, તે જોવા માટે તે સદૈવ તત્પર રહેતો.

પાકશાસ્ત્રના એક પુસ્તકમાં એમ લખ્યું છે કે, પોતે જીવતા રંધાય એવું કરચલા પોતે ઇચ્છે છે: જેથી પોતાની વાની સર્વોત્તમ સ્વાદુ બનીને માનવોના મોંએ ચડે! તેવી જ રીતે ટૉપોરોવ પણ માનતો હતો કે, લોકોને પોતાના ધાર્મિક વહેમોના જાળામાં અટવાઈ રહેવાનું ગમે છે; માટે તે જાળું કોઈ તોડી ન નાખે તે જોવું, એ લોકોના હિતમાં છે.

બહાર બેઠેલા અફસરોમાંથી એકે, નેખ્લ્યૂદોવ જે અરજી શહેનશાહને પહોંચાડવા માગતો હતો, તે અરજી તેની પાસેથી લઈને ટૉપોરોવને પહોંચાડી. ટૉપોરોવે તે અરજી વાંચીને તરત જ નેખ્લ્યૂદોવને પોતાની ઑફિસમાં બોલાવ્યો.

પંથવાદીઓનો કેસ આ પ્રમાણે હતો: રાજમાન્ય ગ્રીક ઑર્થોડોક્સ ધર્મના સિદ્ધાંતો કરતાં આ પંથવાદીઓ બાઇબલના મૂળ સીધા સાદા સિદ્ધાંતો અનુસરવા માગતા હતા. પહેલાં તો તેમના ઉપર કાયદેસર કામ ચલાવવામાં આવ્યું, પણ તેમને છોડી મૂકવામાં આવ્યા. પણ ત્યાંના બિશપ અને ગવર્નરે મળીને એવી રજૂઆત કરી કે, આ લોકોનાં લગ્ન રાજ્યમાન્ય ધર્મવિધિ અનુસારનાં ન હોઈ ગેરકાયદે છે – એટલે એ પંથનાં સ્ત્રી-પુરુષો લગ્ન બહારનું વ્યભિચારી જીવન ગાળનારાં ગણાય! એટલે તે વ્યભિચારી પુરુષોને તેમનાં સ્ત્રી-સંતાનોથી જુદા પાડી દેશનિકાલ કરવા જોઈએ.

ટૉપોરોવ સમક્ષ આ કેસ પહેલ વહેલો આવ્યો, ત્યારે તરત જ તેને લાગ્યું હતું કે, આ ખોટું થાય છે. પણ પછી તેને લાગ્યું હતું કે, આ બધા પંથવાદીઓને જો ત્યાં રહેવા દેવામાં આવશે, તો બાકીની પ્રજા ઉપર તેમની ખોટી અસર પડશે. એટલે તેણે તેમને દેશનિકાલ કરવાની વાત મંજૂર રાખી હતી.

પરંતુ હવે નેખ્લ્યૂદોવ જેવો તેમનો પક્ષકાર વકીલ ઊભો થયેલો જોઈ, તે ગભરાયો. તેને લાગ્યું કે શહેનશાહ સમક્ષ આ વાત જશે, અને તેમને પણ આ બધું હદ બહારનું ઘાતકી લાગશે, તો નાહક પૂછપરછ શરૂ થશે.

એટલે તેણે તરત જ નેખ્લ્યૂદોવને બોલાવીને કહી દીધું કે, મારો વિચાર પહેલેથી આ સજા રદ કરવાનો હતો. એ બધું સ્થાનિક સત્તાવાળાઓના વધારે પડતા ધર્મઝનૂનને આભારી હતું. પણ તમે મારા ધ્યાન ઉપર આ બધું ફરીથી આણ્યું એ ઠીક કર્યું. હું અબઘડી એ લોકો સામેનો કેસ કાઢી નાખી, સજા રદ કરવાનો હુકમ લખી નાખું છું.

અને એમ કહીને તે ટેબલ ઉપર સીધો જઈને હુકમ લખવા જ બેસી ગયો.

નેખ્લ્યૂદોવને ભારે ખટકા સાથે એમ લાગ્યા વિના ન રહ્યું કે, તો પછી આ લોકોને અત્યાર સુધી શા બદલ બંદી-વાસનું અને કુટુંબ તથા કામકાજથી છૂટા પડયાનું દુ:ખ સહન કરવું પડયું, વારુ?

૧૬

બીજો આરોપ

૧

મોસ્કો પાછો ફર્યા બાદ સેનેટે તેની અપીલ નામંજૂર કરી છે એવા ખેદ-જનક સમાચાર માસ્લોવાને આપવા નેખ્લ્યૂદોવ તરત જેલ-કચેરીએ જઈ પહોંચ્યો. તે એમ માનતો હતો કે, માસ્લોવાએ હવે સાઈબીરિયા જવા માટે મનને તૈયાર કરવું જોઈએ તથા બીજી પણ બહારની જે તૈયારીઓ કરવી ઘટે તે કરવા માંડવી જોઈએ. શહેનશાહને આપવાની અરજી માસ્લોવાની સહી માટે તે સાથે લાવ્યો હતો; પણ તેને એ અરજી પણ સફળ નીવડે, એવી જરાય આશા ન હતી.

અમેરિકન લેખક થૉરોનું એક વાક્ય તેને હવે સવિશેષ યાદ આવ્યા કરતું: 'જે રાજ્યતંત્ર અન્યાયીપણે લોકોને જેલમાં પૂરે, તે રાજ્યતંત્ર હેઠળ ન્યાય-પ્રિય માણસનું સાચું સ્થાન જેલ જ હોઈ શકે."

પિટર્સબર્ગમાં જઈ, ત્યાંનું અનૈતિક, અન્યાયી, વિલાસી જીવન જોઈ આવ્યા બાદ નેખ્લ્યૂદોવના વિચાર પણ ક્ષેત્ર-સંન્યાસને માર્ગે ભણી વળી રહ્યા હતા.

જેલની ઈસ્પિતાલનો દરવાન નેખ્લ્યૂદોવને ઓળખતો હતો. તેણે તરત જ નેખ્લ્યૂદોવને જણાવી દીધું કે, માસ્લોવા હવે અહીં નથી.

"તો ક્યાં છે?"

"ફરીથી તેને જેલમાં જ લઈ જવામાં આવી છે."

"કેમ?"

"નામદાર, એવાં માણસોની જાત છેવટે કઈ ? અહીં પણ દાક્તરના મદદનીશ સાથે તેણે આડો વ્યવહાર બાંધી દીધો, એટલે વડા દાક્તરે તેને પાછી મોકલી દીધી."

નેખ્લ્યૂદોવ આ સમાચાર સાંભળી, એકદમ પછાડ ખાધી હોય તેવો જડસડ થઈ ગયો.

અત્યાર સુધી તે એમ માનતો હતો કે, માસ્લોવાનો હૃદયપલટો થતો જાય છે. પરંતુ હવે તેને લાગ્યું કે, પોતાની સાથે લગ્ન કરી નેખ્લ્યૂદોવને બરબાદ ન થવા દેવાની તેની તીવ્ર ઇચ્છા, દારૂ છોડી દેવાની અને તેને ખુશ કરવા ઇસ્પિતાલનું કામ આવકારવાની તેણે બતાવેલી ઇંતેજારી – વગેરે બધું કેવળ પોતાની પાસેથી કંઈક લાભ છડી કાઢવા માટેની એ ભ્રષ્ટ બાઈની તરકીબો જ હતી.

તરત તો તેને એવો વિચાર આવી ગયો કે, માસ્લોવાએ તેના આ છેલ્લા દુરાચરણથી પોતાને તેની પ્રત્યેના બધા ઋણ-બંધનમાંથી મુક્ત કરી દીધો છે. જો તે સુધરી ગઈ હોત, તો પોતે તેને જીવનમાં ઊંચી લાવવા માટે બંધાયેલો હતો; પણ જો તે બાઈ, પોતાની સાથેનું વ્યવસ્થિત લગ્નજીવન તેને ધરવામાં આવ્યું હોવા છતાં, આવી ભ્રષ્ટતા જ પસંદ કરતી હોય, તો પછી તેની સાથે લગ્ન-જીવન ગાળવાનો પોતાની ઇચ્છાનો શો અર્થ ?

પરંતુ તરત તેને બીજો વિચાર આવ્યો : માસ્લોવાને આમ છોડી દેવાથી સજા તેને થશે કે પોતાને ? પોતે જ જો તેની આ ભ્રષ્ટતાનું મૂળ કારણ હોય, તો ગમે તે થાય તો પણ તેને ઉચ્ચ જીવનમાં આવવાની તક પૂરી પાડયા કરવાની જવાબદારી તેની જ રહે. માસ્લોવા હજુ ભ્રષ્ટ રહી છે તથા હજુ ભ્રષ્ટ રહેવા માગે છે – એ એનો અધઃપાત જેટલો ભારે છે, તેટલો જ પોતાના મૂળ અપરાધ પણ વધુ કારમો ગણવો જોઈએ ને ?

એટલે, માસ્લોવાને કદી પડતી ન મૂકવાનો અને તેની પાછળ પાછળ તેના સંરક્ષણ અને મદદ અર્થે સાઇબીરિયા જવાના પોતાના

મૂળ નિશ્ચયને બહુ દૃઢ કરી લઈ તે તરત સ્ત્રી-કેદીઓના વૉર્ડ તરફ ગયો.

માસ્લોવા નેખ્લ્યૂદોવને જોતાં જ તરત ફીકી પડી ગઈ. નેખ્લ્યૂદોવને લાગ્યું કે, તેણે દાક્તરના મદદનીશ સાથે આચરેલા દુરાચારની વાત મારી જાણમાં આવી ગઈ છે તે કારણે તે ભોંઠી પડી ગઈ છે. તેણે તેની સાથે પહેલાંની જેમ વર્તવાનો જ નિશ્ચય કર્યો હોવા છતાં તે એની સાથે આજે હાથ મિલાવી ન શક્યો — એને મન તે એવી ઘૃણાસ્પદ બની ગઈ હતી.

"હું તારે માટે ખરાબ સમાચાર લાવ્યો છું," તેણે એના મોં સામે જોયા વિના તથા તેણે આગળ ધરેલો હાથ પોતાના હાથમાં લીધા વિના જ કહ્યું; "સેનેટે અપીલ નામંજૂર કરી છે."

"મને ખબર જ હતી કે, એમ જ થશે," પેલી જાણે રૂંધાતી હોય એવા કંઠે બોલી.

પહેલાંની વાત હોત તો નેખ્લ્યૂદોવે તેને તરત પૂછયું હોત કે, તને કેમ કરીને ખબર પડી ગઈ હતી; પણ અત્યારે તો તે તેના મોં સામું માત્ર જોઈ જ રહ્યો. માસ્લોવાની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં હતાં. પણ તેથી તો તેના ઉપર તે ઊલટો વધુ છંછેડાયો. છતાં પેલી હતાશ ન થઈ જાય તે ખાતર તેણે ઉમેર્યું —

"નિરાશ થવાની જરૂર નથી; શહેનશાહને જે અરજી કરવાના છીએ તે કદાચ મંજૂર થશે. મને આશા છે કે —"

"હું એ વાત વિચારતી નથી," તેણે દયામણે ચહેરે નેખ્લ્યૂદોવ સામું જોઈને કહ્યું.

"તો પછી, શાનો વિચાર કરે છે?"

"તમે હૉસ્પિટલમાં ગયા હશો, અને ત્યાં તમને મારે વિષે તે લોકોએ વાત કરી હશે —"

"તેનું મારે શું? એ તારી પોતાની વાત છે," નેખ્લ્યૂદોવે ગભરાયેલા-દુભાયેલા માણસની જેમ કહ્યું. પોતે કે જેની સાથે લગ્ન કરવા

ખાનદાન કુટુંબની યુવતીઓ પડાપડી કરે, તેણે પોતાનો હાથ તેના જેવી વેશ્યાને ધર્યો હતો, છતાં તે રાહ ન જોઈ શકી, અને પોતાની દુર્દાન્ત વાસના સંતોષવા તેણે દવાખાનાના મ દનીશ જેવા સાથે આડો વ્યવહાર ઊભો કરી દીધો — એ બાબતનો ધિક્કાર તેની આંખોમાં ભારોભાર વરતાતો હતો.

તેણે તરત પોતાના ખીસામાંથી એક પરબીડિયું કાઢયું અને તેમાંથી શહેનશાહ ઉપરની અરજીના કાગળો કાઢી તેના ઉપર નિર્દેશેલ ઠેકાણે સહી કરવા તેને જણાવ્યું. પેલીએ આંખો લૂછી નાખીને તેણે બતાવેલ ઠેકાણે સહી કરવા માંડી.

તે વખતે તેની દયામણી આકૃતિ સામે જોઈ રહેતાં નેખ્લ્યૂદોવના અંતરમાં તેના પ્રત્યે અનુકંપાનો ભાવ પાછો ઊભરાઈ આવ્યો, અને સાથે સાથે પોતે તેના પ્રત્યે આચરેલા મૂળ અપરાધની યાદ પણ.

તરત જ તે બોલી ઊઠયો — "ગમે તે થશે, કે ગમે તે પરિણામ આવશે, તેમ છતાં મારો નિશ્ચય અફર જ રહેશે. મેં તને કહ્યું છે તે જ હું કરવાનો, અને તેઓ તને જ્યાં લઈ જશે ત્યાં હું જરૂર આવવાનો."

"શા માટે, પણ?" માસ્લોવાએ એમ કહ્યું ખરું, પણ તેનો ચહેરો અચાનક આનંદની લાગણીથી પ્રદીપ્ત થઈ ઊઠયો.

"તું તારે મુસાફરી દરમ્યાન શું શું જોઈશે તેનો વિચાર કરી લેજે."

"મારે ખાસ કંઈ નહિ જોઈએ. તમારી લાગણી બદલ તમારી ખૂબખૂબ આભારી છું."

૨

માસ્લોવાને જે અપરાધને કારણે હૉસ્પિટલમાંથી કાઢી મૂકવામાં આવી હતી, તે આ પ્રમાણે હતો —

માસ્લોવાને તેની વડી નર્સે હૉસ્પિટલની ઓસરીને ખૂણે આવેલા દવાખાનામાંથી કંઈક ઉકાળો લઈ આવવા મોકલી હતી. ત્યાં દાક્તરનો

મદદનીશ, જે પહેલેથી માસ્લોવા ઉપર બદનજર કર્યા કરતો હતો, તે ઊભેલો હતો. માસ્લોવાને પાસે જોઈ તે તેને પકડવા ગયો; એટલે પેલીએ તેને એવો હડસેલો માર્યો કે, પેલો શીશીઓ ભરેલી એક અભરાઈ સાથે જોરથી અફળાયો. અભરાઈમાંથી બે શીશીઓ ઊછળીને નીચે ગબડી પડી અને ફૂટી ગઈ.

વડો દાક્તર એ અવાજ સાંભળી તરત ત્યાં દોડી આવ્યો. તેણે માસ્લોવાને ગાભરી દશામાં બહાર નીકળી આવતી જોઈ. તેણે તેને અને આસિસ્ટંટને ખૂબ ધમકાવ્યાં.

પેલા આસિસ્ટંટે પેલીને માથે જ દોષનો ટોપલો ઢોળ્યો, એટલે દાક્તરે તરત માસ્લોવા તરફ તડૂકીને કહ્યું, "આવી બદમાશી કરવી હોય તો તારું અહીં કામ નથી; તું પાછી તારા જેલખાનાના વૉર્ડમાં જ ચાલી જા."

માસ્લોવા નેખ્લ્યૂદોવને આ સાચી હકીકત કહેવા માગતી હતી. તેને હવે પુરુષમાત્ર સાથેના સંબંધનો એક પ્રકારે ધિક્કાર આવી ગયો હતો. તેમાંય નેખ્લ્યૂદોવને તે ફરીથી મળી, ત્યારથી તો તેને દેહસંબંધની [illegible] જ આવી ગઈ હતી. તેમ છતાં તે પહેલાં વેશ્યા હતી, અને અત્યારે ખૂનના આરોપસર સજા પામેલી કેદી હતી, તેટલા માત્રે, દરેક માણસ – દાક્તરના મદદનીશ જેવો મોઢે ખીલનાં ઢેફાંવાળાં માણસ પણ – તેને અપમાનિત કરવાનો પોતાનો અધિકાર માને, તથા પોતે ના પાડે [illegible] જ તેને નવાઈ લાગે, એ વાતથી જ તેને સારી પેઠે ઓછું આવી ગયું.

પરંતુ તે જ્યારે સાચી વાતનો ખુલાસો કરવા ગઈ, ત્યારે [illegible] પણ તે સાંભળવાની તથા માનવાની ના પાડી, એ જોઈને તો તેની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં અને તે ચૂપ જ થઈ ગઈ. તેને લાગ્યું કે, પોતે જેમ જેમ પોતાની ઉપરનો આરોપ નકારવા જશે, તેમ તેમ નેખ્લ્યૂદોવનો પોતાની ઉપરનો વહેમ વધુ ને વધુ દૃઢ થતો જશે.

અને તેથી જ પોતાની સજા સેનેટમાં કાયમ રહી એ સમાચારથી તેને [illegible] દુઃખ ન થયું, જેટલું નેખ્લ્યૂદોવ આગળ જૂઠી રીતે અપરાધી [illegible] થયું.

૧૭

કેદીઓનો કાફલો

૧

માસ્લોવાને કેદીઓની પ્રથમ ગૅંગ સાથે જ રવાના કરે એવો સંભવ હતો; એટલે નેખ્લ્યૂદોવને પણ પોતાની મુસાફરી માટે તૈયાર થવાનું હતું. પણ તેને એટલાં બધાં કામ પતાવવાનાં હતાં કે, ગમે તેટલો સમય હોય છતાં, તે બધાં તો નહિ જ પરવારી શકાય એમ તેને લાગતું હતું. પહેલાં જ્યારે જીવનનો બધો રસ પોતાની જાતમાં જ કેન્દ્રિત થયો હોઈ, તેને પોતાને અર્થે કંઈ ને કંઈ કામકાજનું રોકાણ શોધવું પડતું, ત્યારે એ બધું કામકાજ તેને ખૂબ કંટાળાજનક જ લાગતું, અને તે ચિડાઈ જતો. પણ હવે જ્યારે તેનું બધું રોકાણ બીજાઓના કામકાજ અંગેનું જ બની રહ્યું, ત્યારે એ બધું તેને ખૂબ રસપૂર્ણ અને આકર્ષક લાગવા માંડ્યું. એક અનોખી તૃપ્તિ અને આનંદનો અનુભવ તેને થયા કરતો — તથા એનો કદી અંત જ દેખાતો ન હતો!

માસ્લોવાની અરજી શહેનશાહને પહોંચે ત્યારે તે તરફ વાજબી ધ્યાન અપાય, એ કામ તેણે પતવવાનું હતું, તથા સાથોસાથ તેની સાઈબીરિયાની મુસાફરી અંગેની સગવડો પણ વિચારવાની હતી.

આ ઉપરાંત, મદદ માટેની કેદીઓની અરજીઓનો હવે તેને પાર રહ્યો ન હતો. પહેલાં તો તે જે કંઈ અરજીઓ હાથમાં લેતો તેમાં કંઈક સફળ નીવડવાની આશા રાખતો. પણ હવે તો તેને એટલી બધી અરજીઓ મળવા લાગી હતી કે, તે બધી ઉપર લક્ષ આપી, તેમને અંગે કંઈ કરી શકવું તેને અશક્ય જ લાગવા માંડ્યું. તેથી તે અંગે એ બીજી જ રીતે વિચાર કરવા માંડ્યો: આ શિક્ષાત્મક કાયદો મૂળે શી વસ્તુ છે, જેને

આધારે જેલખાનું નામની વસ્તુ ઊભી થાય છે, તથા જેમાં હજારો સ્ત્રી-પુરુષો વિચિત્ર દશામાં સબડે છે? એ કાયદો શા માટે છે? તે ક્યાંથી આવ્યો?

પોતાની તપાસ અને વિચારણાને આધારે કેદીઓના તેણે પાંચ વર્ગો પાડ્યા: એક તો ન્યાયની કારવાઈની જ અંધતા અને ભૂલોને કારણે સજા પામતાં મૅન્શોવ અને માસ્લોવા જેવાં નિરપરાધી માણસો. કેદખાનાના પાદરીના કહ્યા પ્રમાણે આવાં તો સાતેક ટકા જેટલાં જ હોતાં હશે; પરંતુ તે બધાંનો કિસ્સો ખાસ નોંધપાત્ર તો ગણાય જ.

બીજો વર્ગ ગુસ્સો, ઝનૂન, ઘેલછા કે ઉશ્કેરાટમાં આવી જઈ ગુના કરનારાઓનો. તેમનો ન્યાય ચૂકવનારાઓ પણ એ દશામાં એવાં જ કૃત્યો કરી બેસે, એવી નેખ્લ્યૂદોવને ખાતરી હતી. આવા ગુનેગારો તો કદાચ અર્ધાથી પણ મોટા ભાગના હશે.

ત્રીજો વર્ગ એવા લોકોનો હતો, જેમણે અમુક કૃત્યો સ્વાભાવિક તથા સારાં માનીને જ કર્યાં હોય; પણ કાયદો બનાવનારા[1] બીજાઓ તે કૃત્યોને ગુના ગણતા હોય. આમાં ગેરકાયદે દારૂ વેચનારા, દાણચોરો, બીજાની જમીનમાંથી કે સરકારી જંગલોમાંથી ઘાસ-લાકડાં કાપી જનારા, કોકેસસ જેવા જીતેલા પ્રદેશના લોકો — જેઓ પોતાને દબાવનારા રશિયનોની વણજારો, પોઠો કે ધણ વગેરેને લૂંટવામાં ગૌરવ માનતા હોય, તથા નાસ્તિકો અને કાફરો જેઓ દેવસ્થાનની મબલક મિલકતો લૂંટવામાં કશું પાપ ન માનતા હોય — એવા બધા આવી જાય.

ચોથો વર્ગ એવા લોકોનો હતો, જેઓ સમાજના સામાન્ય થર કરતાં ઊંચા આદર્શ, વિચાર અને વ્યવહારને અનુસરતા હોય. જેવા કે, સુધારક પંથના લોકો, તથા પોલૅન્ડ વગેરે સ્થળોના પોતાની આઝાદી માટે લડતા લોકો, રાજકીય કેદીઓ, સમાજવાદીઓ અને હડતાળિયાઓ. નેખ્લ્યૂદોવને મતે આ વર્ગમાં અંતરાત્માના અવાજને અનુસરી, સત્તાવાળાઓના જુલમનો ભોગ બનનારાં કેટલાંક ઉચ્ચ કોટીનાં સ્ત્રી-પુરુષો હતાં.

પાંચમો વર્ગ, સમાજ સાથેના સંબંધમાં જેઓ પોતે કંઈ ગુનો કરતાં હોવાને બદલે, જેમની સામે ચાલુ ગુનો કરવામાં આવતો હોય એવાં લોકોનો હતો. જોરજુલમથી, અન્યાયથી, અવિચારથી એ લોકોની રોજી છીનવી લેવામાં આવી હોય છે, અને તેથી તેઓને પરાણે એવા કોઈ માર્ગે જ સામાન્ય ખાનપાન મેળવવું પડે છે. પછી તે બદલ તેઓને અમાનુષીપણે કેદની સજા કરવામાં આવે છે અને જેલખાનાંમાં વધુ અમાનુષી બનાવીને જ છૂટા કરવામાં આવે છે. જેમના બાપદાદાઓ વિરુદ્ધ આચરવામાં આવેલા અન્યાયને કારણે આજે જેઓ એક પ્રકારનું બહારવટું કરીને જ જીવે છે, તેવા પણ બીજી રીતે શક્તિશાળી તથા ભાવનાશીલ કહેવાય તેવા કેટલાય લોકો આ વર્ગમાં આવે.

— આ બધા લોકો શાથી સજા પામે છે, અને તેમના કરતાં અનંતગણાં વધુ પાપ, અન્યાય, લૂંટ આચરનારાઓ શાથી નિરાંતે છૂટા ફરે છે, એ પ્રશ્નની તપાસ હવે નેખ્લ્યૂદોવનું મુખ્ય ધ્યાન રોકી રહી.

નેખ્લ્યૂદોવ ચાલુ વિચારકોનાં પુસ્તકોમાંથી એ પ્રશ્નનો જવાબ ખોળવા લાગ્યો; પણ તેઓમાં તો તેને આ પ્રશ્નની સીધી ચર્ચાને બદલે 'વૈજ્ઞાનિક' કહેવાતી ભળતી જ ચર્ચાઓ જોવા મળતી; જેવી કે— માનવ પ્રાણીમાં સ્વતંત્ર ઇચ્છાશક્ત જેવી વસ્તુ છે કે નહિ; ખોપરીનું માપ લેવાથી માણસની ગુનેગારવૃત્તિની પરખ થઈ શકે કે નહિ; ગુનેગાર વૃત્તિ આનુવંશિકતાને કેટલી આભારી હોઈ શકે; દુરાચરણ વારસામાં મળી શકે કે નહિ; ગાંડપણ એટલે શું; અધઃપાત એટલે શું; સ્વભાવ-પ્રકૃતિ એટલે શું; આબોહવા, ખોરાક, અજ્ઞાન, અનુકરણવૃત્તિ, હિપ્નોટિઝમ કે વાસનાની ગુના ઉપર શી અસર થાય; સમાજ એટલે શું; તેનાં કર્તવ્ય શાં હોય— ઇ૦ ઇ૦.

વિજ્ઞાનીઓની આ બધી ઝીણી ચર્ચા તો નિશાળેથી પાછા ફરતા એક છોકરાના જવાબ જેવી નેખ્લ્યૂદોવને લાગતી હતી. તેણે એ છોકરાને પૂછ્યું હતું—

"તને જોડણી આવડે છે?"

"હા, હા; બરાબર આવડે છે."

"તો 'પગ' શબ્દની જોડણી બોલી બતાવ."

"પણ કૂતરાના પગની કે કોના પગની જોડણી બોલી બતાવું, એ તો કહો!" છોકરાએ જરા તીરછી નજર કરીને જવાબ આપ્યો.

૨

છેવટે માસ્લોવાને ૫ મી જુલાઈએ સાઈબીરિયા જવા ઊપડનારી કેદીઓની ગૅંગમાં જવાનું નક્કી થયું.

માસ્લોવાની ગૅંગને મૉસ્કો સ્ટેશનેથી બપોરે ૩ વાગ્યે ઊપડતી ગાડીમાં રવાના થવાનું હતું. એટલે તે ગૅંગ જેલમાંથી નીકળે તે વખતે હાજર રહેવા નેખ્લ્યૂદોવ બાર વાગ્યે જેલ આગળ જઈને ઊભો રહ્યો. તે પોતે તો કેદીઓવાળી ગાડીની પછી બે કલાકે ઊપડતી બીજી ગાડીમાં નીકળવાનો હતો.

જુલાઈ મહિનામાં અસહ્ય આકરો તાપ પડવા લાગ્યો હતો. રાત દરમ્યાન મકાનોની દીવાલો છાપરાં કે રસ્તાના પથરા ઠંડા પડે તે પહેલાં તો દિવસનો આકરો તાપ શરૂ થઈ જતો. પરિણામે ચારે બાજુ ભઠ્ઠી જેવી વરાળો નીકળ્યા કરતી. બપોરના શેરીમાં કોઈ માણસ ભૂલે-ચૂકે પણ નીકળતું નહિ. માત્ર રસ્તો સમારનારા થોડા રીઢા મજૂરો કે તાપ આકળા બની પગ બદલ્યા કરતા ટ્રાફિકવાળા પોલીસો સિવાય બીજું કોઈ રસ્તામાં ફરકતું દેખાતું ન હતું. ટ્રામના ઘોડાઓનાં માથાં પણ તાપમાં ફાટી ન જાય તે માટે તેમના કાન જ બહાર રહે તેવાં ઢાંકણાં ઢાંકી રાખવામાં આવતાં હતાં.

જેલમાં સવારના ચાર વાગ્યાથી કેદીઓના કાગળો તૈયાર કરવાનું તથા મળવી જોવાનું કામ શરૂ થયું હતું. કુલ ૬૨૩ પુરુષો અને ૬૪ સ્ત્રીઓને રવાના કરવાની હતી. દાક્તર તેના મદદનીશો સાથે બધાંની તબિયત તપાસતો હતો; અને આ કાફલો લઈ જનાર અફસર અને

તેનો કારકુન બધાં કાગળિયાં તથા કેદીઓને મેળવી જોવાનું માથા-કૂટિયું કામ કર્યે જતા હતા.

નેખ્લ્યૂદોવ જેલને દરવાજે પહોંચ્યો, ત્યારે કાફલામાં રવાના કરવાના કેદીઓને જેલના આંગણામાં લાવીને ખુલ્લા તાપમાં બેસાડેલા હતા. એ ભાગમાં હવાની અવરજવર ન હોવાથી બધાંના શ્વાસ અને પરસેવાની વિચિત્ર બદબો આસપાસ છવાઈ રહી હતી.

જેલના દરવાજા બહાર બારેક ગાડાં કેદીઓના સામાન માટે, તથા દાક્તર જેઓને નબળા જાહેર કરે તેમને બેસાડવા માટે તૈયાર ખડાં હતાં; પાસે બંદૂકધારી સૈનિકો નિયમ મુજબ ઊભા હતા.

કેદીઓનાં સગાંવહાલાં દરવાજા બહાર, એક બાજુ, તેમને છેલ્લી વાર જોઈ લેવા અને બની શકે તો મળી લેવા ગમગીન થઈ ટોળે વળ્યાં હતાં. નેખ્લ્યૂદોવ એ ટોળામાં જઈને ઊભો રહ્યો. અત્યારે બહારના કોઈ મુલાકાતીને અંદર જવા દેવામાં આવતા ન હતા.

નેખ્લ્યૂદોવ કલાકેક ઊભો હશે, ત્યાર બાદ જેલનો દરવાજો ઊઘડ્યો અને અંદરથી સાંકળોના અને બેડીઓના ખડખડાટ સાથે કેદીઓ બહાર નીકળવા લાગ્યા. કેદીઓનો સજાવાર પોશાક જુદો જુદો હતો. તેમનાં માથાં બોડેલાં હતાં. તેઓ ખભે પોતપોતાનો થેલો ઊંચકીને બહાર આવ્યા. તેમની સાથે અમુક અમુક નિયત અંતરે બંદૂકધારી સૈનિકો હતા.

પહેલાં સખત મજૂરીની સજાવાળા પુરુષો આવ્યા. ચાર ચારની હારમાં એક પછી એક તેમને અમુક નિયત સ્થળે ઊભા રાખવામાં આવ્યા. તેમની પછી પગે સાંકળોવાળા તથા એકબીજાને બેડીઓ સાથે બાંધેલા દેશનિકાલની સજાવાળા કેદીઓ આવ્યા. તેઓ પણ ચાર ચારની હરોળમાં તેમની પાછળ ઊભા રહ્યા. પછીથી પોતપોતાના પંચ-કબીલાઓએ દેશનિકાલ કરેલા કેદીઓ આવ્યા.

તે પછી એ જ ક્રમમાં સ્ત્રીઓ આવી: પ્રથમ સખત મજૂરીની સજા પામેલી; પછી દેશનિકાલ થયેલી તથા પોતાના દેશનિકાલ થયેલા

પતિઓ સાથે સ્વેચ્છાએ સાઈબીરિયા જવા તૈયાર થયેલી. કેટલીક સ્ત્રીઓના હાથમાં ધાવણાં બાળકો પોતાના જભ્ભાઓના છેડાઓમાં વીંટેલાં હતાં. સ્ત્રીઓની સાથે જ તેમનાં પગે ચાલી શકતાં છોકરાં વછેરાઓની પેઠે કૂદતાં ઠેકડા ભરતાં મોટેરાંઓ સાથે ભીડાતાં બહાર આવ્યાં.

બધાં કેદીઓને જેલની અંદર ગણીને મેળવી લીધાં જ હતાં; છતાં બહાર આવતાં કંઈક આઘાંપાછાં થઈ ગયાં હોઈ, કાગળો સાથે તેમને મેળવી જોવાનું અને ફરી તે પ્રમાણે આઘાંપાછાં કરી લેવાનું કંટાળાભરેલું અને બૂમબરાડા સાથેનું કામ તડકામાં જ શરૂ થયું. સૈનિકો તેમને ધક્કા-મુક્કા કરી આમ તેમ ખસેડવા – ફેરવવા લાગ્યા.

પછી ઊપડવાનો હુકમ થતાં જ આખા ટોળામાં હલચલ મચી રહી. દાક્તરે ઠરાવેલાં માંદલાં-નબળાં અને બાળકો ગાડાં તરફ ધસી ગયાં, અને પોતાના ઝોળા ગાડામાં નાખી ઉપર ચડવા લાગ્યાં.

કેટલાક કેદીઓ, ટોપીઓ માથેથી ઉતારી, અશક્તિને કારણે ગાડાંમાં બેસવા દેવાની પરવાનગી કાફલાના અફસર પાસે માગવા લાગ્યા. પણ અફસરે તેમને ધમકાવી — તતડાવીને તથા ફટકા ઉગામીને હાંકી કાઢ્યા. માત્ર પગે સાંકળવાળા એક બુઢ્ઢાને તેણે ગાડામાં બેસવાની રજા આપી. તે બિચારો ઝટપટ ગાડા પાસે જઈ ઉપર ચડવા ગયો પણ સાંકળને કારણે તથા પોતાના નબળા પગને કારણે ઉપર ન ચડી શક્યો. પણ ગાડામાં બેઠેલી એક બાઈએ તેને હાથ પકડીને ઉપર ખેંચી લીધો.

બધા થેલા ગાડાંમાં ભરાઈ ગયા અને જેમને ગાડાંમાં બેસવાની પરવાનગી હતી તે બધાં બેસી ગયાં, ત્યારે અફસરે 'આગેકૂચ' નો હુકમ આપ્યો. સૈનિકોએ તરત બંદૂકો ખખડાવી અને આખું સરઘસ લશ્કરી કૂચની રીતે ઊપડ્યું.

૩

ગરમી ખૂબ હતી, અને પવન જરાય ન હતો. કેદીઓના હજાર હજાર પગો એક સાથે ચાલવાથી શેરીમાં ધૂળના ગોટેગોટ ઊછળતા હતા અને પવન ન હોવાને કારણે તેમનાં માથાં ઉપર જ તોળાઈ રહેતા હતા.

કાફલો થોડે દૂર ગયા પછી નેખ્લ્યૂદોવ ઘોડાગાડીમાં બેસીને સ્ટેશને જઈ પહોંચવા ઊપડ્યો. થોડી વારમાં તેની ઘોડાગાડી સ્ત્રી-કેદીઓની ટુકડી પાસે આવી, ત્યારે તેમણે તેમાં માસ્લોવાને તરત ઓળખી ાઢી.

નેખ્લ્યૂદોવ ઘોડાગાડી થંભાવીને ઊતરી પડ્યો અને જવાય તેટલો પાસે જઈ માસ્લોવાને પૂછવા લાગ્યો કે, પોતે મોકલેલી બધી વસ્તુઓ તેને મળી ગઈ છે કે કેમ, તથા તેની તબિયત અત્યારે કેવીક છે. પણ એટલામાં કાફલાના એક સારજંટે દૂરથી જ બૂમ પાડીને નેખ્લ્યૂદોવને કાફલાની નજીક ન જવા જણાવ્યું. પરંતુ નેખ્લ્યૂદોવને ઓળખતાં તેણે પછી ધીમેથી કહ્યું, "રેલવેસ્ટેશન ઉપર હું તમને વાત કરવા દઈશ; અત્યારે રસ્તામાં કશી વાતચીત કરવા દઈ શકાશે નહિ."

નેખ્લ્યૂદોવે ઘોડાગાડીવાળાને પોતાની પાછળ ધીમે ધીમે આવવાનું કહી, પગપાળા કાફલાની પાછળ થોડે દૂર ચાલવા માંડ્યું.

રસ્તામાં ઊભેલા લોકો આ ગૅંગ તરફ કાં તો કરુણા, કાં તો ધિક્કાર કે કાં તો ભયનો ભાવ દર્શાવતા. કેટલાક લોકો પોતાનાં ઘરોની બારીઓએ આવીને કે દરવાજાની આગળ આવીને ઊભા રહેતા અને આ ગૅંગને પસાર થતી જોતા તથા બીજાંને જોવા બોલાવતા. કોઈ કોઈ તો પાસે આવી કેદીઓને કંઈક દાનધર્મ કરતા.

રસ્તે ખૂબ તરસ લાગતાં, નેખ્લ્યૂદોવ ઘોડાગાડીવાળાને પૂછી પીણું મળે એવી એક જગાએ નીચે ઊતરી પડ્યો અને અંદર જઈને બેઠો.

કેદીઓની ગૅંગ તો સ્ટેશન તરફ આગળ વધ્યે જ જતી હતી.

૪

ગરમીએ હવે માઝા મૂકવા માંડી હતી. શહેરનાં મકાનો અને શેરીના પથ્થરો જાણે ઊની વરાળો જ ઊબળતાં હતાં. પાણી પી આવીને નેખ્લ્યૂદોવ ઘોડાગાડીમાં પાછો બેસવા ગયો, ત્યારે ઘોડાગાડીનો ધાતુનો ગરમ થઈ ગયેલો સળિયો નેખ્લ્યૂદોવના હાથે ડામની પેઠે ચંપાઈ ગયો. ઘોડો ધીમી ગતિએ ખરીઓ પછાડતો આગળ વધવા લાગ્યો.

અચાનક એક મોટા મકાનના દરવાજા પાસે રસ્તાને કિનારે ઢાળમાં આવેલી ગટર પાસે લોકોનું ટોળું એકઠું થયેલું નેખ્લ્યૂદોવે જોયું. કાફલાનો એક સૈનિક બાજુએ ઊભેલો દેખાતો હતો.

નેખ્લ્યૂદોવે ઘોડાગાડી થોભાવીને પાસે ઊભેલા લોકોને પૂછ્યું –

"શું છે?"

"કોઈ કેદીને કંઈ થયું છે."

નેખ્લ્યૂદોવ તરત ઘોડાગાડીમાંથી નીચે ઊતરી પડયો, અને તે તરફ ગયો. ગટરના ખરબચડા પથ્થરો ઉપર ઢાળમાં માથું નીચું રહે અને પગ ઊંચા રહે, તે રીતે એક પહોળા ખભાવાળો મોટી ઉમરનો કેદી પડેલો હતો. તેની લાલચોળ આંખો આકાશ તરફ ફાટેલી હતી. તેની પહોળી છાતી ઊંચી નીચી થતી હતી અને તે ખૂબ કણસતો હતો. તેની નજીક એક ચીડિયા દેખાવનો પોલીસવાળો, એક ફેરિયો, એક ટપાલી, એક કારકુન, છત્રીવાળી એક સ્ત્રી, અને ટંકા વાળવાળો તથા ખાલી ટોપલી સાથેનો એક છોકરો – એટલાં જણ ટોળું વળીને ઊભાં હતાં.

"કેદખાનામાં બેઠા બેઠા પુરાઈ રહેવાને કારણે આ લોકો આમેય નબળા પડી ગયા હોય છે; પછી એમને એકદમ આવા બળતા તાપમાં ચલાવીને લઈ જાય, પછી શું થાય?" કારકુને પાસે આવેલા નેખ્લ્યૂદોવને કહ્યું.

"કદાચ તે મરી જશે," છત્રીવાળી બુઢ્ઢી બોલી.

"તેના ગળા આગળનો બંધ છોડી નાખો," ટપાલીએ કહ્યું.

પોલીસવાળો નીચો નમી ગળા આગળનો બંધ છોડવા લાગ્યો, પણ સાથે સાથે લોકોને 'શું દાટયું છે' કહી ટોળે વળવા બદલ ધમકાવવા લાગ્યો, અને 'હવા તો આવવા દો' એમ બૂમો પાડવા લાગ્યો.

"આ લોકોને દાકતરે બરાબર તપાસીને પછી બહાર મોકલવા જોઈએ; જેઓ નબળા હોય અને ચાલી શકે તેવા ન હોય, તેવાઓને

પછીથી મોકલે, તો શું બગડી જવાનું હતું? આને તો છેક અધમૂઈ હાલતમાં જ બહાર કાઢવામાં આવ્યો લાગે છે." કારકુન તડૂકયો.

"જેમનું એ કામ કહેવાય તેઓ કશી જ દરકાર રાખતા નથી ...... ભલે આ કેદી હોય કે ગુનેગાર હોય, પણ માણસ તો છે!" વધતા જતા ટોળામાંથી અવાજો આવવા લાગ્યા.

"એનું માથું જરા ઊંચું કરી તેને થોડું પાણી આપો," નેખ્લ્યૂદોવે કહ્યું.

એટલામાં એક ટાપટીપભર્યાં કપડાં અને ચમકતા બૂટવાળો પોલીસ અફસર ત્યાં આવી પહોંચ્યો અને લોકોને હટાવવા લાગ્યો. પછી પેલા કેદીની હાલત જોઈને, ડોકું ધુણાવી પોલીસવાળાને પૂછવા લાગ્યો, "આ કોણ છે?"

પોલીસવાળાએ જણાવ્યું કે, કેદીઓની એક ગૅંગ રેલ્વે સ્ટેશન તરફ જતી હતી, તેમાંનો એક ગબડી પડયો એટલે કાફલાના અફસરે તેને પાછળ પડતો મૂકયો છે.

"ઘોડાગાડી બોલાવીને એને તેમાં નાખી પોલીસ-થાણે લઈ લો."

"ઘોડાગાડી લેવા માણસ મોકલ્યો છે." પોલીસવાળે ટોપે હાથ અડકાડીને સલામ કરતાં કહ્યું.

"પણ પહેલાં એને થોડું પાણી તો આપો," નેખ્લ્યૂદોવે કહ્યું.

પોલીસ-અફસરે આ ડહાપણ ડહોળનાર સામે કરડી આંખે જોયું, પણ કશું કહ્યું નહિ. પાણી મંગાવેલું હતું અને આવ્યું એટલે પોલીસવાળાએ કેદીનું માથું ઊંચું કરી, તેના મોંમાં પાણી રેડવા માંડયું, પણ અંદર ઊતર્યું નહિ.

"એના માથા ઉપર રેડી દો," પોલીસ અફસર તડૂકયો.

તરત જ આખો કૂજો તેના માથા ઉપર ઠાલવી દેવામાં આવ્યો. અચાનક પેલા કેદીની આંખો, ભયથી છળી મર્યો હોય તેમ, પહોળી ફાટી ગઈ.

પોલીસ અફસરે હવે નેખ્લ્યદોવની ઘોડાગાડી સામે આંગળી કરીને કહ્યું, "એ ઘોડાગાડીમાં આને જલદી પોલીસ-થાણે લઈ લો."

ઘોડાગાડીવાળાએ તરત જવાબ દીધો કે, "ઘોડાગાડી રોકાયેલી છે."

પણ નેખ્લ્યૂદોવે તરત ઘોડાગાડીવાળાને કહ્યું, "તું આને પોલીસ-થાણે લઈ લે, હું તને વધારાનું ભાડું આપીશ."

૫

થાણે પહોંચી પેલા કેદીને ઉપરના માળે આવેલી હૉસ્પિટલમાં ઉપાડી જવામાં આવ્યો. દાકતરના મદદનીશે તેનો હાથ વગેરે જોઈને તરત કહી દીધું, "ખલાસ!"

પોલીસ-અફસરે મડદાને શબ માટેના ઓરડા તરફ લેવરાવ્યું. નેખ્લ્યૂદોવ પાછળ પાછળ જતો હતો તેને તરત પોલીસ-અફસરે રોકયો, "તમારે શું કામ છે?"

"કંઈ જ નહિ."

"તો ચાલતા થાઓ."

નેખ્લ્યૂદોવ બહાર ઊભેલી પોતાની ઘોડાગાડીમાં બેસી હવે રેલવે-સ્ટેશન તરફ જવા ઉપડયો.

તેઓ સોએક વાર આગળ નહિ વધ્યા હોય તેટલામાં તેઓને એક ગાડું સામું મળ્યું. તેની સાથે કાફલાનો સૈનિક બંદૂક સાથે ચાલતો હતો. ગાડામાં બીજો એક કેદી નાખેલો હતો — તે પણ મરી ગયો હતો. પાછળ એક પોલીસવાળો ચાલતો હતો.

નેખ્લ્યૂદોવે ઘોડીગાડીવાળાને થોભવા કહ્યું. પછી તે નીચે ઊતરી પગપાળા પેલા ગાડાની પાછળ પાછળ પોલીસ-થાણે ફરીથી ગયો.

ત્યાં પેલો જ પોલીસ-અફસર ઊભો હતો. તેણે એ બીજા મડદાને પાસ કાઢી પૂછપરછ બાદ ઉપરના માળની હૉસ્પિટલમાં લેવરાવ્યું.

નેખ્લ્યૂદોવે જોયું કે, તે કેદીનો ચહેરો તથા શરીર સુડોળ હતાં. તે ભર જુવાનીમાં હતો. તેનો ચહેરો શાંત, ગંભીર અને માયાળુ લાગતો હતો.

માનવ પ્રાણી તરીકે તે કેવો સુદૃઢ કામગરો માણસ બની શક્યો હોત! તથા ઉચ્ચ જીવન માટેની પણ કેવી તમામ શક્યતાઓ તેના બહારના કોટલામાં દેખાતી હતી! પણ સમાજે તેનું શું કરી નાખ્યું હતું? – એ વિચાર નેખ્લ્યૂદોવને આવ્યા વિના ન રહ્યો.

૧૮

સાઇબીરિયા તરફ

નેખ્લ્યૂદોવ સ્ટેશને પહોંચ્યો, ત્યારે કેદીઓને સળિયા ભરેલી બારીઓવાળા ડબાઓમાં પૂરી દેવામાં આવ્યા હતા.

ગરમીને રસ્તામાં માઠી વલે થઈ હતી. નેખ્લ્યૂદોવે જોયેલા બે મૃત કેદીઓ ઉપરાંત બીજા ત્રણ કેદીઓ પણ લૂ લાગવાથી મરી ગયા હતા. એકને નજીકના પોલીસ-થાણે પહોંચાડવામાં આવ્યો હતો, અને બાકીના બે રેલવે-સ્ટેશન ઉપર જ ખતમ થયા હતા.

બધા કેદીઓને ડબાઓમાં મેળવી લેવાનું અને તેમની બેડીઓ ખોલવાનું કામ પૂરું થયું, ત્યારે નેખ્લ્યૂદોવ કાફલાના અફસરને ટીપ આપીને માસ્લોવાવાળો ડબ્બો ખોળતો તેની પાસે ગયો.

નેખ્લ્યૂદોવને જોઈને તરત થિયોદોસિયાએ માસ્લોવાને ખબર આપી; એટલે તે ઊઠીને બારીના સળિયા પાસે આવીને ઊભી રહી.

"તને બધી વસ્તુઓ મળી ગઈ?"

"હા; આભાર."

"બીજું કંઈ વિશેષ તારે જોઈએ છે?"

"મારે કંઈ બીજું નથી જોઈતું; ફિકર ન કરશો."

"જો થોડું પાણી પીવા મળે તો!" થિયોદોસિયા બોલી ઊઠી.

"શું તમને લોકોને પાણી આપવામાં નથી આવ્યું?"

"થોડુંક ડબામાં ભર્યું હતું, પણ તે તો ક્યારનું ખલાસ થઈ ગયું છે."

"હું હમણાં જ કાફલાના માણસને મોકલું છું. હવે આપણે તો નિઝ્ની પહોંચ્યા બાદ જ પાછાં મળી શકીશું; હું આ પછીની ગાડીમાં આવું છું."

માસ્લોવા કંઈ બોલી નહિ; પણ તેણે ઊંડો નિસાસો નાખ્યો.

એટલામાં કોરાબ્લેવાએ પૂછ્યું, "કાફલામાંથી બાર જણા મરી ગયા, એ સાચી વાત છે, સાહેબ?"

"બાર તો નથી જાણ્યા; પણ બેને તો હું નજરે જોઈને જ આવ્યો છું. પણ તમો સ્ત્રીઓમાંથી તો કોઈ બીમાર પડયું નથી ને?"

"સ્ત્રીઓ વધુ તાકાતવાળી હોય છે," એક બટકી બાઈ હસતી હસતી બોલી; "માત્ર એક જણી જ છોકરું જણવા બેઠી છે, એટલે રાડો નાખે છે."

માસ્લોવાએ તરત નેખ્લ્યૂદોવ સામે જોઈને પૂછ્યું, "એ બિચારી બાઈને આવી પીડામાં ગાડીમાં ન લે, અને અહીં જ રાખે તો શું? તમે અફસરોને ન કહો?"

"હા, હું કહીશ."

"અને બીજી એક વાત; આ થિયોદોસિયાનો પતિ તારાસ પણ સાઇબીરિયા સાથે જ આવવાનો છે; તે અહીં ડબા પાસે તમારી પેઠે મળવા આવે એવી ગોઠવણ જરા ન કરો?"

પણ એટલામાં કાફલાનો બીજો એક સારજંટ ત્યાં આવ્યો અને કેદીઓ સાથે આમ વાતો ન કરવાનું નેખ્લ્યૂદોવને કહેવા લાગ્યો.

નેખ્લ્યૂદોવ ત્યાંથી ખસી ગયો અને પેલી પ્રસૂતિ-પીડાથી રિબાતી બાઈને પાછળ રાખી શકાય તેમ છે કે નહિ તેની તપાસ કરવા લાગ્યો.

પણ જે અફસરને તેણે આ પૂછ્યું, તે તો માત્ર એટલું જ બોલીને ડબામાં ચડી ગયો કે, "ભલેને તેને પ્રસૂતિ-પીડા ઊપડી હોય; અહીં શું છે? આગળ ઉપર જોઈશું."

પણ એટલામાં તો ગાર્ડે સિસોટી મારી અને ડબાઓ ધીમે ધીમે ખસવા લાગ્યા.

નેખ્લ્યૂદોવ તારાસ પાસે ઊભો રહી ડબાઓને પસાર થતા જોવા લાગ્યો. પુરુષોના ડબા પછી સ્ત્રીઓનો ડબો આવ્યો, ત્યારે તેણે જોયું કે માસ્લોવા બીજી સ્ત્રીઓની સાથે બારી પાસે ઊભી હતી.

નેખ્લ્યૂદોવ ઉપર નજર પડતાં જ તેણે કરુણાજનક મંદ હાસ્ય કર્યું.

હૃદયપલટો

[ટૉલ્સ્ટૉય કૃત નવલકથા ‘ રિઝરેક્શન ’]

ખંડ ત્રીજો

પુનરુત્થાન

૧

નવી અસરો

૧

માસ્લોવાળી ગૅંગ ત્રણ હજાર માઈલ દૂર નીકળી ગઈ હતી. એ મુસાફરી રેલવે રસ્તે તથા પર્મ શહેર સુધી સ્ટીમ-બોટને રસ્તે કરવામાં આવી હતી. ત્યાં આગળ જ નેખ્લ્યૂદોવ માસ્લોવાને રાજકીય કેદીઓ સાથે મુસાફરી કરવાની પરવાનગી મેળવવામાં સફળ થયો. વેરા દુખોવાએ તેને એમ કરવાની સલાહ આપી હતી.

પર્મ સુધીની મુસાફરી માસ્લોવાને શારીરિક રીતે અને નૈતિક રીતે બહુ ત્રાસદાયક નીવડી હતી: શારીરિક રીતે એ અર્થમાં કે, ભીડ ખૂબ હતી, ગંદકી ખૂબ હતી. અને જૂ જેવાં જંતુઓ તેને જરાય નિરાંત વળવા દેતાં નહિ. અને નૈતિક રીતે એ અર્થમાં કે, પુરુષ-કેદીઓ, જેલરો અને કાફલા સાથેના સૈનિકોના આક્રમણનો ભય સતત ચાલુ રહેતો; અને પુરુષનો સ્વભાવ એવો છે કે, તેની કામના પૂરી ન થાય, એટલે છંછેડાઈને વેરવી બની રહે.

માસ્લોવાની સાથીદારણ થિયોદોસિયાની સતામણી પણ ખૂબ વધી જતાં, તેનો પતિ તારાસ જાણી જોઈને જ નિઝ્ની-નોવગોરોડ આગળ પકડાઈ ગયો હતો, જેથી કેદી તરીકે ગૅંગ સાથે જ તે મુસાફરી કરી શકે અને થિયોદોસિયાનું રક્ષણ કરી શકે.

માસ્લોવાને રાજકીય કેદીઓ સાથે જવાનું થયું ત્યારે તેને બધી વાતની નિરાંત થઈ: પેલા કેદીઓ કરતાં ભીડ ઓછી, ખોરાક અને ખાવાપીવાની વ્યવસ્થા વધુ; ઉપરાંત, તેમના પ્રત્યેનો જેલરો વગેરેનો વર્તન પણ તોછડો ઓછો હોય.

પરંતુ તેને મુખ્ય ફાયદો એ વાતનો થયો કે, તે કેટલાંક એવાં સન્નિષ્ઠ સ્ત્રી-પુરુષોના સહવાસમાં આવી, જેમની તેના જીવન ઉપર અને ચારિત્ર્ય ઉપર બહુ હિતકર અસર પડી.

માસ્લોવાને પડાવ વખતે રાજકીય કેદીઓ સાથે રહેવાની પરવાનગી મળી હતી; પરંતુ પગપાળા ચાલવાનું હોય ત્યારે તો તેને ગુનેગાર કેદીઓ સાથે જ ચાલવું પડતું. પરંતુ બે રાજકીય કેદીઓ પણ એ જ ગૅંગ સાથે ચાલતાં હતાં: એક તો મૅરી પાવ્લોવ્ના; — નેખ્લ્યૂદોવ જ્યારે વેરા દુખોવાની મુલાકાતે ગયો હતો ત્યારે* ઓરડામાં "સૌની બહેન" જેવી બદામી રંગની આંખોવાળી જે ભલી યુવતી તેની નજરે પડી હતી તે. તેણે ગાડામાંની પોતાની જગા એક સગર્ભા સ્ત્રી-કેદીને આપી દીધી હતી, એટલે તેને એ ગુનેગાર બાઈને સ્થાને ચાલવું પડતું હતું; અને બીજો હતો સિમૉન્સન; — વેરા દુખોવાની મુલાકાત લેતી વખતે જ, ફગફગતા છૂટાવાળવાળો અને શ્યામ રંગનો જે જુવાનિયો નેખ્લ્યૂદોવના જોવામાં આવ્યો હતો તે. એ રાજકીય કેદી હતો, પણ કેદીઓ વચ્ચે એવા વર્ગ-ભેદ ઊભા કરવામાં આવે એ વસ્તુમાં તે માનતો ન હોવાથી, રાજકીય કેદી તરીકેનો ગાડામાં બેસવાનો હક જતો કરી, ગુનેગાર કેદીઓ સાથે જ તે ચાલતો હતો.

આ ત્રણે જણ: માસ્લોવા, મૅરી પાવ્લોવ્ના અને સિમૉન્સન ગુનેગાર કેદીઓ સાથે જ વહેલી સવારના પગપાળાં ઊપડતાં; રાજકીય કેદીઓ ગાડાંમાં પાછળથી આવતાં.

એક મોટું શહેર આવતાં બીજા અફસરે ચાર્જ સંભાળી લીધો.

૨

સપ્ટેંબરની સવાર હતી; અને ઠંડા તીણા પવનના સપાટા અચાનક આવી જતા હતા. વરસાદ અને બરફ પણ અવારનવાર પડ્યા કરતો હતો. પડાવના આંગણામાં બધાં કેદીઓને બે દિવસના ભથ્થાના

---

* જુઓ પાન ૧૪૬.

પૈસા વહેંચવામાં આવતા હતા. અને ત્યાં ઊભેલા ફેરિયાઓ પાસેથી સૌ પાતપોતાને પોસાતી ખાવાની ચીજો ખરીદતાં હતાં.

એ બધું પતી જતાં, અફસરે બહાર આવી બધાં કેદીઓને મેળળવાનું, પગની સાંકળો તપાસવાનું, હાથબેડીમાં જોડકાં જોડવાનું વગેરે કામ તપાસવા માંડયાં.

અચાનક એ અફસરનો ગુસ્સાભર્યો અવાજ તથા જોરથી મારેલા એક ફટકાનો અવાજ સંભળાયો, અને એક નાની બાળકીની કરુણાભરી ચીસો પણ. માસ્લોવા અને મૅરી પાવ્લોવ્ના પોતાનું ખરીદવાનું પતવતાં હતાં, તે એકદમ તે અવાજ તરફ દોડી ગયાં.

અફસરે એક કેદીના મોં ઉપર એટલા જોરથી લાફો માર્યો હતો કે, તે પોતે જ પોતાનાં ચમચમતાં આંગળાં પસવારતો હતો; પેલો કેદી પોતાનું લોહીલુહાણ થઈ ગયેલું મોં લૂછતો હતો અને બીજા હાથે ચીસો પાડતી એક છોકરીને પકડી રહ્યો હતો.

અફસર ગાળો ઉપર ગાળો ભાંડતો તે કેદીને ધમકાવી રહ્યો હતો "સાલા, સુવ્વર, સામી દલીલ કરે છે? એકદમ તારી ચેલકીને સ્ત્રીઓને સોંપી દે."

કેદી તેના ગામ-પંચે દેશનિકાલ કરેલો માણસ હતો. ટોમ્સ્ક શહેર આગળ તેની પત્ની ટાઈફૉઈડથી રિબાઈને મરી ગઈ, ત્યારથી પોતાની આ છોકરીને ઊપાડીને તે ચાલતો હતો.

નવા અફસરે બીજા એક કેદી સાથે જોડીમાં તેને હાથબેડી પહેરાવવા હુકમ કર્યો હતો. જ્યારે પેલો વિનંતિ કરવા લાગ્યો કે, 'છેક ટોમ્સ્ક શહેરથી આ છોકરીને ઊંચકીને હું ચાલ્યો આવું છું અને મને બેડી પહેરાવવમાં આવી નથી; તો પછી અત્યારે શા માટે પહેરાવો છો? હાથ-બેડી પહેરાવશો તો એક હાથે મારાથી છોકરીને ઊંચકીને ચાલી નહિ શકાય.'

તરત જ અફસરે એકદમ તો તેને સામું બોલવા બદલ સખત લાફો મોં ઉપર લગાવી દીધો, અને એક સૈનિકને એના હાથમાંથી છોકરી ખેંચી લેવાનો હુકમ કર્યો. સૈનિક એ છોકરીને ખેંચવા લાગ્યો

એટલે છોકરી ચીસો પાડવા લાગી. બીજા કેદીઓ બોલવા લાગ્યા કે, નાની છોકરી છે અને તેની મા હમણાં જ મરી ગઈ છે, એટલે બાપ સિવાય એ કોઈની પાસે નહિ રહે. તરત જ અફસરે "બંડ!" "બંડ!" એમ કહી તેમાંના એક કેદીને જોરથી મારવા માંડયો. સૈનિકે આંચકો મારી છોકરીને તેના બાપ પાસેથી ખેંચી લીધી અને બીજા સૈનિકે બાપના હાથમાં બેડી ચડાવી દીધાં.

મૅરી પાવ્લોવ્ના હવે આગળ ધસી આવી અને અફસરને પૂછવા લાગી, "હું એ છોકરીને તેડી લઉં?"

"તમે કોણ છો?" અફસરે ચિડાઈને પૂછ્યું.

"હું રાજકીય કેદી છું."

મૅરી પાવ્લોવ્નાનો સુંદર ચહેરો તથા તેની તેથી વધુ સુંદર આંખોની અસર અફસર ઉપર તત્કાળ થઈ. તે થોડી વાર તેના મોં સામું જોઈ રહ્યો અને પછી બોલ્યો, "મારે શો વાંધો હોય? તમારી મરજી હોય તો ભલેને તેડી લો. તમારે બધાંને દયા બતાવવી સહેલી છે; પણ એ કદી છૂટા હાથ હોય અને નાસી જાય, તો કોણ જવાબ દેવા આવવાનું હતું!"

"તેના હાથમાં છોકરું હોય પછી તે શી રીતે નાસી જવાનો હતો?" મૅરી પાવ્લોવ્નાએ પૂછ્યું.

"તમારી સાથે વાતો કરવાનો મને સમય નથી; તમારે તેને ઊંચકી લેવી હોય તો લઈ લો, એટલે પત્યું."

પરંતુ પેલી છોકરી તો સૈનિકના હાથમાંથી બાપ પાસે જવા હાથ લાંબા કરી કરીને ચીસો પાડતી હતી, તે મૅરી પાવ્લોવ્ના પાસે પણ ન ગઈ.

"થોભો, મૅરી પાવ્લોવ્ના, તે મારી પાસે આવશે," એમ કહી માસ્લોવાએ પોતાની ઝોળીમાંથી બિસ્કૂટનો કટકો કાઢયો અને છોકરી સામે ધર્યો.

એ નાની છોકરી માસ્લોવાને ઓળખતી હતી; અને બિસ્કૂટની લાલચ હતી, એટલે તે તરત માસ્લોવાના હાથમાં પહોંચી ગઈ.

કેદીઓની ગણતરી થઈ ગઈ, તેમના ઝોયણાઓ ગાડાંમાં નંખાઈ ગયા, નબળાં કેદીઓને ગાડાંમાં બેસાડી દેવામાં આવ્યાં, અને માસ્લોવા સ્ત્રી-કેદીઓમાં થિયોદોસિયા પાસેની પોતાની જગાએ પેલી છોકરીને તેડીને પહોંચી ગઈ.

સિમોન્સન આ બધું દૂર ઊભો ઊભો જોઈ રહ્યો હતો. જેવો પેલો અફસર પોતાની ઘોડાગાડીમાં બેસવા ગયો કે તરત એ તેની પાસે જઈ પહોંચ્યો અને બોલ્યો, "તમે ખરાબ રીતે વર્ત્યા છો."

"તમે તમારી જગાએ ચાલ્યા જાઓ; તમારે શી પંચાત?"

"તમે ખરાબ રીતે વર્ત્યા છો, એ કહેવાની પંચાત મને છે જ; અને મેં એ તમને સંભળાવી દીધું." સિમોન્સન પોતાની ઝૂમખેદાર ભમરો નીચેથી પેલા અફસર સામે સીધી નજરે જોઈ રહીને બોલ્યો.

"તૈયાર? આગેકૂચ!" પેલા અફસરે તેના સામું જોયા વિના હુકમ આપ્યો, અને પોતે હાંકનારનો ખભો પકડી ઘોડાગાડીમાં ચડી ગયો.

આખી ગૅંગ ઝટપટ ચાલવા માંડી. ગાઢા જંગલમાં થઈને પસાર થતા કાદવભર્યા રસ્તે થઈને ગાડાં અને કેદીઓ આગળ વધવા લાગ્યાં.

૩

છ છ વર્ષ શહેરમાં વિલાસી જીવન ગાળ્યું હોવા છતાં, તથા ગુનેગાર સ્ત્રી-કેદીઓ સાથે કેટલાય મહિના ગાળ્યા હોવા છતાં, રાજકીય કેદીઓ સાથેનું કઠોર જીવન પણ કાટુશાને બહુ આનંદદાયક તથા [illegible] લાગવા માંડયું.

રોજ પંદરથી વીસ માઈલ કાપવાના હોતા; અને બે દિવસની મુસાફરી પછી એક દિવસ આરામનો મળતો. માસ્લોવાના સુદૃઢ શરીરને [illegible] શ્રમ માફકસરનો જ નીવડયો; અને પોતાનાં નવાં સાથીદારો [illegible] સહવાસે તો તેના જીવનને જુદા જ રસમાં તરબોળ બનાવી

દીધું. એ જાતના રસની તેને અત્યાર સુધી કલ્પના પણ નહોતી આવી.

આવાં સન્નિષ્ઠાવાળાં ભલાં સેવાભાવી મનુષ્યો સાથે પોતાને કદીય ક્યાંથી રહેવાનું મળત? – એવો વિચાર પણ તેને આવવા લાગ્યો. અને તેથી પોતાને જ્યારે સજા થઈ, ત્યારે રડવું આવી ગયું હતું, એ યાદ કરી તે હવે હસી પડતી.

આ લોકો કઈ ભાવનાથી પ્રેરાઈને આવાં દુ:ખકષ્ટ કરી સહન રહ્યાં હતાં, તે હવે માસ્લોવાને સ્પષ્ટ સમજાવા લાગ્યું. આ લોકો જનતાના પક્ષનાં હતાં, અને જનતાને ચૂસનારા ઉપલા વર્ગો તરફ નફરત ધરાવતાં હતાં. તેઓએ એ હેતુથી જ પોતાના હક-અધિકારો, પોતાનું સ્વતંત્ર્ય અને પોતાનાં જીવન પણ ન્યોછાવર કર્યાં હતાં.

આ નવા સાથીઓમાંથી મૅરી પાવ્લોવ્નાએ તેનું ખાસ લક્ષ ખેંચ્યું હતું – તેના તરફ તે એક પ્રકારનો ભક્તિભાવ જ ધરાવતી થઈ ગઈ હતી. એ સુંદર યુવતી ત્રણ ભાષાઓ બોલી શકતી હતી; અને એક તવંગર જનરલની પુત્રી હતી. અને છતાં પોતે સાદી મજૂરવર્ગની બાઈ હોય તેવું કામ કરતી હતી – તેવાં કપડાં પહેરતી હતી, અને પોતાના સુંદર દેખાવની તો જરાય માવજત કે સારસંભાળ કરતી કે રાખતી નહિ. સ્ત્રીપણાની કામિની- કે મોહિની- શક્તિ તેણે પોતાનામાંથી સદંતર નિર્મૂળ કરી નાખી હતી.

પુરુષો પોતાની કામના કરે એવું રૂપ તે ધરાવતી હતી એવું તેને પોતાને ભાન હતું; અને તેની જ તેને બીક હતી. કોઈ પુરુષના પ્રેમની વસ્તુ બનવું કે કોઈ પુરુષ ઉપર પ્રેમ કરવો એ વસ્તુ તેને સદંતર નાપસંદ હતી. તેના પુરુષ સાથીદારો એ વસ્તુ જાણતા હતા અને તેથી તેઓ તેની પ્રત્યે કદી પ્રેમભાવ દાખવતા નહીં – કંઈ નહિ તો તેમનામાં એવો ભાવ હોય તો પણ તેના પ્રત્યે પ્રગટ તો કરતા જ નહિ. બીજા અજાણ્યા પુરુષોની પજવણીનો તેને ડર જ ન હતો; પોતાની સુદૃઢ શારીરિક તાકાત ઉપર તેને એટલો ભરોંસો હતો.

કાટુશાને વાતવાતમાં તેણે એક કિસ્સો વર્ણવી બતાવ્યો હતો :

"એક વખત એક માણસ શેરીમાંથી મારી પાછળ પડયો, અને મેં ગમે તેટલા ધમપછાડા કર્યા પણ મારો પીછો તેણે મૂકયો નહિ. પછી તો મેં તેને એવો પીટયો – એવો પીટયો કે, તે જાણે ભૂત સામે મળ્યું હોય અને બીનીને નાસી જાય, તેમ મૂઠીઓ વાળીને ભાગ્યો!"

બચપણથી જ તેને સામાન્ય લોકોમાં જ ભળવાનું અને તેમનાં સુખદુ:ખમાં ભાગીદાર થવાનું ગમતું. પોતાના વર્ગનાં માણસો જે જીવન જીવતાં હતાં, તે તરફ તેને ધૃણા હતી. તે હંમેશાં પોતાનો વખત નોકરોના ઓરડામાં, રસોડામાં, અને તબેલાઓમાં જ ગાળતી. તે કહેતી કે, "આ લોકોમાં કંઈકે જીવન જેવું કે રસ જેવું મને લાગતું; મારા વર્ગનાં માણસોનું એકધારું તુચ્છ જીવન તો મને જરાય સમજાતું નહિ કે ગમતું નહિ." તેની માતા બહુ પહેલેથી ગુજરી ગઈ હતી. અને તેના બાપુ પ્રત્યે તેને જરાય સદ્ભાવ રહ્યો ન હોવાથી, ઓગણીસ વર્ષની વય થતાં ઘર છોડી તે તેની બહેનપણી સાથે કારખાનામાં મજૂર તરીકે જોડાઈ ગઈ.

કારખાનું છોડીને પછી તે ગામડામાં ગઈ; અને ત્યાંથી પાછી છૂપું છાપખાનું ચલાવવા અર્થે શહેરમાં આવી. ત્યાંથી જ તેને પકડી સાઇબીરિયામાં સખત મજૂરીની સજા કરવામાં આવી. તેણે પોતે બીજો કંઈ ભારે ગુનો કર્યો નહોતો; પરંતુ તેમના છાપખાનાવાળા મકાનમાં પોલીસોએ દરોડો પાડયો, ત્યારે એક ક્રાંતિકારી સાથીએ પોલીસોને ડરાવવા અંધારામાં ગોળીબાર કર્યો, તેથી એક પોલીસવાળો માર્યો ગયો. એ સાથીને બચાવી લેવા, મૅરી પાવ્લોવ્નાએ, એ ગોળીબાર પોતે કર્યો હોવાનું કહીને માથે લઈ લીધું હતું.

કાટુશાએ બીજી એક વાત પણ લક્ષમાં લીધી હતી કે, ગમે તે સ્થિતિમાં અને ગમે તે પ્રસંગે મૅરી પાવ્લોવ્ના કદી પોતાનો વિચાર જ નહોતી કરતી – માત્ર બીજાનો જ વિચાર કરતી. જાણે જીવનનો તેનો હેતુ બીજાની સેવા કરવાની તકો શોધવાનો જ હોય! એ વસ્તુ તેને

એવી સ્વાભાવિક બની ગઈ હતી કે, તેને હાથે એ સિવાય બીજું કંઈ થઈ શકતું જ નહિ.

માસ્લોવા પહેલવહેલી જ્યારે રાજકીય કેદીઓ ભેળી આવી, ત્યારે મૉરીને પ્રથમ તો એના તરફ તિરસ્કાર જ આવ્યો હતો. પરંતુ તરત જ પછી તે પોતાનો ધિક્કાર દબાવી દઈ, તેના પ્રત્યે માયાળુ બનતી ગઈ. તે ભલી બાઈએ પોતાની પ્રત્યે દાખવેલા સદ્‌ભાવની માસ્લોવાને મન એકલી બધી કિંમત હતી કે, પછી તો તેને ખોટું લાગે – ફરીથી તિરસ્કાર આવે – એવું બોલવું-કરવું કે વિચારવું જ તેને માટે અશક્ય થઈ ગયું. ધીમે ધીમે માસ્લોવા દરેક બાબતમાં તેનું જ અનુકરણ કરતી થઈ ગઈ અને છેવટે તો પોતાનું સમગ્ર અંતર તેને જ અર્પણ કરી બેઠી.

કાટુશાનાં પોતા પ્રત્યેનાં આ ભાવ-ભક્તિ મૉરી પાવ્લોવ્નાથી પણ છાનાં રહ્યાં નહિ. પતિત મનાતી એ બાઈએ, કેવળ પોતાના પ્રત્યેના પ્રેમથી અને આદરથી પોતાના પુનરુત્થાનનો જે ભગીરથ પ્રયાસ આદર્યો હતો, તેનું મૂલ્ય તે બરાબર સમજી ગઈ, અને સામેથી તે પણ પોતાનું હૃદય તેને અર્પી બેઠી.

કામવાસના યુક્ત પુરુષો પ્રત્યેની નફરતમાં તો બંને જણ સમાન જ હતાં. એક જણી, તેની ભયંકરતાના અનુભવ પછી નફરતવાળી બની હતી. બીજી તેને મનુષ્ય તરીકેના ગૌરવને ન છાજતી વસ્તુ ગણીને તે પ્રત્યે નફરત ધરાવતી હતી.

૪

કાટુશા ઉપર મૉરી પાવ્લોવ્ના ઉપરાંત બીજી અસર સિમૉન્સનની પડી.

માણસોમાંનો મોટો ભાગ બીજાના વિચારને – રૂઢિને કે પરંપરાને અનુસરતો હોય છે; ત્યારે કેટલાક લોકો પોતાની બુદ્ધિને જ પ્રમાણતા હોય છે. તેઓ બીજાઓના વિચારને સ્વીકારે તો પણ, પોતાની બુદ્ધિથી પૂરેપૂરા કસી જોયા બાદ જ – પોતાની બુદ્ધિમાં તે બધું ઊતરે, ત્યાર

બાદ જ. આ માણસોનાં બધાં કાર્યોનું પ્રેરકબળ બુદ્ધિ જ હોય છે – ભાવના કે વાસના હરગિજ નહિ. સિમોન્સન આવો માણસ હતો.

નિશાળે જતો છોકરો હતો ત્યારથી પોતાના પિતા સરકારી નોકરીમાંથી જે આવક મેળવતા હતા, તેને તે અપ્રમાણિક આવક ગણતો થયો હતો. એક વખત તો તેણે પિતાને કહી પણ દીધું કે, આ બધી ખોટી કમાઈ લોકોને વહેંચી દઈને પ્રાયશ્ચિત્ત કરો. બાપે તેની વાત સાંભળવાને બદલે તેને ડહાપણ ડહોળવા બદલ ખૂબ ધમકાવ્યો. એટલે તે બાપનું ઘર છોડીને ચાલી નીકળ્યો.

યુનિવર્સિટીને છોડીને તરત જ 'પિપલ્સ-પાર્ટી' નામના મંડળમાં તે જોડાયો, અને એક ગામડામાં સ્કૂલ-માસ્તર બન્યો. ત્યાં શું ન્યાયી કહેવાય અને શું અન્યાયી, એનો પ્રચાર વિદ્યાર્થીઓમાં તથા ખેડૂતોમાં કરવા જતાં તેને પકડી લેવામાં આવ્યો અને તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું.

તે દરમ્યાન તે એવા નિર્ણય ઉપર આવ્યો કે, ન્યાયાધીશોને તેના ઉપર કામ ચલાવવાનો કશો હક નથી, અને તેણે તેમ તેમને સીધું સંભળાવી જ દીધું. ન્યાયાધીશો તેના કહેવા ઉપર લક્ષ આપ્યા વિના તેની સામેનો મુકદ્દમો આગળ ચલાવવા લાગ્યા, ત્યારે તેણે તેમાં ભાગ લેવાનું બંધ કર્યું – તે ચૂપ થઈ ગયો.

તેને આર્ચેંગલમાં દેશનિકાલની સજા થઈ. કેદમાં હતો તે દરમિયાન તેણે એવો ધાર્મિક સિદ્ધાંત તારવ્યો કે, જગતની બધી ચીજો જીવંત છે; કોઈ વસ્તુ મૃત નથી; જે બધી ચીજોને આપણે જડ કહીએ છીએ તે બધી પણ જીવતા વિરાટ પદાર્થના ભાગો છે – નખ જેમ જીવતા શરીરના ભાગ છે તેમ – અને તેથી માણસનું કર્તવ્ય પણ, તે વિરાટના એક અંગ તરીકે, તેનું અને બીજાં બધાં અંગોનું જીવન ટકાવવાનું જ હોઈ શકે – કોઈની હિંસા કરવાનું નહિ. એટલે યુદ્ધ, દેહાંતદંડની સજા, અને મનુષ્ય ઉપરાંત બીજાં પ્રાણીઓની પણ હિંસા કરવાનો તે સદંતર વિરોધી બની ગયો.

લગ્ન બાબત પણ તેણે પોતાનો આગવો સિદ્ધાંત તારવી કાઢયો હતો. સંતાનોત્પત્તિ એ મનુષ્યનું સર્વોચ્ચ કર્તવ્ય નથી; સર્વોચ્ચ કર્તવ્ય તો જે જીવો હયાત છે તેમની સેવાનું જ હોઈ શકે. લોહીમાંના સફેદ કણોની સાથે તે સંતાનોત્પત્તિ ન કરનારને સરખાવતો. એ કણો શરીરના નબળા અને બીમાર ભાગોનું રક્ષણ કરવા અર્થે જ ખપી જાય છે. પોતાને તથા મેરી પાવ્લોવ્ના જેવાંને તે માનવોમાં સફેદ કણ જેવાં ગણતો.

કાટુશા પ્રત્યે તેને પ્રેમ ઊભો થયો હતો; પણ એ પ્રેમ શારીરિક વાસનામય પ્રેમ ન હતો. એવા પ્રેમને તો તે પોતાની સફેદ-કણ તરીકેની કામગીરીને બાધક ગણે.

નૈતિક પ્રશ્નોની જેમ જ, રોજિંદા વ્યવહારુ પ્રશ્નો બાબત પણ તેના આગવા સિદ્ધાંતો હતો.— કેટલા કલાક કામ કરવું જોઈએ, કેટલા કલાક આરામ કરવો જોઈએ, કેવો ખોરાક ખાવો જોઈએ, કયો પોશાક સારો ગણાય, મકાનમાં પ્રકાશ તથા ગરમી કેટલાં આવવાં જોઈએ ઇ૦.

સિમૉન્સનને પોતા તરફ પ્રેમભાવ છે, એવું માસ્લોવા સ્ત્રીની સાહજિક સમજશક્તિથી જ જાણી ગઈ હતી. પણ બીજા પુરુષોની પેઠે તેની સામે એને ધિક્કાર પ્રગટવાને બદલે, ઊલટું આવા પુરુષનો પ્રેમ પોતે સંપાદન કરી શકી તે બદલ તે પોતાને ધન્ય માનવા લાગી. નેખ્લ્યૂદોવ તેને પરણવા તૈયાર થયો હતો તે તો એક પ્રકારની ઉદાત્તતાના ભાવથી પ્રેરાઈને, તથા ભૂતકાળમાં જે બન્યું હતું તે કારણે; પરંતુ સિમૉન્સન તેને પ્રેમ કરતો હતો, તે એ અત્યારે જેવી હતી તેવીને, તથા બીજા કોઈ સ્વાર્થી હેતુથી પ્રેરાઈને નહિ. માસ્લોવા જાણતી હતી કે, સિમૉન્સન તેનામાં ઉચ્ચ નૈતિક ગુણો આરોપી રહ્યો છે. અને તે કયા ગુણો પોતામાં આરોપી રહ્યો છે, એ તે જાણતી ન હોવાથી, તે નિરાશ ન થાય તે ખાતર જ પોતે જે કંઈ સારા ગુણો ધારણ કરી શકે તે ધારણ કરવા પોતાની સર્વ શક્તિથી પ્રયત્ન કરતી.

આ બધું તેઓ જેલમાં હતાં ત્યારથી જ શરૂ થયું હતું. એક વખત બધાંની સામાન્ય મુલાકાતનો દિવસ હતો ત્યારે સિમોન્સન પોતાની તરફ તીવ્ર નજરે જોઈ રહ્યો હતો, એ માસ્લોવા જોઈ ગઈ હતી. પરંતુ એની નજરમાં પુરુષોની ભૂખી નજર કરતાં બીજું જ કંઈ અનોખું તેને દેખાયું હતું. સિમોન્સનનો બાહ્ય દેખાવ બહુ કડક તથા પાસે જતાંય બીક લાગે તેવો હતો. છતાં તેની આંખોમાંથી બાળક જેવી નિર્દોષતા નીતરતી હતી. તેવા માણસમાં પોતે કંઈકે રસ જગવી શકી તે બદલ ત્યારથી જ માસ્લોવા એક પ્રકારનું ગૌરવ અનુભવવા લાગી.

પછી જ્યારે ટોમ્સ્ક આગળ માસ્લોવા રાજકીય કેદીઓની સાથે રહેતી થઈ, ત્યારે તે સિમોન્સનને ફરી જોવા પામી. બંનેની નજર ભેગી થતાં બંને જણ જાણે પોતાના કોઈ ચિર-પરિચિતને ફરી મળ્યાં હોય એવો ભાવ તેમનામાં સામસામે ઊભરાયો. ત્યાર પછી પણ તે બંને જણ વચ્ચે કશી સીધી વાતચીત નહોતી થઈ. પરંતુ માસ્લોવાને ચોક્કસ લાગતું ખરું કે, પોતે હાજર હોય, ત્યારે સિમોન્સન બીજાને ઉદ્દેશીને પણ જે કંઈ કહેતો, તે એને સંભળાવવા જ જાણે કહેતો.

પછી તો સિમોન્સન જ્યારે સામાન્ય ગુનેગારો સાથે જ પગપાળો ચાલવા લાગ્યો, ત્યારે તે બંને એકબીજાની ઘણી નજીક આવી ગયાં.

૨

ક્રાંતિકારીઓ–૧

૧

કેદીઓ પર્મ છોડીને આગળ વધ્યા, ત્યાર પહેલાં નેખ્લ્યૂદોવ કાટુશાને માત્ર બે વખત મળી શકયો હતો. બંને મુલાકાતો વખતે કાટુશા નેખ્લ્યૂદોવ સાથે સારી રીતે બોલી ન હતી. તે પૂછયા કરતો, “તારે કંઈ જોઈએ છે, તથા કશી વાતની તકલીફ તો નથીને?” પણ પેલી તેના તરફ, પહેલાં તેણે કેટલીક વાર દાખવ્યો હતો તેવો અતડો વ્યવહાર જ દાખવતી. આ અરસામાં પુરુષોની પજવણી તેને વધી ગઈ હતી અને તેથી તે બહુ ચીડિયણ બની ગઈ હતી. નેખ્લ્યૂદોવને તો ડર જ લાગવા માંડયો કે, મુસાફરી દરમ્યાનની આ તંગ અને હીણ-પતભરી દશાની અસર હેઠળ તે ફરીથી હતાશ અને લાપરવા તો નહિ બની જાય? પહેલાં જેલવાસ દરમ્યાન એવું બન્યું હતું ત્યારે તે નેખ્લ્યૂ-દોવ પ્રત્યે ચીડિયણ બની ગઈ હતી; અને બધું ભૂલવા માટે દારૂ તથા ધૂમ્રપાન તરફ વળી ગઈ હતી.

પરંતુ મુસાફરીના એ ટપ્પામાં તે એને કશી મદદ કરી શકયો નહિ, કારણ કે તે એને ભેગો જ થઈ શકતો નહિ. પરંતુ રાજકીય કેદીઓ સાથે તેને મૂકવામાં આવી, ત્યાર બાદ દરેક મુલાકાત વખતે તેને માલૂમ પડવા માંડયું કે, તેનો ડર ખોટો હતો અને કાટુશામાં ઊલટો પોતે ઇચ્છતો હતો તેવો જ સારો ફેરફાર થતો જાય છે. પહેલી વાર ટોમ્સ્કમાં તેઓ મળ્યાં ત્યારે તેનું વર્તન મૉસ્કો છોડતી વખતે જેવું હતું તેવું થઈ ગયેલું તેને લાગ્યું: તે ચિડાયા વિના કે મૂંઝાયા વિના

આનંદથી તથા સ્વાભાવિક રીતે તેને મળી, અને તેણે અત્યાર સુધી એને માટે જે કંઈ કર્યું હતું — ખાસ કરીને તેને રાજકીય કેદીઓ સાથે મૂકી આપી હતી, તે બદલ એનો તેણે સાચા દિલથી ઘણો ઘણો આભાર માન્યો.

ગૅંગ સાથે પછીની બે મહિનાની મુસાફરી દરમ્યાન તો કાટુશાનો બાહ્ય દેખાવ પણ બદલાવા લાગ્યો. કપડાં-વાળની ટાપટીપ તથા હલન-ચલનની વિલાસી ચેષ્ટાઓનું તેનામાં નામનિશાન રહ્યું ન હતું. અને માથા ઉપર તો તેણે રૂમાલ બાંધવાનું જ શરૂ કરી દીધું હતું.

નેખ્લ્યૂદોવને આ બધાં બહુ સારાં લક્ષણ લાગ્યાં. કાટુશા પ્રત્યેનો તેનો ભાવ પણ હવે તે પ્રમાણે બદલાતો ચાલ્યો. તેનો હવેનો ભાવ પહેલાંના કાવ્યમય ભાવથી કે પછીના વાસનામય ભાવથી કે તેનીય પછીના તેની સાથે પરણવાના કર્તવ્યનિષ્ઠ ભાવથી જુદો જ હતો. આ તો કેવળ કરુણા અને મૈત્રીનો છેક જ નિર્મળ ભાવ હતો. આવો ભાવ તેણે પહેલાં પણ તેના પ્રત્યે અનુભવ્યો હતો; પણ તે અવાર-નવાર ધિક્કારની કે ઉપેક્ષાની લાગણીથી દબાઈ જતો; પણ હવે તે ભાવ જાણે તેનામાં સ્થિરતા ધારણ કરવા લાગ્યો.

અને નવાઈની વાત એ બની કે, કાટુશા પ્રત્યેનો તેનો સ્વાર્થી કે વાસનામય ભાવ દૂર થયો, અને નિર્મળ મૈત્રીભાવ પ્રગટ થયો, તેની સાથે જગતનાં બીજા સૌ પ્રત્યે પણ તેનો કરુણા-મૈત્રીનો તેવો જ ઉદાત્ત ભાવ ઊભરાવા લાગ્યો! જાણે તેના અંતરના બંધ દરવાજા જ ઊઘડી ગયા હતા. ઘોડાગાડીવાળાથી માંડીને કાફલાના સૈનિકો અને જેલના ઇન્સ્પેક્ટરો તથા ગવર્નરો એમ સૌ પ્રત્યે તેના મનમાં એક પ્રકારનો આત્મીયતાનો ભાવ ઊભરાતો.

૨

અને હવે તો માસ્લોવા રાજકીય કેદીઓ સાથે રહેતી હોવાથી, તમાંના ઘણા સાથે પણ નેખ્લ્યૂદોવનો પરિચય થયો. એ પરિચયથી તેમને

વિષેનો નેખ્લ્યૂદોવનો પહેલાંનો ગેર-અભિપ્રાય તદ્દન બદલાઈ ગયો. પહેલાં તો નેખ્લ્યૂદોવને હિંસક રીતો અને ગુપ્તતા અપનાવનારા એ બધા ક્રાંતિકારીઓ તરફ ભારે અણગમો હતો. ખાસ કરીને સરકાર સામેની તેમની કામગીરીમાં તેઓ ક્રૂરભાવે જે ખૂનો કરતા, તેને કારણે એ લોકોને તે અમાનુષી – દાનવો જેવા જ ગણતો. પરંતુ તે લોકોની સાથેનો નિકટનો પરિચય થતાં જ એક બાજુ તે લોકોની નિ:સ્વાર્થ વૃત્તિ, લોકસેવા અને આત્મસમર્પણની ભાવના જેમ તેની જાણમાં આવતાં ગયાં, તેમ બીજી બાજુ સરકારે તેમના પ્રત્યે વધારે પડતા આચરેલા જુલમ અને અન્યાયનું ચિત્ર પણ તેની આગળ સ્પષ્ટ થવા લાગ્યું. પરિણામે, આ લોકોને આવા કઠોર અને ક્રૂર બનવાની ફરજ ખરેખર કોણે પાડી છે, એવો પ્રશ્ન વિચારતો જ તે થઈ ગયો.

સામાન્ય કેદીઓ પ્રત્યે ગમે તેવો ભયંકર અને અવિચારી જુલમ ગુજારવામાં આવતો, પરંતુ તેમને સજા થતા પહેલાં અને ત્યાર પછી ન્યાયનો કંઈક દેખાવ તો કરાતો જ. પરંતુ આ રાજકીય કેદીઓ પ્રત્યે તો એવો દેખાડ પણ કરાતો નહિ: જાળ નાખે અને જે આવ્યાં તે બધાં માછલાંને પકડી લે, અને તેમાંથી પછી જોઈતાં મોટાં રાખી, બાકીનાંને કિનારા ઉપર તરફડી મરવા પડતાં મૂકે, તેમ આ રાજકીય કેદીઓને એકસામટા દરોડા પાડી પકડી લેવામાં આવતાં. પછી કેટલાંય નિર્દોષ માણસોને વર્ષો સુધી કામ ચલાવ્યા વિના જેલમાં ફાવે તેમ પૂરી રાખવામાં આવતાં; તેમાંથી કેટલાંય ક્ષયરોગથી કે આત્મહત્યા કરીને મરણ મરણ પામતાં, કે કેટલાંય ગાંડાં બની જતાં.

કોઈ પણ અમલદારને જરા કંટાળો આવ્યો હોય, ચીડ ચડી હોય, અથવા તેને સરકારમાં આગળ આવવું હોય, તો તે તરત છાપો મારી ગમે તેટલાં સ્ત્રી-પુરુષોને પકડી લાવે અને જેલમાં પૂરી દે! જાસૂસ તરીકે કામગીરી બજાવતા સામાન્ય માણસો મરજીમાં આવે તેમને સપડાવી જેલમાં પૂરી દેવરાવે! અને ‘શહેનશાહ કે સરકાર સામેના રાજદ્રોહના

ગુનાવાળા ક્રાંતિકારી ' એવું નામ પડયું, એટલે તેમની બાબતમાં પછી કોઈ કશી પંચાત જ ન કરે.

પરદેશ સાથે યુદ્ધ ચાલતું હોય, અને પરદેશી સૈનિકો કે નાગરિકો સાથે જેમ બેફામપણે વર્તાય — તેમનાં જાનમાલ વગર રોકટોકે રફેદફે કરી શકાય – તેમ જ આ ક્રાંતિકારી ગણાતાઓ સાથે પણ વર્તવામાં આવતું. અને આ ક્રાંતિકારીઓ પણ પરિણામે પોતે ખરેખર હોય તે કરતાં વધારે ક્રૂર કે કઠોર થઈ તેનો જવાબ વાળતા. સામાન્યપણે મૂક જનતાનાં દુ:ખથી પીગળી જનાર સામાન્ય સદ્ભાવી ક્રાંતિકારી, સરકારી અન્યાય-અત્યાચાર-અને-જુલમથી જ કઠોર અને હિંસક સૈનિક જેવો બની રહેતો.

અલબત્ત, ક્રાંતિકારીઓમાં પણ જુદી જુદી કક્ષાના કે જુદી જુદી ભાવનાથી પ્રેરાયેલા માણસો હોતા. કેટલાક ચાલુ અનિષ્ટોની સામે થવાની કર્તવ્ય-ભાવનાવાળા હોતા, તો કેટલાક સ્વાર્થી મહત્ત્વાકાંક્ષાઓથી પ્રેરાયેલા પણ હોતા. કેટલાક તો કેવળ જોખમનો પ્રેમ, અને પોતાના જીવન સાથે રમત રમવાની પરાક્રમ-ભાવનાથી જ એ લોકોમાં ભળતા. અલબત્ત, એ બધાયમાં સામાન્ય લોકો કરતાં નૈતિકતાનું ધોરણ ઊંચું હોતું. તેઓ આત્મસંયમ, કઠોર તપસ્વી જીવન, સચ્ચાઈ, વફાદારી, નિ:સ્વાર્થતા, તથા આત્મબલિદાનની બાબતમાં ભલભલાને પાછા પાડી દે.

૩

નેખ્લ્યૂદોવને આ કેદીઓમાં કેટલાકનો જે પરિચય થયો, તે ઉપરથી તે એમનો પ્રશંસક જ બનતો ચાલ્યો.

જેમકે, ક્રિલ્ત્સોવ. તે ક્ષયરોગી જુવાનિયાને સાઈબીરિયામાં સખત મજૂરીની સજા થઈ હતી અને તે કાટુશાવાળી ગૅંગ સાથે જ મુસાફરી કરતો હતો. નેખ્લ્યૂદોવે કેટલાય વખત ખાસ પ્રસંગ પાડીને તેનો ઇતિહાસ જાણી લીધો. તેનો બાપ દક્ષિણ રશિયામાં તવંગર જમીનદાર હતો. તે નાનો હતો ને પિતા ગુજરી ગયો. પછી માએ તેને ઉછેરવા માંડ્યો. ભણતરમાં તે બહુ તેજસ્વી હતો અને યુનિવર્સિટીમાંથી તેને

પરદેશ જઈને આગળ અભ્યાસ કરવા સ્કૉલરશિપ પણ મળી. પરંતુ તે પરદેશ જવું કે નહિ તેનો ઝટ નિર્ણય ન કરી શકયો: કંઈક પ્રેમ-પ્રકરણ જેવું પણ ચાલતું હતું, અને તેને ગ્રામ-વહીવટમાં જ ભાગ લેવાનું વિશેષ આકર્ષણ હતું. એ દ્વિધામાં તે હતો તે દરમ્યાન જ યુનિવર્સિટીના તેના કેટલાક સહપાઠીઓ કોઈ લોકસેવાના કામકાજ માટે ફાળો ઉઘરાવવા આવ્યા. તેણે એ કામકાજ શું હતું કે શા માટે હતું તેની કશી પંચાતમાં ઊતર્યા વિના જ, પોતાના સહપાઠી મિત્રોના કહ્યાથી, તથા પોતે ડરે છે એવો ખ્યાલ ઊભો ન થાય તે માટે, પૈસા આપી દીધા. એ ફાળો ઉઘરાવનારાઓ પકડાઈ ગયા અને તેમની પાસેથી ક્લિત્સોવે પૈસા આપ્યાની નોંધ નીકળી, એટલે તેને પણ એ લોકોનો આશ્રયદાતા ગણીને પકડી લેવામાં આવ્યો.

જેલમાં તેને બીજા બે જુવાન કાર્યકરોનો પરિચય થયો — ભીંતના ટકોરાની વાતચીતથી તથા બૂમ પાડીને સંગીત ગાવામાંથી. તે બંનેને પણ એ જ ખટલામાં પકડવામાં આવ્યા હતા. એ બેમાંનો એક તો પંદરેક વર્ષનો દેખાતો અને ખરી રીતે સત્તર વર્ષનો છોકરડો જ હતો. તેઓ બીજી કશી ચળવળમાં ભળેલા ન હતા – માત્ર છોકરાઓની રીતે કશું કામ ચાલતું હોય તેમાં કાગળિયાં લઈ આવવાનું કે વહેંચવાનું કામ કરતા. પરંતુ તેઓને પકડીને રેલવે સ્ટેશને લઈ આવતા હતા તે દરમ્યાન નાસી જવાનો પ્રયત્ન કરવા બદલ તેમના ઉપર કામ ચાલ્યું અને તેમને મોતની સજા કરવામાં આવી. બંને જણ માનતા હતા કે એ સજા તો ખાલી ડરામણું જ છે – બીજાઓ એમ નાસી છૂટવાનો પ્રયત્ન ન કરે તે માટે. કારણકે, તે લોકોએ કશો ગંભીર ગુનો કર્યો જ ન હતો.

ક્લિત્સોવે ઉશ્કેરાઈ જઈને આગળ જણાવ્યું કે, " પરંતુ એક રાતે પહેરેદાર આવીને મને ધીમા અવાજે કહી ગયો કે, સુતારો આવ્યા છે – માંચડો ઊભો કરાય છે અને મૉસ્કોથી ખાસ ફાંસીગરાને બોલાવ્યો છે – ત્યારે અમો સૌમાં સન્નાટો મચી ગયો. અને પછી જ્યારે વહેલી સવારે પેલા બેને

ફાંસી દેવા ખેંચી જવા માંડ્યા અને તે વખતે પેલા છોકરડાએ જે કાળું કલ્પાંત કર્યું છે, તથા છેક ફાંસીને માંચડે ચડાવતા સુધી અને લટકાવતા સુધી તેણે જે તરફડિયાં માર્યાં છે — તેની વાતો પહેરેગીર મારફત સાંભળીને જ હું પાકો-રીઢો ક્રાંતિકારી બની ગયો.

"એટલે જેલમાંથી છૂટ્યા બાદ, હું સીધો એક ત્રાસવાદી મંડળમાં જોડાઈ ગયો. તેઓ એવા સિદ્ધાંતના હતા કે, ચારે બાજુ ત્રાસનું એવું સામ્રાજ્ય ઊભું કરી મૂકવું, જેથી સરકાર આપોઆપ સત્તા છોડી દે. એ કામગીરી અંગે મારે ખૂબ મુસાફરી કરવાની રહેતી અને હું મારા કામકાજમાં બહુ સફળ નીવડતો. છેવટે અમારો એક વિશ્વાસુ માણસ જ ફૂટી ગયો અને મને પકડી લેવામાં આવ્યો. બે વર્ષ સુધી જેલમાં પૂરી રાખ્યા બાદ મારા ઉપર કામ ચલાવવામાં આવ્યું, અને મને મોતની સજા થઈ; પરંતુ પછી એ સજા ઘટાડીને જીવનભર સાઈબીરિયામાં સખત મજૂરીની કરી દીધી છે. હું તે ભોગવવા માટે સાઈબીરિયા જાઉં છું."

જેલ-વાસ દરમ્યાન જ તેને ક્ષયરોગ લાગુ પડયો અને અત્યારની કાઠેર પરિસ્થિતિમાં તે એક-બે મહિનાથી વધુ જીવી શકે તેમ નહોતું. તો પણ તે જરાય પસ્તાવો કરતો નહોતો; ઊલટું એમ કહેતો હતો કે, "મને બીજો જનમ મળે તો તે જનમેય આ બધો જુલમ કરનાર રાજ્યતંત્રને મિટાવવાના કામમાં જ હું લાગી જાઉં."

૩

ક્રાંતિકારીઓ – ૨

૧

આગળની મુસાફરી દરમ્યાન નેખ્લ્યૂદોવને એક આખા અઠવાડિયા સુધી કાટુશાની મુલાકાત લેવાની પરવાનગી જ મળી નહિ. એવા ખબર આવ્યા હતા કે, એક અગત્યનો જેલખાતાનો અધિકારી એ માર્ગે થઈને પસાર થવાનો હતો; એથી બધી બાબતમાં કડકાઈ આવી ગઈ હતી.

પરંતુ પછી ખબર મળ્યા કે, એ અધિકારી તો આ ગૅંગ ઉપર નજર કર્યા વિના જ પસાર થઈ ગયો; એટલે ગૅંગનો અફસર હવે મુલાકાતની પરવાનગી આપશે એવી નેખ્લ્યૂદોવને આશા બંધાઈ.

સાઈબીરિયા જતાં માર્ગમાં નિયત સ્થળે કેટલાક પાકા પડાવો આવતા. અત્યારનો આ પડાવ પણ આજુબાજુ મોટા અણીદાર ભાલાઓની બાંધી દીધેલી વાડવાળો જ હતો. પડાવમાં ત્રણ મકાન હતાં, જેમાંનું એક સળિયા ભરેલી બારીઓવાળું કેદીઓ માટે હતું; બીજું કાફલાના સૈનિકો માટે હતું અને ત્રીજું કચેરી કહેવાતું — અફસર માટેનું હતું.

અફસરની પરવાનગી લઈને નેખ્લ્યૂદોવ પહેરેગીર સાથે કેદીઓના પડાવમાં દાખલ થયો.

અંદર ભારે અવાજો આવતા હતા, તથા ખૂબ દુર્ગંધ વ્યાપી રહેલી હતી. ઓસરીમાં જુદા જુદા કમરાઓનાં બારણાં ઊઘડતાં હતાં. એક કમરો કુટુંબી કેદીઓ માટેનો હતો, બીજો અપરિણીતો માટે, અને છેડે આવેલી બે નાની ઓરડીઓ રાજકીય કેદીઓ માટે હતી.

મકાન દોઢસો કેદીઓની સગવડવાળું જ હતું, પરંતુ અત્યારે તેમાં સાડા ચારસો જણને પૂર્યા હતા; એટલે કમરાની બહાર મળમૂત્રનાં ટબવાળી ઓસરીમાં પણ ટબને લગભગ અડીને કેદીઓ ખડકાયા હતા. એક સ્ત્રી તો ટબની કિનારીએ જ બેઠી હતી, અને બીજો પુરુષ-કેદી બરાડા પાડીને તેને કહેતો હતો કે, 'મોટો ઝાર બાદશાહ પણ મૂતરવાનું રોકવાનું શી રીતે કહી શકે ?'

કેટલાક કેદીઓ ચાનાં વાસણ લઈને હરફર કરતા હતા. તેમાં તારાસ નેખ્લ્યૂદોવને ભટકાઈ ગયો. તારાસના નાક ઉપર અને આંખ નીચે કાળાં ચકામાં પડેલાં હતાં. નેખ્લ્યૂદોવે તેને પૂછયું કે, આ શું થયું? તો નેખ્લ્યૂદોવ સાથેના પહેરેગીરે જ જવાબ આપી દીધો, "રાંડો માટે સાળાઓ લડયા જ કરતા હોય છે." તારાસને થિયોદોસિયા ઉપર આક્રમણ કરનાર કોઈ ગુંડા કેદી સાથે મારામારી થઈ ગઈ હતી. નેખ્લ્યૂદોવ થિયોદોસિયાના ખુશી-સમાચાર તારાસને પૂછીને આગળ ચાલ્યો.

અપરિણીત કેદીઓનો કમરો વટાવીને પેલો પહેરેગીર નેખ્લ્યૂદોવને રાજકીય કેદીઓની ઓરડીઓ તરફ લઈ ચાલ્યો. પછી દૂરથી જ તે સ્થળ બતાવી દઈને, અને ઇન્સ્પેકશન થાય ત્યાં સુધી વાતો કરી શકાશે, એમ કહીને એ પાછો વળી ગયો.

એ ચાલ્યો ગયો કે તરત પાછળથી એક કેદી ખુલ્લા પગે અને પોતાની સાંકળો હાથમાં પકડીને ગુપચુપ નેખ્લ્યૂદોવ પાસે આવ્યો અને કાનમાં ગુસપુસ કરીને કહેવા લાગ્યો: "મહેરબાન, ગમે તેમ કરીને આ જુવાનિયાને બચાવો: તેઓએ દારૂ પિવરાવીને તેને નામ બદલવા તયાર કર્યો છે; અમારાથી તો બોલી શકાય નહિ; કારણ કે, એ ગુંડાઓ અમને મારી જ નાખે!"

વાત એમ બની હતી કે, કાર્માનોવ નામના એક ગુનેગારને ખાણોમાં સખત મજૂરીની સજા થઈ હતી. પણ તેના જેવા ચહેરાવાળા એક જુવાનિયાને સાદી દેશનિકાલની સજા હતી. એટલે તેને સમજાવીને

તેણે પોતાનું નામ બદલી ખાણોમાં જવા તૈયાર કર્યો હતો, અને તેને થયેલી દેશનિકાલની સાદી સજા પોતે બદલી લેવા માગતો હતો. કેદીઓમાં આ ગુસપુસ ક્યારની ચાલ્યા કરતી હતી; પણ કોઈ જો ચાડી ખાવા જાય તો કાર્માનોવ અને તેના મળતિયા તેને મારી જ નાખે.

જે કેદી — માકાર દેવકિન — જાનને જોખમે નેખ્લ્યૂદોવને આ ખબર કહી ગયો, તેનો કિસ્સો પણ વિચિત્ર હતો. તેના બાપ પાસે એક મુસાફરે સ્લેજ-ગાડી ભાડે રાખી. તે મુસાફર ૨૬ માઈલ દૂર એક જગાએ લગ્ન કરવા જતો હતો; અને તેની પાસે મૉસ્કોમાં કમાઈ આણેલા પાંચસો રૂબલ હતા.

માકાર દેવકિનને તેના બાપે સ્લેજ-ગાડી હાંકીને એ મુસાફરને લઈ જવા કહ્યું. માકાર દેવકિનના જણાવ્યા મુજબ, સેતાને આવીને તેની પાસે એક કુહાડો સ્લેજ-ગાડીમાં મુકાવરાવ્યો, અને પછી જ્યારે એકાંત ટેકરી આવી, ત્યારે સેતાને જ તેની પાસે કુહાડો ઉગામાવરાવ્યો. પેલા મુસાફરનો આની હિલચાલ શંકાભરી લાગવાથી તે ચેતી ગયો હતો. તેણે તેનો કુહાડાવાળો હાથ પકડી લીધો અને જમીન ઉપર તેને પટકી પાડીને તેના હાથ બાંધી દીધા. પછી સીધો સ્લેજ-ગાડીને તે પોલીસ-થાણે જ લઈ ગયો. ગ્રામપંચે તથા બીજાઓએ તે સારો — ભલો જુવાનિયો છે એવી ખાતરી આપી, પણ તેને ચાર વર્ષ સખત કેદની સજા થઈ હતી.

૨

રાજકીય કેદીઓ જે બે નાના કમરામાં હતા તે કમરાઓમાં એક ઓસરીમાં થઈને જવાતું હતું અને તે ભાગ પાર્ટિશનથી અલગ પાડી દેવામાં આવ્યો હતો. નેખ્લ્યૂદોવ એ ઓસરીમાં દાખલ થયો કે સિમૉન્સન તેને જોઈ ગયો. તે તરત તેની પાસે આવ્યો અને બોલ્યો, "તમે આવ્યા તે સારું થયું. મારે તમારી સાથે એક વાત કરવાની હતી."

"કહો, શી વાત કરવાની છે?"

"અત્યારે તો હું કામમાં છું; પછીથી હું તમને મળીશ." એટલું કહી તે ચૂલા પાસે પહોંચી ગયો અને ચૂલાની ગરમી કેમ કરીને નકામી ન જાય, તેની પેરવી કરવા લાગ્યો.

નેખ્લ્યૂદોવ પહેલા બારણામાં દાખલ થયો કે તરત માસ્લોવા કચરો વાળતી તેને સામી મળી.

નેખ્લ્યૂદોવને જોતાં જ તે ઝાડુ હાથમાંથી નીચું મૂકી, કપડાં ઠીકઠાક કરી, તેની પાસે આવીને ઊભી રહી. તેના મોં ઉપર આનંદની સુંદર આભા છવાઈ રહી હતી.

"સાફસૂફીનું કામ ચાલે છે, કેમ?" નેખ્લ્યૂદોવે પૂછયું.

"હા, મારું જૂનું કામસ્તો! યાદ છે ને, તમારી ફોઈઓને ત્યાં?" માસ્લોવાએ હસતાં હસતાં કહ્યું. અને પછી સિમૉન્સન તરફ વળીને તેણે પૂછયું, "મફલર સુકાઈ ગયું?"

"હા; લગભગ!" સિમૉન્સને જવાબ આપ્યો.

"તો હમણાં હું લેવા આવું છું, અને સાથે બીજાં ભીનાં કપડાં પણ સુકવવા લાવું છું."

અંદરના કમરામાં ક્રિલ્ત્સોવ બીમાર હાલતમાં ધ્રૂજતો કોકડું વળીને પડેલો હતો. તેનાં કપડાં જ ગરમ કરી લાવવાની વાત સિમૉન્સન સાથે માસ્લોવાને થઈ હતી. વેરા દુખોવા, મૉરી પાવ્લોવ્ના, તથા બીજાં પણ કેટલાંય રાજદ્વારી કેદીઓ અંદર હતાં.

એટલામાં બે માણસો ચા માટે ગરમ પાણી તથા નાસ્તાનો સામાન લઈને અંદર આવ્યા.

રાન્ત્સેવા નામની એક જુવાન ભલી બાઈ બધા રાજકીય કેદીઓની ઘર-કારભારણ બની રહી હતી. તેણે તરત ચા બનાવવાનું કામ પોતાના હાથમાં લઈ લીધું.

પેલા બે જણમાં એક નાબાતોવ હતો. તે એક ખેડૂત હતો. ભણવામાં હોશિયાર હોઈ, સુવર્ણચંદ્રક જીતી લાવ્યો હતો. પણ પછી યુનિવર્સિટીમાં જોડાવાને બદલે પોતાના બીજા અજ્ઞાન ખેડૂત-બંધુઓમાં

જ્ઞાન-પ્રચાર કરવાના કામે લાગ્યો હતો. તેણે ખેડૂતોના લાભાર્થે એક સહકારી-મંડળી પણ કાઢી હતી. સરકાર તેની આ પ્રવૃત્તિથી તરત ચોંકી ઊઠી. ખેડૂતોમાં જ્ઞાન-પ્રચાર કરવો અને તેમને સંગઠિત કરવા, એ તો રાજદ્રોહ જ કહેવાયને?

આઠ મહિના કામ ચલાવ્યા વિના તેને પૂરી રાખ્યા બાદ તેને છૂટો કરવામાં આવ્યો, પણ પોલીસ તેની ભાળ રાખ્યા જ કરતી. તે છૂટો થઈને બીજા ગામડામાં ગયો અને ત્યાં પણ તેણે એ જ કામ આરંભ્યું. એટલે તેને ફરીથી પકડીને ચૌદ મહિના જેલમાં પૂરી રાખ્યો. ત્યાં રહ્યો રહ્યો તે વિચાર કરતો થયો અને ચાલુ તંત્રનો ટીકાકાર બની રહ્યો.

પછી તો એક-બે વખત તે દેશનિકાલ થયો, અને ત્યાંથી નાસી છૂટવાના પ્રયત્ન બદલ છેવટે તેને હવે દૂર યાકુટ્સ્કમાં દેશનિકાલ કરવામાં આવ્યો હતો.

આ બધું થવા છતાં તે હતાશ કે ક્રોધી બની ગયો ન હતો; અને પોતાના લોકોનું એટલે ખેડૂતોનું ભલું શી રીતે થાય એનો જ વિચાર કર્યા કરતો. તેની અને આ કાફલામાં આવેલા નોવોડ્વોરોવ જેવા બીજા સિદ્ધાંતી ક્રાંતિકારીઓ વચ્ચે મતભેદ એ બાબતમાં હતો કે, ગ્રામ-જનતાના ચાલુ જીવનમાં તે બીજો કશો ફેરફાર કરવા માગતો ન હતો – તેમને વધુ જમીન મળે અને તેમનું શોષણ બંધ થાય, અને તે અર્થે તેમનામાં જ્ઞાનનો પ્રચાર થાય, એ જ તેનું લક્ષ હતું.

ધર્મની બાબતમાં પણ, બીજા કટ્ટર ક્રાંતિકારીઓ તો ઈશ્વરનો ઇનકાર કરતા હતા તથા સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવવા માટે ડાર્વિનવાદની રજૂઆત કરતા હતા; ત્યારે આ તો તેવા કશા ઝઘડામાં પડયા વિના, જીવનમાં માણસો મૈત્રીભાવથી તથા પ્રમાણિકતાથી જીવે, ઈશ્વરથી ડરીને જીવે, અને એમ કરીને સૌ સુખી થાય, – એટલી વાતની જ પંચાત કરતો

તેની સાથે ચાની વસ્તુઓ લઈને આવેલો બીજો સાથી માર્કેલ કોન્દ્રાત્યેવ એનાથી જુદી જ જાતનો – કારખાનાના મજૂર વર્ગનો માણસ

હતો. કારખાનદારના મબલક પૈસા, અને પોતાને ચાલુ રહેતી તંગી – એ જોઈને ચાલુ સ્થિતિ સામે તેને અસંતોષ ઊભો થયો હતો; એટલે એક ક્રાંતિકારી યુવતી તેમના કારખાનામાં મજૂર તરીકે જોડાઈને ક્રાંતિના વિચારોના પ્રચાર કરવા લાગી, ત્યારે તે તેમાં હોંસે હોંસે ભળ્યો. ચાલુ સ્થિતિમાંથી નીકળવાના ઉપાયો ક્રાંતિકારીઓ બતાવતા હતા તે એને ગળે ઊતરી ગયા. અન્યાય – અત્યાચારમાંથી મુક્ત થવાની શકયતા તેને જેમ જેમ સ્પષ્ટ થતી ગઈ, તેમ તેમ વર્તમાન સ્થિતિનો અન્યાય તેને વધુ ને વધુ કઠવા લાગ્યો, અને તે મુક્તિ માટે તીવ્ર ઇચ્છાવાળો બન્યો. એટલું જ નહિ પણ આ ક્રૂર અન્યાય જેઓ ચલાવી રહ્યા હતા અને ટકાવી રહ્યા હતા, તેમને સજા કરવા પણ તે એટલો જ ઉત્કંઠ બની રહ્યો.

થોડા વખતમાં પેલી ક્રાંતિકારી બાઈ પકડાઈ ગઈ અને તેની સાથે કોન્દ્રાત્યેવ પણ. તેને વોલોગ્દા દેશનિકાલ કરવામાં આવ્યો. ત્યાં તેનો ભેટો પ્રખ્યાત ક્રાંતિકારી નોવોદ્વોરોવ સાથે થયો, અને તેની દેખ-રેખ હેઠળ તેણે ક્રાંતિકારી સાહિત્યનો ખૂબ અભ્યાસ કર્યો. તેની દેશનિકાલની સજા પૂરી થઈ એટલે તે એક કારખાનાની મોટી હડતાળનો આગેવાન થયો. આખું કારખાનું સળગાવી મૂકવામાં આવ્યું અને તેના ડિરેકટરનું ખૂન થયું. કોન્દ્રાત્યેવને ફરીથી પકડવામાં આવ્યો અને હવે સાઈબીરિયા દેશનિકાલ કરવામાં આવ્યો હતો.

૩

બધાં ચા વગેરેનું પરવારી જાય એટલે પછી કાટુશા સાથે ખાનગીમાં વાતચીત કરવા માટે નેખ્લ્યૂદોવ ક્રિલ્ત્સોવ પાસે જ બેઠો. માકારે કહેલી વાત નેખ્લ્યૂદોવે ક્રિલ્ત્સોવને કહી સંભળાવી. ક્રિલ્ત્સોવ એ સાંભળી બહુ પ્રભાવિત થયો અને બોલી ઊઠયો, " મને ઘણી વાર વિચાર ? ?? કે, આ સામાન્ય કેદીઓની સાથે સાથે જ આપણે મુસાફરી ? ?એ, તથા તે લોકોના ઉદ્ધારના હેતુથી જ આપણે પણ કેદીઓ ?ન્યાય ?એ; છતાં આપણે તે બધાને કયાં ઓળખીએ છીએ કે ઓળખ?

ઇચ્છા પણ કરીએ છીએ? તેઓ તો આપણને ધિક્કારે છે અને પોતાના દુશ્મન ગણે છે. એ કેવી ભયંકર વસ્તુ છે?"

"એમાં ભયંકર વાત શું છે? એ બધું આમ-લોકોનું ટોળું સત્તાને જ પૂજે છે અને ઓળખે છે. અત્યારે સરકાર પાસે સત્તા છે એટલે તેઓ એને નમે છે; આપણી પાસે કાલે ઊઠીને સત્તા આવશે એટલે તેઓ આપણને પૂજતા અને નમતા આવશે." ત્યાં બેઠેલા નોવોદ્વોરોવે કહ્યું.

એટલામાં ભીંત પાછળથી ધમાધમ અને મારકૂટના તથા બૂમ-બરાડાના અવાજ આવવા લાગ્યા. નોવોદ્વોરોવ તરત બોલી ઊઠયો, "જુઓને, એ ઢોર જેવા લોકો સાથે કેવી રીતે કશો વ્યવહાર રાખી શકાય?"

"વાહ, એમને ઢોર કહો છો? તેઓમાંનો જ માકાર પોતાના એક સાથીને બચાવવા જાનનું જોખમ ઉઠાવી રહ્યો છે – એ ઉદાત્ત લાગણી ન કહેવાય?"

"અરે એ લોકોને એવી કશી ઉદાત્ત લાગણીઓ હોય છે, એમ માનવાની શી જરૂર છે? એને પેલા ગુનેગાર સામે કંઈ વેર હશે, એટલે એને તે પકડાવી દેવા માગતો હશે!"

"તમે બીજા કોઈમાં કશું સારું જ જોઈ શકતા નથી!" મૅરી પાવ્લોવ્ના ગુસ્સે થઈને તડૂકી ઊઠી.

"પણ જ્યાં કશું સારાપણું ન હોય, ત્યાં જોવું કેમ કરીને?" નોવોદ્વોરોવે સામો જવાબ વાળ્યો.

"લો, જાનનું જોખમ ઉઠાવવા તત્પર થનારમાં કશું સારાપણું જ નથી, એમ માનવું?"

"હા, હા; જુઓ, આપણે કાંઈ પણ કાર્ય સિદ્ધ કરવું હોય, તો ...ાને રવાડે ચડી જવા કરતાં, હકીકત તરફ જ નજર રાખવી. ...ણે આ લોકોનું કાંઈ ભલું જરૂર કરવું છે; પણ તેઓ આપણા કાર્યના ...ન હોય; કાર્યમાં આપણા સાથીદાર નહીં. જ્યાં સુધી તે જડતાની

અવસ્થામાં છે ત્યાં સુધી આપણે જ તેમનું હિત વિચારી તેમને દોર વણી આપવાની છે. અને કોઈ કોઈ વાર તો તેઓ આપણો વિરોધ કરે, તો તેમને મારી ઠોકીને સીધે રસ્તે લાવવાના છે. એમ ને એમ તો જડ જેવા તેઓ હાલવાનો પણ પ્રયત્ન કરે તેવા નથી."

ક્રિલ્ત્સોવ એકદમ સળગી ઊઠયો. "વાહ, એમના ઉદ્ધારનું નામ લઈને આ ખરી તાનાશાહી એમના ઉપર ચલાવવાની!"

"તેમાં તાનાશાહી કયાં આવી? આ જડ લોકો બધા વિકસીને માનવોચિત આચાર-વિચારવાળા થાય, ત્યાં સુધી તેમને તેઓ જેવા છે તેવા જ ગણવા, અને તેમને માટે વિકાસના માર્ગ યોજવા, એ જ યોગ્ય કહેવાય."

"પરંતુ તમે એમને માટે વિકાસનો માર્ગ યોજનાર કોણ? અને તમે વિકસિત છો કે એ લોકો વિકસિત છે, એ કોણ નક્કી કરવાનું? આ તો લોકોનું ભલું કરવા નીકળનારા ફ્રેંચ ક્રાંતિવાદીઓ જેવું જ થયું. તેઓએ રાજાઓ કરતાં ઓછું લોહી નહોતું રેડયું!"

મૅરી પાવ્લોવ્ના તરત બોલી ઊઠી, "આ લોકો આમ જ તકરારો કર્યા કરવાના."

"પણ તમે પોતે આ બાબતમાં શું માનો છો, તે તો કહો." નેખ્લ્યૂદોવે તેને પૂછયું.

"મને ક્રિલ્ત્સોવનું કહેવું સાચું લાગે છે કે, કોઈનો ઉદ્ધાર કરવા અર્થે પણ આપણે આપણા વિચારો તેના ઉપર જોરજુલમથી ઠોકી બેસાડવા ન જોઈએ."

"અને તું કાટુશા શું કહે છે?" નેખ્લ્યૂદોવે હસીને પૂછયું.

"મને તો એમ લાગે છે કે સામાન્ય લોકજનને બધા અન્યાય જ કરે છે."

"ખરી વાત છે," નાબાતોવ બોલી ઊઠ્યો; "સામાન્ય માણસો ઉપર જુલમ જ થયા કરે છે; તેમના ઉપર કોઈનો પણ જરા જેટલો જુલમ હવે ન થાય — એ જોવું તે જ આપણું મુખ્ય કર્તવ્ય હોવું ઘટે."

"વાહ, ક્રાંતિ વિષે તમો બધાના વિચારો અદ્ભુત છે — કહેવું પડે!" નોવોડ્વોરોવ કટાક્ષમાં ગણગણ્યો; અને એક બાજુ જઈ, ચૂપચાપ બીડી સળગાવી ધુમાડા કાઢવા લાગ્યો.

૪

આ અને તે!

૧

સિમોન્સન નોવોદ્વોરોવથી ઊલટી જ જાતનો માણસ હતો. સિમોન્સન પુરુષ-છાપ પ્રકૃતિનો હતો — તેનાં બધાં કાર્યો તેની બુદ્ધિ વડે જ પ્રેરાતાં હતાં અને નિયત થતાં હતાં; ત્યારે નોવોદ્વોરોવ સ્ત્રી-છાપ માણસ હતો — તેની બુદ્ધિ તેની લાગણીએ પ્રવર્તાવેલાં કાર્યો સિદ્ધ કરવામાં તથા તેમનું સમર્થન કરવામાં જ કામ આવતી.

નોવોદ્વોરોવની બધી ક્રાંતિ-પ્રવૃત્તિ માત્ર મહત્ત્વાકાંક્ષા અને સર્વ-સત્તાધીશ બનવાની ઇચ્છા ઉપર જ ખડી થયેલી હતી. શંકા અને સંશય ઊભા કરનાર નૈતિક અને લલિત ગુણોથી રહિત હોવાને કારણે, ક્રાંતિકારી જગતમાં તે તરત જ પાર્ટીના આગેવાન તરીકેનું સ્થાન મેળવી શક્યો. પોતે કદી ભૂલ કરી શકે જ નહિ એવી ખાતરીવાળો માણસ જ ઝટ નેતા બની શકે.

શાળા દરમ્યાન કોઈ પણ બાબત ઉપર સ્પષ્ટ નિયત અભિપ્રાય [illegible] કરનારા કાચી બુદ્ધિના વિદ્યાર્થીને શાબાશી મળતી હોવાથી, નોવો-[illegible] પોતાના અવિચારી આત્મપ્રત્યયને કારણે જ ભણતી વખતે બહુ [illegible] હતો અને સૌનો આગેવાન ગણાતો હતો. અભ્યાસ પૂરો કર્યા પછી [illegible] સર્વોચ્ચતા કાયમ રાખવા માટે જ એકાંગી અભિપ્રાય-[illegible] ક્રાંતિકારી પક્ષમાં તે ભળ્યો. ત્યાં તેના દૃષ્ટિબિંદુના એકાંગીપણાને [illegible] પણાને ખૂબ પ્રોત્સાહન મળ્યું. પ્રત્યક્ષ જીવનમાં તો ઠેરઠેર [illegible] અને સંગતિ સાધીને ચાલવું પડે છે; ત્યારે સિદ્ધાંત-

વાદોમાં ફાવે તેવું એકાંગીપણું ચાલી શકે છે. સામાની સાથે જરાય સમાધાન સાધ્યા વિના કામ કરવું હોય, તો સર્વસત્તાધીશ — તાનાશાહની રીતિ જ અપનાવવી પડે.

તે પોતાની પ્રવૃત્તિ જુવાનોમાં ચલાવતો હોઈ, તેઓ તેના અમર્યાદ આત્મપ્રત્યયને ઊંડાણ અને ડહાપણ માની લેવાની ભૂલ કરી બેસતા.

તેની આખી યોજના એવું બંડ ઊભું કરવાની હતી, જેથી બધી સત્તા તેના હાથમાં જ આવી રહે. પછી પોતાના અનુયાયીઓમાંથી કાઉંસિલ ચૂંટી કાઢી, તેની મારફતે પોતે યોજેલો એક કાર્યક્રમ અમલમાં મૂકવાની તેની મુરાદ હતી – જેથી દુનિયાના બધા વિકટ પ્રશ્નો એક-સામટા સાફ થઈ જાય!

તેના સાથીદારો તેનો આદર કરતા,– ભક્તિ નહિ. તેનું ચાલે તો તે પોતાના અનુયાયીઓમાંથી સર્વ પ્રકારની બુદ્ધિશક્તિ તોડી કાઢે – નાબૂદ કરી દે; જેથી પોતાની આગવી બુદ્ધિ લડાવી કોઈ તેની વાતમાં વાંધાવચકો ન નાખે. જેઓ તેની આગળ નમતા રહે, તેમની સાથે જ તે સારી રીતે વર્તતો; બાકીનાઓ સાથે બહુ જ તોછડાઈ કે અતડાપણું દાખવતો.

સ્ત્રીઓને તે સિદ્ધાંતથી મૂર્ખ અને તુચ્છ માનતો; માત્ર જેઓ-ની સાથે પોતે પ્રેમમાં પડ્યો હોય, તેવીઓને જ તે અપવાદરૂપ ગણતો. પરંતુ તે અપવાદરૂપ સ્ત્રીઓની ગુણવત્તા શોધી આપવાનું શ્રેય પોતાને જ અર્પતો.

તેની એક પરિણીત પત્ની હતી; અને એક નામની પત્ની હતી. પોતાની પત્ની પ્રત્યે તેને પ્રેમ રહ્યો ન હોવાથી, તે પોતાને તેનાથી છૂટો થયેલો ગણતો; અને હવે તો પ્રેમપાત્ર સાથે મુક્ત-સહચાર રાખવામાં જ તે માનતો થયો હતો. એટલે નેખ્લ્યૂદોવ માસ્લોવા પ્રત્યે જે લાગણી બતાવતો, તેને તે મૂર્ખાઈ ગણતો. તેમ જ નેખ્લ્યૂદોવ સમાજનાં ચાલુ

અનિષ્ટોને દૂર કરવાના જે માર્ગો વિચારતો, તેમને પણ તે 'મૂર્ખના તરંગો' કહેતો.

૨

કેદીઓનું ઇન્સ્પેકશન – ગણતરી થઈ રહ્યાં એટલે સારજંટે નેખ્લ્યૂદોવને કહ્યું, "પ્રિન્સ, હવે તમે અંદર નહિ રહી શકો."

નેખ્લ્યૂદોવ એ વાકયનો અર્થ સમજતો હતો; તેણે દૂર જઈ, તેના હાથમાં ત્રણ રૂબલની નોટ પકડાવી દીધી.

"વાહ, પ્રિન્સ, તમને શું કહીએ? ભલે, ભલે તમે થોડું હજુ રોકાજો." સારજંટ બોલ્યો.

સિમૉન્સન અત્યાર સુધી માથા નીચે બંને પંજા રાખી આડો પડેલો હતો, તે હવે ઊભો થયો અને નેખ્લ્યૂદોવ પાસે આવીને બોલ્યો, "તમે હવે મને થોડો સમય આપી શકશો?"

"જરૂર;" નેખ્લ્યૂદોવ બોલ્યો. અને બંને જણ થોડા દૂર ગયા.

કાટુશા નવાઈ પામી તેમની પાછળ જોઈ રહી.

સિમૉન્સને ઓસરીમાં થોડે દૂર આવીને કહ્યું, "મારે તમને એક વાત કરવી છે; તમારો કાટુશા માસ્લોવા સાથેનો સંબંધ હું જાણું છું, છતાં તેની સાથેના મારા સંબંધની વાત હવે તમને કરવી જોઈએ, એમ મને લાગે છે: મેં તેની સાથે પરણવાનું નક્કી કર્યું છે."

મૉરી પાવ્લોવ્ના પાસે જ હતી; તે બોલી ઊઠી, "વાહ! કેવી વિચિત્ર વાત છે?"

"પણ મારે એમાં શું કહેવાનું હોય? એ તો એની પોતાની મરજીની વાત છે," નેખ્લ્યૂદોવે કહ્યું.

"હા, પરંતુ તમારી પરવાનગી મળ્યા વિના તે કશા નિર્ણય પર આવવા માગતી નથી."

"એમ શા માટે?"

"કારણકે, તમારા તેની સાથેના સંબંધો હજુ અનિશ્ચિત છે; [illegible] કશા નિર્ણય કરી શકતી નથી."

"મારી વાત તો નિશ્ચિત છે: હું તેના પ્રત્યે મારું કર્તવ્ય સમજીને જે કરવું જોઈએ તે કરું છું; તેનું કમનસીબ હળવું કરવાની જ મારી દાનત છે. એ સિવાય તેના ઉપર હું કોઈ જાતનું નિયંત્રણ મૂકવા માગતો નથી."

"હા, પરંતુ તમે જે કંઈ આત્મબલિદાન આપવા માગો છો, તે સ્વીકારવા તે ઇચ્છતી નથી; અને હું જાણું છું, ત્યાં સુધી તેનો આ નિર્ણય આખરી છે."

"બસ, તો પછી મારી સાથે શી વાત કરવાની રહે છે?"

"પણ તમેય એ વસ્તુ કબૂલ રાખો એવું તે ઇચ્છે છે."

"પણ જેને મારું કર્તવ્ય ગણું છું, તે ન કરવું એવી વાત હું કબૂલ શી રીતે રાખી શકું? હું તો એટલું જ કહેવા માગું છું કે, હું મારી જાતને બંધનમાં માનું છું; તે પોતે તો સ્વતંત્ર છે."

થોડી વાર વિચાર કરીને પછી સિમોન્સન બોલ્યો – "ઠીક, હું તેને એ વાત કરીશ, પરંતુ હું તેના પ્રેમમાં છું એમ ન માનતા. હું તેને એક ભલા-સારા માનવપ્રાણી તરીકે ચાહું છું, – જેને જીવનમાં ઘણું સહન કરવું પડયું છે. મારે તેની પાસેથી કંઈ જોઈતું નથી – તેનો અસહ્ય બોજ હળવો કરવાની જ મારામાં ઉત્કટ ઇચ્છા છે. એ બાબતમાં એ તમારી મદદ સ્વીકારવાનું ઇચ્છતી નથી, તો ભલે મારી મદદ સ્વીકારે. જો તે કબૂલ કરે, તો તેને જયાં કેદ ભોગવવાની હશે, ત્યાં હું પણ સાથે જવાની માગણી કરીશ. ચાર વર્ષ એ કંઈ લાંબો સમય નથી. હું તેની પાસે રહીશ અને તેના જીવનની મુશ્કેલીઓને કંઈક હળવી કરવા પ્રયત્ન કરીશ."

"વાહ, મારે એમાં શું કહેવાનું હોય? તેને તમારા જેવો સંરક્ષક મળ્યો એથી હું સાચે જ રાજી થયો છું."

"મારે એટલું જ જાણવું હતું. તેને ચાહતા આવ્યા હોવા છતાં, તથા તે સુખી થાય એવું ઇચ્છતા હોવા છતાં, તે મારી સાથે લગ્ન કરે એ વસ્તુ તમે સ્વીકારી શકો કે કેમ?"

"ચોક્કસ; હું સ્વીકારું છું."

"હવે પછીનું તો તેના પોતાના ઉપર આધાર રાખે છે. એ દુ:ખી આત્મા કંઈક નિરાંત પ્રાપ્ત કરે, એટલી જ મારી ઇચ્છા છે." સિમૉન્સન ગળગળો થઈ જઈને તથા બાળકની નાજુકાઈથી બોલ્યો. એના જેવા ગમગીન દેખાવના ગંભીર માણસના કંઠમાંથી એવો અવાજ નીકળે, એમ કોઈ માની શકે નહિ.

સિમૉન્સને હવે નેખ્લ્યૂદોવની નજીક જઈ, લજ્જાયુક્ત સ્મિત સાથે તેને ચુંબન કર્યું. અને પછી તે ચાલતો થયો.

૩

સિમૉન્સન ચાલ્યો જતાં જ મૉરી પાવ્લોવ્ના બોલી ઊઠી: "બાપરે! કોણ કહી શકે કે વ્લાદિમિર સિમૉન્સન પ્રેમમાં પડે – અને તે પણ આમ તદ્દન બાલિશતાની અને નાદાનપણાની રીતે!"

"પણ કાટુશાનું આ બાબત પ્રત્યે શું વલણ છે?"

"કાટુશા? જુઓ સાંભળી લો – તેનો ભૂતકાળ ગમે તેવો હશે, પણ તે અંતરથી બહુ સારાસાર-વિચારવાળી બાઈ છે. તે તમને ખૂબ ચાહે છે – પરંતુ સાચી રીતે! અને તેથી, તેની સાથે અટવાઈને તમે તમારું જીવન બગાડો એ તે હરગિજ પસંદ કરતી નથી. તમારી સાથે લગ્ન કરવું એ તેને માટે સૌથી મોટા અધ:પાતની વસ્તુ થાય – કારણ કે, એમાં સાચા પ્રેમી તરીકે તમારું હિત જોવાને બદલે, તેણે પોતાનો સ્વાર્થ અને સુખચેન જ જોયાં હોય. એટલે તે વસ્તુ એ કદી કબૂલ રાખવાની નથી. અને તેથી જ, તમે તેની સાથે જ રહ્યા છો – રહેવા માગો છો, એ વસ્તુ તેને અકળાવી રહી છે."

"તો શું હું અલોપ થઈ જાઉં?"

"હા; અંશત: અલોપ થાઓ તો શું ખોટું છે?" મૉરી પાવ્લોવ્ના પોતાના બાળક જેવા નિર્દોષ મધુર હાસ્ય સાથે બોલી.

"પણ 'અંશત: અલોપ' શી રીતે થઈ શકાય, વારુ?"

"તમે એક વાર એને મળીને જ બધી ચોખવટ કરી લો તો કેમ ? તેને અહીં બોલાવું ?"

"ભલે."

મૅરી કાટુશાને બોલાવી લાવવા ચાલી ગઈ.

નેખ્લ્યૂદોવના અંતરમાં ભારે ઘમસાણ મચી રહ્યું. અત્યાર સુધી પોતે જે સ્વાર્થત્યાગ અને બલિદાન-ભાવના દાખવી રહ્યો હતો, તે અજોડ હતી, એમ તે માનતો આવ્યો હતો. પણ હવે સિમોન્સન તેના કરતાં પણ કાટુશા પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમભાવ દાખવીને તેને પાછળ પાડી રહ્યો હતો. ઉપરાંત કાટુશાના પ્રેમને તે અત્યાર સુધી પોતાની જ ચીજ માનતો આવ્યો હોઈ, તે બીજાને ચાહે એ વસ્તુ પણ તેને પૂરેપૂરી ખટકતી હતી.

અત્યાર સુધી તો કાટુશા કેદની સજા ભોગવે, ત્યાં સુધી તેની નજીક રહેવાની જ યોજના તેણે ઘડી હતી; પરંતુ હવે જો તે સિમોન્સ-નને પરણે, તો પછી પોતાનું ત્યાં રહેવું બિનજરૂરી બની જાય. તો પછી આગળ પોતે શું કરવું, તેની કશી જ કલ્પના તેની પાસે ન હતી.

એટલામાં કાટુશાનાં ચિરપરિચિત પગલાં સંભળાયાં. તેણે અંદર આવીને કહ્યું, "મને મૅરી પાવ્લોવ્નાએ મોકલી છે."

"હા, મારે તારી સાથે થોડીક વાત કરી લેવાની છે. વ્લાદિમિર સિમોન્સન હમણાં જ મને વાત કરી ગયા."

તરત જ કાટુશાના મોં ઉપર લજ્જાની લાલિમા છવાઈ રહી.

"તેમણે શું કહ્યું ?"

"તે તારી સાથે લગ્ન કરવા માગે છે."

કાટુશાનો ચહેરો અવર્ણનીય વેદનાથી એકદમ ઘેરો બની ગયો. તેણે પોતાની આંખો નીચી નમાવી દીધી.

"તે મારી પરવાનગી અથવા મારી સલાહ માગે છે. મેં તેમને કહ્યું કે, એ બાબત તો કાટુશાની જ સ્વતંત્ર મરજીની વાત કહેવાય – તારે જ એ બાબત જે નક્કી કહેવાનું હોય તે એમને કહી દેવું જોઈએ."

"પણ આ બધું શા માટે? બધું આમ જ કેમ થાય છે?" આટલું વેદનાભર્યા સ્વરે ગણગણીને કાટુશા ચૂપ થઈ ગઈ.

"પણ તારે નક્કી કરવું જોઈએ ને?"

"મારે શું નક્કી કરવાનું બાકી છે? બધું ક્યારનું નક્કી થઈ ગયું છે."

"ના, ના, તારે વ્લાદિમિર સિમૉન્સનની માગણી સ્વીકારવી છે કે નહિ, એ નક્કી કરવું જોઈએ."

"હું તે વળી કેવીક પત્ની બનવાની?– હું સજાવાર કેદી છું. મારે વ્લાદિમિર સિમૉન્સનનું જીવન પણ શા માટે બરબાદ કરવું?"

"પણ તારી સજા રદ થાય અથવા તેમાં ઘટાડો થાય તો?"

"મને મહેરબાની કરીને સતાવો નહિ; મારે વધુ કશું કહેવાનું નથી," એટલું બોલીને ઝટપટ ઊઠીને તે બહાર ચાલી ગઈ.

૫

મુક્તિ !

૧

નેખ્લ્યૂદોવ વિચારમાં પડી પોતાની વીશીએ પાછો આવ્યો. બીજે દિવસે સવારે તે ઊઠયો, ત્યારે તેને મૅરી પાવ્લોવ્નાએ કોઈ સૈનિક મારફત પડાવમાંથી મોકલાવેલી ચિઠ્ઠી મળી.

“ક્રિલ્ત્સોવની તબિયત ધાર્યા કરતાં વધુ ગંભીર બની ગઈ છે. પહેલાં તો તેમને અહીં પાછળ મૂકતા જવાનું ધાર્યું હતું; તથા જરૂર હોત તો અમારામાંથી કોઈ તેમની સાથે રહેત. પણ પરવાનગી નથી મળી. એટલે અત્યારે તો અમે તેમને અમારી સાથે લઈએ છીએ. પણ આ મુસાફરી તેમને ઘાતક જ નીવડશે. એટલે આગળના શહેરમાં તેમને રાખી શકાય તેવી પરવાનગી તમે ગમે તેમ કરીને મેળવજો. જો તેમની સાથે અમારામાંનું કોઈ એમ ને એમ ન રહી શકે તેમ હોય, તો હું તેમની સાથે લગ્ન કરવા તૈયાર છું, જેથી તેમની પત્ની તરીકે પાછળ રહી શકું.”

નેખ્લ્યૂદોવ તરત ઉતાવળે હૉટલનું બિલ વગેરે બધું પતવીને ઘોડાગાડીમાં બેસી, કેદીઓ પાછળ દોડયો. તથા થોડા વખતમાં તેમને વટાવી, આગળના શહેરમાં જઈ પ્રાંતના ગવર્નરને મળવા પહોંચી ગયો.

ગવર્નરે પ્રિન્સ નેખ્લ્યૂદોવનું કાર્ડ વાંચી, તબિયત સારી ન હોવા છતાં, તેને મુલાકાત આપી અને પૂછયું, “તમે આટલા દૂરના પ્રદેશ-માં કયાંથી?”

" હું કેદીઓની એક ગૅંગની સાથે સાથે આવ્યો છું; તેમાં મારી સાથે નિકટ સંબંધવાળી એક સ્ત્રી-કેદી છે. હું તેને અંગે આપને મળવા આવ્યો છું. બીજું પણ એક કામ છે."

ગવર્નર લશ્કરી માણસ હતો; છતાં મૂળે થોડો ઉદાર-મતવાદી હોઈ અંતરથી માનવતાભર્યો હતો. પોતાના હોદ્દા અંગે જે કામો તેને કરવાં પડતાં, તેમનાથી ઊભો થતો ખટકો દૂર કરવા જ તેણે દારૂ પીવાનું શરૂ કર્યું હતું. અને આવા સ્વભાવવાળાઓને પોતાના અંતરાત્માની ટકટક દૂર કરવા એટલી બધી વાર દારૂ પી-પી કરવો પડે છે કે, હવે તો તે દારૂનો રોગી* જ બની ગયો હતો.

નેખ્લ્યૂદોવે તેને જણાવ્યું કે, " એ સ્ત્રી-કેદીને ખોટી રીતે સજા થઈ હોઈ, શહેનશાહને તેની સજા રદ કરવા અરજી કરવામાં આવી છે. અને મને પિટર્સબર્ગમાં કહેવામાં આવ્યું હતું કે, આ મહિનામાં જ અને આ સ્થળે જ એ અરજીનો શો જવાબ આવ્યો તે જણાવવામાં આવશે. તો હું એ વિનંતી કરવા માગું છું કે, તેની અરજીનો જવાબ આવે ત્યાં સુધી તેને અહીંયાં જ રોકી રાખો તો કેમ?"

" હાં, એ એક કામ થયું. હવે બીજું 'કામ' શું છે?"

" એક રાજકીય કેદી આ ગૅંગ સાથે છે. તે ગંભીર હાલતમાં છે – તે લગભગ મરણપથારીએ જ છે. તેને ઘણુંખરું અહીંની હૉસ્પિટલમાં પાછળ રાખવો પડશે. તેની સારવાર માટે બીજી એક રાજકીય સ્ત્રી-કેદીને સાથે રહેવાની પરવાનગી આપવા માટે આપને વિનંતિ કરવાની છે."

" તે એની કશી સગી થાય છે?"

---

* 'આલ્કોહોલિક;' દારૂના વ્યસનથી તો તેની તલપ જ રહ્યા કરે; પણ આગળ વધીને માણસ દારૂનો 'રોગી' બની જાય, ત્યારે તો તેના શરીરમાં – લોહીમાં દારૂનું પ્રમાણ જરાક ઓછું થાય તો શરીર ભાગી જ પડે - મૃત્યુ પણ થાય.

"ના; પરંતુ જો તેને રહેવા દેવાની પરવાનગી મળે, તો તેની સાથે લગ્ન કરવા તૈયાર છે."

"તે સ્ત્રી-કેદીને શી સજા થઈ છે?"

"સખત મજૂરીની."

"પરંતુ લગ્ન કરીને તેની સજા હળવી કરવા જેવું તો ન બની શકે ને?"

"પરંતુ —

"માફ કરો; કોઈ છૂટો માણસ પણ તે સ્ત્રીને પરણે તોય એ સ્ત્રી-કેદીને પોતાની સજા ભોગવવી જ પડે. આવા કિસ્સામાં તો એટલું જ જોવું પડે કે, કોની સજા ભારે છે, પેલાની કે પેલીની?"

"બંનેને સખત કેદની સજા છે."

"તો પછી? પેલો બીમાર છે, એટલે તેને પાછળ રાખવાનું બની શકે; પરંતુ પેલી તેને પરણે તો પણ તેને પાછળ રાખી ન શકાય. તેને તો તેની સખત મજૂરીની સજા ભોગવવા જવું જ પડે. છતાં હું તેમની બાબતમાં વિચાર કરી જોઈશ. મને તેમનાં નામ લખી આપો."

નેખ્લ્યૂદોવે બંનેનાં નામ લખી આપ્યાં. તથા પછી એ મરણ-પથારીએ પડેલા કેદીની મુલાકાત લેવા પોતાને પરવાનગી મળશે કે કેમ તે પૂછ્યું.

"ના; તમારા ઉપર મને અવિશ્વાસ નથી; પરંતુ તમને એનામાં તેમ જ બીજાં કેદીઓમાં રસ છે, અને તમારી પાસે પૈસા છે; અહીં આ મુલકમાં પૈસા વડે માણસ ધારેલું કરી શકે. તમે જ અત્યાર અગાઉ રાજકીય કેદીઓને એમ લાંચ આપીને જ મળતા આવ્યા છો, ખરું ને?"

"હા."

"તમે દયાભાવથી એ કરો છો, એ હું સમજી શકું છું. પણ મારાથી તમને એ જાતની પરવાનગી ન આપી શકાય. હું અહીંયાં

કાયદાનું પાલન કરાવવા માટે નિમાયેલો રાજ્ય-અધિકારી છું – સામાન્ય સરકારી નોકર નથી.”

ત્યાર પછી ગવર્નરે રાજધાનીના બીજા સમાચાર પૂછવા માંડયા. પછી જ્યારે નેખ્લ્યૂદોવ વિદાય માગીને ઊઠવા માંડયો, ત્યારે ગવર્નરે તેને પાંચ વાગ્યે પોતાને ત્યાં ભોજન માટે આવવા નિમંત્રણ આપ્યું. અને પૂછ્યું, “તમે અંગ્રેજી બોલી શકો છો ?”

“હા.”

“તો તો ઘણું સારું; કારણ કે, એક અંગ્રેજ મુસાફર અહીં આવી ચડયો છે. તે વાહનવ્યવસ્થાનો અભ્યાસ કરે છે, તથા સાઈબીરિયાનાં જેલખાનાંનો પણ. તે પણ આજે અમારે ત્યાં જમવા આવવાનો છે. તે વખતે પેલા બીમાર કેદી અને પેલી સ્ત્રી-કેદી વિષેનો જવાબ પણ તમને હું આપીશ. પેલા બીમાર કેદી સાથે બીજા કોઈને પાછળ મૂકવાની વ્યવસ્થા કદાચ કરી શકાશે.”

૨

સેલેનિને લખેલો કાગળ નેખ્લ્યૂદોવને તે જ દિવસે મળ્યો:–

“પ્રિય મિત્ર, આપણે છેવટના મળ્યા ત્યારે માસ્લોવાના કેસ વિષે તમે જે કહ્યું હતું, તેની મારા ઉપર ઘણી અસર થઈ હતી. હું આખો કેસ કાળજીથી ફરી તપાસી ગયો અને મને ખાતરી થઈ કે તેને હડહડતો અન્યાય થયો છે. પીટિશન્સ કમિટી જ તે સુધારી શકે. એટલે ત્યાં જ્યારે કેસ નીકળ્યો ત્યારે હું મદદ કરી શકું એવી ગોઠવણ મેં કરી લીધી. પરિણામે, તેની સજામાં કરાયેલા ઘટાડાની નકલ આ સાથે બીડું છું. મૂળ કાગળ તો સજા થતા પહેલાં તે જે જેલખાનામાં હતી ત્યાં પહોંચાડવામાં આવ્યો હશે, જ્યાંથી તે સાઈબીરિયાની સરકારી કચેરીએ પહોંચશે. તમારું અત્યારનું સરનામું મને તમારાં માસી કાઉન્ટેસ ચાર્સ્કાયા પાસેથી મળતાં, હું આ ખુશી-સમાચાર તમને ઉતાવળે લખી જણાવું છું, અને પ્રેમથી તમારો હાથ દબાવું છું.

— **તમારો સેલેનિન**”

માસ્લોવાની સખત મજૂરીની સજા ઘટાડીને સાઇબીરિયાના નજીકના જિલ્લાઓમાં સાદી દેશનિકાલની જ કરવામાં આવી હતી.

નેખ્લ્યૂદોવ આ સારા સમાચાર તરત કાટુશાને સંભળાવી આવવા જેલખાના તરફ દોડી ગયો; પરંતુ વધારે પડતી – લગભગ બમણી સંખ્યા પૂરવામાં આવેલી હોવાથી, જેલખાનામાં ટાઇફૉઈડની બીમારી ફાટી નીકળી હતી, અને રોજનાં વીસ વીસ મરણ થતાં હતાં. એટલે ઇન્સ્પેક્ટરે નેખ્લ્યૂદોવને અંદર પેસવા દેવાની ના પાડી. તથા ક્રિલ્ત્સોવની તબિયતના કશા સમાચાર પણ કહેવાની ઘસીને ના પાડી.

[illegible] જેલખાનાની સ્થિતિની વાત બહાર જાય તો નાહક નિંદા થાય, એવો તેને ડર હતો.

૩

ગવર્નરને ત્યાં ભોજનસમારંભમાં ઘણા દિવસોથી ન મળેલી સગવડ અને ખાનપાન મળવાથી નેખ્લ્યૂદોવ ઘણો રાજી થયો; તથા પોતે પણ આ રીતે કુટુંબી બની, સુખી માનવ જીવન ગુજારવાનો અધિકારી છે, એ વાત યાદ કરવા લાગ્યો.

ભોજનસમારંભમાં, ગવર્નરના કુટુંબનાં માણસો ઉપરાંત પેલો અંગ્રેજ મુસાફર હતો, જે સાઇબીરિયામાં સોનાની ખાણોની શોધમાં આવ્યો હતો; તથા ઉદ્દારમતવાદી હોઈ, દાનધર્મનાં કામોમાં સારી પેઠે ખર્ચ કરતો હતો.

તેણે સાઇબીરિયા જતાં વચ્ચેના પડાવ તરીકેનું અહીંનું કેદખાનું જોવા મરજી બતાવી, એટલે જનરલે તેને માટે તથા નેખ્લ્યૂદોવ માટે પણ પાસ કાઢી આપ્યા.

સાંજના વખતે બંને જણ જ્યારે પાસ લઈને જેલખાને જઈ પહોંચ્યા, ત્યારે ઇન્સ્પેકટરે તેમના પાસ જોઈ લઈને તેમને અંદર ઑફિસે લીધા. નેખ્લ્યૂદોવે માસ્લોવાને તરત જ મળવા ઇચ્છા દર્શાવી, એટલે ઇન્સ્પેકટરે તેને અંદરથી તેડી લાવવા માણસ મોકલ્યું અને પોતે પેલા

અંગ્રેજ મુસાફરના સંપ્રોના જવાબો આપવા બેઠો. નેખ્લ્યૂદોવે દુભાષિયા તરીકે કામ કરવા ર્યું.

અંગ્રેજે, પ્રથમ તો, કેદખાનું ાં માણસને રાખવાને માટે બનાવેલું છે એ પૂછ્યું. અને અત્યારે તેમ ટલાં માણસ પૂરેલાં છે તે અને તેમાંય કેટલા પુરુષો છે, કેટલી સ્ત્રીઓ, કેટલાં બાળકો છે, ઈ૦ પૂછ્યું. તે બધાંમાંથી કેટલાં ખાણોમાં સ મજૂરીની સજાવાળાં છે, કેટલાં માત્ર દેશનિકાલની સજાવાળાં છે, અને . માંદાં છે, ઈ૦ વિગતો પૂછી.

કાટુશા આવતાં નેખ્લ્યૂદોવ દુભાષિયાનું કામ કરવાનું મકી તેની સાથે વાત કરવા ગયો.

"તારી સજામાં ઘટાડો થયો છે; એટલે ઑર્ડરની મૂળ ન આવતાં જ તને કેદમાંથી છૂટી કરશે. પછી તારે સાઈબીરિયાના ક્યા ભાગમાં રહેવું છે તે નક્કી કરવાનું થશે—"

"મારે કશું નક્કી કરવું નથી; જ્યાં વ્લાદિમિર સિમૉન્સન જશે ત્યાં હું જઈશ."

"ખરે જ?"

"જુઓ દ્મિટ્રી ઈવાનિચ, હું તેમની પાસે રહું તેમ એ ઈચ્છે છે; અને મને એથી વિશેષ કશાની ઈચ્છા નથી. એ જ મારે મન મોટું સુખ છે; એથી વિશેષ કશાની ઈચ્છા મારે રાખવી પણ ન જોઈએ."

"તું ખરેખર એમને ચાહે છે?"

"ચાહવા કે ન ચાહવાનો આ સવાલ જ નથી; એ બધું તો હવે મેં ક્યારનું છોડી દીધું છે. હું તો એટલું જાણું કે, વ્લાદિમિર સિમૉન્સન બહુ સારા માણસ છે."

"ખરી વાત છે, એ ઘણા સારા માણસ છે; પણ મને લાગે છે—"

"ના, ના, ડ્મિટ્રી ઈવાનિચ, તમે ાગળ કશું ન બોલશો. તમે ઇચ્છો છો તેમ હું નથી કરી શકું; તે માટે તમે મને ક્ષમા કરો." પછી નેખ્લ્યૂદોવ સામે ઊંડી નજર કરી લઈને, તેણે ઉમેર્યું, "તમારે પણ ઉચિ જીવન જીવવું જોઈએ."

"મને આ પરિ ની આશા ન હતી."

"પણ તમા હીં શા માટે પડયા રહેવું જોઈએ કે આવાં દુ:ખ-કષ્ટ ઉઠા જોઈએ? તમે અત્યાર સુધી ઘણું ઘણું સહન કર્યું છે."

"ના, ના; મેં કશું વેઠયું નથી. મારે માટે એ વસ્તુ જ હતી; અને હજુ પણ શકય હોય તો તારી સેવા ઉઠાવવાનું ચાલુ રાખીશ."

"ના; અમારે હવે કશાની જરૂર નથી; તમે મારે માટે જેટલું કર્યું છે એટલું બહુ છે. તમે જો ન હોત તો....." પણ ગળું રૂંધાઈ જતાં તેનાથી આગળ ન બોલી શકાયું.

"ના, ના; તું તો જાણે છે કે, એ માટે મારો કશો આભાર માનવાપણું તારે નથી."

"એવા હિસાબો ગણવાના હોય નહિ; ડ્મિટ્રી ઈવાનિચ; ઈશ્વર જ સૌનો હિસાબ લઈ શકે. તમે મનમાં એ જાતની ચિંતા કરી કરીને દુ:ખી ન થશો, એટલું હું છેવટના તમારી પાસે માગી લઉં છું." અને એટલું બોલતાંમાં તો તેની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તે આંસુ લૂછવાનો પ્રયત્ન કરવાનું પણ તેને ભાન રહ્યું ન હતું.

"તું કેવી ભલી સ્ત્રી છે! મને માફ કરવા બદલ તારો આભાર માનું છું."

"હું સારી બાઈ છું?" એ બોલવા જતાં રડતાં રડતાં પણ તે કરુણાજનક રીતે સહેજ હસી ઊઠી.

"ચાલો ત્યારે આપણે જેલખાનામાં ઊપડીશું?" અંગ્રેજ મુસાફરે પૂછયું.

‘ હા, હા; ચાલો હું તૈયાર છું,” એમ કરી નેખ્લ્યૂદોવે ઉતાવળે ક્રિલ્ત્સોવની તબિયતના સમાચાર પૂછયા.

કાટુશાએ તરત ડૂસકાં દબાવી પોતે જાણતી હતી તેટલા સમાચાર આપી દીધા — ક્રિલ્ત્સોવ બહુજ નબળા પડી ગયા છે; તેમને અશક્ત માણસોના વૉર્ડમાં મોકલી દીધા છે. મૅરી પાવ્લોવ્નાએ એ વૉર્ડમાં નર્સ તરીકે દાખલ થવા પરવાનગી માગી, પણ તે આપવામાં ના આવી.

પેલા અંગ્રેજને હવે ઉત્સુકતાપૂર્વક રાહ જોઈને ઊભેલો જોઈ, માસ્લોવાએ પૂછયું, “ હું જાઉં ત્યારે ? ”

“ હું આખરી વિદાય તો નથી આપતો; કારણ કે, આમની સાથે હું અંદર હજુ એક વાર આવવાનો જ છું. ” નેખ્લ્યૂદોવે પોતાનો હાથ આગળ ધરીને કહ્યું,

ફરીથી હૃદયાફાટ રડતાં રડતાં તે બોલી, “ મને ક્ષમા કરવા પ્રયત્ન કરજો ! ”

કાટુશા ખરેખર નેખ્લ્યૂદોવને અંતરથી ચાહતી હતી; અને પોતાની સાથે નેખ્લ્યૂદોવ જો જીવન જોડે, તો તેનું જીવન નાહક બરબાદ થાય, એમ માનીને જ તેણે સિમૉન્સન સાથે જવાનું નક્કી કર્યું હતું; — જેથી નેખ્લ્યૂદોવ પોતાના બંધનમાંથી મુક્ત થાય.

છતાં એમ ખરેખર જ્યારે કરવાનું આવ્યું, ત્યારે તે અબળાનું હૃદય ભાગી પડયું. તેણે નેખ્લ્યૂદોવે ધરેલો હાથ જરા દબાવ્યો, અને પછી તેની સામે એવી દયામણી નજરે જોયું —

અને પછી ઝટપટ પાછી ફરીને ઓરડામાંથી તે બહાર નીકળી ગઈ.

૬

મનોમંથન

ઈન્સ્પેકટર સાથે નેખ્લ્યૂદોવ અને પેલો અંગ્રેજ મુસાફર પહેલા વૉર્ડમાં દાખલ થયા. ત્યાં ખાણોમાં સખત મજૂરીની સજા પામેલા સિત્તેરેક કેદીઓ હતા. બધા કેદીઓ પથારીઓમાં સૂતેલા હતા; પણ આ લોકોને આવેલા જોઈ, તરત ઊભા થઈ ગયા. માત્ર બે જણ સિવાય; — એક જુવાન, જેને સખત તાવ ચડયો હતો, અને બીજો એક બુઢ્ઢો જે ચાલુ કણસ્યા જ કરતો હતો.

અંગ્રેજ મુસાફરે પેલા બીમારો વિષે માહિતી પૂછી.

ઈન્સ્પેકટરે જણાવ્યું કે, આ જુવાન આજે સવારે જ બીમાર પડયો છે; પરંતુ આ બુઢ્ઢો તો પેટમાં દુ:ખાવાની બૂમો લાંબા વખતથી પાડયા કરે છે. પણ અશક્ત લોકોના વૉર્ડમાં હવે જગા જ નથી, એટલે તેને અહીં રાખી મૂકયો છે.

અંગ્રેજે નેખ્લ્યૂદોવ મારફતે ઈશુમાં શ્રદ્ધા રાખવા બે વાકય તે સૌને કહ્યાં, અને પછી કોને વાંચતાં આવડે છે, એમ પૂછી તેવા વીસેક જણમાંથી બે જણને પોતાની સાથે આણેલાં બાઈબલ ભેટ આપ્યાં.

બીજા કમરામાં પણ એવી જ દુર્ગંધ, એવું જ મળમૂત્રથી છંટાતું ટબ, અને એવી જ ભીડ હતાં. ત્રણ જણ બીમાર હોઈ, ઊભા ન થયા, બાકીના બધા એકદમ ઊભા થઈ ગયા.

આ કમરામાં પણ પેલા અંગ્રેજે બે બાઈબલ ભેટ આપ્યાં.

ત્રીજા કમરામાં ચાર જણ બીમાર હતા. અંગ્રેજ મુસાફરે ઈન્સ્પેકટરને પૂછયું કે, બધા બીમારોને જુદા ઓરડામાં કેમ રાખતા નથી?

ઈન્સ્પેક્ટરે જવાબ આપ્યો, "એ લોકો જ પોતાના સોબતીઓથી છૂટા પડવા માગતા નથી; ઉપરાંત તેમના રોગ ચેપી પણ નથી; અને અહીં જ દાક્તર આવીને તેમની સારસંભાળ રાખે છે."

"દાક્તરનાં દર્શન થયે એક પખવાડિયું થયું," એક અવાજ આવ્યો.

ઈન્સ્પેક્ટર કશું બોલ્યો નહિ, અને તેમને આગળના કમરામાં લઈ ચાલ્યો. અને એમ પાંચમામાં અને છઠ્ઠામાં — ડાબી બાજુના કમરાઓમાં, તેમ જ જમણી બાજુના કમરાઓમાં. દરેક જગાએ પેલા અંગ્રેજે બે બે બાઈબલ ભેટ આપ્યાં.

સખત મજૂરીની સજાવાળા કેદીઓના વિભાગમાંથી હવે તેઓ દેશનિકાલની સજાવાળા કેદીઓના વિભાગમાં ગયા. દરેક ઠેકાણે કેદીઓ ટાઢે થથરતા, ભૂખ્યા, આળસુ થઈને પડયા રહેલા, બીમાર અને બધી રીતે હીણપતમાં નાખેલા હતા. અંગ્રેજ મુસાફર પાસે બાઈબલો ખૂટી ગયાં, એટલે તેણે હવે ઈશુનો સંદેશ સંભળાવવાનું પણ બંધ કર્યું.

આગળ જતાં જતાં એક બંધ કમરો આવ્યો. નેખ્લ્યૂદોવે ઈન્સ્પેક્ટરને પૂછ્યું, "આ શાનો કમરો છે?"

"મરેલાંઓને અવલમંજલ સુધી રાખવાનો."

પેલા અંગ્રેજે એ કમરો જોવા ઈચ્છા બતાવી, એટલે તેઓ અંદર ગયા. અંદર ચાર મડદાં પડેલાં હતાં. નેખ્લ્યૂદોવ એક મડદાને ઓળખી ગયો. એ ક્રિલ્ત્સોવનું મડદું હતું.

નેખ્લ્યૂદોવને તરત વિચાર આવ્યો, "શા માટે આ ભલો જુવાનિયો આ બધું દુઃખ વેઠી ગયો? તેના જીવનને શા માટે બરબાદ કરવામાં આવ્યું? એ જીવન બરબાદ કરનારાઓને એમ કરવાનો શો અધિકાર હતો? એમનાં જીવન એના કરતાં કોઈ રીતે વધુ મૂલ્યવાન કે ઉપયોગી હતાં શું?"

પાસેનાં ત્રણ મડદાં સામાન્ય ગુનેગારોનાં હતાં – રાજકીય ગુનેગારોનાં નહોતાં. તેમને આટલે દૂર સાઈબીરિયા શા માટે લાવવામાં

આવ્યા, તેમનાં કુટુંબથી — વતનથી દૂર? અને ખાસ કરીને તો ઉપયોગી કામકાજથી દૂર રાખી, આળસુ અને બીમાર બનાવી દઈ તેમને શા માટે અસમયે જ મરણશરણ કરવામાં આવ્યા?

જેઓ કેદી તરીકે પકડાયા નથી, તેઓ બધા શું આચારવિચારમાં આમના કરતાં વધુ સારા હતા શું? આ લોકોએ ગુસ્સામાં આવી જઈને કે ચિડાઈ જઈને કોઈનું ખૂન કરી નાખ્યું હશે, અથવા કોઈનું કશું નુકસાન કર્યું હશે; અથવા ભૂખે મરતા થયા હશે ત્યારે કશીક ચોરી કરી હશે. નાહક તો કશું જ કર્યું નહિ હોય.

છતાં, તેઓને સાંકળો પહેરાવી, માથાં બોડાવી, શરમ આવે તેવાં કપડાં પહેરાવી, ભૂખ-ટાઢ-તડકો-રોગ-ચેપ-મારપીટની સ્થિતિમાં સતત રાખી સરકાર શું હાંસલ કરવા માગતી હતી? ઊલટું જેલમાં ફાવે તેવા ખૂની-વ્યભિચારી-બદમાશો ભેગા રાખીને, કામકાજ વિનાના આળસુ અને રોગી બનાવી મૂકીને તથા શરીરથી અને મનથી આમ પાયમાલ કરીને પાછા સમાજમાં છૂટા મૂકવાનો શો અર્થ? તેઓ એ બધો ચેપ — એ બધો ગુનો — એ બધી ભ્રષ્ટતા બહાર ફેલાવે એ માટે જ ને?

જે સરકારી કર્મચારી વર્ગની દેખરેખમાં તે લોકોને લાંબો વખત રાખવામાં આવે છે, તે લોકોનાં મનસ્વી કૃત્યોની તેમના ઉપર કેવી અસર થાય વારુ? એ લોકો સ્ત્રીઓ-બાળકો-વૃદ્ધો એ કોઈ તરફ જરાય લાગણી દર્શાવતા નથી; ગમે તે કારણે મારપીટ કરે છે; તથા લાંચ લઈને ગમે તેની પ્રત્યે વગ દેખાડે છે.

નેખ્લ્યૂદોવ મનમાં ગણગણી ઊઠયો — “વાહ, જાણે સૌથી વધારે સંખ્યાના લોકોને ખાતરીપૂર્વક શરીરથી અને મનથી બરબાદ કરવા માટે જેલમાં પૂરવા; અને પછી તેમને એમ બરબાદ કરીને સમાજમાં પાછા છૂટા મૂકવા — એ વસ્તુને જ સરકાર પોતાનો ધંધો માની બેઠી છે! પહેલાંના વખતમાં ગુનો કરનારને સીધી તેના ગુનાના પ્રમાણમાં હાથ-નાક-કાન કાપી નાખવાની કે માથું કાપવાની સજા કરી દેતા, અને ત્યાંથી એનો પાર આવતો. પણ આ તો ગુનાનાં અને રોગનાં બીજ

લોકો એવું કહે છે કે, મૂંઝાયા હોઈએ, ત્યારે બાઇબલ ઉઘાડીએ અને જે વાત નીકળે તેમાં આપણી મૂંઝવણનો જવાબ મળે છે. એ વાત યાદ આવતાં તરત તેણે બાઇબલ હાથમાં લઈ ફાવે તેમ એક પાનું ઉઘાડયું અને વાંચવા માંડયું* —

"તે અરસામાં શિષ્યોએ આવીને ઈશુને પૂછયું, 'ઈશ્વરના રાજ્યમાં સૌથી મોટું કોણ છે?' ઈસુએ એક નાના બાળકને બોલાવીને તેમની વચ્ચે ઊભો રાખીને કહ્યું, 'ચોક્કસ માનજો કે જયાં સુધી તમારી વૃત્તિ ન બદલાય અને તમે બાળક જેવા ન બની જાઓ, ત્યાં સુધી તમે કદી ઈશ્વરના રાજ્યમાં દાખલ થઈ શકવાના નથી. જે કોઈ પોતાની જાતને આ બાળકના જેવી નાની બનાવી દેશે, તે જ ઈશ્વરના રાજ્યમાં મોટો ગણાશે." (માથ્થી, ૧૮, ૧-૪)

નેખ્લ્યૂદોવ તરત બોલી ઊઠયો, "સાચી વાત છે! જયારે હું નમ્ર બન્યો, અને મારી જાતને અલ્પ માનવા લાગ્યો, ત્યારે જ મને જીવનનાં આનંદ અને શાંતિ પ્રાપ્ત થયાં હતાં."

પછી તેણે આગળ વાંચવા માંડયું, "જે કોઈ આવા બાળકનું મારે નામે સ્વાગત કરે છે, તે મારું જ સ્વાગત કરે છે. પણ જે કોઈ મારામાં શ્રદ્ધા રાખનાર આવા એકાદ બાળકને પાપમાં પ્રેરે છે, તેને ગળે ઘંટીનું મોટું પડ બાંધીને ઊંડા દરિયામાં ડુબાડી દેવામાં આવે, એ જ તેને માટે બહેતર છે." (માથ્થી ૧૮, ૫-૬)

નેખ્લ્યૂદોવ મૂંઝાયો. પહેલાં પણ તેણે ઘણી વાર બાઇબલ વાંચવા પ્રયત્ન કરેલો ત્યારે આ બધા ફકરાઓમાં સ્પષ્ટતાનો અભાવ તેને બહુ ત્રાસદાયક લાગ્યો હતો. 'જે કોઈ સ્વાગત કરે' એ શબ્દો શા માટે છે? 'કયાં સ્વાગત કરે?' 'મારે નામે' એટલે શું? અને 'ઘંટીનું મોટું પડ' શા માટે? 'ઊંડા દરિયામાં' શા માટે? એ જ પ્રમાણે તે

* આ ભાષાંતર શ્રી. નગીનદાસ પારેખ અને ઈસુદાસ કવેલીના 'શુભસંદેશ'માંથી ઉતાર્યું છે. – ટૉલ્સ્ટાયના ઉતારામાં આવતા શાબ્દિક ફેરફાર સાથે.

આગળ ૭મું, ૮મું, ૯મું અને ૧૦મું સૂક્ત વાંચી ગયો. તેમાં પણ પાપનાં પ્રલોભનો 'આવવાનાં જ' એવી વાત, નરકાગ્નિમાં પડવાની સજાની વાત તથા કેટલાક દેવદૂતો પરમપિતાના ચહેરાનું દર્શન કરે છે એ બધી વાતનો કશો અર્થ તેને ન સમજાયો. અને છતાં એ બધી વાતો પાછળ કશુંક રહસ્ય તો છે જ, એમ તેને ઊંડેથી લાગવા માંડયું.

તેણે આગળ વાંચ્યું –

"કારણ, માનવપુત્રનું (ઈસુનું) આગમન ભૂલા પડેલાએને બચાવવા માટે થયેલું છે." "તમને શું લાગે છે? કોઈ માણસ પાસે સો ઘેટાં હોય અને તેમાંનું એક ભૂલું પડે, તો તે બાકીનાં નવ્વાણુંને ડુંગર ઉપર છોડીને ભૂલા પડેલા એકને શોધવા નહિ જાય? અને જો તેને તે જડે તો, હું ખાતરીથી કહું છું કે, નહિ ભૂલાં પડેલાં નવ્વાણું કરતાં એ એક મળવાથી તેને વધારે આનંદ થાય. એ જ રીતે આ નાનાં બાળકોમાંનું એક પણ નાશ પામે, એવી તમારા પરમ પિતાની ઈચ્છા નથી."

નેખ્લ્યૂદોવ તરત જ બોલી ઊઠયો, "હા, ખરેખર; પરમ પિતા તો ઈચ્છતા જ નથી કે તેમનાં સંતાનોમાંનું એક પણ નાશ પામે; અને તેમ છતાં તેઓ હજારો અને લાખોની સંખ્યામાં નાશ પામે છે અને છતાં તેમને બચાવવાની જરા પણ શકયતા નથી."

તેણે આગળ વાંચવા માંડયું –

"પછી પીટરે આવીને પૂછયું, 'પ્રભુ, મારો ભાઈ મારો અપરાધ કરે તો મારે કેટલી વાર ક્ષમા કરવી? સાત વાર?' ઈસુએ તેને કહ્યું, 'મારો જવાબ એ છે કે સાત વાર નહિ, પણ સિત્તેર વખત સાત વાર.'

"ઈશ્વરના રાજ્યને તો પેલી રાજાની વાત સાથે સરખાવી શકાય. તેણે પોતાના નોકરો સાથેના હિસાબ ચોખ્ખા કરવાનું નક્કી કર્યું: તેણે હિસાબ કરવાની શરૂઆત કરી ત્યાં જ તેની આગળ તેઓ-

માંના એક જણને[1] રજૂ કરવામાં આવ્યો જેને લાખોનું દેવું હતું દેવું વાળવાનું તેનું ગજું ન હતું, એટલે રાજાએ તેને અને તેનાં બૈરી-છોકરાંને તથા તેની બધી મતાને વેચીને દેવું વસૂલ લેવાનો હુકમ કર્યો. પેલો નોકર લાંબો થઈને પગે લાગ્યો અને બોલ્યો, 'જરા ખમી જાઓ, માબાપ, હું આપનું બધું દેવું ભરપાઈ કરીશ,' આથી રાજાને[2] દયા આવી અને તેણે દેવું માફ કરી નોકરને જતો કર્યો. પણ બહાર નીકળતાં જ પેલા નોકરને એક સાથી-નોકર મળ્યો જેની પાસે એનું થોડું લહેણું હતું. એણે તેને ગળચીમાંથી પકડીને કહ્યું, 'મારું લહેણું ચૂકતે કર.' પેલો સાથી-નોકર પગે પડયો અને કાલાવાલા કરીને બોલ્યો, 'જરા ખમી જાઓ, હું તમારું દેવું ભરપાઈ કરીશ.' પણ તેણે માન્યું નહિ અને જઈને દેવું વાળતાં સુધી તેને જેલમાં નંખાવ્યો.

"આ જોઈને બીજા નોકરોને બહુ દુ:ખ થયું અને તેમણે જઈને જે બન્યું હતું તે રાજાને[3] કહી સંભળાવ્યું. રાજાએ પેલા નોકરને તેડાવી મંગાવીને કહ્યું, 'બદમાશ! તારી વિનંતીથી મેં તારું બધું દેવું માફ કર્યું. તો મેં જેમ તારા ઉપર દયા કરી, તેમ તારે પણ તારા આ સાથી-નોકર ઉપર દયા નહોતી કરવી જોઈતી?"

(માથ્થી, ૧૮,૨૧-૩૩)

અને આધ્યામિક જાગૃતિવાળા માણસોની બાબતમાં ઘણી વાર બને છે તેમ નેખ્લ્યૂદોવની બાબતમાં પણ બન્યું: જે વિચાર પહેલાં વિચિત્ર તથા વિરોધી લાગતો હતો, અથવા કેવળ મજાક જેવો લાગતો હતો, તે જ વિચારની સાબિતી જીવનના અનુભવ વડે વધુ ને વધુ મળી રહેતાં તે તદ્દન સીધો તથા સ્વત:સિદ્ધ જેવો લાગવા માંડયો.

---

૧. અનુવાદમાં 'એવા માણસને' એમ છે. પણ અહીં એ રાજાના નોકરોમાંના એકની જ વાત છે.

૨. અનુવાદમાં 'માલિકને' છે; પરંતુ એ નોકરના માલિક પેલા રાજાની જ વાત છે.

૩. અનુવાદમાં 'પોતાના માલિકને' છે. પણ અહીં એ નોકરોના માલિક પેલા રાજાની જ વાત છે.

તેને સ્પષ્ટ સમજાઈ ગયું કે, કેદખાનાંમાં અને જેલોમાં તેણે જે ભયંકર અનિષ્ટ નજરે નિહાળ્યું હતું, તે અશકય વસ્તુ માટે પ્રયત્ન કરનારાઓની કારવાઈનું જ પરિણામ હતું : પોતે પાપી હોવા છતાં બીજા પાપીઓને સુધારવા જાય તો બીજું શું થાય? પૈસા કમાવાની ઇચ્છાવાળા અને લોભી માણસો બીજાઓને સજા કરવાનો અને સુધારવાનો ધંધો લઈને બેસે, તો જાતે છેક જ ભ્રષ્ટ બની રહે અને જેઓને તેઓ કનડતા હોય છે તેઓને પણ ભ્રષ્ટ કરી મૂકે. જે જવાબ તેને જડતો ન હતો તે જવાબ ઈસુએ પીતરને આપેલો જવાબ જ હતો : અપરાધીના અપરાધ સાત વાર નહિ પણ સિત્તોર વખત સાત વાર ક્ષમા કરવા જોઈએ. કારણ કે, પોતે અપરાધી ન હોય એવું કોઈ હોતુ નથી અને તેથી બીજાને સજા કરવાને કે સુધારવાને અધિકારી પણ કોઈ જ નથી.

'પણ તો પછી અપરાધીઓને સજા કર્યા વિનાના જ રહેવા દેવા?' એવી જે સામાન્ય રીતે સામી દલીલ કરવામાં આવે છે, તેનો જવાબ પણ નેખ્લ્યૂદોવને મળી ગયો. સજાથી જો ગુના ઓછા થતા હોય કે અપરાધીઓ સુધરતા હોય, તો તો કંઈ વાંધો નહિ; પરંતુ એથી ઊલટું જ પરિણામ આવતું સ્પષ્ટ દેખાય છે. વળી અમુક માણસોનો બીજાઓને સુધારવાનો કે તેમના અપરાધની સજા કરવાનો ઈજારો ન હોઈ શકે. ઊલટું તેઓની એ પ્રવૃત્તિથી પરિણામે લોકોને હાનિ જ થતી હોય, અને તેઓ વધુ ગુનેગાર તથા નઠોર-કઠોર બની રહેતા હોય, તો તેઓએ એ પ્રવૃત્તિ બંધ કરવી, એ જ વધુ લાભદાયી નથી? નેખ્લ્યૂદોવને હવે સ્પષ્ટ સમજાઈ ગયું કે, સમાજ તથા વ્યવસ્થા હજુ ટકી રહ્યાં છે, તે આ કાયદેસર ગુનેગારો બીજાઓનો ન્યાય તોળી તેમને સજા કરે છે તેથી નહિ, પણ એ લોકોની હાનિકર પ્રવૃત્તિ છતાં લોકો એકબીજા પ્રત્યે હજુ કરુણા અને પ્રેમથી વર્તે છે તેથી ટકી રહ્યાં છે.

પોતાના આ વિચારનું સમર્થન પ્રાપ્ત કરવા તેણે બાઇબલનો આ ખંડ શરૂઆતથી જ વાંચવા માંડયો. અને જ્યારે તેણે ગિરિપ્રવચન

પૈસા ખરચીને જેલમાં ઉછેરી – વધારીને, પછી તેમને સમાજમાં છૂટાં વેરવાં, એમાં કોને શી સજા થઈ? તેમાં સુધારો શો આવ્યો કે, રાજનીતિ શી આવી? કે ગુના સામે સમાજનું સંરક્ષણ પણ?

પરંતુ એ વિચારોની સાથે કાટુશાની છેલ્લી વિદાયનો વિચાર પણ ભેગો જ તેના અંતરમાં ઊમટવા લાગ્યો. અને તેથી પેલા અંગ્રેજની વિદાય લેવા રહ્યા વિના પોતાને સીધો બહાર લઈ જવા જ તેણે ઇન્સ્પેક્ટરને વિનંતિ કરી.

આજે સાંજે જે કંઈ બન્યું હતું, તે વિષે એકલો એકાંતમાં બેસી વિચાર કરી લેવાનું તેને માટે અત્યંત આવશ્યક બની ગયું હતું.

૭

નવ-જીવન

નેખ્લ્યૂદોવ હૉટલ પાસે આવી, વિચારમાં પડી જઈ કમરામાં આમ તેમ આંટા મારવા લાગ્યો.

કાટુશાને લગતું પ્રકરણ તો હવે પૂરું થયું કહેવાય. તેને એની જરૂર ન હતી. એ વિચારથી તે ખિન્ન અને શરમિંદો બની ગયો.

પરંતુ તેનું બીજું કામ તો ઊભું જ હતું — ઊલટું વધું તીવ્ર બનીને તેની સામે આવીને ઊભું રહ્યું હતું. આજે જેલમાં તેણે જે કંઈ જોયું હતું, તથા છેવટના દિવસમાં તે ચાલુ જોતો આવ્યો હતો, એ ભયંકર અનિષ્ટનું શું? — એ અનિષ્ટ, જેણે ક્રિલ્ત્સોવ જેવા ફાંકડા યુવાનના પ્રાણ લીધા હતા!

એ અનિષ્ટનો સામનો શી રીતે કરવો, તથા તેને શી રીતે નાબૂદ કરવું, એનો કોઈ જ ઉપાય તેને શોધ્યો જડતો ન હતો. તેનાં કલ્પના-ચક્ષુ [illegible]ક્ષ જેલખાનામાં પૂરેલા હજારો અને લાખો માણસોનું અર્ધા[illegible]ત્ તન-મનથી બરબાદ થયેલા અને કરેલા [illegible]નાં ચિત્ર ખડું થ[illegible]ું. ગાંડા ન હોય એવા સૂધબૂધવાળા લોકો કેમ આ વાતને [illegible] વિચાર નહિ કરતા હોય, એવો તેને વિચાર આવવા લાગ્યો. અ[illegible]ત તે પોતે જ ગાંડો તો નથી થઈ ગયો, એમ તેને લાગવા માંડયું.

આંટા મારીને થાકતાં, તથા વિચારોની મૂંઝવણથી ત્રાસી જતાં, છેવટે તે દીવા પાસે સોફા ઉપર બેસી ગયો. પેલા અંગ્રેજે ભેટ આપેલું બાઈબલ પાસે પડયું હતું — હમણાં જ અહીં પાછા આવીને ખીસાં ખાલી કરતી વેળા તેણે જ કાઢયું હતું.

ટ

આ ૭

વાંચ્યું ત્યારે આજે તેને પહેલાંની જેમ તે મત્ર સુંદર તાત્ત્વિક વિચારોરૂપ ન લાગ્યું પણ તેમાં તો તેને સાદા, સત્ય, વ્યવહારુ કાયદાઓ રજૂ થયેલા લાગ્યા, – જેમનું પાલન કરવામાં આવે, તો અત્યારના ચાલુ નરકને બદલે એવું સુંદર અને ઉન્નતિકર સમાજજીવન ઊભું થાય, કે જેને પૃથ્વી ઉપર ઈશ્વરનું રાજ્ય જ કહેવું પડે.

એ પાંચ કાયદાઓ આ રહ્યા —

पहेलो कायदो – (માથ્થી ૫, ૨૧-૨૬)

ખૂન કરવું નહિ. પોતાના સહબંધુ ઉપર ગુસ્સો પણ ન કરવો. કોઈને 'તુચ્છ' ન ગણવો; અને કોઈ બંધુ સાથે તકરાર થાય, તો પણ ભગવાનને નૈવેદ્ય ધરાવવા જતા પહેલાં, તે બંધુ સાથે સમાધાન કરી લેવું.

बीजो कायदो – (માથ્થી ૫, ૨૭-૩૨)

વ્યભિચાર કરવો નહિ. કોઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર ન નાખવી. અને કોઈ સ્ત્રી સાથે દેહસંબંધ કર્યો હોય, તો તેને કદી બેવફા નીવડવું.

त्रीजो कायदो – (માથ્થી ૫, ૩૩-૩૭)

માણસે કદી સોગન ન ખાવા; અને લીધેલા સોગન પાળવા.

ચોથો कायदो – (માથ્થી ૫, ૩૮-૪૨)

આંખ સાટે આંખ લેવા ન ઇચ્છવું; કોઈ એક ગાલ ઉપર
[illegible], તો તેની આગળ બીજો ધરવો: અર્થાત્ કોઈએ કરેલી
[illegible] સહન કરી લેવી અને કોઈએ માગેલી સેવા આપવાની
[illegible] ન પાડવી.

પાંચમો कायदो – (માથ્થી ૫, ૪૩)

[illegible] પ્રત્યે દ્વેષભાવ ન રાખવો, પણ તેમના ઉપર પ્રે[illegible]
[illegible] તેમને મદદ કરવી તથા તેમની સેવા કરવી.

[illegible] આખી રાત ઊંઘ્યો નહિ – આ તેનું અ[illegible]
[illegible]. તેને પહેલી વાર સમજાયું કે, આ કાયદા[illegible]

કરવાથી માણસ સર્વોત્તમ શ્રેય પ્રાપ્ત કરી શકે, તથા એ કાયદાઓનું પાલન એ જ મનુષ્યજીવનનું એકમાત્ર પ્રયોજન હોઈ શકે.

માલિકે વાડીમ કામ કરવા માણસો મોકલ્યા હતા. તેઓ એમાં માની બેઠા કે, એ વાડી તેમની છે; અને તેમાંનું બધું એમના ભોગવટા માટે જ છે. તેઓ માલિકને ભૂલી, વાડીમાં મોજ કરવા લાગ્યા, અને જેઓ તેમને માલિકની યાદ આપવા ગયા, તેમને તેઓએ મારી નાખ્યા.

મનુષ્યો પણ એમજ નથી કરતા? આપણે પણ જીવનને આપણી માલકીની ચીજ ગણીએ છીએ, અને તે આપણને ભોગવિલાસ અર્થે મળી છે એમ માનીએ છીએ. પણ માણસે તો ઈશ્વરના આ કાયદા-ઓનું પાલન કરવા અર્થે જીવવાનું છે; તો જ તેઓ સ્વર્ગીય જીવન પ્રાપ્ત કરી શકે.

"તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એને યોગ્ય ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને આપોઆપ આવી મળશે." પરંતુ આપણે તો આ 'બીજી' વસ્તુઓ શોધવા જ મંડીએ છીએ, એટલે એ પણ ગુમાવીએ છીએ ને સ્વર્ગીય જીવન પણ!

"એટલે મારા જીવનનું કામ આ રહ્યું. મેં એક કામ પૂરું કર્યું ન-કર્યું તેટલામાં તો બીજું શરૂ પણ થઈ ગયું!"

તે રાત્રે નેખ્લ્યૂદોવને તદ્દન નવા જીવનનો અરુણોદય થયો. તે જીવનની બીજી પરિસ્થિતિમાં દાખલ થયો એમ નહિ – પરંતુ એ રાત પછી તેણે જે કાંઈ કર્યું તે તેને માટે તદ્દન જુદા રહસ્યવાળું – અર્થવાળું બની રહ્યું.

એના જીવનનો આ નવો તબક્કો કેવી રીતે પૂરો થશે, એ તો ય જ જણાવી શકે.

———o———



“આ નવલકથાનું વસ્તુ માનવનો હૃદયપલટો અને તેનું પુનરુત્થાન છે. એક રીતે વિચારીએ તો ઈશ્વરનો હેતુ જ ‘જીવ’ બદલાઈને ‘શિવ’ તરીકે પુનરુત્થાન પામે એ નથી?”

“આવાં પુસ્તકો વાંચીએ, તે જાણે તીર્થસ્થાન કરવા જેવી અસર આપણા ઉપર કરે છે, અને આપોઆપ આપણા તનમનનું કેટલું બદલાઈ આપણું પણ પુનરુત્થાન થાય છે.”

“આ નવલકથા એમ વિશ્વના મહા-હેતુનું નિરૂપણ કરતી હોઈ, સાચા અર્થમાં મહા-કથા છે. છતાં ટૉલ્સ્ટૉય જેવા સફળ કલાકારને હાથે એ મહા-કથા એક સુંદર નવલકથા પણ બની રહી છે.” “પોતાની લેખન-કલાથી ધારી અસર ન કરે તો તે ટૉલ્સ્ટૉય નહિ!”

“આ પુસ્તક એવું નથી કે જેને વિશે વાંચવું જોઈએ; આ પુસ્તક તો એવુ છે જેને વાંચવું જોઈએ... કદાચ આ પુસ્તક કદી પણ લખાઈ ન હોય એવી જુસ્સાદાર નૈતિક નવલકથા છે.”